૩૯	૮૭૦	આ બાબતનો ગમ મેં ખાધો છે,	આ બાબતની કનવાર મેં કરી રાખી છે.
૪૦	૮૯૩	યઝદ	ઈઝદ
૪૨	૯૪૩	પહુલૂએ	પહુલૂવે
૪૫	૯૯૦	પાદશાહ આગળ ગઈ છે.	પાદશાહ આગળથી જતી રહી છે.
૪૫	૧૦૦૩	કરી મૂકશે.	કરી મૂકશે (યાને ખૂનરેઝી ચલાવશે)
૪૬	૧૦૧૨	સમજતીજ નથી"	સમજતીજ નથી?"
૪૬	૧૦૧૯	કારણકે તેની......હતીજ નહીં.	કારણકે તેને ચઢતીમાં પડતી દેખાઈજ નહીં.
૪૬	૧૦૨૬	અંધારે જોવાથી......રહી	-અને પેહલવાનાની આંખો (અંધારાંના સબબે) જોવાને અશકત બની.
૪૭	૧૦૪૬	બારૂજ	બારૂજે
૪૮	૧૦૫૬	સીઆહી માંગી.	સીઆહી વડે પોતાના વિચારો દર્શાવા ચાહ્યું.
૫૦	૧૧૧૬	વીઝહો	નીઝહો
૫૧	૧૧૨૧	તર્ગો	તુર્કી
૫૧	૧૧૨૧	તેણીએ બખ્તર......માંગી.	-તેણીએ તુર્કી ગોલામ પાસે બખ્તર અને રૂમી કોલાહ માંગી.
૫૨	૧૧૪૯	શાહુ	શાહ
૫૪	૧૧૯૦	કામએ	કામએ
૫૫	૧૨૧૩	તે બૂરી......તેડાવી લે.	તેને તું બૂરી દીનનો અને બદ કરતુકનો મર્દ ગણ.
૫૭	૧૨૭૧	બહુરૂ	બહરૂ
૫૯	૧૩૦૧	અને તું દિલગીર......નથી.	તો શું તેને માટે બળાપો કર્યાથી આસ્માન આફત લાવતું અટકશે?-એવી વાત અકલમંદ માણસને કેમ છાજે?
૫૯	૧૩૦૮	દબીરહુ	દબીરે
૬૧	૧૩૫૫	આ નામુ સરફરાઝ	આ નામુ-બારે દબદબાવાળા સરફરાઝ
૬૧	૧૩૫૬	પેહરામે	પેહરામ
૬૨	૧૩૭૭	દયા	દર્યા
૬૨	૧૩૮૨	સમરકન્હો	સમર્કન્હો
૬૩	૧૩૯૮	ગમ ખાનારા	સન્યાસી
૬૭	૧૪૭૬	લખાયલાં હોય	લખાયલી હોય,
૬૭	૧૪૭૭	વળી તેમાંથી......મળી આવશે.	અને જેમાંથી જે ખામીવાળી બયતો શોધ્યે-તો પાનસો કરતાં ઓછી મળી આવે.
૬૯	૧૫૨૭	તીઝ	તીઝ
૭૧	૧૫૬૪	હમહુ	હમી
૭૩	૧૬૦૫	ફર્ઝાનગાનશ	ફર્ઝાનગાનશ
૭૫	૧૬૬૧	તેથી તેનો......દોડયો.	અને તખ્તને ફરીથી બનાવવાની હોંસથી તે બીજી તરફ (શોધ કરવા) દોડયો.
૭૫	૧૬૬૮	બનૂશીરૂવાન	અનૂશીરવાન્
૭૭	૧૭૧૭	કે જે પાદશાહની......દુ:ખી હતો.	કે જેને પોતાને સાહેબા મળવાને સબબે ઘણી રંજ ખેંચવી પડતી હતી.
૭૭	૧૭૨૩	રઝમ	રઝમે
૭૯	૧૭૫૮	રૂહો	રૂહે
૭૯	૧૭૫૮	-તેમજ સિતાર......બનાવી.	-તેમજ સિતારને લાલો રંગ આપ્યો અને કર્તિનાં તથા લડાઈનાં ગીત નવેસરથી-મનમાં તાઝાં કીધાં.

૮૨	૧૮૩૬	કારી મેરાન્	કારીગરાન્
૮૪	૧૮૬૫	બહ્અન્દીશ	બદ્અન્દીશ
૮૪	૧૯૭૩	ચડી હલકહુ......શીખ્તહુ	ચડી હલકઈ ખુદ મે ઝરૂ શીખ્તહુ
૮૪	૧૮૭૩	તે ઈમારતની......હતું.	એટલાં સોનાનું એક કડું હતું-જે તે હુનરમંદીવાળા ગુમ્મજમાંથી લટકાવેલું હતું.
૮૫	૧૯૦૩	મબાદ	મબાદ્
૮૬	૧૯૧૬	બગદાદ	બલ્ખાર
૮૭	૧૯૫૪	બરૂ	બુરૂ
૮૭	૧૯૫૫	ફરૌખઝાદ	ફરૌખઝાદે
૮૭	૧૯૫૫	ફરરોખઝાદ આઝર મકાનમાં	આઝર મકાનવાળો ફરરોખઝાદ
૮૮	૧૯૭૧	મઝે	મર્ઝે
૯૧	૨૦૧૭	ઝરદ	ઝરૂદ
૯૨	૨૦૫૩	બપધામ	બપવધામ
૯૨	૨૦૫૪	કઝબ	કબ્ઝ
૯૨	૨૦૧૭	ગૂગ	ગૂય
૯૩	૨૦૯૮	ત્યારે બાપના......ઉશ્કેરાયું.	-ત્યારે તેનાં દિલમાં દુઃખમાંથી હસવું પ્રગટી નીકળ્યું.
૧૦૧	૨૨૬૯	કઝીન બદ	કઝીન્ બુદ
૧૦૧	૨૨૬૯	વાત એટલીજ......બનાવ્યું-	એમાંથી જે ખરાબી નીપજી તેમાં હું તો માત્ર એક હથિયાર (બહાનું) છું-
૧૦૨	૨૨૮૫	સઘળા	સઘળાઓને
૧૦૫	૨૩૬૧	કોશ્તનૂ	કોશ્તન્
૧૦૬	૨૩૮૨	બહીમ	બુદીમ
૧૦૮	૨૪૩૩	બીરી	ખીરી
૧૦૮	૨૪૪૫	તો તું સમજ......કાઢી નાખું.	તો તું સમજ કે પ્રથમથીજ અમારી રસમ ઈન્સાફ સિવાય બીજી નહીં હતી-માટે આ ખેયાલ તારા દિલમાંથી કાઢી નાખ.
૧૧૦	૨૪૯૫	જશનોની રાહરીતી પાળવાની-	જશનો પાળવાની રાહરીતી-
૧૧૨	૨૫૩૧	બબુરૂજશ......ઊય	બપર્ચીનશ બરૂ નીઝહા ખારે ઊય
૧૧૨	૨૫૩૧	-અને તીર તેના ફિદા છે.	-અને તેની વાડ ઉપરના કાંટા તે નેઝા છે.
૧૧૨	૨૫૪૭	નરેપરદ	બેરેપરદ
૧૧૧	૨૫૪૭	જે કોઇના......નથી.	જે કોઇ દેશની ખરાબી કરતો નથી-અને જેનામાં જરાબી અકલ હોય છે,
૧૧૨	૨૫૪૮	જાણું કે	તે જાણે છે ?
૧૧૪	૨૫૭૮	ઉપકાર કરશે નહીં.	પાડ ચઢાવશે નહીં.
૧૧૪	૨૫૯૩	બઝર્દી	બમર્દી
૧૧૫	૨૬૦૮	કર્દન્	ગરૂદન્
૧૧૫	૨૬૦૮	-કોઇ પણ......નથી.	કે આસ્માન પણ તેનાં માથાંની ઊંચાઇને પહોંચી શકતું હતું નહીં.
૧૧૫	૨૬૧૪	જો કે ઘણાં વર્ષ થયાં નથી-	જો કે મારો રાજઅમલ ઘણાં વર્ષ ચાલ્યો નથી.
૧૨૧	૨૭૫૫	ડહાપણવાળો	ડહાપણવાળો સુખી
૧૨૨	૨૭૭૧	કરૂદ	કર્દહુ
૧૨૨	૨૭૭૬	આપણ......કોણ છે ?-	આપણે માટે શું વધારે નેક છે ? એક વફાદાર દોસ્ત
૧૨૪	૨૮૧૭	જાદુઈમ	ઝાદુયમ
૧૨૪	૨૮૧૭	ચકુસુઈમ	ચકુસુયમ
૧૨૫	૨૮૨૪	પેહલેથીજ......જોયો છે ?-	ઇરાનમાં કોણે ઝનાનખાનામાંથી બાહેર મારો ઓળોબી જોયો છે ?
૧૨૫	૨૮૩૭	ચૂનૂ	ચૂન્
૧૨૬	૨૯૭૧	તમારે તે......શકે ?"	"(ખરૂં હોય તે કહો) કાંઈબી સખુન ઢોંગ ભરેલા કહેવા નહીં જોઇયે-(છુટકારાનો) એલાજ શોધતી અઉરતને એવી કપટ વાણી શું કામની ?"
૧૨૯	૨૯૨૯	ચશ્મો	ચશ્મે
૧૩૩	૩૦૧૦	બેઠેલો જોશો.	બેઠેલો જોશો."
૧૩૪	૩૦૧૬	જ્યારે માથાંમાંથી.....ભૂલાઇ જાય,	શર્મ જતી રહી એટલે માણસને મનથી આબરૂ કે કલંક, બીલી કે સુક્કી એ સઘળું એકસાન છે.
૧૩૪	૩૦૧૭	અને તે......સરખોજ છે.	નામર્દ માણસ એવી ચીઝની કનવાર રાખતો નથી-એવો માણસ જીવતો હોય કે મૂએલો હોય તે સરખુંજ છે.
૧૩૪	૩૦૧૯	હોવો જોઇએ."	હોવો જોઇયે.
૧૩૫	૩૦૩૭	બહીસ્તાન્	બહીન્સ્તાન્
૧૩૬	૩૦૭૦	ઝસદ	સઝદ
૧૩૭	(હેડા)	શશમાહુ	શશ્માહુ
૧૩૭	૩૦૯૮	પૈસાથી ગરીબ હશે-તેઓને હું તવંગર	ગરીબ હશે તેઓને હું પૈસાથી-તવંગર
૧૩૮	૩૧૦૮	તે ઝીન......ધસડી ગયું.	કીનો લેનારે (પૂરાનદોખ્તે) તે ઝીન નહીં પયલાં ટહુને મયદાનમાં મંગાવ્યું.
૧૩૮	૩૧૧૦	અફ્રાખ્તી	અન્દાખ્તી
૧૪૦	૩૧૩૯	ભલી મનસ્નીથી	તે ભલાઇને માર્ગે ચાલનારે
૧૪૧	૩૧૬૨	હફ્તહ	હફ્તહુ
૧૪૨	(નોટ)	તા૦ ૧૬ મી	તા૦ ૧૦ મી
૧૪૧	(નોટ)	તા૦ ૨૩ મી ઓગસ્ટ	તા૦ ૯ મી સપ્ટેમ્બર

૧૪૨ ૩૧૭૩ ફરતેજ નહીં. ફરતેજ નહીં.”	૧૪૪ ૩૨૧૪ મુલ્લાબે મુલ્લાબો
૧૪૮ ૩૩૦૦ કે હું જ્યારે......વળે છે.	આવા વિચારથી કે મારા જેવો પેહલવાન દુન્યામાંથી ચાલતો થયો-તો સાસાનીઓનું નસીબ ઊંધું વળેલું સમજવું.
૧૪૮ ૩૩૦૪ આવરૂદ આવર્દેહ	૧૪૮ ૩૩૦૭ બી બા
૧૪૯ ૩૩૩૩ કસ ગહ	૧૫૦ ૩૩૫૭ ચાદર જવ્શો
૧૫૨ ૩૪૦૧ નસીબના નેઝાની નોક જોઈ	નસીબના નેઝાની નોક સામે ઉભા રહી મારાં નસીબનો અનુભવ મેળવ્યો.
૧૫૨ ૩૪૦૫ અગરજો......નથી).	અગરજો મોહમ્મદ (દીનની બાબતમાં) મારો રાહબર થાય- અને જૂની દીન તજીને આ નવી દીન હું એખ્તયાર કરૂં,
૧૫૨ ૩૪૦૬ આ વાંકી......ચાલે છે.	તો પણ આ વાંકી પીઠવાળાં આસ્માનનાં કામો તો એવાંજ વાંકા રહેવાના-અને અમારી સાથ તે સખ્તાઈથી કામ લેવાનું.
૧૫૫ ૩૪૭૧ ને જન્ગ્ ને નન્ગ્	૧૫૫ ૩૪૭૬ પયમાનૂ પયમાન્
૧૫૫ ૩૪૮૪ પીશકારે પીશકારે	૧૬૦ ૩૫૯૮ સંઘરવા બક્ષેશ કરવા
૧૬૦ ૩૬૦૨ મસુર ચોખા	૧૬૧ ૩૬૦૩ ખુસ્તહો પેશ્તતો
૧૬૧ ૩૬૦૩ કુન્દુક (કોઠલાં સાથનો મેવો)	પસ્તાં
૧૬૧ ૩૬૦૫ મશ્કો મશ્કે	૧૬૧ ૩૬૦૯ બારૂહા બારહા
૧૬૧ ૩૬૦૯ બે મહિના......લાવે.	કાળાં તેલનો ત્રણુસો ઊંટનો બોજો-કિલ્લાઓ ઉપર બે મહિના સુધીમાં લાવે.
૧૬૧ ૩૬૨૨ બયકૂ દુશ બયકૂ રૂય	૧૬૨ ૩૬૩૯ ઉપકાર કરે, પાડ ચઢાવે,
૧૬૬ ૩૭૩૪ એવું નહીં......છટકી જાય).”	એમ નહીં થવું જોઇયે કે જ્યારે તે એ વાત બીજાઓથી સાંભળે ત્યારે પોતાની નીચ બુન્યાદ ઝાહેર કરે (યાને આપણને સતાવે).
૧૬૮ ૩૭૬૪ તારો લોભ તને મારશે-	તારા લોભને લીધે તને તાના સમજવા પડશે-
૧૭૧ ૩૮૪૭ દુશ્મનશ કર્દી દુશ્મન્ કુની શુ	૧૭૧ (નોટ) ભોધવવાનો ભોગવવાનો
૧૭૩ ૩૮૮૪ સોગ કરનારા શખ્સોમાંથી-	સન્યાસીઓમાંથી-
૧૭૩ ૩૮૮૬ પાદશાહનો સોગ ધરાવનાર શખ્સોને	સન્યાસીઓને
૧૭૩ ૩૮૮૮ વિલાપ કરનારાઓમાંના	સન્યાસીઓમાંના
૧૭૩ ૩૮૯૫ જો કોઈ ડાહ્યો......આપે,	તું તનદુરોસ્ત હતો અને તારા રવાન સાથ અકલ જોડાયલી હતી- હવે તું નોશીરવાનને આ બાબતની ખબર આપવા ગયો છે,
૧૭૪ ૩૯૧૦ ઝોરેમંદ (ઝાલેમ) માણુસ છે.	દુઃખિયો માણુસ છે,
૧૭૪ ૩૯૧૧ કારણકે......રહેશે નહીં.”	કે જે માણુસ ફરતાં આસ્માનથી ડગાય છે-જે (આસ્માન) મોડે વહેલે તેને ચઢતી પડતી દેખાડયા વગર રહેશે નહીં.”
૧૭૫ ૩૯૪૫ નેચાયદ ન હરૂગેઝ	૧૭૬ ૩૯૫૧ વિલાપ કરનારાઓ, સન્યાસીઓ,
૧૭૬ ૩૯૫૮ કરૂદ ગશ્ત	૧૭૯ ૪૦૧૬ ગોફ્તહુ ગોફૂતહુ
૧૭૯ ૪૦૩૧ અરમીદ આરમીદ	૧૮૦ ૪૦૪૫ સાઝન્દ સાઝદ
૧૮૨ ૪૦૮૬ ખોદાવન્દે ખોદાવન્દ	૧૮૨ ૪૦૮૯ ખારો ઝરૂ ખારો ઝારૂ
૧૮૩ ૪૧૦૩ દીનો તખ્તો	
૧૮૩ ૪૧૦૩ અને માત્ર......ચાલશે.	અને તખ્ત તથા ઉપદેશાસનનાં જોડાણની વારી આવશે.
૧૮૩ ૪૧૦૮ કે તે દાનેશમંદ......કર્યું છે.	કે આવો દાના માણુસ (સુલ્તાન) અમર થજો!-અને તેનાં દિલની ખાહેશ મૂજબ તેનાં કામની કારરવાઈ થજો!
૧૮૩ ૪૧૦૯ ને યાદ શુમારૂ	૧૮૩ ૪૧૧૪ નેશાસ્તન્દ નબેશ્તન્દ
૧૮૩ ૪૧૧૪ મોટાઓની......સભા મળી.	મોટાઓ અને દાનેશમદ ગ્રહસ્થો આ નામાની નકલ કરવા બેઠા.
૧૮૩ ૪૧૧૫ હું તો ગોયા......જોતો બેઠો.	તેઓ બેઠા હતા અને હું તો ગોયા તેમનો નોકર હોઉં તેમ તેઓને દૂરથી જોતો હતો.
૧૮૩ ૪૧૧૯ રવાકૂ બેસ્યારૂ ચીઝ	વરૂશકૂ બેસ્યારૂ નીઝ
૧૮૩ ૪૧૧૯ રવાક વરરાક	
૧૮૩ ૪૧૨૨ ઇરાનના પાદ......આવી ઉભો.	ઈરાનના પાદશાહોની તવારીખ (પુરી કરવા) મને ગરૂર હતી- પણ કામને ઢીલમાં નાખનારો ગ્રહ મારી સામે હતો.
૧૮૪ ૪૧૨૯ ઉમેદ કાંઈ રૂહી નહીં.	ઉમેદ સઘળી વ્યર્થ ગઈ.

શાહનામએ ફિર્દોસી.

ગુજરાતી હુરૂફે તમામ બયતો તથા તેનો તરજુમો.

વૉલ્યુમ ૧૦ મું.

ફેરેસ્તાદને ખુસ્રવ્ નસ્તૂહ્રા બા સેપાહ્ પસે બહ્રામ્ વ ગેરેફ્તાર્ શુદને નસ્તૂહ્ બદસ્તે ઊ વ રફ્તને બહ્રામ્ બનઝ્દીકે ખાકાને ચીન્.

ચુ ખુર્શીદે તાબાન્ બેયારાસ્ત ગાહ્
તલાયહ્ બેયામદ્ બે નઝ્દીકે શાહ્
બપર્દ્હ્સરા અન્દરૂન્ કસ નદીદ્
હમાન્ ખયમહ્ બરૂ પાયે બરૂ પસ નદીદ્
તલાયહ્ બેયામદ્ બેગોફ્ત ઈન બશાહ્
દેલશ તન્ગ્ તર્ શુદ અઝાન્ રઝ્મગાહ્
ગુઝીન્ કરૂદ્ અઝાન્ જન્ગેયાન્ સેહ્ હઝાર્
ઝેરેહ્દારો બર્ગુસ્તુવાન્વર્ સવાર્
બનસ્તૂહ્ ફરમૂદ્ તા બરૂ નેશસ્ત
મેયાને યલી તાખ્તનરા બેબસ્ત
હમી રાન્દ્ નસ્તૂહ્ દેલ્ પુર્ ઝે દરૂદ્
નબુદ્ મર્દે બહ્રામ રૂઝે નબરૂદ્
હમાન્ નીઝ્ બહ્રામ બા લશ્કરશ
નબૂદ્ ઈમન્ અઝ્ દાદો અઝ્ કેશ્વરશ
હમી રાન્દ્ બીરાહ્ દેલ પુર્ ઝે બીમ
હમી બોરૂદ્ બા ખીશ્તન્ ઝરૂરો સીમ
યલાન્ સીનહો ગોર્દે ઈઝદ્ ગોશસ્પ
બયક્ સૂએ લશ્કર્ હમી રાન્દ્ અસ્પ
સુખુનહાએ શાહાન્ હમી ખાન્દન્દ્
બબીરાહ્ લશ્કર્ હમી રાન્દન્દ્
પદીદ્ આમદ્ અઝ્ દૂર્ વયરાનહ્ દેહ્
કે આન્ દેહ્ નબૂદ્ અઝ્દરે મર્દે મેહ્
હમી રાન્દ્ બહ્રામ પીશ અન્દરૂન્
પશીમાન્ શુદહ્ દેલ પુર્ અઝ્ દર્દો ખૂન

ખુસરૂએ બેહરામની પાછળ લશ્કર સાથ નસ્તૂહને મોકલવો અને નસ્તૂહનું તેના હાથ ઉપર પકડાઈ જવું અને બેહરામનું ખાકાને ચીનની નઝદીક જવું.

જ્યારે ઝળકતા ખુરશીદે પોતાનું તખ્ત સણગાર્યું-ત્યારે ચોકીબાન પાદશાહની આગળથી ત્યાં આવ્યો.

તેણે દુશ્મનની છાવણીમાં કોઇને પણ જોયા નહીં-વળી તે તમ્બુ પણ આગળથી અને પાછળથી ઉભેલો નહીં જોયો.

પેલો તલાયો પાછો આવ્યો અને પાદશાહને તે કહ્યું-તે લડાઈગાહથી તેનું દિલ વધારે દિલગીર બન્યું.

તેણે તે લડાયકોમાંથી કડીવાળાં બખ્તર પેહેરનારા અને ઘોડાનાં બખ્તરવાળા ત્રણ હઝાર સવારો ચુંટી કાઢયા.

અને નસ્તૂહને ફર્માવ્યું જેથી તે ઘોડેસવાર થયો-અને તેની પાછળ દોડવા માટે પોતાની પેહલવાની કમર બાંધી.

નસ્તૂહ દર્દ ભરેલાં દિલે આગળ ચાલવા લાગ્યો-કેમકે તે કાંઇ લડાઇ વખતે બેહરામને લાયક મર્દ નહીં હતો.

તેમજ બેહરામ પણ પોતાની સાથ લશ્કર હતું તે છતાં-વેરથી તેમજ પોતાના દેશથી તે ઘણો બીતો હતો.

તેથી તે ધાસ્તી ભરેલાં દિલે કમાર્ગે ચાલ્યો જતો હતો-તે પોતાની સાથે સોનું રૂપું પણ લઈ જતો હતો.

યલાન સીનેહ અને પેહલવાન ઇઝદ ગોશસ્પ-લશ્કરની એક બાજૂએ ઘોડા ચલાવતા હતા.

તેઓ લશ્કરને ઉગટ રાહે ચલાવતા હતા-અને પાદશાહોનીજ વાતો ૧
કરતા હતા.

દૂરથી એક વયરાન ગામડું નઝર આવ્યું-કે જે ગામડું મોટા માણસને રહેવા લાયક નહીં હતું.

બેહરામ દર્દ અને ખૂન ભર્યાં દિલે પશેમાન થઇ આગળ ચાલતો હતો.

ચુ અઝ તેશનગી ખુશ્ક શાન્ શુદ દહન
બેયામદ બખાને યકી પીરહ્ જન્
ઝબાનહા બચર્બી બેયારાસ્તન્દ
વઝાન્ પીરહ્ ઝન્ આબો નાન્ ખાસ્તન્દ
ઝને પીરૂ ગોફ્તારે ઈશાન્ શનીદ
યકી કોહુનહ્ ઘેર્બાલ્ પીશ આવરીદ
યકી પારહ્ પારહ્ બેગુસ્તરૂદ મશ્ક
નેહાદહ્ બઘેર્બાલ્ બરૂ નાને કશ્ક
યલાન્ સીનહ્ બરૂસમ બબહુરામ દાદ
નયામદ કે ઘમ હીચશ અઝ બાજ્ યાદ
ગેરેફ્તન્દ બાજો બેખુરદન્દ નાન્
નઝારહ્ બરાન્ નામદારાન્ ઝનાન્
ચુ કશ્કીન્ બેખુર્દન્દ મય ખાસ્તન્દ
ઝબાનહા બઝમઝમ બેયારાસ્તન્દ
૨ ઝને પીરૂ ગોફ્ત અરૂ મયત આરૂઝુસ્ત
મયસ્તો યકી નીઝ કોહુનહ્ કદુસ્ત
બુરીદમ કદુરા કુનૂન મન્ સરશ
યકી જામ કર્દમ નેહાદમ બરશ
બદૂ ગોફ્ત બહુરામ ચૂન્ મય બુવદ
અઝીન્ ખૂબ્ તરૂ જામ ખુદ કય બુવદ
ઝને પીરૂ રફ્તો મય આવર્દો જામ
અઝાન્ જામ બહુરામ શુદ શાદકામ
યકી જામે પુરૂ બરૂ કફ્રશ બરૂ નેહાદ
બદાન્ તા શવદ પીરૂ ઝન્ નીઝ શાદ
બદૂ ગોફ્ત કય નામે બા ફ્રૂરહી
ઝે કારે જહાન્ ચીસ્તત આગહી
બદૂ પીરહ્ ઝન્ ગોફ્ત ચન્દીન્ સોખુન
શનીદમ કઝાન્ મઘઝ કર્દમ કોહુન
કે શહરૂ આમદ એમરૂઝ બેસ્યારૂ કસ
હમી રઝમે ચૂબીનહ્ ગૂયન્દો બસ
કે શુદ લશ્કરે ઊ બનઝદીકે શાહ
સેપહ્બુદ ગુરીઝાન્ બેશુદ બી સેપાહ
બદૂ ગોફ્ત બહુરામ કય પાક ઝન્
મરા અન્દરીન્ દાસ્તાની બેઝન્
૩ કે ઈન્ અઝ ખેરદ બૂદ બહુરામરા
વગરૂ બરૂ ગુઝીદ અઝ ખેરદ કામરા
બદૂ પીરહ્ ઝન્ ગોફ્ત કય શોહરહ્ મરૂદ
ચેરા દીવ ચશ્મે તોરા ખીરહ્ કરૂદ
નદાની કે બહુરામે પૂરે ગોશસ્પ્
ચુ બા પૂરે હોરૂમુઝ બરૂ અન્ગીખ્ત અસ્પ્
બેખન્દદ બરૂ હરૂકે દારદ ખરદ
કસ ઊરા ઝે ગર્દનકશાન્ નુશમરદ
બદૂ ગોફ્ત બહુરામ અગરૂ આરૂઝુય
ચુનીન્ કરૂદ કુ મય ખુરદ અઝ કદુય

બરીન્ કોહુનહ્ ઘેર્બાલ્ બરૂ નાને જવ
હમી દારૂ દરૂ પીશ બા જવ દેરવ
બરાનહમ ખુરેશ યક શબ્ આનં જા બેખોફ્ત
કબા જામહો જઉશનશ ઝીરે સોફ્ત

જ્યારે તરસથી તેઓનાં મોઢાં સુકાઇ ગયાં-ત્યારે તેઓ એક બુઢ્ઢી અઉરતનાં ઘર આગળ આવ્યા.

તેઓએ મીઠાસથી બોલવા માંડયું-અને પેલી બુઢ્ઢી સ્ત્રી પાસેથી પીવાનું પાણી અને રોટલી માગી.

પેલી બુઢ્ઢી સ્ત્રીએ તેઓની વાત સાંભળી-એક જૂની ચારણી તેઓ આગળ લઇ આવી.

એક ફાટો તુટો ચામડાંનો કકડો બિછાવ્યો-અને ચારણીમાં જવની રોટલી મૂકી

યલાન સીનેહે બેહરામને બાજ ધરવા માટે બર્સંમ આપી-ગમને લીધે તેને બાજ ધરવાની જરાબી યાદ આવી હતી નહીં.

તેઓએ બાજ ધરી અને પેલી રોટલી ખાધી-પેલી અઉરતો તે નામ-દારોને જોતી હતી.

જ્યારે જમી રહ્યા ત્યારે મય મંગાવ્યો-અને હાથ ધોઇને બાજ મૂકીને ભણવા લાગ્યા.

પછી તે બુઢ્ઢી સ્ત્રીએ કહ્યું કે "અગર દારૂની તને ખાહેશ થઇ છે-તો દારૂ છે અને એક સૂકાયલાં દોધીની તુંમડી પણ છે.

હમણાજ મેં તે તુંમડીનું માથું કાપી તેની જામ બનાવી મૂકી છાણી છે."

બેહરામે તેને કહ્યું કે "જ્યારે દારૂ હોય-ત્યારે એના કરતાં વધારે સારી જામ કઈ હોય?"

તે બુઢ્ઢી સ્ત્રી ગઈ અને શરાબ તથા જામ લાવી-ને જામથી બેહરામ ખુશહાલ થયો.

તેણે એક જામ ભરી તેણીના હાથમાં આપી-કે જેથી તે બુઢ્ઢી સ્ત્રી પણ પીને ખુશહાલ થાય.

પછી તેણીને કહ્યું કે "ઓ દબદબાવાળી માદર!-દુન્યાનાં કામોની તું શું ખબર અંતર ધરાવે છે?"

તે બુઢ્ઢી અઉરતે કહ્યું કે "મેં કેટલીક વાતો-સાંભળી છે કે જેથી મારૂં મગજ પણ મંદ પડી ગયું છે.

આજે શેહરમાંથી ઘણાંક માણસો આવ્યા છે-જેઓ બસ ચોબીનેની લડાઈ માટેનીજ વાતો કર્યા કરે છે,

કે તેનું લશ્કર પાદશાહની નઝદીક ગયું છે-અને સરદાર લશ્કર વગર નાસતો ફરે છે"

બેહરામે તેણીને કહ્યું કે "ઓ પાક અઉરત!-એ બાબતમાં તું મને ખોલાસાથી સમજાવ,

કે બેહરામનું એ કામ ડહાપણથી ભરેલું હતું-યા ડહાપણ કરતાં તેણે લોભને વધુ પસંદ કર્યો હતો?"

તે બુઢ્ઢી અઉરતે તેને કહ્યું કે "ઓ માનવંત શખ્સ!-એહરેમને તારી આંખ શા માટે અંધારી બનાવી છે?

તું જાણતો નથી કે ગોશસ્પના બેટા બેહરામે-જ્યારથી હોરમઝના છોકરા ખુસરૂ સાથ લડાઈ જગાડી છે,

ત્યારથી અકલમંદો તેના ઉપર હસે છે-અને તેને કોઇ બહાદુર તરીકે ગણતુંજ નથી."

બેહરામે તેણીને કહ્યું કે "હા, બેહરામે આવો લોભ કીધો તેથી આવી હાલતમાં તારે ઘરે આવીને તુંમડીમાંનો મય પીરો પડે છે (યાને બેહરામ પોતાની ઓળખ આપે છે કે બેહરામ હુંજ છું).

આજ જૂની ચારણીમાં જવની રોટલી ભરીને-બીજી જવની કાપણી થાય ત્યાં સુધી રાખી મૂકજે." (બેહરામ તે ઘરડી બાઇની મશ્કરી કરે છે).

એવું ખાણું ખાઇને ડગલો ઓઢી બખ્તર ખાંધ નીચે લઈ તે એક રાત ત્યાંજ સૂતો.

ચુ ખુરશીદ બર્ ચર્ખ્ બુકુશાદ રાઝ
સેપહ્દારે જન્ગી બેઝદ તબ્લ બાઝ
બેયાવર્દ ચન્દાન્ કે બૂદશ્ સેપાહ્
ગેશાન્માયગાન્ બર્ ગેરેફ્તન્દ રાહ્
બરહ્ બર્ યકી નયસેતાન્ બૂદ નવ્
બસી અન્દર્ મર્દુમે નય દરવ્
ચુ અઝ્ દૂર્ દીદન્દ બહ્રામરા
યકી લશ્કરે ગશ્ન્ ખુદ કામરા
બબહ્રામ ગોફ્તન્દ અનૂશાહ્ બઝી
બરાહે નયસ્તાન્ ચેરા આમદી
સેપાહે ફેરાવાન્ બપીશ્ અન્દરૂન્
હમહ્ જન્ગ્રા દસ્ત શોસ્તહ્ બખૂન્
બદૂ ગોફ્ત બહ્રામ કીદર્ સવાર્
નબાશદ જોઝ્ અઝ્ લશ્કરે શહ્રયાર્
શનીદમ્ કે ચૂન્ મા ઝે પઈહ્સરાય
બેસીચીદને રાહ્ કર્દીમ્ રાય
સેપહ્દાર્ ખુઝીદ નસ્તૂહ્રા
અબા ઊ યકી લશ્કર્ અન્બૂહ્રા
બદાન્ તા બેબાયદ પસે મા દમાન્
ચુ બીનમ્ બરૂ બર્ સર્ આરમ્ ઝમાન્
હમહ્ અસ્પ્રા તન્ગ્હા બર્ કશીદ
હમહ્ ગેર્દ બર્ ગેર્દે લશ્કર્ કશીદ
સવારાન્ સબુક્ બર્ કશીદન્દ તન્ગ્
ગેરેફ્તન્દ શમ્શીરે હેન્દી બચન્ગ્
હમહ્ નયસેતાન્ આતેશ્ અન્દર્ ઝદન્દ
સેપહ્રા ચકાચક્ બહમ્ બર્ ઝદન્દ
નયેસ્તાન્ સરાસર્ શુદ અફ્રૂખ્તહ્
યકી કોશ્તહો દીગરી સૂખ્તહ્
ચુ નસ્તૂહ્રા દીદ બહ્રામ્ ગોર્દ
એનાન્ બારએ તીઝ્તગ્રા સેપોર્દ
ઝે ઝીન્ બર્ ગેરેફ્તશ્ બખમ્મે કમન્દ
બેબસ્તન્દ બી માયહ્ દસ્તશ્ બબન્દ
હમી ખાસ્ત નસ્તૂહ્ અઝ્ ઝીન્હાર્
હમી ગોફ્ત કય નામવર્ શહ્રયાર્
ચેરા રીખ્ત ખાહી હમી ખૂને મન્
બેબખ્શાય બર્ બખ્તે વાઝૂને મન્
મકોશ્ મર્ મરા તા દવાન્ પીશે તૂ
બેયાયમ્ બુવમ્ ઝાર્ દર્વીશે તૂ
બદૂ ગોફ્ત બહ્રામ મન્ ચૂન્ તો મર્દ
નખાહમ્ કે યાબમ્ ઝે દશ્તે નબર્દ
નબોરૂરમ્ સરત્રા કે નન્ગ્ આયદમ્
કે ચૂન્ તૂ સવારી બચન્ગ્ આયદમ્
ચુ યાબી ઝે દસ્તમ્ રહાઈ બેપૂય
ઝે મન્ હર્ચે દીદી બખુસ્રવ્ બેગૂય
ચુ બેશ્નીદ નસ્તૂહ્ રૂએ ઝમીન્
બેબૂસીદો બેસ્યાર્ કર્દ આફ્રીન્
વઝાન્ બીશહ્ બહ્રામ શુદ તા બરય
અબા આન્ દેલીરાને ફર્ખોન્દહ્ પય
બેબૂદો બર્ આસૂદો ઝાન્જા બેરફ્ત
બનઝ્દીકે ખાકાન્ ખરામીદ તફ્ત

જ્યારે ખુરશીદે આસ્માનનો પરદો ખુલ્લો કીધો (યાને દિવસ ઉગ્યો)-ત્યારે તે લડાયક સરદારે પાછું ઢોલ વગાડયું.

તેથી તેનું જેટલું લશ્કર હતું તેટલું ત્યાં હાઝેર કીધું-અને પછી તે ઊંચી બુન્યાદના સરદારોએ આગળ ચાલવા માડયું.

રસ્તામાં એક લીલા વાંસનું જંગલ આવ્યું-તેમાં વાંસ કાપનારા ઘણા માણસો હતાં.

જ્યારે તેઓએ દૂરથી બેહરામને તેમજ તેનાં એક મગરૂરી ભર્યાં ભારી ૪
લશ્કરને જોયું,

ત્યારે તેઓએ બેહરામને કહ્યું કે "તું ખુશહાલ રહેજે!-તું આ વાંસનાં જંગલને માર્ગે શા માટે આવ્યો?

આગળ ઘણુંક લશ્કર છે-તે સઘળાઓએ લડાઈ માટેજ લોહીમાં હાથ ધોયલા છે."

ત્યારે બેહરામ બોલવા લાગ્યો કે "એ પાદશાહનાં લશ્કર વગર બીજું કોઈનું લશ્કર હોય નહીં.

મેં સાંભળ્યું છે કે જ્યારે આપણે ત્યાંની છાવણીમાંથી-મુસાફરીનો વિચાર કીધો,

ત્યારે પાદશાહે એક લશ્કરના જથ્થા સાથ નસ્તૂહને પસંદ કરી મોકલી આપ્યો.

કે તે આપણી પાછળ દોડતો કે આવે-પણ જ્યારે હું તેને સામે આવેલો જોઈશ ત્યારે તેનો વખત પુરો કરી મૂકીશ.

તમો સઘળાઓ ઘોડાના તંગ ખેંચી બાંધો-અને સઘળાઓ તે લશ્કરની આસપાસ ફરી વળો."

સવારોએ શેતાબ તંગ ખેંચ્યા-અને હાથમાં હિંદી તલવારો પકડી.

તેઓએ તે સઘળું વાંસનું જંગલ સળગાવી મૂકયું-અને અચાનક તે લશ્કર ઉપર તુટી પડયા.

તમામ તે વાંસનું જંગલ સળગી ઉઠયું-કોઈ માર્યો ગયો તો કોઇ ૫
દાઝી ગયો.

જ્યારે પેહલવાન બેહરામે નસ્તૂહને જોયો-ત્યારે તેણે લગામ તેઝ ચાલના ઘોડાને સોંપી દીધી.

અને તેને ઝીન ઉપરથી કમંદના પેચે કરી ઊંચકી લીધો-અને તેના ખાલી હાથ બાંધી લીધા.

નસ્તૂહે બેહરામ પાસે જીવતદાન માગ્યું-તે બોલવા લાગ્યો કે "ઓ નામવર પાદશાહ!

તું મારૂં ખૂન શા માટે રેડવા માગે છે?-મારાં ઊંધાં નસીબ ઉપર બક્ષેશ કર.

મને ના માર, કે હું તારી પાસે લાચાર થઇ આજેઝી કરતો દોડી આઉં."

બેહરામે તેને કહ્યું કે "તારા જેવા એક મર્દને-આ લડાઈનાં મયદાનમાંથી હું મેળવવા માગતોજ નથી.

હું તારૂં સર નહીં કાપીશ કારણ તારા જેવો એક સવાર મારા હાથમાં પકડાય તો મને પોતાને શર્મિંદગી લાગે.

તેથી જ્યારે તું મારા હાથથી છુટકારો પામે ત્યારે દોડી જઇ-તેં મારા હાથથી જે કાંઇ જોયું છે તે ખુસરૂને કહેજે."

જ્યારે નસ્તૂહે એવું સાંભળ્યું ત્યારે ઝમીનને-બોસા લઈ તેની પુષ્કળ વખાણ ગાઇ.

બેહરામ તે વાંસનાં જંગલમાંથી પોતાના મુબારક કદમના નામદારો ૬
સાથ રય સૂધી ગયો.

તે ત્યાં થોભ્યો અને આસૂદા બનીને ત્યાંથી શેતાબ ખાકાનની નઝદીક ગયો.

તારાજ્ કર્દને ખુસરૂ ખયમહ્ગાહે બહ્રામ્ વ નામહ્ નેવેશ્તને ઊ બકયસર્ વ પાસોખે આન્ બા ખેલ્અત્ વ હદાયા.

—————:o:—————

વઝાન્ રૂય ખુસ્રવ્ બદાન્ રઝ્મગાહ્
બેયામદ્ કે બહ્રામ્ બુદ્ બા સેપાહ્
હમહ્ રઝ્મગાહશ્ બતારાજ દાદ્
સેપહ્રશ્ હમી બહ્રહો તાજ દાદ્
ચકી બારએ તીઝ્રવ્ બર્ નેશસ્ત
મેયાન્શ્ ઝે બહ્રે પરસ્તેશ્ બેબસ્ત
બપીશ્ અન્દર્ આમદ્ ચકી ખારૂસાન્
પેયાદહ્ બેબૂદ્ અન્દરાન્ કારૂસાન્
બેઘલ્તીદ્ બર્ પીશે યઝ્દાન્ બખાક્
હમી ગોફ્ત કય દાવરે દાદે પાક્
બરે દુશ્મન્ · અઝ્ બૂમ બર્દાશ્તી
હમહ્ કાર્ ઝન્દાઝહ્ બુગ્ઝાશ્તી
પરસ્તન્દહો નાસઝા બન્દહ્ અમ્
બફર્માને દારન્દહ્ પૂયન્દહ્ અમ્
વઝાન્ જાયગહ્ શુદ્ બપર્દહ્ સરાય
બેયામદ્ બનઝ્દીકે ઊ રહ્નુમાય
૭ બેફર્મૂદ્ તા પીશે ઊ શુદ્ દબીર્
નબેશ્તહ્ અઝ્ નામએ બર્ હરીર્
ઝે ચીઝી કે રફ્ત અન્દરાન્ રઝ્મગાહ્
બકયસર્ નબેશ્ત અન્દરાન્ નામહ્ શાહ્
નુખોસ્ત આફરીન્ કર્દ બર્ દાદગર્
કઝૂ દીદ્ મર્દીઓ બખ્તો હોનર્
દેગર્ ગોફ્ત કઝ્ કેર્દગારે જેહાન્
હમહ્ નીકુઇ દીદમ અન્દર્ નેહાન્
બઆઝર્ ગોશસ્પ્ આમદમ બા સેપાહ્
દવાન્ પીશ્ બાઝ્ આમદમ કીનહ્ખાહ્
બદાન્ ગૂનહ્ તન્ગ્ અન્દર્ આમદ્ બજન્ગ્
કે બર્ મન્ બેબુદ્ જાએ પયકાર્ તન્ગ્
ચુ યઝ્દાને પાકશ્ નબુદ્ દસ્તગીર્
બેમોર્દ્ આન્ દમે આતેશે દારો ગીર્
ચુ બીચારહ્ તર્ ગશ્તો લશ્કર્ નમાન્દ્
ગુરીઝાન્ બશાબ્ગીર્ અઝ્ ઈદર્ બેરાન્દ્
હમહ્ લશ્કરશ્રા બહમબર્ ઝદીમ
બલશ્કર્ગહશ્ આતેશ્ અન્દર્ ઝદીમ
બફર્માને યઝ્દાને પીરૂઝગર્
બેબન્દમ બરૂ નીઝ્ રાહે ગુઝર્
૮ નેહાદન્દ્ બર્ નામહ્ બર્ મોહ્રે શાહ્
ફેરેસ્તાદગાન્ બર્ ગેરેફ્તન્દ્ રાહ્
ફેરેસ્તાદહ્ બા નામએ શાહ્રયાર્
બેશુદ્ તા દરે કયસરે નામદાર્
ચુ આન્ નામહ્ બર્ ખાન્દ્ કયસર્ ઝે તખ્ત
ફેરૂદ્ આમદ્ આન્ શાહે બીદાર્ બખ્ત

ખુસરૂએ બેહરામની છાવણીનો નાશ કરવો અને તેણે કયસર ઉપર નામુ લખવું અને સરપાવ તથા હદયા સાથનો તેનો જવાબ મેળવવો.

—————:o:—————

પેલી તરફ ખુસરૂ તે લડાઇગાહ કે જ્યાં બેહરામ પોતાનાં લશ્કર સાથ હતો ત્યાં આવ્યો.

તેની સઘળી છાવણી તેણે લૂટાવી દીધી—અને પોતાનાં લશ્કરને પૈસાની થેલી તેમજ તાજોની બક્ષેશ આપી.

પછી તે એક તેજ ચાલના ઘોડા ઉપર સવાર થયો—અને બંદગી કરવા માટે પોતાની કમર બાંધી.

તે એક કાંટાનાં વન આગળ આવી લાગ્યો—અને તે બંદગીનાં કામ માટેની જગ્યામાં ઘોડા ઉપરથી નીચે ઉતર્યો.

તે યઝદાન આગળ ખાક ઉપર પડયો-તે બોલવા લાગ્યો કે "એ પાક ઈન્સાફના ખાવંદ!

મારા દુશ્મનની ચઢતી થવા તેં મને મારાં વતનથી જુદો પાડયો— અને મારી ખરાબી હદથી બેહદ થવા દીધી.

હું એક તાબેદાર કમીનો બંદો છુ-અને જેહાનની સંભાળ લેનારા ખોદાતાલાનાં ફર્માન ઉપરજ ચાલનારો છું."

પછી તે જગ્યાએથી તે પાછો પોતાની છાવણીમાં આવ્યો—જ્યાં તેની આગળ તેનો રેહનુમા વઝીર હાઝેર થયો.

તેણે ફર્માવ્યું જેથી મુન્શી તેની નઝદીક ગયો તેના હુકમથી રેશમી કપડાં ઉપર એક નામુ લખ્યું.

તે લડાઇગાહમાં જે કાંઇ બનાવ બન્યો તે પાદશાહે તે નામામાં કયસર ઉપર લખાવ્યો.

પહેલાં ખુદાતાલા ઉપર દુઆ લખાવી—કે "મર્દાનગી, બુલંદ બખ્ત અને સઘળા હોનરો તે સાહેબથીજ જોયા."

પછી લખાવ્યું કે "જેહાનને પયદા કરનાર સાહેબથી—મેં અંદરખાનેથી સઘળી નેકીજ જોઈ છે

હું લશ્કર લઇ આઝર ગોશસ્પનાં મકાન આગળ આવ્યો—જ્યાં તે પાછો કીનેહખાહ બની મારી આગળ આવ્યો.

તે લડાઇ કરવા માટે એટલો તો મારી નઝદીક આવી લાગ્યો-કે મારે માટે લડવાની જગ્યા ઘણી તંગ થઇ પડી.

પણ જ્યારે પાક યઝદાન તેનો મદદગાર નહીં થયો—ત્યારે તેની લડાઇની ધરપકડના આતશનો શોલો બુઝાઇ ગયો.

જ્યારે તે ઘણોજ લાચાર થયો અને લશકર પણ રહ્યું નહીં-ત્યારે બામદાદે અહીંથી નાસી ગયો.

અમોએ તેનાં તમામ લશ્કરને બરહમ માર્યું—અને તેની લશ્કરી છાવણી સળગાવી મૂકી

ફતેહમંદી આપનાર યઝદાનના હુકમથી-તેનો નાસવાનો માર્ગ પણ બંદ કર્યો છું."

પછી તે નામા ઉપર પાદશાહની મોહર મારવામાં આવી-તે લઇ એલચીઓ માર્ગ કાપવા લાગ્યા.

પેલા એલચીઓ પાદશાહનાં નામા સાથે-નામદાર કયસરની દરબાર સુધી જઇ લાગ્યા.

જ્યારે તે નામુ વાંચ્યું ત્યારે તે બીદાર બખ્તનો પાદશાહ કયસર તખ્ત ઉપરથી નીચે ઉતર્યો.

બયઝદાન્ ચુનીન્ ગોફ્ત કય રહનુમાય
હમીશહ્ તોઈ જાવેદાનહ્ બજાય
તો પીરુઝ કર્દી મરાન્ બન્દહ્‌રા
કશન્દહ્ તોઈ મર્દે અફગન્દહ્‌રા
ફેરાવાન્ બદર્વીશ દીનારૂ દાદ
હમાન્ ખુર્દનીહા બખરૂવારૂ દાદ
હમાન્ નામહ્‌રા નીઝ પાસોખ નેવેશ્ત
બસાને દેરખ્તી બબાઘે બેહેશ્ત
સરે નામહ્ કરૂદ અઝ જહાનદારૂ યાદ
ખોદાવન્દે પીરૂઝીઓ ફરૂરો દાદ
ખોદાવન્દે માહો ખોદાવન્દે હુરૂ
ખોદાવન્દે ફરૂરો ખોદાવન્દે ઝૂરૂ
બુઝોર્ગીઓ નીકુ અખ્તરી ઝૂ શેનાસ
વઝૂ દારૂ તા ઝેન્દહ્ બાશી સેપાસ
જોઝ અઝ દાદો ખૂબી મકુન દરૂ જેહાન્
ચે દરૂ આશકારા ચે અન્દરૂ નેહાન્
યકી તાજ કઝ કયસરાન્ યાદગારૂ
હમી દાશ્તી તા કે આયદ બકારૂ
યકી ખુઝવી તઉકો દૂ ગૂશવારૂ
સદો શસ્ત હમ જામએ ઝરૂનેગારૂ
દેગરૂ સી શુતોરૂવારૂ દીનારૂ બૂદ
હમાન્ દુરૂરો યાકૂત બેસ્યારૂ બૂદ
સલીબી ફેરેસ્તાદ ગઉહરૂ નેગારૂ
યકી તખ્ત પુરૂ ગઉહરે શાહ્‌વારૂ
યકી સબ્ઝ ખફ્તાન બઝરૂ બાફ્તહ્
સરે શૂશહા બરૂ ગોહરૂ તાફ્તહ્
વઝાન્ ફયલસૂફાને રૂમી ચહારૂ
બેરફ્તન્દ બા હદયહો બા નેસારૂ
ચુ આમદ બખુસ્રવ અઝાન્ આગહી
અઝાન્ ફયલસૂફાને બા ફરૂરહી
પઝીરહ્ ફેરેસ્તાદ ખુસ્રવ સવારૂ
ગેરાનમાયગાને ગેરામી હઝારૂ
બુઝોર્ગાન્ બનઝદીકે ખુસ્રવ શુદન્દ
હમહ્ પાકુ બા હદયએ નવ શુદન્દ
ચુ ખુસ્રવ નેગહ્ કર્દ નામહ્ બેખાન્દ
અઝાન્ ખાસ્તહ્ દરૂ શેગેફ્તી બેમાન્દ
બદસ્તૂરૂ ગોફ્ત આન્ ઝમાન શહ્‌રયારૂ
કે ઇન્ જામએ રૂમે ગઉહરૂ નેગારૂ
ન આઇને પુરૂમાયહ્ દેહ્‌કાન બુવદ
કે ઈન્ માયએ જાસલીકાન્ બુવદ
ચુ બરૂ જામએ મા ચલીપા બુવદ
નેશાસ્ત અન્દરૂ આઇને તર્સા બુવદ
વગરૂ મન્ નપૂશમ બેયાઝારદ ઊય
હમાના દેગરૂ ચીઝ પેન્દારદ ઊય
વગરૂ પૂશમ ઈન નામદારાન હમહ્
બેગૂયન્દ કીન્ શહ્‌રયારે રમહ્
મગરૂ કઝ પયે દીને ઈસા શુદસ્ત
કે અન્દરૂ મેયાને ચલીપા શુદસ્ત
બખુસ્રવ ચુનીન ગોફ્ત આન્ રહનુમાય
કે દીન નીસ્ત શાહા બપૂશેશ બપાય

અને પાક યઝદાનને એ પ્રમાણે કહેવા લાગ્યો કે "ઓ રેહનુમાઇ કરનાર સાહેબ!-તુંજ જાવેદાન સુધીનો કાયમ છે.

તેંજ પેલા તારા બંદાને ફતેહમંદ કીધો-એક પડી ભાગેલા શખ્સનો હાથ પકડનારો તુંજ સાહેબ છે."

પછી તેણે દરવીશને પુષ્કળ દીનાર બક્ષેશ આપ્યા-તેમજ પુષ્કળ ખાવાનું પણ આપ્યું.

વળી બેહેસ્તના બાગમાંનાં ઝાડની માફકનો તે નામાનો જવાબ પણ લખ્યો.

તે નામાની શુરૂઆત ખોદાતાલાની યાદથી કીધી-કે "જે સાહેબ ફતેહમંદીનો, ખોરેહનો અને ઇન્સાફનો સાહેબ છે.

જે માહતાબનો સાહેબ છે અને આફતાબનો ખાવંદ છે-જે ખોદાઇ નૂરનો સાહેબ છે અને કૌવતનો માલેક છે,

મોટાઇ અને નેક નસીબ તું તેનાથી જાણજે-જ્યાં સુધી તું જીવે ત્યાં સૂધી તેનાજ શુક્રાના કરતો રહેજે.

શું જાહેરમાં કે શું છૂપી રીતે-તું ઇન્સાફ અને ખૂબી સિવાય દુન્યામાં ૯
બીજું કાંઇ પણ કરતો ના."

પછી તેણે આગળા કયસરોથી યાદગાર રહેલું એક તાજ કે જે તેણે રાખી મૂક્યું હતું કે કોઇ વખત કામ લાગશે, તે તાજ,

અને એક પાદશાહોને લાયકની સાંકળી અને બે કાનની બાલી-એક સોને સાઠ સોનેરી કપડાંના તાકા,

તે સાથ વળી ત્રીસ ઊંટ દીનારના ભર્યાં હતાં-તેમજ ઘણાંક મોતી અને યાકૂત પણ હતાં.

ગોહર જડિત એક ક્રોસ અને પાદશાહને લાયકનું ગોહર જડિત એક તખ્ત પણ મોકલ્યું.

સોનામાં ગુંથેલું એક લીલા રંગનું બખ્તર-કે જેની કિનારી ઉપર મોતી લગાડેલાં હતાં.

ચાર રૂમી ફીલસૂફો-એ સઘળો હદયો અને નેસાર લઇને ચાલ્યા.

જ્યારે ખુસરૂને એ હદયાની અને પેલા દબદબા સાથના ફીલસૂફોના આવ્યાની ખબર પડી,

ત્યારે ખુસરૂએ હઝાર બુઝોર્ગ મોભાદાર સવારોને એસ્તેકબાલ મોકલ્યા.

પેલા બુઝોર્ગો સઘળો નવો હદયો લઇ ખુસરૂની નઝદીક આવ્યા.

જ્યારે ખુસરૂએ તે હદયો જોયો અને પેલુ નામુ વાંચ્યું-ત્યારે તે ૧૦
ખઝાનો જોઈ અજબ થયો.

તેજ વખત પાદશાહે વઝીરને કહ્યું-કે "આ ગોહરનાં ભરેલાં રૂમી કપડાં,

ઊંચી બુન્યાદના દેહકાન (ઇરાની)ને લાયકનાં નથી-એ તો ખ્રિસ્તીઓની રીતભાતને મળતાં છે

જ્યારે મારાં કપડા ઉપર ક્રોસ પાડેલો હોય-તો હું પણ ખ્રિસ્તી ધર્મ પાળતો કહેવાઉં.

હવે જો હું એ કપડાં નથી પેહેરતો તો કયસર દુઃખી થશે-બલ્કે કાંઇ જુદોજ વિચાર કરશે.

અને જો પેહેરૂં છું તો અહીંના સઘળા નામદારો-કહેશે કે 'આ ઇરાની રૈયતનો પાદશાહ,

કદાચ તે ખ્રિસ્તી ધર્મમાં ચાલી ગયલો લાગે છે-કારણકે તે ક્રોસ સાથનાં કપડાં વચ્ચે બિરાજેલો છે."

તે રેહનુમા વઝીરે ખુસરૂને કહ્યું-કે "ઓ પાદશાહ! કપડાં પેહેરવા ઉપરજ કાંઈ દીન ટકતી નથી.

તા બરૂ દીને ઝરૂદુશ્તે પયઘમ્બરી
અગરૂ ચન્દ્ પયવસ્તએ કયસરી
બપૂશીદ પસ જામહરા શાહરૂયારૂ
બયાવીખ્ત આન્ તાજે ગઉહરૂ નેગારૂ
૧ બફરૂમૂદ તા પર્દહ બરૂદાશતન્દ
મેહાન્રા કે દરૂગાહ બુગ્ઝાશતન્દ
બરફૂતન્દ રૂમીઓ ઈરાનેયાન્
કે હરૂગૂનએ મરૂદુમ અન્દરૂ મેયાન્
કસી કશ એરદ બૂદ આન્ જામહ દીદ
બદાનેસ્ત કૂ રાએ કયસરૂ ગુઝીદ
દેગરૂ ગોફ્‌ત કીન્ શાહરૂયારે જેહાન્
હમાના કે તર્સા શુદ અન્દરૂ નેહાન્

જોકે તું કયસર સાથ ગમે એટલું સગપણ ધરાવે-તોપણ તું પયગમ્બર ઝરતોશ્તની દીન ઉપર ચુસ્ત છે."

પછી પાદશાહે તે પોશાક પેહેર્યો-અને પેલું ગોહર જડિત તાજ માથે લટકાવ્યું.

પછી હોકમ કર્યો જેથી પરદો ઉઠાવી નાખ્યો-અને સરદારોને દરબારમાંથી પસાર કીધા.

રૂમીઓ, ઈરાનીઓ અને તરેહવાર કઉમના માણસો આવવા લાગ્યાં.

જે કોઇનામાં કે અકલ હતી તેઓ તે કપડાં જોઈ સમજી ગયા કે "તેણે કયસરની મરજી રાખી છે."

બાકીનાઓ બોલ્યા કે "આ આપણા દેશનો પાદશાહ-બેશક કે અંદરખાનેથી ખ્રિસ્તી બન્યો છે."

ખેશમ્ ગેરેફ્‌તને નેયાતૂસ્ બરૂ બન્દૂય વ આશ્તી દાદને મર્યમ્ દરૂ મેયાને ઈશાન્.

——:o:——

દેગરૂ રૂઝ ખુસ્રવ બેયારાસ્ત ગાહ
બસરૂ બરૂ નેહાદ આન્ કયાની કોલાહ
નેહાદન્દ દરૂ ગુલ્શને સૂરૂ ખાન્
ચુનીન્ ગોફ્‌ત પસ રૂમેયાન્રા બખાન્
બેયામદ નેયાતૂસ બા રૂમેયાન્
નેશસ્તન્દ બા ફયલસૂફાન્ બખાન્
ચુ ખુસ્રવ ફેરૂદ આમદ અઝ્ તખ્તે બારૂ
અબા જામએ રૂમે ગઉહરૂ નેગારૂ
ખરામીદ ખન્દાનો બરૂ ખાન્ નેશસ્ત
બેશુદ તીઝ્ બન્દૂય બર્સમ બદસ્ત
જહાન્દારૂ બેગ્રેફ્‌ત બાઝે મેહાન્
બઝમઝમ હમી રાયઝદ દરૂ નેહાન્
નેયાતૂસ કાન્ દીદ અન્દાખ્ત નાન્
કે આશોફ્‌તગી બાઝ્ પસ શુદ કે ખાન્
હમી ગોફ્‌ત બાઝો ચલીપા બહમ
કે ખુસ્રવ બુવદ બરૂ મસીહા સેતમ.

ચુ બન્દૂય દીદ આન્ બેઝદ પોશ્તે દસ્ત
બખાન્ બરૂ બરૂએ ચલીપા પરસ્ત
ઘમી ગશ્ત અઝાન્ કારૂ ખુસ્રવ ચુ દીદ
બરોખસારહ શુદ ચૂન ગુલે શમ્બલીદ
બગોસ્તહમ ગોફ્‌ત ઈન્ ગવે બી ખરદ
નબાયદ કે બા દાવરી મય ખરદ
વરા બા નેયાતૂસે રૂમી ચેકારૂ
તને ખીશ કરૂદ અન્દરીન્ જન્ગ્ ખારૂ
નેયાતૂસ અઝાન્ જાયગહ બરૂનેશાસ્ત
બલશ્કરૂગહે ખીશ શુદ નીમ મસ્ત
બપૂશીદ રૂમી ઝેરેહ રઝમરા
કે બહુરે તબહ કર્દને બઝમરા

નેયાતૂસનું બંદૂય ઉપર ગુસ્સે થવું અને મર્યમે તેઓ વચ્ચે સલાહ કરાવવી.

——:o:——

બીજે દહાડે ખુસરૂએ પોતાનું તખ્ત સણગાર્યું-અને પાદશાહી તાજ સર ઉપર મૂક્યું.

ખુશહાલીના બાગમાં ખાણાંના ખુમચા મૂકાવ્યા-પછી તેણે રૂમીઓને તેડાવ્યા.

નેયાતૂસ બીજા રૂમીઓ સાથે આવ્યો-સઘળાઓ પેલા ફીલસૂફો સાથ ખાણાં ઉપર બેઠા.

જ્યારે ખુસરૂ ગોહરના ચીતારના રૂમી કપડાં સાથ દરબારનાં તખ્ત ઉપરથી નીચે ઉતર્યો,

ત્યારે હસતો હસતો જઇને ખાણાં ઉપર બિરાજ્યો-શેતાબ બંદૂય હાથમાં બાજ ધરવા માટે બર્સમ લઈ આવ્યો.

પાદશાહે બર્સમ હાથમાં લીધી-અને મનમાં ધીમે ધીમે બાજ પઢ્યો.

નેયાતૂસે જ્યારે તે રીત જોઈ ત્યારે હાથમાંથી રોટલી નાખી દીધી-અને ગુસ્સામાંનો ગુસ્સામાં ખાણાં ઉપરથી ઉઠી ગયો.

તે બોલવા લાગ્યો કે "મઝદયસ્નની દીનની બર્સમ અને ખ્રિસ્તી દીનની નિશાની ક્રોસ એ બન્ને ખુસરૂએ સાથે કરીને ઈસુ ક્રાઇસ્ટ ઉપર સિતમ ગુઝાર્યો છે."

જ્યારે બંદૂએ એ જોયું ત્યારે ખાણાં ઉપરજ પેલા ક્રોસના પૂજારી (નેયાતુસ)નાં મોઢાં ઉપર એક થબડાક ખેંચી કાઢી.

જ્યારે ખુસરૂએ એવું જોયું ત્યારે તે કામથી પોતે દિલગીર બન્યો-અને તેનો ચેહરો શમ્બલીદનાં ફૂલ જેવો ફિકકો પડી ગયો.

તેણે ગોસ્તહમને કહ્યું કે "આ કમ અકલ પેહલવાન-ઝઘડો કરતાં કરતાં મય પીયે, તે ઠીક નહીં.

તેને નેયાતૂસ રૂમી સાથે શું કામ હતું?-આવા ઝઘડામાં એણે ફોકટનું પોતાનું શરીર ખુવાર કર્યું છે."

નેયાતૂસ ત્યાંથી ઉઠયો-અને અડધી છાકટ હાલતમાં પોતાની છાવણીમાં ગયો.

તેણે તે ખુશીની મજલેસ ભાંજી પાડવા માટે-લડાઈ માટેનું રૂમી બખ્તર પેહેર્યું.

સવારાને રૂમી હમહુ જન્ગ્જૂય
બદરૂગાહે ખુસ્રવ નેહાદન્દ રૂય
હમાનગહ સવારી ઝે લશકરૂ શુ બાદ
બખુસ્રવ ફેરેસ્તાદ રૂમી નેઝાદ
કે બન્દૂએ નાકસ ચેરા પોશ્તે દસ્ત
ઝનદ બરૂ રોખે મર્દે યઝદાન્ પરસ્ત
ગરૂ ઊરા ફેરેસ્તી બનઝદીકે મન્
વગરૂનહ બબીન્ શૂરેશે અન્જુમન્
ઝે મન્ બીશ પીચી અઝાન્ કઝ રહી
કે જૂયદ હમી તખ્તે શાહનશાહી
ચુ બેશનીદ ખુસ્રવ બરૂ આશોફ્તો ગોફ્ત
કે કસ દીને યઝદાન્ નેયારદ નેહોફ્ત
કયૂમર્સો જમશીદ તા કયકોબાદ
કસી અઝ મસીહા નકર્દન્દ યાદ
મબાદા કે દીને નેયાગાને ખીશ
ગુઝીદહ જહાન્દારો પાકાને ખીશ
ગુઝારમ બદીને મસીહા શવમ
નગીરમ બખાન્ બાઝો તર્સા શવમ
તો તનહા હમી ગરૂ બેગીરી શુમારૂ
હોનરૂ દીદમ અઝ રૂમેયાન રૂઝે કારૂ
બખુસ્રવ ચુનીન્ ગોફ્ત મર્યમ કે મન્
બપાય આવરમ જન્ગે ઈન્ અન્જુમન્
બમન્ દેહ સરફ્રાઝ બન્દૂયરા
કે તા રૂમેયાન્ અઝ પયે રૂયરા
બેબીનન્દો બાઝ આરમશ તનદુરોસ્ત
કસી બીહુદહ જન્ગ્ હરૂગેઝ નજોસ્ત
ફેરેસ્તાદ બન્દૂયરા શહૂરૂયારૂ
બનઝદે નેયાતૂસ બા દહ સવારૂ
હમાન્ નીઝ મર્યમ ઝને હુશમન્દ
કે બૂદી હમીશહ લબાનશ બપન્દ
બદૂ ગોફ્ત રવ બા બેરાદરૂ પેદરૂ
બગૂ કય બદઅન્દીશે પર્ખાશખરૂ
નદીદી કે બા શાહ કયસરૂ ચે કરૂદ
ઝે બહુરે ખુઝોર્ગીઓ નન્ગો નબરૂદ
ઝે પયવન્દો ખીશીઓ અઝ ખાસ્તહ
ઝે મર્દાનો અઝ ગન્જે આરાસ્તહ
તો પયવન્દો ખીશી હમી બરૂકની
હમાન્ ફરૂરે કયસરૂ ઝે મન્ બેફ્ગની
ઝે કયસરૂ શનીદી કે ખુસ્રવ ઝે દીન્
નગર્દદ ચુ આયદ બઈરાન્ ઝમીન્
નદાની કે દેહકાન ઝે દીને કોહુન્
ન પીચદ ચેરા ખામ ગૂઈ સોખુન્
તો બન્દૂયરા સરૂ બઆઘૂશ ગીરૂ
મગૂય ઈન્ ગોફ્તારે ના દેલપઝીરૂ
મહેહ રન્જો કેર્દારે કયસરૂ બબાદ
મબાદા કે પન્દે મન્ આયદત યાદ
ચુ મર્યમ બેયામદ હમીદૂન બેગફ્ત
રોખે નામવરૂ હમચુ ગુલ બરૂ શેગફ્ત
ચે મર્યમ નેયાતૂસ પેઝરોફ્ત પન્દ
બેયામદશ ગોફ્તારે ઊ સૂદમન્દ

સઘળા લડાયક રૂમી સવારોએ-ખુસરૂની દરગાહ તરફ ચાલવા માંડયું.

તેણે તેજ વખત લશ્કરમાંથી રૂમી બુન્યાદના એક સવારને ઝડપથી ખુસરૂની નઝદીક મોકલ્યો,

અને કેહવાડિયું કે "નાલાયક બંદૂય ખોદાને પૂજનારા શખ્સનાં મોઢાં ઉપર શા માટે થબડાક મારે?

માટે અગર તેને તું મારી નઝદીક મોકલી દે-અને તેમ નહીં તો આ મારાં લશ્કરના પોકારો જોઈ લે.

એક નોકર (બેહરામ)થી કે જેણે રાજગાદી લેવાનો દાવો કર્યો તેનાથી જેટલાં દુ:ખ તેં જોયાં તેનાં કરતાં વધારે દુ:ખ તું મારીથી જોશે."

જ્યારે ખુસરૂએ એવું સાંભળ્યું ત્યારે તે ગુસ્સે થયો અને બોલ્યો-કે "પાક યઝદાનની દીન કોઇ છુપી રાખી શકતું નથી.

કયૂમર્સ અને જમશીદથી કયકોબાદ સુધી-કોઈ પણ પાદશાહોએ ઈસુ ક્રાઈસ્ટની યાદ વટિક કીધી નથી.

એમ કદી ના બનતું કે પોતાના નેયાગાનો, પસંદ કીધેલા પાદશાહો અને પાક લોકોની પવિત્ર દીન,

હું છોડી દેઉં અને ખ્રિસ્તી દીનમાં વટલી જાઉં-ખાણાં ઉપર બાજ નહીં ધરૂં અને ક્રિશ્ચિયન થઇ જાઉં.

તું એકલો ગમે એટલા વિચાર કર્યા કર-લડાઇને દિવસે રૂમીઓની મર્દાનગી કેટલી છે તે મેં જોઈ લીધી છે."

ત્યારે મર્યમે ખુસરૂને એ પ્રમાણે કહ્યું કે "હું-આ લોકોની લડાઇનું શેવટ લાઉં છું.

તું સરફરાઝ બંદૂય કે જેને રૂમીઓ મળવા માગે છે, તેને તું મને સોંપી આપ,

તેઓ તેને મળશે અને હું તેને સહી સલામત પાછો લાવી આપીશ વગર કારણે કોઇ લડાઈ શોધતુંજ નથી."

આથી પાદશાહે બંદૂયને દશ માણસો સાથે નેયાતુસની નઝદીક મોકલ્યો.

તેમજ પેલી ડહાપણવાળી અઉરત મર્યમ-કે જેણીના હોઠ હમેશ શીખામણથીજ ભરેલા રહેતા હતા, તેણીને પણ મોકલી.

ખુસરૂએ તેણીને કહ્યું કે "તું જા, તારા કાકાને-કહે કે 'એ બૂરા વિચારના લડાયક શખ્સ!

તેં નથી જોયું કે કયસરે પોતાની મોટાઈ, કીર્ત્તિ અને નામનાને ખાતેર પાદશાહ સાથ શું શું કર્યું?

તેણે મારી સાથના સંબંધ અને સગપણથી તથા માલ અસબાબથી-તેમજ પોતાના બહાદુર લોકોથી અને ભરપુર ખઝાનાથી શું શું કીધું છે?

અને તું તે સંબંધ અને સગપણને ઉખેડી કાઢવા માગે છે-તેમજ મારા હાથથી કયસરનો દબદબો નાબૂદ કરવા ચાહે છે?

તેં કયસરથી સાંભળ્યું તો હશે કે જ્યારે ખુસરૂ ઇરાન ઝમીનમાં આવશે ત્યારે તે પોતાની દીનથી ફરશે નહીં.

તું જાણતો નથી કે એક દેહકાન (ઈરાની) જૂની દીનથી-કદીબી ફરવાનો નથી તો પછી શા માટે અણઘટતા સખુનો બોલે છે?

માટે તું બંદૂયનું માથું તારી બગલમાં પકડી દોસ્તી કર-અને કાંઇ પણ નાખુશ વાતો ના બોલ.

કયસરની મેહનત અને વર્તણુકની ધૂળધાણી ના કર-એવું નહીં થાય કે તને મારી આ વાત યાદ કરવી પડે."

પછી જ્યારે મર્યમે ત્યાં આવી તેજ પ્રમાણે કહ્યું-ત્યારે તે નામવરનો ચેહરો ગોલાબનાં ફૂલની માફક પાછો ખીલી નીકળ્યો.

નેયાતસે મર્યમની શીખામણ કબૂલ કીધી-અને તેણીની વાત તેને ફાયદા ભરેલી લાગી.

હમ અઝ કારે બન્દૂય હેલ કરૂદ નરૂમ
કુજા દાશત અઝ રૂએ બન્દૂય શરૂમ
ચુ બન્દૂયરા દીદ બરૂ પાય ખાસ્ત
ઝે ગન્જૂરૂ પુરૂમાયહુ બાલાય ખાસ્ત
બેખન્દીદો પુર્સીદો કર્દશ નેસારૂ
બેરફૂતન્દ હરૂદૂ બરે શાહુરૂયારૂ
ચુ ખુસ્રવ નેયાતૂસરા દીદ ગોફૂત
કે નીકી નજૂયદ દેલે બદ જોફૂત
નજુસ્તાસ્ત બન્દૂય જોઝ શૂરો જન્ગ્
તો ગીતી બમા બરૂ મકુન તારો તન્ગ્
બતીઝી મદેહ રન્જે કયસરૂ બબાદ
બેમાન્ તા બેબાશીમ યક્ ચન્દ શાદ
બખૂને પેદરૂ મન્ જેગરૂ ખસ્તહુ અમ
કમરૂ બરૂ મેયાન્ સૂગ્રા બસ્તહુ અમ
૧૬ દેલે મન્ સરાસરૂ પુરૂ અઝ કીને ઊસ્ત
ઝબાનમ પુરૂ અઝ રન્જો નફ્રીને ઊસ્ત
ગરૂ ઊ અઝ પયે દીન્ શવદ ઝેશત ગૂય
તો અઝ બી ખેરદ હુશમન્દી મજૂય
નેયાતૂસ ગોફૂત અય જહાનદારૂ શાહુ
ખેરદમન્દી અઝ મસ્ત રૂમી મખાહુ
તો બસ કુન બદીને નેયાગાને ખીશ
ખેરદમન્દ મરૂદુમ નગર્દદ ઝે કીશ
બદીનગૂનહુ તા શુદ સખુન શાન દરાઝ
બલશકરૂગહુ આમદ નેયાતૂસ બાઝ

તેમજ બંદૂય તરફનો ગુસ્સો ભૂલી ગયો-હવે તેને બંદૂયનું મોં જોતાં શર્મ આવવા લાગી.

જ્યારે તેણે બંદૂયને જોયો ત્યારે તે ઉભો થયો-અને ખજાન્ચી પાસેથી એક કીમતી ઘોડો મંગાવ્યો.

તે હસ્યો અને ખબર આફીયત પૂછીને તેની ઉપર નેસાર કીધો-પછી તે બન્ને જણા પાદશાહની આગળ ગયા.

જ્યારે ખુસરૂએ નેયાતૂસને જોયો ત્યારે બોલ્યો-કે "બૂરી ખસ્લતના શખ્સનું દિલ નેકી શોધતુંજ નથી.

બંદૂએ ગડબડ અને ઝઘડા સિવાય કાંઇ બીજું શોધ્યુંજ નથી-પણ તું અમારી ઉપર દુન્યા અંધારી અને તંગ ના બનાવ.

તું કયસરની ઝેહમતને ગુસ્સામાં આવી જઇ બરબાદ ના કરી નાખ-ધીરજ પકડ, કે આપણે થોડોક વખત ખુશહાલ થઇ સાથ બેસ્યે.

બાપના ખૂનથી મારૂં જીગર પણ ઝખ્મી બનેલું છે-અને કમર ઉપર સોગનો કમરબંદ બાંધ્યો છે.

મારૂં દિલ તેનાજ કીનાથી ભરેલું છે-અને મારી ઝબાન તેનાં દુઃખ અને ધિક્કારથી ભરેલી છે.

અગરજો તે દીનને ખાતેર બૂરૂં બોલનારો બને-તો તારે તે બેવુકૂફથી દાનાઇની આશા રાખવી નહીં."

નેયાતૂસે કહ્યું કે "ઓ દેશની સંભાળ રાખનાર પાદશાહ!-તું પણ એક મસ્ત થયલા રૂમીથી ડહાપણની આશા ના રાખ.

તું પોતાના નેયાગાનોની દીન ઉપર કાયમ રહે-અકલમંદ માણસ પોતાના મઝહબથી ફરતો નથી."

એવી રીતની ઘણીક વાતો તેઓમાં ચાલી-પછી નેયાતૂસ પોતાની છાવણીમાં પાછો ફર્યો.

બખ્શેશે ખુસ્રવ્ બરૂ નેયાતૂસ્ વ રૂમેયાન્ વ પદ્રૂદ્ કર્દને ઇશાન્ બરૂમ્ વ નેવેશ્તને મન્શૂરૂહા બનામે મેહાને ઇરાન્.

ખુસરૂએ નેયાતૂસ અને બીજા રૂમીઓ ઉપર બક્ષેશ કરવી અને તેઓને પાછા રૂમ મોકલવા અને ઇરાની સરદારોને નામનાં પાદશાહી ફર્માનો લખવાં.

બખરૂરાદે બર્ઝીન્ બેફરૂમૂદ શાહુ
કે જાએ અરઝ્ સાઝો દીવાન્ બેખાહુ
હમહુ લશકરે રૂમેયાન્ અરૂઝ્ કુન
હરાન્ કસ કે હસ્તન્દ નવ્ યા કોહુન
દો બહુરહુ બેદેહ રૂમેયાન્રા ઝે ગન્જ્
બદાદન્ નબાયદ કે બીનન્દ રન્જ્
કસી કૂ બખેલ્અત સઝાવારૂ બૂદ
કુજા રૂઝે જન્ગ્ અઝ દરે કારૂ બૂદ
બેફરૂમૂદ તા ખેલ્અત આરાસ્તન્દ
ઝે દરૂ અસ્પે પુરૂમાયગાન્ ખાસ્તન્દ
૧૭ નેયાતૂસરા દાદ ચન્દાન્ ગોહરૂ
ચે અસ્પો પરસ્તારે ઝરીન્ કમરૂ
કઝ અન્દાઝએ હદયહુ બરૂતરૂ ગુઝશ્ત
હમ અઝ રાહે પુરૂમાયગાન્ બરૂ ગુઝશ્ત

પાદશાહે ખરરાદે બર્ઝીનને ફર્માવ્યું-કે "લશ્કરની તપાસ લેવાની જગ્યા તૈયાર કર અને લશ્કરની નોંધનું પુસ્તક મંગાવ.

તમામ રૂમી લશ્કરની તપાસ કર-તેઓમાં જે કોઈ કે જુવાન અને બુઢ્ઢા હોય,

તે રૂમીઓને ખઝાનામાંથી બે ભાગ આપ-આપતી વખતે એવું નહીં બનવું જોઇયે કે તેઓ દિલગીર થાય."

તેઓમાં જે કોઇએ કે લડાઈમાં કામ લાગ્યા હતા અને સરપાવને લાયકના હતા,

તેઓને માટે હોકમ કીધો જેથી તેઓને સરપાવ આપ્યો-પછી દરવાઝા ઉપરથી ઊંચી બુન્યાદના ઘોડા મંગાવ્યા.

નેયાતૂસને એટલાં તો ગોહર ઓપ્યાં-અને શું ઘોડા કે શું સોનેરી કમરબંદ સાથના ગોલામો એટલા આપ્યા,

કે જે એક હદયા કરતાં પણ ઘણુંજ વધુ થઈ ગયું-તેમજ દઉલતમંદ શખ્સની રીત કરતાંબી વધુ થયું.

હરૂ આન્ શહરૂ કઝ રૂમ બેસ્તહ કોબાદ
શે હોરમુઝ શે કેઆએ ફરૂરોખ્ નેઆદ
નેયાતૂસરા દાદો બેન્વેશ્ત અહદ
બશાન્ જામે હન્ઝલ પુરૂઆગન્દ શહદ
બેરફ્તન્દ પસ રૂમેયાન્ સૂએ રૂમ
બદાન્ મર્ઝે આબાદો આબાદ બૂમ
દો મન્ઝેલ બેશુદ ખુસવે સરફરાઝ
વરા કરદ પદરૂદો પસ ગશ્ત બાઝ
દેગરૂ હફ્તહ બર્દાશ્ત બા દહ સવારૂ
કે બૂદન્દ બીનાદેલો નામદારૂ
ઝે લશ્કરગહ આમદ બઆઝરૂ ગોશસ્પ
બગુમ્બદ નેગહ કર્દો ખુઝાશ્ત અસ્પ
પેયાદહ હમી રફ્ત દીદહ પુર આબ
બઝરૂદી દો રોખસારહ ચૂન આફ્તાબ
ચુ અઝ દર બનઝદીકે આતેશ રસીદ
શુદ અઝ આબે દીદહ રોખશ નાપદીદ
દો હફ્તહ હમી ખાન્દ વસ્તાઓઝન્દ
હમી ગશ્ત બરૂ ગેર્દે આતેશ નેઝન્દ
બહશ્તુમ બેયામદ ઝે આતેશકદહ
ચુ નઝદીક શુદ રૂઝગારે સદહ
બઆતેશ બેદાદ આનચે પેઝરોફ્તહ બૂદ
સખુન હરચે પીશે રદાન્ ગોફ્તહ બૂદ
ઝે જરૂરીનો સીમીનો ગઉહરૂ નેગારૂ
ઝે દીનારૂ વઝ ગઉહરે શાહવારૂ
બદર્વીશ બખ્શીદ ચન્દી દેરમ
નમાન્દ અન્દરાન્ બૂમો બરૂ કસ દેઝમ
વઝાન્ જાયગહ શુદ બઅન્દીવ શહરૂ
કે બરૂ દારદ અઝ રૂઝે શાદીશ બહરૂ
કે આન્ કેશ્વરે શૂરૂસાન્ બૂદ મરૂઝ
કસી ખાકે ઊરા નદાનેસ્ત અરૂઝ
બઅયવાન્ કે નૂશીરવાન્ કર્દહ બૂદ
બસી રૂઝગારૂ અન્દરાન્ બર્દહ બૂદ
ગેરાન્માયહ કાખી બેયારાસ્તન્દ
હમાન્ તખ્તે ઝરૂરીન બેપીરાસ્તન્દ
બેયામદ બતખ્તે નેયા બરૂ નેશસ્ત
જહાન્દારૂ પર્વીઝે યઝદાન્ પરસ્ત
બેફરમૂદ તા પીશે ઊ શુદ દબીરૂ
હમાન્ શાહબરૂ મૂબદે દસ્તગીરૂ
નબેશ્તન્દ મન્શૂરે ઈરાનેયાન્
બરસ્મે બુઝોર્ગાનો ફરૂરોખ કેયાન્
બદાન્ કારૂ બન્દૂય બુદ રહનૂમાય
જહાન્દીદહો રાદો ફરૂખોન્દહ રાય
ખોરાસાન્ સરાસરૂ બગોસ્તહમ દાદ
બેફરમૂદ તા નવ કુનદ રસ્મો દાદ
બહરૂ કારૂ દસ્તૂરૂ બુદ બુરૂઝમેહરૂ
દબીરે જહાન્દીદએ ખૂબ્ચેહરૂ
ચુ બરૂ કામે ઊ ગશ્ત ગર્દન્દહ ચરૂખ
બેબખ્શીદ દારાબ્ ગેર્દો સેતરૂખ

વળી રૂમનાં જે શેહરો કે કોબાદે કે હોરમઝે કે શું મુબારક ખુન્યાદનાં નોશીરવાને જીતી લીધાં હતાં,

તે સઘળાં નેયાતૂસને પાછાં આપ્યાં અને કરાર નામુ લખ્યું-તેમ કરી તેણે એળિયા (કડવાસ)ની જામમાં મધ રેડયું.

પછી રૂમીઓ પોતાના આબાદ મુલક અને આબાદ ઝમીનમાં રૂમ તરફ પાછા ગયા.

તેઓની સાથે સરફરાઝ ખુસરૂ પણ બે મંઝલ સૂધી ગયો-અને નેયાતૂસને રવાના કીધો અને પછી પોતે પાછો ફર્યો.

બીજે અઠવાડિયે ખુસરૂ દશ સવારો કે જે ચાલાક અને નામદારી ભરેલા હતા, તેઓ સાથ,

પોતાની લશ્કરી છાવણીમાંથી આઝર ગોશસ્પની દરગાહ આગળ આવ્યો-અને આતશના ગુમ્બઝને જોતાજ ઘોડા ઉપરથી નીચે ઉતરી પડયો.

અને પેયાદોજ આંસુ ભરેલી આંખોએ ચાલવા લાગ્યો-તેના બન્ને ગાલ આફતાબની માફકના ફિક્કા પડી ગયા હતા.

જ્યારે તે દરગાહમાંથી આતશની નઝદીક જઈ પહોંચ્યો-ત્યારે આંસુથી તેનો ચેહરો ઢંકાઇ ગયો.

તે બે હફતા સૂધી ઝંદ અવસ્તાના પાક કલામો પઢયા કીધો-અને ૧૮
ગમગીન ચેહરે તે આતશના કેબ્લાની આસપાસ ફરતો રહ્યો.

આઠમે દહાડે જ્યારે "જશ્નેસદેહ"નો દહાડો નઝદીક આવ્યો ત્યારે તે આતશ દાદગાહમાંથી બાહેર આવ્યો.

જે કાંઇ તેણે પોતાનાં મનમાં કબૂલ્યું હતું અને સરદારો આગળ જે કાંઇ બોલ્યો હતો તે સઘળું આતશના કેબ્લાને અર્પણ કીધું.

સોના રૂપાંની અને ગોહર જડિત ચીઝોમાંથી-તેમજ સોનાના દીનાર અને પાદશાહોને લાયકનાં ગોહરોમાંથી ઘણાંક અર્પણ કીધાં.

મોહતાજમંદોને પણ કેટલાક દિરમ બક્ષેશ આપ્યા-જેથી તે સર ઝમીનમાં કોઇ લાચાર રહ્યુ નહીં.

ત્યાંથી તે અન્દીવ શેહરમાં ગયો-કે ત્યાં તે ખુશહાલીમાં દહાડા પસાર કરે.

તે શૂરસાનના મુલકનો પ્રાંત હતો-જેની ઝમીનની કોઈ કીમત પણ કરી શકતું નહીં હતું.

ત્યાં જે મેહલ કે નોશીરવાને બાંધ્યો હતો અને જેને બાંધતાં ઘણો વખત લાગ્યો હતો,

તે દમામદાર મેહલ સણગાર્યો-તેમજ ત્યાંનું સોનેરી તખ્ત ભપકાદાર બનાવ્યું.

અને પછી તે યઝદાન પરસ્ત પાદશાહ ખુસરૂ પર્વીઝે-આવીને પોતાના બપાવાનાં તખ્ત ઉપર બેઠક લીધી.

તેણે ફર્માવ્યું જેથી વડો મુન્શી તેમજ દસ્તગીરી કરનાર રેહનુમા ૧૯
વડો વઝીર તેની નઝદીક આવ્યો.

તેઓએ બુઝોર્ગો અને મુબારક પાદશાહોની રાહ રસ્મ પ્રમાણે ઇરાનીઓના પર્વાના લખ્યા.

તે કામમાં અનુભવી, અકલમંદ અને મુબારક વિચારનો બંદૂય રેહનુમા હતો.

આખું ખોરાસાન ગોસ્તહમને આપ્યું-અને તેને ફર્માવ્યું કે ત્યાંની રાહ રસ્મ અને ઇન્સાફ નવેસરથી ચાલુ કરે.

બુર્ઝમેહર કે જે ખૂબસૂરત ચેહરાનો અનુભવી મુન્શી હતો, તે તેનાં દરેક કામમાં વઝીર તરીકે રહ્યો.

જ્યારે ફરતો આસ્માન ખુસરૂની મુરાદ માફક ચાલવા લાગ્યો (યાને ઇરાનની ગાદી તેને પાછી મળી)-ત્યારે તેણે દારાબગેર્દ અને ઈસ્તખ્ર બન્ને શેહરની હકૂમત લખી આપી.

બમન્શૂરૂ બરૂ મોહુરે ઝરૂરીન્ નેહાદ
સપુર્દ બરૂ કફે શામબર્ઝીન નેહાદ
બેફરૂમૂદ તા સૂએ શાપૂરૂ બોરૂદ
પરસ્તન્દહો ખેલ્અત ઊશા સેપોરૂદ
દેગરૂ મોહુરે ખુસ્રવ સુએ અન્દેયાન્
બેફરૂમૂદ બોર્દન બરસ્મે કેયાન્
હમહ્ શહ્રે કેર્માન્ મફ્રશા સેપોરૂદ
કે ખુસ્રવ વશા અઝ બુઝોર્ગાન્ શુમોરૂદ
૨૦ દેગરૂ કેશ્વરીશા બગોરૂદ્દય દાદ
બરાન્ નામહ્ બરૂ મોહુરે ઝરૂરીન્ નેહાદ
બબાલૂચ દાદ આન્ ઝમાન્ શહ્રે ચાજ
ફેરૈસ્તાદ મંન્શૂરૂ બા તખ્તે આજ
કલીદે દરે ગન્જહા બરૂ શુમોરૂદ
સરાસરૂ બપૂરે તોખારહ્ સેપોરૂદ
ચુ ઈન્ કર્દહ્ શુદ શહ્રયારે જેહાન્
નેગહ્ કરૂદ સૂએ કેહાનો મેહાન્
બેફરૂમૂદ તા હરૂ કે મેહ્તરૂ બબન્દ
બફર્માને ખરૂરાદે બર્ઝીન્ શવન્દ
બગીતી રવન્દહ્ બુવદ કામે ઊય
બમન્શૂરહા બરૂ બુવદ નામે ઊય
ઝે લશ્કરૂ હરાન્ કસ કે મેહ્ન્ગા કારૂ
બેમાન્દન્દ બા નામવરૂ શહ્રયારૂ
હમહ્ ખેલ્અતે ખુસ્રવી દાદ શાન્
બશાદી બમર્ઝી ફેરૈસ્તાદ શાન્
હમી ગશ્ત ગૂયા મનાદીગરી
ખુશ આવાઝે બીદારે દેલ્ મેહ્તરી
કે અય ઝીરૂદસ્તાને શાહે ઝમીન્
મખાનીદ કસ જોઝ બદાદ આફરીન્
૨૧ મજૂઈદ કીનો મરીઝીદ ખૂન્
મબાશીદ બરૂ કારે બદ રહ્નમૂન્
ગરૂ અઝ ઝીરૂદસ્તાન્ બેનાલદ કસી
ગરૂ અઝ લશ્કરી રન્જ યાબદ કસી
નેયાબદ સેતમ્ગારહ્ જોઝ દારૂ જાય
હમાન્ રન્જે આતેશ બદીગરૂ સરાય
હમહ્ પાદશાહીદ બરૂ ગન્જે ખીશ
કસીરા કે ગેરૂદ આમદ અઝ રન્જે ખીશ
ખુરીદો દેહીદ આન્ કે દારીદ ચીઝ
કસી કૂ નદારીદ ખાહીદ નીઝ
બહરૂ શારૂસાન્ દરૂ યકી ગન્જે માસ્ત
ઝે રન્જે નેયાગાન્ ગરૂ અઝ રન્જે માસ્ત
બગન્જૂરૂ ગોફ્તીમ તા હરૂ કે ચીઝ
નદારદ દેહદ પૂશેશો ખુરૂદ નીઝ
ચુ યાબદ ખુરેશ બામદાદે. પગાહ્
સે મન મીસેતાનદ ઝે ગન્જૂરે શાહ્
જહાન્ શુદ ઝે દાદશ બેહેશ્તે બરીન્
બપર્વીઝ કર્દન સઝદ આફરીન્
ગરૂ અયદૂન કે ઝીનસાન્ બુવદ પાદશા
બેહ્ અઝ દાનેશૂમન્દે ના પારૂસા
૨૨ બપયમાન્ કે ખાનદ બરૂ આફરીન્
બેફૂશદ કે આબાદ દારદ ઝમીન્

તે શેહરોના પર્વાના ઉપર સોનેરી મોહર લગાડીને-તે તુરત રામબર્ઝીનને હવાલે કીધું.

તેણે ફર્માવ્યું જેથી તે પર્વાનો અને ગોલામો તેમજ સરપાવ શાપૂર આગળ લઇ જઇ તેને સોંપી આપ્યો.

બીજો એક ખુસરૂની મોહર સાથનો પર્વાનો પાદશાહોની રીતરૈવાજ મૂજબ અન્દેયાન તરફ લઇ જવા ફર્માવ્યું.

તમામ કેર્માન શેહર તેને સોંપી આપ્યું-કારણકે ખુસરૂ તેને બુઝોર્ગોમાંનો એક સમજતો હતો.

બીજો એક મુલક ગોરદૂયને આપ્યો-તે પર્વાના ઉપર પણ પોતાની સોનેરી મોહર દાબી.

પછી તુરત બાલૂચને ચાચ શેહર આપ્યું-અને હાથીદાંતનાં તખ્ત સાથ તેનો પર્વાનો મોકલી આપ્યો.

વળી તેણે ખઝાનાઓના દરવાઝાની કુંચીની ગણત્રી કીધી-અને તે સઘળી તોખારેના બેટાને સોંપી આપી.

જ્યારે દેશનો પાદશાહ આ કામ કરી રહ્યો-ત્યારે તેણે નાનાં અને મોટાઓ તરફ નઝર કીધી.

તેણે ફર્માવ્યું કે "જે કોઇ સરદારો હોય-તે ખરરાદે બર્ઝીનના હોકમ પ્રમાણે ચાલે.

દેશમાં તેનોજ હોકમ ચાલશે-અને સઘળાં ફર્માનો ઉપર તેનુંજ નામ લખાશે"

પછી લશ્કરમાંથી જે કોઇ કે લડાઇને વખતે-નામવર પાદશાહની સાથેજ રહ્યા હતા,

તે સઘળાઓને પાદશાહી સરપાવ આપ્યા-અને ખુસહાલી સાથ તેઓને પોત પોતાની જગ્યાએ રવાના કર્યા.

હવે એક સારા આવાઝનો ચાલાક સરદાર-સઘળે મનાદી પોકારવા લાગ્યો,

કે "ઓ દેશના પાદશાહની રૈયતના લોકો!-તમો સર્વ કોઇ ઇન્સાફ સિવાય બીજાં કશાંની તરીફ ગાતા ના!

તમો કીનો શોધતા ના અને કોઈનું લોહી પણ રેડતા ના-બૂરાં કામ ઉપર રેહનુમા બનતાજ ના!

અગર મારી રૈયતમાંથી કોઈ ફર્યાદ કરશે-અથવા કોઇ લશ્કરનાં માણસથી કોઇને ઈજા પુગશે,

તો તે ઝુલ્મગાર પોતાની જગ્યા ફાંસીના માચડા સિવાય બીજે કેથે મેળવશે નહીં-તેમજ તે પેલી દુન્યામાં દોઝખનું દુઃખ ભોગવશે

તમો જે કોઇયે કે પોતાની જાતી મેહનતથી પૈસો પયદા કીધો હશે-તો તે તમારા સઘળા ખઝાના ઉપર તમો પોતેજ માલેક રહેશો.

તમારી પાસ જે કાંઈ હોય તે ખાઓ અને ખયરાત કરો-જો તમારી પાસ કાંઇ નહીં હોય તો અમારી પાસેથી માગો.

દરેક શેહરમાં મારા નેયાગાનોની મેહનતથી કે મારી મેહનતથી મેળવેલો એકેક ખઝાનો રહે છે.

અમોએ ખઝાન્ચીને કહી મૂકયું છે કે જેની પાસે કાંઇ નહીં હોય તેને પેહેરવા ઓઢવાનું અને ખાવા પીવાનું આપે.

જેને રોઝ સવાર સાંજ ખોરાક મળતો રહેશે-તેને પાદશાહના કોઠારી પાસેથી ત્રણ મણ અનાજ મળ્યો જશે."

તેના ઇન્સાફથી દેશ બુલંદ બેહેસ્તની માફકનો બન્યો-માટે ખુસરૂ પર્વીઝ ઉપર આફ્રીન કરવી ઘટારત છે.

અગરજો એક અધર્મી દાના પાદશાહ હોય, તો તેના કરતાં આવો એક પાદશાહ હોયલો ભલો કહેવાય,

કે જે પોતાના કોલ કરારો ઉપર સાબેત રહે અને દુન્યાને આબાદ રાખવાની કોશેશ કરતો રહે.

ઝારીએ ફેર્દઉસી અઝ્ મોર્દને ફર્ઝેન્દે ખીશ્.

મરા સાલ્ બુગઝશ્ત બરૂ શસ્તો પન્જ્
ન નીકૂ બુવદ ગરૂ બેયાઝમ બગન્જ્
મગરૂ બહ્રેહ બરૂ ગીરમ્ અઝ્ પન્દે ખીશ
બરૂ અન્દીશમ્ અઝ્ મર્ગે ફર્ઝન્દે ખીશ
મરા બૂદ નઉબત બેરફ્ત આન્ જવાન્
ઝે દર્દશ્ મનમ્ ચૂન્ તની બી રવાન્
શેતાબમ્ મગરૂ તા હમી યાબમશ્
ચુ યાબમ્ બપયઘારહ્ બેશતાબમશ્
કે નઉબત મરા બુદ તો બી કામે મન્
ચેરા રફ્તીઓ બોર્દી આરામે મન્
ઝે બદ્હા તો બૂદી મરા દસ્તગીરૂ
ચેરા રાહ્ જોસ્તી ઝે હમરાહે પીરૂ
મગરૂ હમરહાને જવાન્ યાફ્તી
કે અઝ્ પીશે મન્ તીઝ્ બેશતાફ્તી
જવાન્રા ચુ શુદ સાલ્ બરૂ સીઓ હફ્ત
ન બરૂ આરૂઝુ યાફ્ત ગીતીઓ રફ્ત
હમી બૂદ હમવારહ્ બા મન્ દુરોશ્ત
બરૂ આશોફ્ત યફ્ બારહ્ બેન્મૂદ પોશ્ત
બેરફ્તો ઘમો રન્જશ્ ઈદરૂ બેમાન્દ
દેલો દીદએ મન્ બખૂન્ દરૂ નેશાન્દ
ફુનૂન્ ઊ સુએ રઉશનાઈ રસીદ
પેદરૂરા હમી જાય ખાહદ ગુઝીદ
બરૂઆમદ ચુનીન્ રૂઝગારે દરાઝ્
કઝાન્ હમરહાન્ કસ નગશ્તન્દ બાઝ્
હમાના મરા ચશ્મ્ દારદ હમી
ઝે દીરૂ આમદન્ ખશ્મ્ દારદ હમી
મરા શસ્તો પન્જો વરા સીઓ હફ્ત
નપુર્સીદ અઝીન્ પીરો તન્હા બેરફ્ત
વય અન્દરૂ શેતાબો મન્ અન્દરૂ દેરન્ગ્
ઝે કેર્દારૂહા તા ચે આયદ બચન્ગ્
રવાને તો દારન્દહ્ રઉશન્ કુનાદ
ખેરદ પીશે જાને તો જઉશન્ કુનાદ
હમી ખાહમ્ અઝ્ દાવરે કેર્દેગારૂ
ઝે રૂઝી દહે પાકૂ પર્વર્દેગારૂ
કે યફ્સરૂ બેબખ્શદ ગુનાહે તોરા
ફુરોખ્શાન્ કુનદ તીરહ્ માહે તોરા

ફિર્દોસીનું પોતાના બેટાનાં મરણ માટેનું રૂદન.

મારી ઉમર પાંસઠ વર્ષની થઈ-માટે હવે મને લાઝમ નહીં કે પૈસાનો લોભ રાખું.

મારી પોતાની શીખામણની વાતોનોજ લાભ લઉં-મારા ફર્ઝંદનાં મોતનો વિચાર મને આવે છે.

મારો જવાનો વખત હતો પણ તે જવાન ચાલી ગયો-તેનાં મોતનાં ગમથી મારૂં શરીર જીવ વગરનું થઈ ગયું છે.

હું હવે ઉતાવળે રવાના થાઉં અને તેને શોધી કાઢું-જો તે મને મળે તો હું તેને ધમકાઉં,

કે "આ દુન્યામાંથી જવાની મારી વારી હતી. મારી મરજી વિરૂધ તું-શું કામ ગયો અને મારાં મનની સમાધાની શું કામ ખુંચવી લીધી?

આફતમાં તું મારો મદદગાર હતો-તારા બુઢ્ઢા બાપની સોહબત તેં કેમ તજી દીધી?

કદાચ તને જવાનોની દોસ્તી હાથ લાગી હશે-કે તું મને છોડીને દોડી ગયો."

મારો જવાન છોકરો જ્યારે સાડત્રીસ વર્ષનો થયો-અને દુન્યા તેની મરજી પ્રમાણે નહીં ચાલી તેથી તે દુન્યા છોડી ગયો.

મારી સાથ હમેશે કરડોજ રહેતો હતો-તેથી તે ગુસ્સે થઇ ચાલી ગયો.

તે તો ચાલી ગયો અને દુઃખ અને સંતાપ મેલી ગયો-મારાં દિલ ૨૩
અને આંખોને લોહીનાં આંસુ પાડતાં મેલી ગયો.

હવે તે મીનોઇ જેહાનમાં ગયો-જ્યાં બાપે જવું જોઇતું હતું ત્યાં પોતે ગયો.

એટલો તો લાંબો વખત વહી ગયો છે-કે તેની સાથ ગયલાઓમાંનો કોઈ પણ પાછો ફર્યો નથી.

કદાચને તે મારી રાહ જોતો હશે-મને જતાં મોડું થયું છે તેથી ગુસ્સે થતો હશે.

મારી ઉમર પાંસઠની અને તેની સાડત્રીસની-મારા જેવા ઘરડાની પરવા કીધા વગર એકલો ચાલી ગયો.

તે દોડી ગયો અને હું પાછળ રહી ગયો-જોઇયે કે હવે કામોનો નતીજો શું આવે છે?

ખોદા તારા આત્માને ખુશ રાખે-તારી બુદ્ધિ તારા આત્માનો બચાવ કરે (એટલે અકલનો ફરેશ્તો તારાં રવાનનું રક્ષણ કરે).

ઈન્સાફી દાવરથી, રોઝી બક્ષનાર પાક પર્વર્દેગાર પાસેથી હું એવી ખાહેશ રાખું છું,

કે તે તારા તમામ ગુનાહો માફ કરે-અને તારા રોશની વગરના માહ-તાબને (ચેહરાને) રોશન કરે.

દાસ્તાને બહ્‌રામ્‌ ચૂબીનહ્‌ બા ખાકાને ચીન્‌.

——:o:——

કુનૂન્‌ દાસ્તાનહાએ દીરીનહુ ગૂય
સુખુનહાએ બહુરામ ચૂબીનહુ ગૂય
૨૪ કે ઊ ચૂન્‌ સુએ શહ્‌રે તુર્કાન્‌ રસીદ
બનઝ્‌દીકે ખાકાનો શીરાન્‌ રસીદ
ઝે ગોર્દાને બીદારૂ દેલ્‌ દહુ હઝારૂ
પઝીરહુ શુદન્દશ ગુઝીદહુ સવારૂ
પેસરૂ બા બેરાદરૂશ પીશ અન્દરૂન્‌
અબા હરૂ યકી મૂબેદી રહ્‌નમૂન્‌
ચુ આમદ બરે તખ્તે ખાકાન્‌ ફરાઝ્‌
બરૂ આફ્‌રીન્‌ કર્દો બોર્દશ નમાઝ્‌
ચુ ખાકાન્‌ વરા દીદ બરૂપાય જસ્ત
બબૂસીદો બેસ્તોરૂદ રૂયશ બદસ્ત
બપુર્સીદ બેસ્યારશ અઝ્‌ રન્જે રાહુ
ઝે જન્ગો ઝે પયકારે શાહો સેપાહુ
હમ ઈઝદ ગોશસ્પો યલાન્‌ સીનહુરા
બપુર્સીદો ગોર્દાને બી કીનહુરા
ચુ બહુરામ્‌ બરૂ તખ્તે સીમીન્‌ નેશસ્ત
ગેરેફ્‌ત આનગહી દસ્તે ખાકાન્‌ બદસ્ત
બદૂ ગોફ્‌ત કય મેહુતરે બાફરીન્‌
સેપહુદારે તુર્કાનો સાલારે ચીન્‌
તો દાની કે અઝ્‌ ખુઆવે બદ નેહાન્‌
કસ ઇમન્‌ નબાશદ બેગેર્દે જેહાન્‌
૨૫ ગરૂ આસાયદ અઝ્‌ રન્જ બેગ્ઝાયદશ
તન્‌ આસાન્‌ ઝીયદ રન્જ બેફ્‌ઝાયદશ
ગરૂઅયદૂન્‌ કે ઈદરૂ પઝીરી મરા
બહરૂ નીકો બદ દસ્તગીરી મરા
બદીન્‌ મર્ઝે બી અરૂઝ યારમ તોઈ
બહરૂ નીકો બદ ધમગોસારમ તોઈ
વગરૂ હીચ રન્જ આયદત બુગ્ઝરમ
ઝે જાએ દેગરૂ જૂયમ આબેશખરમ
ગરૂઅયદૂન નબાશી તો હમદાસ્તાન્‌
અઝ્‌ ઈદરૂ શવમ સૂએ હેન્દુસ્તાન્‌
બદૂ ગોફ્‌ત ખાકાન્‌ કે અય સરૂફરાઝ્‌
બદીન્‌ રૂઝ્‌ હરૂગેઝ્‌ મબાદત નેયાઝ્‌
બેદારમ તોરા હમચુ પયવન્દે ખીશ
ચે પયવન્દ બરૂતરૂ ઝે ફર્ઝન્દે ખીશ
હમહુ બૂમ બા મન્‌ બદીન્‌ યાવરન્દ
અગરૂ કેહુતરાનન્દ અગરૂ મેહુતરન્દ
તોરા બરૂ સરાન્‌ સરૂફરાઝી દેહમ
હમ અઝ્‌ મેહુતરાન્‌ બી નેયાઝી દેહમ
બરીન્‌ નીઝ્‌ બહુરામ સઉગન્દ ખાસ્ત
ઝબાન્‌ બૂદ બરૂ જાને ઊ બન્દ ખાસ્ત
૨૬ બદૂ ગોફ્‌ત ખાકાન્‌ બબરૂતરૂ ખોદાયં
કે હસ્ત ઊ મરાઓ તોરા રહુનુમાય

બેહરામ ચોબીનેહનું ખાકાને ચીન સાથનું દાસ્તાન.

——:o:——

હવે તું આગળાં દાસ્તાનો પાછાં બેયાન કર-અને બેહરામ ચોબીનેહની વાતો કહે.

કે જ્યારે તે તુર્કીઓનાં શેહર તરફ ગયો-અને ત્યાંના ખાકાન અને બહાદુર લોકો આગળ જઈ પહોંચ્યો,

ત્યારે ત્યાંના બહાદુર લોકોમાંથી ચુંટી કાઢેલા હુશ્યાર દિલના દશ હઝાર સવારો તેને એસ્તેકબાલ ગયા.

તુરાની શાહઝાદો પોતાના ભાઈ સાથ હરોલમાં ચાલતો હતો-તેઓ દરેક જણ સાથ એકેક રાહબર વઝીર હતો.

જ્યારે બેહરામ ખાકાનનાં તખ્તની નઝદીક આવ્યો ત્યારે તેના ઉપર દુઆ કીધી અને તેને નમન કીધું.

જ્યારે ખાકાને તેને જોયો ત્યારે તે ઉભો થયો-તેને ચુમ્બન કીધું અને પોતાના હાથે તેનો ચેહરો પસવાર્યો.

તેને રસ્તાની તકલીફ માટે, પાદશાહ અને તેનાં લશકર સાથની લડાઇ માટે ઘણીક પૂછપરછ કીધી.

તેમજ ઇઝદ ગોશસ્પ, યલાન સીનેહ અને બીજા કીના વગરના પેહલવાનોની પણ ખબર આફીયત પૂછી.

જ્યારે બેહરામ સોનેરી તખ્ત ઉપર બેઠો-ત્યારે ખાકાનનો હાથ પોતાના હાથમાં પકડયો.

તેને કહ્યું કે "ઓ તુર્કેસ્તાન અને ચીનના માન પામેલા સરદાર!

તું જાણે છે કે બૂરા વિચારના ખુસરથી-દુન્યામાં કોઇ નચિન્ત નથી.

જો કોઇ મેહનત કરવાથી નચિન્ત થાય છે તો તે તેને દુઃખ દીયે છે-જો કોઇ સુખમાં ઝિંદગી ગુઝારે છે તો તે તેની રંજનો વધારો કરે છે.

હવે જો તું મને અહીં કબૂલ રાખતો હોય તો તું મારાં દરેક ભલાં અને બૂરાંમાં મારો મદદગાર બન.

આ અમૂલ્ય મુલકમાં તુંજ મારો મદદગાર છે અને સઘળાં સારાં માઠાંમાં તુંજ મારો ગમ વીસરાવનારો છે.

અને જો મને મદદ કરવામાં તને કશી અડચણ હોય તો હું ચાલી જાઉં-અને બીજી જગ્યાએથી મારા દાણા પાણી શોધી લઉં.

હવે જો આ મારી કહેલી વાતમાં તું એક મળતો નહીં થશે-તો હું અહીંથી હિંદુસ્તાન તરફ નીકળી જઇશ."

ખાકાને તેને જવાબ દીધો કે "ઓ સરફરાઝ શખ્સ!-તને એવા દહાડા માટેની હાજત કદીબી ના હોતી.

હું તને પોતાના સગાની માફક રાખીશ-સગા તો શું બલ્કે પોતાના ફર્ઝંદ કરતાં પણ વધુ ચઢિયાતો રાખીશ.

તમામ મુલકના શું નાના કે મોટા લોકો આ કામમાં મારી સાથ મદદગાર છે.

તને મારા સરદારો ઉપર સરફરાઝી આપીશ-તેમજ બીજા સરદારોથી ચઢિયાતો રાખીશ."

બેહરામે એ વાત ઉપર સઉગંદ માગ્યા-તેણે ઝબાન તો આપી હતી પણ તેના જીવ ઉપર બન્ધન નાખવા ચાહ્યું.

ખાકાને તેને કહ્યું કે "બુલંદ ખોદાતાલા કે મારો તેમજ તારો રેહનુમા છે, તેના કસમ લઈ કહું છું,

કે તા એન્દહુ અમ વીઝાહુ યારે તો અમ
બહરૂ નીકો બઙ્ઘ ધમગોસારે તો અમ
વઝાન પસ હુ અયવાન બેયારાસ્તન્દ
ઝે હરૂગૂનએ જામહા ખાસ્તન્દ
પરસ્તાન્દહો પૂરો શો ખુર્દની
ઝે ચીઝી કે બાયેસ્ત ગુસ્તર્દની
ઝે ઝરૂરીનો સીમીન કે આયદ બકારૂ
ઝે દીનારૂ વઝ ગઉહરે શાહુવારૂ
ફેરેસ્તાદ ખાકાન બનઝદીકે ઊય
દુરોખશન્દહુ શુદ જાને તારીકે ઊય
બચઉગાનો મજલેસ બદશ્તે શેકારૂ
બેરફતી મગરૂ કુ બુદ્દી ધમગોસારૂ
બદીનગૂનહુ બરૂ બૂદ ખાકાને ચીન
હમી ખાન્દ બહુરામરા આફરીન
યકી નામદારી કે બુદ યારે ઊય
બરઝમ અન્દરૂન દસ્તબરૂદારે ઊય
અઝ મેહુ બગઉહરૂ મકાતૂરહુ નામ
કે ખાકાન અઝ યાફ્તી નામો કામ
બશબગીરૂ નઝદીકે ખાકાન શદી
દો લબ્રા બઅન્ગોશ્તે બુદ બરૂ ઝદી
બરાન સાન કે કેહુતરૂ કુનદ આફરીન
બરાન નામબરૂદારે સાલારે ચીન
હમાનગહુ ઝે દીનારૂ બેર્દી હઝારૂ
ઝે ગન્જે જહાનદીદએ નામદારૂ
હમી દીદ બહુરામ યકચન્દ ગાહુ
બખાકાન હમી કરૂદ ખીરહુ નેગાહુ
બેખન્દીદ યકૂ રૂઝો ગોફ્ત અય બલન્દ
તોઈ બરૂ મેહાને જહાન અરૂજમન્દ
બહરૂ બામદાદી બહન્ગામે બારૂ
ચુનીન તુરૂક દીનારૂ યાબદ હઝારૂ
બબખશેશ અગરૂ બેશ કાની બુવદ
હમહુ બહરે ઊ રાયગાની બુવદ
બદૂ ગોફ્ત ખાકાન કે આઇને મા
ચુનીનસ્ત અફ્રૂઝેશે દીને મા
કે અઝ મા હરાનકસ કે જન્ગી તરસ્ત
બહન્ગામે સખ્તી દેરન્ગી તરસ્ત
ચુ ખાહદ ફેઝૂની નદારીમ બાઝ
હમી આઝ વર્ઝદ બરાહે નેયાઝ
ફેઝૂની મફરાસ્ત બરૂ મા કુનૂન
બદીનારૂ ખાનીમ બરૂ વય ફુસૂન
ચુ ઝૂ બાઝ ગીરમ બેજૂશદ સેપાહુ
ઝે લશકરૂ શવદ રૂઝે રઉશન સેયાહુ
જહાનજૂય ગોફ્ત અય સરે અન્જુમન
તો કરૂદી વરા ચીરહુ બરૂ ખીશતન
ચુ બાશદ જહાનદારૂ બીદારો ગોરૂદ
એનાનરા બકેહુતરૂ નબાયદ સેપોરૂદ
અગરૂ ઝૂ રહાનમ તોરા શાયદત
વગરૂ વીઝાહુ આઝર્મે ઊ બાયદત
બદૂ ગોફ્ત ખાકાન કે ફર્માન તોરાસ્ત
બદીન આરૂઝૂ રાયો પયમાન તોરાસ્ત

કે હું જ્યાં સુધી જીવતો રહીશ ત્યાં સુધી તારો વફાદાર યાર થઇ રહીશ-દરેક ભલાં અને બુરાંમાં તારો ગમ ભૂલાવનાર બનીશ."

ત્યાર પછી બે મેહલો સણગારવામાં આવ્યા-અને જાતજાતનાં કપડાં મંગાવ્યાં.

ગોલામો, પોશાકો અને ખાવાની ચીઝો-પાંથરવાની જોઇતી ચીઝો,

કામમાં આવે તેવી સોના અને રૂપાંની ચીઝોમાંથી-તેમજ રેશમી કપડાં અને પાદશાહોને લાયકનાં ગોહરોમાંથી,

કેટલુંક ખાકાને તેની નઝદીક મોકલ્યું-જેથી તેનો સીઆહ જીવ પાછો રોશન થયો.

શું ચઉગાનની રમતમાં અને ખુશીની મજલેસમાં કે શું શેકાર કરવાનાં જંગલમાં-તેનીજ સાથે તે જવા લાગ્યો, કે કદાચને તે તેનો ગમ ભૂલાવનારો બને.

ખાકાને ચીન એજ પ્રમાણે કર્યો જતો હતો-અને બેહરામની તારીફ કરતો હતો.

હવે એક નામદાર કે જે ખાકાનનો મિત્ર હતો-અને લડાઇમાં તેનો બહાદુરી કરનારો પેહલવાન હતો.

ખાન્દાનમાં તે ખાકાનથી પણ ચઢિયાતો મકાતુરેહ નામનો હતો-કે જેનાથી ખાકાન નામદારી અને કીર્ત્તિ મેળવતો હતો.

તે દર સવારે ખાકાન પાસે આવતો-અને બન્ને હોઠ ઉપર પોતાનાં ૨૭
આંગળા મૂકતો (યાને અદબથી બોલતો).

અને જેમ એક નોકર દુઆ કરે તેમ તે નામદાર ચીનના સરદાર ઉપર દુઆ કરતો.

તેજ વખત નામદાર જેહાનના અનુભવી પાદશાહના ખઝાનામાંથી હઝાર દીનાર લઇ જતો હતો.

બેહરામે એ બનાવ થોડોક વખત જોયા કીધો-અને ખાકાન ઉપર અજાયબીની નઝર કર્યાં કીધી.

પછી એક દહાડે તે હસીને બોલ્યો કે "ઓ બુલંદ પાદશાહ!-તું દેશના સઘળા સરદારો ઉપર ગાલેબ છે.

છતાં દરેક બામદાદે દરબારને વખતે-આ એક તુર્કી હઝાર દીનાર મેળવે છે.

એવી સખાવત માટે અગરજો એક મોટી સોનાની ખાન હોય-તો તે પણ આપતાં ફોકટની પુરી થઇ જાય."

ખાકાને તેને કહ્યું કે "અમારી રાહ રસ્મ અને અમારી દીનનો ઝળકાટ એવીજ રીતનો છે,

કે અમારામાંથી જે કોઇ કે વધારે બહાદુર હોય છે-અને મુશ્કેલીના વખતમાં વધુ ટકી શકે છે,

અને જ્યારે તે વધારે માગે ત્યારે અમો ના પાડતા નથી-અને તે માગવામાં તે લોભ કરતો જાય છે.

હમણા એ અમો ઉપર સરસાઈ ભોગવે છે-અને પૈસાથીજ અમોએ ૨૮
એને વશ કરી રાખ્યો છે.

જો હું તેને એ આપવાનું બંધ કરૂં તો સઘળું લશ્કર ઉશ્કેરાઇ જાય-અને તે લશ્કરથી અમારો રોશન રોઝ સીઆહ થાય."

દેશ જીતનારો બેહરામ બોલ્યો કે "ઓ અંજુમનના સરદાર!-તેંજ તેને પોતાની ઉપર ગાલેબ કીધો છે.

જો પાદશાહ ચાલાક અને બહાદુર હોય-તો નોકરને એટલી બધી છૂટ આપવી નહીં જોઇયે.

મારે હવે તને તેનાં દુઃખમાંથી છોડવવો જોઇયે-નહીં તો તને તેની શર્મ લાગતી હોવી જોઇયે."

ખાકાન બોલ્યો કે "જેમ તારી મરજી-એ વાતમાં તારોજ વિચાર અને વચન દુરોસ્ત છે.

મશા ગરૂ તવાની રહાની અઝુય
સરૂ આવર્દેહુ બાશી હમહુ ગોફ્તગૂય
બદૂ ગોફ્ત બહુરામ ફર્દા પગાહુ
ચુ આયદ મકાતૂરહુ દીનારૂ ખાહુ
મખન્હો બરૂ ઈચ સુફ્રશાય ચશ્મ
મદેહુ પાસોખશ ગરૂ દેહી જોઝ બખશ્મ
ગુઝશ્ત આન્ શબો બામદાદે પગાહુ
બેયામદ મકાતૂરહુ નઝદીકે શાહુ
૨૯ જહાન્દારૂ ખાકાન્ બરૂ નન્ગરીદ
ન ગોફ્તારે આન્ તુર્કે જન્ગી શનીદ
જે ખાકાન્ મકાતૂરહુ આમદ બખશ્મ
ચકાયક બરૂ આશોફ્તો બુફ્રશાદ ચશ્મ
બખાકાન્ ચુનીન્ ગોફ્ત કય નામદારૂ
ચેરા ગશ્તમ એમરૂઝ પીશે તો ખારૂ
હમાના કે ઈન્ મેહુતરે પારૂસી
કે આમદ બદીન્ મરૂઝ બા યારૂ સી
બેફ્રશદ હમી તા બેપીચી જે દાદ
સેપાહે તોરા દાદ ખાહદ બબાદ
બદૂ ગોફ્ત બહુરામ કય જન્ગજૂય
ચેરા તીઝ ગશ્તી બદીન્ ગોફ્તગૂય
ચુ ખાકાન્ બરદ રાહો ફર્માને મન્
બેરદરા ન પીચદ જે પયમાને મન્
નમાનમ કે આઈ તો હરૂ બામદાદ
તન્આસાન્ દેહી ગન્જે ઊરા બબાદ
બરૂઆનમ કે હસ્તી તો સીસદ સવારૂ
બરઝમ અન્દરૂન્ શીરૂ જૂઈ શેકારૂ
નેયર્ઝદ કે હરૂ બામદાદે પગાહુ
બખરૂવારૂ દીનારૂ ખાહી જે શાહુ
૩૦ મકાતૂરહુ બેશનીદ ગોફ્તારે ઊય
સરશ ગશ્ત પુરૂ કીન્ જે બાઝારે ઊય
બખેશ્મો બતુન્દી બેયાઝીદ ચન્ગ
જે તરૂકશ બરૂઆવરૂદ તીરી ખદન્ગ
બબહુરામ ગોફ્ત ઇન નેશાને મનસ્ત
બરઝમ અન્દરૂન્ તર્જમાને મનસ્ત
ચુ ફર્દા બેયાઈ બદીન બારૂગાહુ
હમી દારૂ પયકાને મારા નેગાહુ
ચુ બેશનીદ બહુરામ શુદ તીઝ ચન્ગ
ચકી તીરે પૂલાદ પયકાન્ ખદન્ગ
બદૂ દાદો ગોફ્તા જે મન્ યાદગારૂ
બેદારો બેબીન્ તા કે આયદ બકારૂ
મકાતૂરહુ અઝ પીશે ખાકાન્ બેરફ્ત
બેયામદ સુએ ખરૂગહે ખીશ તફ્ત

જો તું મને તેનાથી છોડવે-તો આ સઘળી ભાંજગડનું તું શેવટ લાવશે."

બેહરામે તેને કહ્યું કે "કાલે બામદાદે-જ્યારે મકાતુરહે દીનાર માગવા આવે,

ત્યારે તું હસતો ના અને તેની ઉપર જરાબી નઝર ના કરતો-તેને જવાબ આપતો ના અગર આપે તો ગુસ્સાથીજ બોલજે."

તે રાત પસાર થઈ અને સવારના પોહોરમાં-મકાતુરેહ પાદશાહની આગળ આવ્યો.

પાદશાહ ખાકાને તેની ઉપર નઝર નહીં કીધી-અને તે લડાયક તુર્કીની વાત પણ સાંભળી નહીં.

મકાતુરેહ ખાકાન ઉપર ગુસ્સે થયો-તે એકદમ છેડાઈ પડયો અને ડોળા ઘુરકી,

ખાકાનને કહ્યું કે "ઓ નામદાર!-હું આજે તારી નઝરમાં તુચ્છ કેમ થઇ પડયો?

ખચીત કે આ પારસી સરદાર-કે જે પોતાના ત્રીસ મદદગાર સાથે આ મુલકમાં આવ્યો છે,

તે કોશેશ કરે છે કે તું આ ઈન્સાફના માર્ગથી પાછો ફરે-પણ એ તારાં લશ્કરની ધૂળધાણી કરવા માંગે છે."

બેહરામે તેને કહ્યું કે "ઓ લડાયક શખ્સ!-તું વાત કરતાં ગુસ્સે કેમ બની ગયો?

જો ખાકાન મારો દેખાડેલો માર્ગ અને મારૂં કહેલું કબૂલ કરે-અને મારા કહેવાથી પોતાનાં ડહાપણને ફેરવે નહીં,

તો હું તને દર સવારે અત્રે આસાનીથી આવી તેના ખઝાનાની ધૂળધાણી કરે છે, તે કરવા દઉં નહીં.

હું કબૂલ કરૂં છું કે તું ત્રણસો સવાર જેવો છે-અને લડાઇ વખતે સિંહ જેવોજ શિકાર શોધે છે,

તો એ તને સઝાવાર નથી કે દર સવારે ગધેડાંના ભાર જેટલા દીનાર પાદશાહ પાસેથી તું લઈ જાય."

મકાતુરેહ તેની વાત સાંભળી-અને બેહરામના તાનાથી તેનું સર કીના ભરેલું થયું.

તેણે ગુસ્સા અને મિજાઝમાંજ હાથ લમ્બાવી-ભાથરામાંથી એક ખદંગી તીર બાહેર કાઢયો.

અને બેહરામને કહ્યું કે "એજ મારી નિશાની છે-અને લડાઇને વખતે એજ મારો દુભાષિયો છે.

જ્યારે કાલે તું આ દરબારમાં આવે-ત્યારે આ મારા તીરનાં પયકાનથી ખબરદાર રહેજે"

જ્યારે બેહરામે એવું સાંભળ્યું ત્યારે તે પણ તેઝ ચુંગાલનો બન્યો-અને પોલાદી પયકાનનો એક ખંદગી તીર,

તેને આપી કહ્યું કે "આ મારી યાદગારી-તું રાખજે અને જોજે કે તને તે કઇ વખતે કામ લાગે છે?"

મકાતુરહે ખાકાન આગળથી ચાલી ગયો-અને શેતાબ પોતાની છાવણી તરફ આવ્યો.

કોશતહ્ શુદને મકાતૂરહ્ બદસ્તે બહ્‌રામ્ ચૂબીનહ્.

——:○:——

ચુ શબ્ દામને તીરહ્ અન્દર્ કશીદ
સપીદહ્ ઝે કૂહે સેયહ્ બરૂદમીદ
મકાતૂરહ્ પૂશીદ ખફ્તાને જન્ગ્
બેયામદ યકી તીઘે તૂરી બચન્ગ્
ચુ બેશ્નીદ બહ્‌રામ બાલાય ખાસ્ત
હમાન્ જઉશને ખુસ્રવ આરાય ખાસ્ત
ગુઝીદન્દ જાઈ કે હરગેઝ પલન્ગ્
બદાન્ દશ્તો હામૂન્ નરફ્તી બજન્ગ્
ચુ ખાકાન્ શનીદ ઈન્ સખુન્ બરનેશસ્ત
બેરફ્તન્દ તુર્કાને ખાકાન્ પરસ્ત
બરાન્ તા અઝીન્ હરદુ શીરે ઝેયાન્
કેરા પીશતર્ ખાહદ આમદ્ ઝમાન્
મકાતૂરહ્ ચૂન શુદ બદશ્તે નબર્દ
ઝે હામૂન્ બઅબ્ર્ અન્દર્ આવર્દ ગર્દ
બબહ્‌રામે ગર્દનકશ આવાઝ દાદ
કે અફ્નૂન્ ઝે મર્દી ચે દારી બયાદ
તો ખાહી મરીન્ જન્ગ્રા પીશદસ્ત
વગર્ શીર્ દેલ તુર્કે ખાકાન્ પરસ્ત
બદ્ ગોફ્ત બહ્‌રામ પીશી તો કુન્
કે ઈન્ કીન્ તો અફ્ગન્દી અન્દર્ સખુન્
મકાતૂરહ્ કર્દ અઝ્ જહાનદાર્ યાદ
દો ઝાઘે કમાન્‌રા બઝેહ્ બર્ નેહાદ
ઝેહો તીર્ બેગ્રીફ્ત શાદાન્ બદસ્ત
ચુ શુદ ઘર્ક પયકાન્‌શ બુક્શાદ શસ્ત
બેઝદ બર્ કમર્‌ગાહે મર્દ સવાર્
નસોફ્ત આહન્ અઝ્ આહને આબ્દાર્
ઝમાની હમી બૂદ બહ્‌રામ દીર્
કે તા શુદ મકાતૂરહ્ અઝ્ જન્ગ્ સીર્
મકાતૂરહ્ પેન્દાશ્ત ક્રૂ શુદ તબાહ્
બેઝૂશીદો બર્‌ગશ્ત અઝાન્ રઝ્મગાહ્
બદ્ ગોફ્ત બહ્‌રામ કય રઝ્મ જૂય
નકોશ્તી મરા સૂએ ખર્ગહ્ મપૂય
તો ગોફ્તી સખુન્ બાશો પાસોખ શનવ
અગર્ બેશનવી ઝેન્દહ્ માની બેરવ
નેગહ્ કર્દ જઉશન્ ગુઝારી ખદન્ગ્
કે આહન્ શુદી પીશે ઊ મૂમો સન્ગ્
બેઝદ બર્ મેયાને સવારે દલીર્
સેપહ્‌બદ શુદ અઝ્ રઝ્મો દીનાર્ સીર્
બરૂય અન્દર્ આમદ દો દીદહ્ પુર્ આબ્
હમાન્ ઝીને તૂઝી શુદહ્ જાએ ખાબ્
મકાતૂરહ્ ચૂન બેન્ગ્‌રા બર્ નેશસ્ત
દુઓસ્તીન્ દો પાયશ બઝીન્ બર્ બેબસ્ત
ચુ શુદ ખસ્તહ્ અઝ્ તીર્ બર્ ઝીન્ બેમાન્દ
ઝનન્દહ્ હમાન્ અસ્પે જન્ગી બેરાન્દ

મકાતૂરેહનું બેહરામ ચોબીનેના હાથ ઉપર માર્યું જવું.

——:○:——

જ્યારે રાતે પોતાની કાળી દામન ખેંચી લીધી-અને સીઆહ પહાડમાંથી ઉજાસ બાહેર નીકળ્યો,

ત્યારે મકાતૂરહે લડાઈનું બખ્તર પેહેર્યું-અને હાથમાં એક તુરાની તલવાર પકડીને આવ્યો.

જ્યારે બેહરામે એ સાંભળ્યું ત્યારે પોતાનો ઘોડો તેમજ પાદશાહી સણગારનું બખ્તર મંગાવ્યું.

તેઓએ એક એવી જગ્યા પસંદ કીધી કે તેવાં મયદાંન અને જંગ- ૩૧
લમાં ચિત્તો વાઘ પણ લડવા માટે જાય નહીં.

જ્યારે ખાકાને એ વાત સાંભળી ત્યારે તે પણ સવાર થયો-અને તેની સાથે તેના વફાદાર તુર્કી સવારો પણ ગયા,

એટલા માટેજ કે આ બેઉ વિકરાળ સિંહોમાંથી કોણનું મોત પહેલાં આવશે?

જ્યારે મકાતૂરેહ લડાઈનાં મયદાનમાં આવ્યો-ત્યારે તે જંગલમાંથી તેણે વાદળ સુધી ગર્દ ઉઠાવી.

તેણે બહાદુર બેહરામ ઉપર પોકાર મારી કહ્યું-કે "ચાલ હવે તું શું મર્દાનગી ધરાવે છે?

આ લડાઇમાં તું પહેલ કરવા માગે છે?-અથવા ખાકાનના વફાદાર સિંહની હિમ્મતના તુર્કીને પહેલ કરવા કહે છે?"

બેહરામે તેને કહ્યું કે "પહેલ તો તુંજ કર-કારણકે લડાઈની વાત તેંજ કાઢી છે."

આથી મકાતૂરહે ખોદાતાલાને યાદ કરી-કમાનના બન્ને છેડા ચિલ્લા ઉપર ધરી,

ચિલ્લો અને તીર ખુશહાલ હાથમાં પકડયાં-અને તીરનું પયકાન છેક દેખાતું બંદ પડયું ત્યાં સુધી ખેંચીને પછી અંગુઠા ઉપરથી તે છટકાવ્યો.

અને લડાયક સવારની કમર ઉપર માર્યો-પણ બેહરામનાં આબદાર લોઢાંનાં બખ્તરમાંથી તેનો લોઢાંનો તીર આરપાર જઈ શકયો નહીં.

બેહરામ થોડોક વખત ત્યાં થોભી ગયો-કે જેથી મકાતૂરહ લડાઇથી ૩૨
ધરાયલો બને.

અને મકાતૂરહે પણ એમજ ધાર્યું કે "તે માર્યો ગયો"-તેથી તેણે પોકાર માર્યો અને લડાઇગાહમાંથી પાછો ફર્યો.

બેહરામે તેને કહ્યું કે "ઓ લડાઈ કરનારા શખ્સ!-તેં કાંઈ મને મારી નાખ્યો નથી તુ તારી છાવણી તરફ પાછો ના ફર.

આ બાબતની પહેલ તો તેંજ કાઢી છે, તો જરા ઉભો રહે. તેનો જવાબ સાંભળી લે-એ જવાબ સાંભળીને જો તું જીવતો રહે, તો અહીંથી પાછો ફરજે."

તેણે બખ્તર વિંધનારો એક ખંદગી તીર જોઈ કાઢયો-કે જેની આગળ લોખંડ અને પત્થર મીન જેવો નર્મ થઈ જતો હતો,

તે તીર પેલા બહાદુર સવારની કમર ઉપર માર્યો-જેથી તે સરદાર મકાતૂરેહ લડાઈથી તેમજ પેલા દીનાર લઈ જવાથી ધરાઇ ગયો.

આંસુ ભરેલી આંખોએ તે ઊંધો પડયો-તેમજ તેનું તુઝી શેહરનું ઝીન તેની સૂવાની જગ્યા બન્યું.

હવે મકાતૂરહ જ્યારે ઘોડા ઉપર સવાર થયો હતો-ત્યારે પોતાના બન્ને પગ ઝીન સાથે બાંધી લીધા હતા.

તેથી જ્યારે તે તીરથી ઝખ્મી થયો અને તે ઝીન ઉપરજ રહી ગયો-ત્યારે તીર મારનાર બેહરામે પેલા જંગી ઘોડાને હંકારી મેલ્યો.

બખાકાને ચીન્ ગોફ્તં કય કામજૂય
હમી ગૂર્ કન્ ખાહદ આન્ નામજૂય
૪૩ બદુ ગોફ્ત ખાકાન્ કે બેહુતર્ બેબીન્
કે ઊ ગેન્દહુ ખોફતસ્ત બર્ પોશ્તે ઝીન્
બદુ ગોફ્ત બહ્રામ કય પુર્ મનશ
હમ અકૂનૂન્ બખાક્ અન્દર્ આયદ તનશ
તને દુશ્મને તૂ ચુનાન્ ખોફ્તહ્ બાદ
કે ઊ ખોફ્તહ્ બર્ અસ્પે તૂરી નેજાદ
સવારી ફેરેસ્તાદ ખાકાન્ દેલીર્
બનઝ્દીકે આન્ નામબર્દાર્ શીર્
વરા બસ્તહો કોશ્તહ્ દીદન્દ ખાર્
બર્ આસૂદહ્ અઝ્ ગર્દેશી રૂઝગાર્
બેખન્દીદ ખાકાન્ બદેલ્ દર્ નેહાન્
શેગેફ્ત આમદશ ઝાન્ સવારે જેહાન્
પુર્ અન્દીશહ્ શુદ તા બઐયવાન્ રસીદ
કોલાહશ ઝે શાદી બકયવાન્ રસીદ
સેલીહો દેરમ ખાસ્તો અસ્પો રહી
હમાન્ ઝીવરો તાજે શાહનશહી
ઝે દીનાર્ વઝ્ ગઉહરે શાહ્વાર્
ઝે હર્ ગૂનએ આલતે કાર્ઝાર્
ફેરેસ્તાદહ્ અઝ્ પીશે ખાકાન્ બેબારહ
બગન્જૂરે બહ્રામે જન્ગી સેપોર્દ

અને ખાકાનને કહ્યું કે "ઓ મુરાદમંદ પાદશાહ!-પેલો નામ શોધનાર મકાવૂરહ ટોઈ ઘોર ખોદનારો શોધે છે."

ખાકાને તેને કહ્યું કે "તું સારી રીતે તપાસ કર-કારણકે તે જીવતોજ ઝીન ઉપર સૂઈ ગયલો લાગે છે."

બેહરામે તેને કહ્યું કે "ઓ મોટાં મનના પાદશાહ!-હમણાં તેનું શરીર ખાકમાં પડશે.

જેવી રીતે કે તે તુર્કી બુન્યાદના ઘોડા ઉપર સૂતેલો છે-તેવીજ રીતે તારા દુશ્મનનું તન સૂતેલું હોજો!"

આથી ખાકાને એક દિલાવર સવાર તે નામ કઢાવનાર સિંહની નઝદીક મોકલ્યો.

તેઓએ મકાવૂરહને બંધાયલો અને ખુવારીથી મરણ પામેલો જોયો-તે ઝમાનાની ગર્દેશથી છૂટી ચૂકયો હતો

ખાકાન પોતાનાં મનમાંને મનમાં હસવા લાગ્યો-તેને તે પોતાના દેશના બહાદુર શખ્સ માટે ઘણી અજાયબી લાગી.

તે અંદેશા ભરેલો પોતાના મેહલમાં ગયો-તેની કોલાહ ખુશહાલીથી શનિશ્ચર સેતારા સૂધી પહોંચી હતી.

પછી તેણે હથિયાર, દિરમ, ઘોડા અને ગોલામો મંગાવ્યા-તેમજ ઘરેણાં, શેહેનશાહી તાજ,

દીનાર અને પાદશાહોને લાયકનાં ગોહરો-દરેક જાતનાં લડાઇનાં હથિયારો મંગાવ્યાં.

તે સઘળું ખાકાન આગળથી એક એલચી લઈ ગયો-અને લડાયક બેહરામના ખઝાન્ચીને સોંપી આપ્યું.

કોશતને શીરૂકપ્પી દુખ્તરે ખાકાન્રા વ કોશતહ્ શુદને ઊ બદસ્તે બહ્રામ્ ચૂબીનહ્ વ દાદને ખાકાન્ દુખ્તરે ખુદ્ બા મુલ્કે ચીન્ બઊ.

શીરકપ્પી નામનાં જાનવરે ખાકાનની બેટીને મારી નાખવી અને તેનું બેહરામ ચોબીનેહના હાથ ઉપર માર્યું જવું અને ખાકાને તેને ચીનના મુલક સાથ પોતાની બેટી આપવી.

૩૪ ચુ ચન્દી બર્ આમદ બરીન્ રૂઝગાર્
શબો રૂઝ્ આસાયેશ આમૂઝગાર્
ચુનીન્ બુદ કે દર્ કૂહે ચીન્ આન્ ઝમાન્
દદી દામ બૂદી ફેઝૂન અઝ્ ગમાન્
દદો બૂદ મેહુતર્ ઝે અસ્પી બતન્
બસર્ બર્ દો ગીસૂ સેયહ્ ચૂન્ રસન્
તનશ ઝર્દો ગૂશો દહાનશ સેયાહ્
નદીદી કસ ઊરા મગર્ ગરૂમ ગાહ્
દો ચન્ગશ બકેર્દારે ચન્ગે હેઝબ્ર્
ખોરૂશશ હમી બર્ ગુઝશ્તી ઝે અબ્ર્
હમી સન્ગ્રા બર્ કશીદી બદમ
શુદહ્ રૂઝ્ અઝૂ બર્ બુઝોર્ગાન્ દેઝમ
વરા શીરૂકપ્પી હમી ખાન્દન્દ
ઝે રન્જશ હમહ્ બૂમ દર્ માન્દન્દ
યકી દુખ્તરી દાશ્ત ખાકાન્ ચુ માહ્
અગર્ માહ્ દારદ દો ઝોલ્ફે સેયાહ્

જ્યારે આ વાત ઉપર કેટલોક વખત ગુઝરી ગયો-અને રાત દિવસ નિરાંત ગુઝરવા લાગ્યા.

ત્યારે એવું બન્યું હતું કે તે વખતે ચીનના પહાડ ઉપર-ફાડી ખાનારાં અને બીજાં જાનવરો હદથી ઝેયાદા થઈ ગયાં હતાં.

તે જાનવરોમાં એક જાનવર હતું જે શરીરે ઘોડા કરતાં મોટું હતું-અને તેનાં સર ઉપર દોરડાંની માફક બે કાળાં ઝુલ્ફાં હતાં.

તેનું શરીર પીળું અને તેના કાન અને મોઢું કાળાં રંગનું હતું-ઉનાળાની મોસમ સિવાય કોઇ તેને બીજે વખતે જોઇ શકતું હતું નહીં.

તેની બન્ને ચુંગાલો ચિત્તાની ચુંગાલ મિસાલની હતી-તેનો પોકાર વાદળથી પણ ઊંચો જતો હતો.

તે પત્થરને પણ પોતાના દમમાં ખેંચી લેતો હતો-તેનાંથી મોટાઓ દુઃખી હતાં.

તે જાનવરને "શીરકપ્પી" કરી કહેતા હતા-તે પીડાથી તમામ મુલક આજેઝ થયો હતો

ખાકાનની એક માહતાબ મિસાલની બેટી હતી-અગરજો માહતાબને પણ બે કાળાં ઝુલ્ફાં હતે તો તે તેણીની બરાબર થઈ શકતે.

બદુઆલે ચશ્મશ યકી ખાલ બૂદ
કે ચશ્મે ખુદશ હમ બદુઆલ બૂદ

દો લબ્ લઅલો બીની ચુ સીમીન્ કલમ
દો બીજાદહ્ ખન્દાનો નર્ગેસ દેજમ
બદાન્ દુખ્ત ગેર્યાન્ બુદી મામો બાબ્
અગર્ તાફૂતી બર્ સરશ આફૂતાબ્
ચુનાન્ બુદ કે રૂઝી બેયામદ બદશ્ત
હમી ગેર્દે આન્ મર્ઘઝારાન બેગશ્ત
જહાનદાર્ ખાકાન ઝે બહરે શેકાર્
બદશ્તે દેગર્ બૂદ અઝાન મર્ઘઝાર્
હમાન નીઝ ખાતૂન્ બકાખ અન્દરૂન્
હમી રાય ઝદ બા યકી રહ્નમૂન્
બેશુદ દુખ્તરશ તા બદાન્ મર્ઘઝાર્
અબા દુખ્તરાનો મયો મયગુસાર્
ચુ આન્ શીરૂકપ્પી ઝે દૂરશ બેદીદ
ફેરૂદ આમદ ઊશ બદમ દર્ કશીદ
બયકદમ બેશુદ અઝ્ જહાન્ નાગહાન્
સર્ આમદ બદાન્ ખૂબ્રોખ બર્ જહાન્
ચુ ખાકાન્ શનીદ ઈન્ સેયહ્ કરૂદ રૂય
હમાન્ માદરશ નાઝ બર્ કન્દ મૂય
ઝે દર્દેશ હમહ્ સાલહ્ ગેર્યાન્ બુદન્દ
ચુ બર્ આતેશે તીઝ બેર્યાન્ બુદન્દ
હમી ચારહ્ જુસ્તન્દ અઝાન્ અઝ્દહા
કે તા ચીન્ કય આયદ ઝે સખ્તી રહા
ચુ બહ્રામ જન્ગે મકાતૂરહ્ કરૂદ
વઝાન્ મર્દે જન્ગી બર્આવરૂદ ગરૂદ
હમી રફ્ત ખાતૂન્ બદીદારે ઊય
બહર્ કસ હમી ગોફ્ત કેર્દારે ઊય
ચુનાન્ બુદ કે યક્ રૂઝ દીદશ સવાર્
અઝ્ ઈરાનેયાન્ નીઝ્ સદ નામદાર્
પેયાદહ્ ફેરાવાન્ બપીશ અન્દરૂન્
હમી રાન્દ બહ્રામ બા રહ્નમૂન્
બેપુર્સીદ ખાતૂન્ કે ઈન મર્દ કીસ્ત
કે બા ઓર્ઝો બા ફર્રએ ઈઝદીસ્ત
બદૂ ગોફ્ત કેહતર્ કે દૂરી ઝે કામ
કે બહ્રામે યલરા નદાની બનામ
બઈરાન્ બયક્ ચન્દ ગહ્ શાહ્ બૂદ
સરે તાજે ઊ બર્તર્ અઝ્ માહ્ બૂદ
બુઝોર્ગાનશ ખાન્દન્દ બહ્રામ ગોરૂદ
કે અઝ્ ખુસ્રવાન્ નામે મર્દી બેબોરૂદ
કુનૂન્ તા બેયામદ ઝે ઈરાન્ બચીન્
બેલર્ઝદ હમી ઝીરે અસ્પશ ઝમીન્
ખોદાવન્દ ખાનદ હમી મેહતરશ
હમી તાજે શાહી નેહદ બર્ સરશ

તેણીની આંખની પાછળ (એટલે ચાવણિયાંની આગળ) એક સુંદર તલ હતો-એવો તો સુંદર હતો કે બીજાઓ તો શું પણ તેણીની પોતાની આંખો પણ તે ઉપર મોહિત થઈ ગઈ હતી.*

તેણીના બન્ને હોઠ યાકૂત જેવા અને નાક રૂપેરી કલમની માફક હતું-તે બન્ને પરવાળાં જેવા હોઠો હસતા હતા અને બન્ને આંખો સીઆહ હતી.

તે બેટીને જો જરા તડકો લાગતો તો તેણીનાં માબાપ રડવા ૩૫
પડતાં હતાં.

એમ બન્યું કે એક દહાડે તેણી પેલાંજ જંગલમાં આવી-અને તે લીલોતરી ભર્યાં ખેતરોની આસપાસ ફરવા લાગી.

પાદશાહ ખાકાન તે જંગલ છોડી બીજાં જંગલમાં શેકાર કરતો હતો.

તેમજ ખાકાનની રાણી પણ મેહલમાં કોઈ સલાહકાર સાથે વાત ચિત્તમાં પડી હતી

એવી વખતે તેણીની બેટી પેલાં જંગલમાં બીજી છોકરીઓ તેમજ શરાબ અને શરાબ પાનારીઓ સાથ ગઇ.

જ્યારે પેલાં શીરકપ્પી જાનવરે તેણીને દૂરથી જોઈ-ત્યારે તેણે પહાડ ઉપરથી નીચે આવી તેણીને પોતાના દમમાં ખેંચી લીધી.

તેણી તુરત દુન્યામાંથી એકદમ જતી રહી-અને તે નાઝનીન ઉપર જેહાન આખેર થઈ.

જ્યારે ખાકાને એ સાંભળ્યું ત્યારે તેણે રડીરડી પોતાનો ચેહરો કાળો બનાવ્યો-તેમજ તેની મા પણ પોતાના બાલ પીખવા લાગી.

તેણીનાં દર્દથી તેઓ હમેશે રડતાં રહેતાં હતાં-અને જેમ તેઝ આતશ ઉપર ભુંજાય તેમ ભુંજાતાં હતાં.

તેઓ તે અઝદહાને મારી નાખવા માટેની યુક્તિ શોધતાંજ હતાં-કે તેની આફતથી ચીન કયારે છૂટે?

હવે જ્યારે બેહરામે મકાતૂરહ સાથે લડાઇ કીધી અને તે લડાયક ૩૬
શખ્સની ગર્દ કાઢી નાખી,

ત્યારે રાણી બેહરામના દીદાર જોવા જવા માગતી-અને દરેક જણ સાથ તેનાંજ કામોની વાતો કરતી હતી.

એમ કરતાં એક દહાડો તેણીએ તે સવારને જોયો-અને ઈરાનીઓમાંના સો નામદારી ભરેલા બીજા સવારોને પણ જોયા.

તેની આગળ ઘણા પેયાદા ચાલતા હતા-અને બેહરામ પોતાના સલાહકાર સાથે ચાલતો હતો.

રાણીએ પૂછ્યું કે "આ દબદબા અને ખોદાઈ ઝળકાટ સાથનો મર્દ કોણ છે?"

તેણીના નોકરે તેને કહ્યું કે "હજી તું પોતાની મુરાદે પુગી નથી-કારણકે તું પેહલવાન બેહરામનું નામ જાણતી નથી.

તે થોડોક વખત ઇરાનનો પાદશાહ પણ હતો-અને તેનાં તાજની ટોચ માહતાબ કરતાં બુલંદ હતી.

બુઝોર્ગ લોકો તેને પેહલવાન બેહરામ કરી કહે છે-કે જેણે સઘળા પાદશાહો વચ્ચેથી બહાદુરીમાં નામ કાઢ્યું છે.

હાલમાં જ્યારથી તે ઈરાનથી ચીન ખાતે આવ્યો છે ત્યારથી તેના ઘોડા હેઠળની ઝમીન પણ ધ્રુજે છે.

આપણો સાહેબ ખાકાન પણ તેને મોટા સરદાર તરીકે ગણે છે-અને તેનાં સર ઉપર પાદશાહી તાજ મૂકે છે."

---

* ફાર્સી એબારત પર્દાઝીમાં ઘણીક જાતની કળા આવે છે. એવી એવી કળાઓને ફાર્સીમાં "સનાઇએ બદાઇઅ" કહે છે. આ સઘળી કળાઓમાં "રદ્દુલ્ અજ્જુઝ્ અલી ઉલ્ સદ્ર્" નામની કળા ઘણી કઠણ કહેવાય છે, જે સઘળાઓથી વાપરી શકાતી નથી; પણ ફિર્દોસી તે આ બયતમાં વાપરે છે. આ બયતના પહેલા મેસ્રાનો પહેલો શબ્દ બીજા મેસ્રાની છેડે બીજાજ અર્થમાં પાછો વાપરવામાં આવ્યો છે.

૩૭ બદૂ ગોફ્તૂત ખાતૂન કે બા ફરૂરે ઊય
સઝદ ગર્ બેનાઝીમ દર્ પરૂરે ઊય
યકી આરૂઝૂ ખાહમ અઝ વય દુરોસ્ત
ચુ ખાકાન નગર્દાનદ ઇન કાર્ સોસ્ત
બેખાહદ મગર્ ઝબ્દહા કીને મન
ચુ ઊ બેશનવદ દર્દો નફ્રીને મન
બદૂ ગોફ્તૂત કેહુતર્ ગરીન દાસ્તાન
બેખાનદ બર્ મેહુતરે રાસ્તાન
તો અઝ શીરૂકપ્પી નેયાબી નશાન
મગર્ કોશતહો ગોરૂગ પાયશ કશાન
ચુ ખાતૂન શનીદ ઈન સખુન શાદ ગશ્ત
ઝે તીમારે આન દુખ્તર્ આઝાદ ગશ્ત
હમી તાખ્ત તા પીશે ખાકાન રસીદ
યકાયક બેગોફ્તૂત આન્ચે દીદો શનીદ
બદૂ ગોફ્તૂત ખાકાન કે આરી બુવદ
બઝાઈ કે ચૂન મન સવારી બુવદ
હમી શીરૂકપ્પી ખુરદ દુખ્તરમ
બેગૂઈમ તન્ગી શવદ ગઉહરમ
અગર્ દુખ્તરે શાહ નામી બુવદ
હમાન શાહરા જાન ગેરામી બુવદ
૩૮ નદાનદ કે આન અઝ્દહાએ દેઝમ
યકી કૂહે આહન રોબાયદ બદમ
બદૂ ગોફ્તૂત ખાતૂન કે મન કીને ખીશ
બેખાહમ ઝે બહુરે જહાનબીને ખીશ
અગર્ નન્ગ બાશદ વગર્ નામે મન
બેજૂયમ બર્ આયદ મગર્ કામે મન
બર્ આમદ બરીન નીઝ રૂઝી દરાઝ
કે આન કીન ઝે હર્ કસ હમી દાશ્ત રાઝ
ચુનાન બુદ કે ખાકાન યકી સૂર્ કરૂદ
મેહાનરા બદાન સૂર્ દસ્તૂર્ કરૂદ
ફેરેસ્તાદો બહુરામે યલરા બેખાન્દ
ચુ આમદશ બર્ તખ્તે સીમીન નેશાન્દ
ચુ ખાતૂન પસે પર્દહ આવા શનીદ
બેશુદ તીઝો બહુરામે યલરા બેદીદ
ફેરાવાનશ બેસ્તૂદો કરૂદ આફરીન
કે આબાદ બાદા બતૂ તુર્કો ચીન
યકી આરૂઝૂ ખાહમ અઝ નામદાર્
કે બાશમ બદાન આરૂઝૂ કામગાર્
બદૂ ગોફ્તૂત બહુરામ ફર્માન તોરાસ્ત
બદાન આરૂઝૂ કામો પયમાન તોરાસ્ત
૩૯ બદૂ ગોફ્તૂત ખાતૂન કઝ ઇદર્ ન દૂર્
યકી મરૂગઝારીસ્ત ઝીબાએ સૂર્
જવાનાને ચીન અન્દર્ આન મરૂઘઝાર્
યકી જશ્ન સાઝન્દ ગાહે બહાર્
અઝાન બીશહ બરૂતર્ યકી તીરૂવાર્
યકી કૂહ બીની સેયહ તર્ ઝે ઘાર્
બદાન કૂહે ખારા યકી અઝ્દહાસ્ત
કે ઇન કેશવરે ચીન અઝ્ દર્ બલાસ્ત
યકી શીરૂકપ્પીશ ખાનમ હમી
દેગર્ નીઝ નામશ નદાનમ હમી

રાણી બોલી કે "એના આવા દબદબા સાથ-અગરજો આપણે તેના આસરામાં રહી લાડ કરીયે તો તે લાયક છે.

જો ખાકાન આ કામમાં ઉલટ પકડે-તો હું તેને એક વાજબી દરખાસ્ત કરવા માગું છું.

જ્યારે તે મારૂં દુઃખ અને મારો કકલાટ સાંભળશે-ત્યારે કદાચ તે અઝદહા ઉપર મારો કીનો લેશે."

નોકરે તેને કહ્યું કે "અગર આ વાત-રાસ્ત લોકોનો સરદાર ખાકાન તેની આગળ કરે,

તો પછી શીરકપ્પીની તેના મારર્યા જવા અને તેના પગો વરને ખેંચતા જોવા સિવાયની બીજી કોઇ નિશાન તું મેળવશે નહીં."

જ્યારે રાણીએ આ વાત સાંભળી ત્યારે તેણી ખુશહાલ થઇ-અને પોતાની બેટીના ગમથી મોકળી થઇ.

પછી તેણી ખાકાનની નઝદીક ગઇ ત્યાં સૂધી દોડવા લાગી-અને તેણીએ જે કાંઈ જોયું અને સાંભળ્યું હતું તે સઘળુ તેને કહ્યું.

ખાકાને તેને કહ્યું કે "એથી તો મને શર્મિંદગી પહોંચે-જે જગ્યાએ કે મારા જેવો એક બહાદુર સવાર રહેતો હોય,

ત્યાં શીરકપ્પી મારીજ બેટીને ખાઇ જાય છે-એમ જો હું તેને કહું તો મારાં ખાન્દાનને મોટી શર્મિંદગી પહોંચે.

તો જોકે પાદશાહની (યાને મારી) છોકરી પ્રખ્યાત થયલી હતી-અને તે પાદશાહને (યાને મને) ઘણી વહાલી હતી.

તે કાંઈ એમ નથી સમજવાનો કે તે ખૂનખાર અઝદહા-લોખંડના એક પહાડને પણ પોતાના દંમમાં ખેંચી લીયે છે."

રાણીએ તેને કહ્યું કે "હું મારી તે વહાલી બેટીને માટેનો કીનો ઝરૂર લઈશ.

અગર મને ગમે એટલી શર્મિંદગી પહોંચે અથવા નામોસી લાગે-તો પણ હું તેને કહીશ કે તેથી કરીને કદાચ મારી મુરાદ બર આવે"

એ ઉપર પણ ઘણોક વખત નીકળી ગયો-અને તેણી તે કીનો દરેક જણથી છૂપોજ રાખવા લાગી.

હવે એવો બનાવ બન્યો કે ખાકાને એક ખુશહાલીની મજલેસ ભરી-અને તે મજલેસમાં મોટા મોટાઓને બોલાવ્યા.

તેણે કાઇને મોકલી પેહલવાન બેહરામને પણ બોલાવ્યો-જ્યારે તે આવ્યો ત્યારે તેને રૂપેરી તખ્ત ઉપર બેસાડયો.

જ્યારે તેની રાણીએ પરદા પાછળથી તેનો આવાઝ સાંભળ્યો-ત્યારે તેણી તુરત ત્યાં આવી પેહલવાન બેહરામની મુલાકાત લીધી.

તેણીએ તેની ઘણી તારીફ કીધી અને દુઆ કાધી કે "તારીથી તુર્કેસ્તાન અને ચીનનો મુલક આબાદ થજો!

તું નામદાર પાસેથી હું એક આરઝૂ રાખું છુ-કે જે આરઝૂથી હું મારી મુરાદે પુગીશ"

બેહરામે તેણીને કહ્યું કે "હોકમ તારોજ છે-તે આરઝૂ પુરી પાડવા માટે તારીજ ખાહેશ અને તારૂંજ વચન જોઇયે છે."

રાણીએ તેને કહ્યું કે "અહીંથી નઝદીકમાંજ-એક ખુશહાલીની મજલેસ કરવા લાયકનું જંગલ છે.

તે જંગલમાં ચીનના જવાનો-બહારની મોસમમાં એક જશન કરે છે.

તે જંગલમાંથી એર તીરના અંદાઝા જેટલો બુલંદ-એક પહાડ જે અંધારા ગાર કરતાં પણ વધુ કાળો છે, તે તને દેખાશે.

તે સખ્ત પહાડ ઉપર એક અઝદહા રહે છે-કે જેનાથી આ ચીનનો મુલક આફતમાં પડયો છે.

તેને હું 'શીરકપ્પી'નાં નામથી ઓળખું છું-એ સિવાય બીજું તેનું નામ હું જાંણતી નથી.

યકી હુખ્તરમ્ બુદ જે ખાકાને ચીન્
કે ખુરૂશીદ કર્દી બરૂ ઊ આફ્રીન્
અઝ્ અયવાન્ બેશુદ સૂએ આન્ જશ્નગાહ્
ચુ ખાકાન્ બનખ્ચીરૂ શુદ બા સેપાહ્
બેયામદ જે કૂહ્ અઝૂદહાએ દેઝમ
કશીદ આન્ જહાન્બીને મારા બદમ
કુનૂન્ હરૂ બહારી બદાન્ મરૂઘઝારૂ
ચુનાન્ હમ બેયાયદ જે બહ્રે શેકારૂ
બદીન્ શહ્રે મા દરૂ જવાની 'નમાન્દ
હમાન્ નામવરૂ પહ્લવાની નમાન્દ
શુદન્દ અઝ્ બદે શીરૂકપ્પી હલાક્
બરૂ આવરૂદ અઝીન્ બૂમે આબાદ ખાક્
સવારાને જન્ગીએ મર્દાને કારૂ
બસી તાખ્તન્દ અન્દરાન્ કૂહ્સારૂ
ચુ અઝ્ દૂરૂ બીનન્દ ચન્ગાલે ઊય
બરો પોશ્તો ગૂશો સરો યાલે ઊય
બેધુરૂરદ બેદરૂરદ હેલે મર્દે જન્ગ્
મરૂરા ચુ શીરો ચુ બબ્રો નહન્ગ્
કસ અન્દરૂ નેયારદ શુદન્ પીશે ઊય
ચુ ગીરદ શુમારૂ અઝ્ કમો બીશે ઊય
બદૂ ગોફ્તૂ બહરામ ફર્દા પગાહ્
બેયાયમ બેબીનમ મન્ આન્ જશ્નગાહ્
બનીરૂએ યઝ્દાન્ કે ઊ દાદ ઝૂરૂ
બલન્દ આફરીનન્દએ માહો હૂરૂ
બેપર્દાઝમ અઝ્ અઝૂદહા જશ્નગાહ્
ચુ શબ્ગીરૂ મારા નુમાયન્દ રાહ્
ચુ પયદા શુદ અઝ્ આસમાન્ ગેરૂદ માહ્
શબે તીરહ્ બેફૂશાન્દ ઝુલ્ફે સેયાહ્
પરાગન્દહ્ ગશ્તન્દો મસ્તાન્ શુદન્દ
વઝાન્જાયે હરૂ કસ બઅયવાન્ શુદન્દ
ચુ પયદા શુદ આન્ ફરૂરે ખુરૂશીદે ઝરૂદ
બેપીચીદ ઝુલ્ફે શબે લાજ્વરૂદ
કઝ્ આગન્દ પૂશીદ બહરામે ગોરૂદ
ગેરામી તનશરા બયઝ્દાન્ સેપોરૂદ
કમન્દો કમાન્ બોર્દો સદ ચૂબહ્ તીરૂ
યકી નીઝહ્ દૂ શાખે નખ્ચીરૂ ગીરૂ
ચુ આમદ બનઝ્દીકે આન્ બોર્ઝે કૂહ્
બેફરૂમૂદ તા બાઝ્ ગર્દદ ગોરૂહ્
બદાન્ શીરૂકપ્પી ચુ નઝ્દીક્ શુદ
તો ગોફ્તી બરૂ ઊ કૂહ્ તારીક્ શુદ
મેયાન્ અન્દરૂન્ કૂહે ખારા બેબસ્ત
બખામે કમન્દ અઝ્ બરે ઝીન્ નેશસ્ત
કમાન્રા બેમાલીદ બરૂ ઝેહ્ નેહાદ
જે યઝ્દાને નીકી દેહેશ કરૂદ યાદ
બેધુરૂરીદો બરૂ ઝદ બરાંન્ સન્ગ્ દસ્ત
હમી આતેશ અઝ્ કૂહે ખારા બેજસ્ત
શુદ આન્ શીરૂકપ્પી બચશ્મહ્ દરૂન્
બેઘલ્તીદ દરૂ આબો આમદ બરૂન્
કે બરૂ અઝૂદહા ચૂન્ શુદી મૂય તરૂ
નબૂદી બરાન્ તીરૂ કસ કારૂગરૂ

મારી ખાકાને ચીનને પેટની એક બેટી હતી-કે જેની ઉપર ખુરશીદ પણ દુઆ કરતો હતો.

એક વખત જ્યારે ખાકાન લશ્કર સાથ શિકારગાહમાં ગયો-ત્યારે તેણી મેહલમાંથી તે જશ્નગાહ તરફ ગઈ.

તેવામાં પેલા પહાડમાંથી તે ખૂનખાર અઝદહા આવ્યો-અને તે અમારી વહાલી બેટીને પોતાના દમમાં ખેંચી લીધી.

હાલમાં પણ તે દરેક બહારની મોસમમાં તેવીજ રીતે તે જંગલમાં શેકાર માટે આવે છે.

હવે અમારાં આ શેહરમાં એક પણ જવાન રહ્યો નથી-તેમજ એક પણ નામીચો પેહલવાન રહ્યો નથી.

સઘળા તે નાપાક શીરકપ્પીને હાથ માર્યા ગયા છે-તેણે આ આબાદ ૪૦
મુલકની ધૂળધાણી કરી નાખી છે.

જંગી સવારો અને લડાયક મર્દોએ-તે પહાડ ઉપર પુષ્કળ હમ્લા કીધા,

પણ તેઓ જ્યારે દૂરથી તેની ચુંગાલ, છાતી, પીઠ, કાન, સર અને ગર્દન જોય છે,

તે સિંહ, ચિત્તા અને મગરમચ્છની મિસાલ બરાડા મારે છે અને લડાયક પેહલવાનના જીગરને ચીરી નાખે છે,

અને જ્યારે તેનાં વધતાં ઓછાં કૌવતની ગણત્રી કરે છે-ત્યારે કોઈ પણ શખ્સ તેની નઝદીક જવાની હિમ્મત કરતુંજ નથી."

બેહરામે તેણીને કહ્યું કે "આવતી કાલે બામદાદે-હું આવી તે જશ્નગાહની જગ્યા જોઇશ.

અને પાક યઝદાન કે જેને કૌવત આપ્યું છે-અને જે માહતાબ અને આફતાબનો બુલંદ પયદા કરનારો છે, તેનાં કૌવતની મદદથી,

જો સવારે મને તે તરફનો માર્ગ દેખાડે-તો તે જશ્નગાહ અઝદહાથી ખાલી કરી નાખીશ."

જ્યારે આસ્માન ઉપર ચંદ્રનો ગોળો દેખાયો-અને સીઆહ રાતે કાળાં ઝુલ્ફાં પાથર્યાં.

ત્યારે તેઓ વીખરાઈ ગયા અને મસ્ત બની-ત્યાંથી દરેક જણ પોતાના મકાનમાં ગયા.

જ્યારે અંધારી રાતના ઝુલ્ફાં લપેટાઈ જઇ સોનેરી આફતાબનો ઝળ- ૪૧
કાટ ઝાહેર આવ્યો,

ત્યારે પેહલવાન બેહરામે લડાઇનો પોશાક પેહેર્યો-અને પોતાનાં પ્યારાં તનને યઝદાનને સોંપી આપ્યું.

તેણે પોતાની કમંદ, કમાન અને એકસો તીર સાથે લીધા-તેમજ એક શિકાર કરનારો બે નોકવાળો નેઝો પણ લીધો.

જ્યારે તે પેલા બુલંદ પહાડની નઝદીક આવ્યો-ત્યારે તેણે લશ્કરને પાછું ફરવા ફર્માવ્યું.

જ્યારે પેલાં શીરકપ્પીની નઝદીક ગયો-ત્યારે ગોયા સઘળો પહાડ તેને કાળો દેખાવા લાગ્યો.

બેહરામે તે સખ્ત પહાડ વચ્ચે પોતાની કમર પેચદાર કમંદથી બાંધી ઘોડા ઉપર સવાર થયો.

કમાનને સરખી કરી ચિલ્લા ઉપર મૂકી-અને નેકી પહોંચાડનારા ખોદાતાલાને યાદ કીધો.

હવે શીરકપ્પી પોકાર્યો અને પત્થર ઉપર પોતાનો પંજો માર્યો-જેથી તે સખ્ત પહાડમાંથી આતશ નીકળવા લાગ્યો.

પછી શીરકપ્પી પાણીના ચશ્માની અંદર ગયો-તેણે પાણીમાં ગોતું માર્યું અને બાહેર આવ્યો.

કારણકે જ્યારે તે અઝદહાના બાલ ભિંજાતા-ત્યારે તેનાં બદન ઉપર કોઇનો તીર કારગર થતો હતો નહીં.

૪૨ હમી આમદ આન્ અઝ્દહાએ દેઝમ
કે બહ્રામરા અન્દર્ આરદ બદમ
ખદન્ગી બેયન્દાખ્ત મર્દે દલીર્
તને શીર્કપ્પી શુદ અઝ જન્ગ્ સીર્
દેગર્ તીર્ બહ્રામ ઝદ બર્ સરશ
ફેરૂરીખ્ત ચુન્ આબ્ ખુન્ અઝ બરશ
હમી દીદ નીરૂઓ આહન્ગે ઊય
સે દીગર્ બેઝદ તીર્ બર્ ચન્ગે ઊય
ચહારોમ મેયાનશ કુશાદ અઝ કમન્દ
બેજસ્ત અઝ બરે કુહ્સારે બલન્દ
બેઝદ નીઝએ બર્ મેયાને દદહ્
કે શુદ સન્ગે ખારા બખૂન્ આઝદહ્
વઝાન્ પસ બશામ્શીર્ યાઝીદ મર્દ
તને અઝ્દહારા બદુનીમ કર્દ
સર્ અઝ તન્ જુદા કર્દો બેફગન્દ ખાર્
વઝાન્ પસ ફેરૂદ આમદ અઝ કુહ્સાર્
બનઝદીકે ખાકાન્ ખરામીદ શાદ
સુખુનહાએ કપ્પી હમી કર્દ યાદ
દરાન્ બીશહ્ ખાકાનો ખાતૂન્ બેરફ્ત
દમાનો દનાન્ તા સરે કુહ્ તફ્ત
૪૩ ખોરૂશી બર્ આમદ ઝે ગોર્દાને ચીન્
કઝ આવાઝ ગોફતી બેદરર્દ ઝમીન્
બબહ્રામ. બર્ આફરીન્ ખાન્દન્દ
બસી ઝરૂરો ગઊહર્ બર્ અફશાન્દન્દ
ગેરેફતશ સેપહ્દારે ચીન્ દર્ કેનાર્
વઝાન્ પસ વરા ખાન્દી શહ્રયાર્
ચુ ખાકાને ચીની બઅયવાન્ રસીદ
ફેરેસ્તાદએ મેહ્રબાન્ બર્ ગુઝીદ
ફેરેસ્તાદ સદ બદરહ્ ગન્જે દેરમ
હમાન્ બર્દેહો જામએ બીશો કમ
બેફર્મૂદ તા પીરો ઊ શુદ દબીર્
નબેશતન્દ મન્શૂરે ચીન્ બર્ હરીર્
બબહ્રામ દાદ આન્ ઝમાન્ દુખ્તરશ
બદાન્ તા બચીન્ બાશદ આબેશખરશ
બર્ આઇને ચીન્ ખેલ્અત આરાસ્તન્દ
ફેરાવાન કોલાહો કમર્ ખાસ્તન્દ
બદૂ ગોફ્ત હર્ કસ કઝ ઇરાન્ સરસ્ત
બેબખ્શ ઈન્ મર્ ઊરા કેશ દર્ખરસ્ત
જોઝ:અઝ કાર્ ખુર્દો શેકારશ નબૂદ
ઘમે ગર્દેશે રૂઝગારશ નબૂદ
૪૪ ઝે ચીની સવારાને ગર્દન્ફરાઝ
બબહ્રામ બર્દાશતન્દી નેયાઝ
હમહ્ ચીન્ હમી ગોફ્ત મા બન્દઈમ
ઝે બહ્રે તો અન્દર્ જહાન્ ઝન્દઈમ
હમી ખુર્દ બહ્રામો બખ્શીદ ચીઝ
બર્ ઊ હર્ કસી આફરીન્ કર્દ નીઝ

તે ગુસ્સા થયે અઝદહા નઝદીક આવવા લાગ્યો-કે બેહરામને પોતાના દમમાં ખેંચી લીયે.

પણ પેલા બહાદુર મર્દે એક ખદંગી તીર તેની ઉપર માર્યો-જેથી તે શીરકપ્પીનું શરીર લડાઇથી ધરાઈ ગયું.

બેહરામે બીજો તીર તેનાં સર ઉપર માર્યો-જેથી તેનાં શરીરમાંથી પાણીની મિસાલ લોહી વહેવા લાગ્યું.

બેહરામે હજી તેનું કૌવત અને લડાઇનો ઈરાદો જોયો-ત્યારે ત્રીજો તીર તેના પંજા ઉપર માર્યો.

ચોથી વખતે તેણે પોતાની કમર કમંદમાંથી છૂટી કરી નાખીને તે બુલંદ પહાડ ઉપર ચઢી ગયો.

અને એક નેઝા તે વિકરાળ પ્રાણીની કમર ઉપર માર્યો-કે જેથી તે સખ્ત પહાડ લોહીથી રંગાઈ ગયો.

પછી તે બહાદુર મર્દે તલવાર ખેંચી અને અઝદહાનાં શરીરના બે ટૂકડા કરી નાખ્યા

તેનાં તન ઉપરથી સર જુદું કરી તેને ખુવારી સાથ ફેંકી દીધું-ત્યાર બાદ તે પેલા પહાડ ઉપરથી નીચે ઉતર્યો.

અને ખુશહાલ ખાકાનની નઝદીક ગયો-અને પેલા શીરકપ્પી અઝદહાની સઘળી વાતો કહેવા લાગ્યો.

આથી ખાકાન અને તેની રાણી તુરત ખુશી થતાં પેલા પહાડને મથાળે સુધી શેતાબ ગયાં.

ચીનના પેહલવાનોમાંથી એક એવો ખુશહાલીનો પોકાર નીકળ્યો-કે તે પોકારે કરી ગોયા ઝમીન પણ ફાટવા લાગી.

તેઓએ બેહરામના ઉપર દુઆ કીધી-અને તેની ઉપર પુષ્કળ સોનુ અને ગોહરો વધાવ્યાં.

ચીનના સરદાર ખાકાને તેની સાથ બગલગીરી કીધી-ત્યાર બાદ તેને "પાદશાહ"નો એલ્કાબ આપ્યો.

પછી જ્યારે ખાકાને ચીન પોતાના મેહલમાં આવ્યો-ત્યારે તેણે એક માયાળુ કાસેદને પસંદ કીધો.

તેની પાસ સો થેલી દિરમની તેમજ ગોલામો અને કમ ઝેયાદા પોશાકો મોકલી આપ્યા.

તેણે ફરમાવ્યુ જેથી મુનશી તેની નઝદીક આવ્યો અને તેણે રેશમી કપડાં ઉપર બેહરામ માટેનો ચીનની પાદશાહતનો પર્વાનો લખ્યો.

તેજ વખત તેણે પોતાની બેટી પણ બેહરામને આપી-કે જેથી તે ચીનમાંજ પોતાનું રહેઠાણ કરે.

તેણે ચીનની રાહ રસમ મૂજબનો સરપાવ તૈયાર કીધો-તેમજ પુષ્કળ કોલાહ અને કમરબંદો મંગાવ્યા.

અને બેહરામને કહ્યું કે "જે કોઈ ઈરાની સરદારોને તું લાયક સમજતો હોય તેઓને આપ."

હવે તેને ખાવાપીવા અને શેકાર કરવા સિવાય કશું કામ નહીં હતું-તેમજ તેને ઝમાનાની ગર્દેશનો ગમ પણ નહીં હતો.

ચીનના ગર્દનફરાઝ સવારો-બેહરામના તાબેદાર થયા.

સઘળો તારતરી દેશ બોલવા લાગ્યો કે "અમો તારા બંદા છિયે-અને તારે માટેજ દુન્યામાં જીવતા છિયે."

એવી રીતે બેહરામ ત્યાં ખાવા પીવા અને બક્ષેશ કરવા લાગ્યો-સઘળા લોકો તેનીજ તારીફ કરતા હતા.

આગાહી યાફ્તને ખુસવ્ અઝ્ કારે બહ્રામ્ ચૂબીનહ્ વ નામહ્ નેવેશતન્ બખાકાન્ વ પાસોખે આન્ નામહ્.

——:o:——

ચુનીન્ તા ખબરૂહા બઈરાન્ રસીદ
બરે પાદ્દશાહે દેલીરાન્ રસીદ
કે બહ્રામરા પાદ્દશાહીઓ ગન્જ
અઝ્ આને તો બીશસ્ત નાબોર્દહ્ રન્જ
પુર્ અઝ્ દર્દો ધમ શુદ ઝે તીમારે ઊય
દેલશ્ ગશ્ત પીચાન્ ઝે કેર્દારે ઊય
હમી રાય ઝદ બા બુઝોર્ગાન્ બહમ
બસી ગોફ્તો અન્દાખ્ત બર્ બીશો કમ
શબે તીરહ્ ફર્મૂદ તા શુદ દબીર્
સરે ખામહ્રા કર્દ પયકાને તીર્
બખાકાને ચીની યકી નામહ્ કર્દ
તો ગોફ્તી કે અઝ્ ખન્જરશ્ ખામહ્ કર્દ
નુખોસ્ત આફ્રીન્ કર્દ બર્ યક્ ખોદાય
કે ઊયસ્ત બર્ નીકુઈ રહ્નુમાય
બર્ આરન્દએ હૂરો કયવાનો માહ્
નેશાનન્દએ શાહ્ બર્ પીશ્ગાહ્
ગઝાનન્દએ હર્કે જૂયદ બદી
ફ્રેઝાનન્દએ ફર્રએ યઝદી
ઝે નાદાનીઓ દાનેશો રાસ્તી
ઝે કઝીઓ અઝ્ કમ્મીઓ કાસ્તી
હમહ્ હસ્ત આગાહ્ આન્ કૂ યકીસ્ત
વરા યારો હમતાઓ અમ્બાઝ્ નીસ્ત
બેયાબદ હરાન્ કસ કે નીકી બજોસ્ત
મબાદા કે ઊ દસ્તે બદરા બશોસ્ત
હરાન્ કસ કે ઊ રાહે યઝદાન્ ગુઝીદ
સર્ અઝ્ નાસેપાસી બબાયદ કશીદ
દેગર્ ગોફ્ત બહ્રામ ચૂબીનહ્ નામ
કે હર્ગેઝ્ બગીતી નબીનાદ કામ
યકી બન્દહ્ બુદ શાહ્રા નાસેપાસ
ન મેહ્તર્ શેનાસો ન યઝદાન્ શેનાસ
યકી ખુર્દો બી નામો બી કામ બૂદ
પેદર્ બર્ કશીદશ્ કે હન્ગામ બૂદ
ચુ શાહે જહાન્ મર્દરા બર્કશીદ
હમાન્ કર્દ કઝ્ ગઉહર્ ઊરા સઝીદ
નેહાન્ નીસ્ત કેર્દારે ઊ દર્ જેહાન્
મેયાને કેહાનો મેયાને મેહાન્
કસ ઊરા નપેઝીરોફ્ત કશ્ માયહ્ બૂદ
વગર્ દર્ ખેરદ બર્તરીન્ પાયહ્ બૂદ
બનઝદે તો આમદ પઝીરફ્તી અશ્
ચુ પુરમાયગાન્ દસ્ત બેયફ્તી અશ્
કસ ઈનરા ન બર્ ગીરદ અઝ્ રાસ્તાન્
નેયમ મન્ બદીન્ કાર્ હમદાસ્તાન્

ખુસરૂનું બેહરામ ચોબીનેહનાં કામથી વાકેફ થવું અને ખાકાન ઉપર નામુ લખવું અને તે નામાનો જવાબ મેળવવો.

——:o:——

હવે એ સઘળી ખબરો ઈરાન ગઈ-અને તે બહાદુર લોકોના પાદશાહની નઝદીક પહોંચી,

કે "બેહરામને વગર મેહનતે પાદશાહી અને ખઝાનો કે જે તારા કરતાં પણ વધુ છે, તે મળ્યો છે."

તેની ધાસ્તીથી તે દર્દ અને ગમ ભરેલો થયો-તેનાં કામોથી તેનું દિલ વળ ખાતું બન્યું.

તે બુઝોર્ગો સાથે મસ્લહત ચલાવવા લાગ્યો-તે ઘણું બોલ્યો અને નાની મોટી બાબતો ઉપર વિચાર ચલાવ્યો.

પછી તેણે અંધારી રાતેજ હોકમ કર્યો જેથી મુન્શી તેની આગળ આવ્યો-તેણે કલમની નોકને તીરના પયકાન જેવી તેઝ બનાવી,

ખાકાને ચીન ઉપર એક નામુ લખ્યું-તું કહે ગોયા તેનાં ખંજરથીજ તે કલમ બની.

પ્રથમ તેણે એકલા એક ખોદાતાલા ઉપર દુઆ કીધી-કે "તે ભલાઇનોજ રસ્તો દેખાડનારો છે.

તે આફતાબ, શનિશ્ચર સેતારા અને માહતાબનો બનાવનારો છે-અને ૪૫
પાદશાહોને તખ્ત ઉપર બેસાડનારો છે.

જે કોઇ બદી કરે છે તેને તે શિક્ષા કરનારો છે-તે ખોદાઈ ઝળકાટનો વધારનારો છે.

દરેક શખ્સની નાદાની તેમજ બાહોશીથી અને રાસ્તીથી-જૂઠાણાંથી અને અપ્રમાણિકપણાંથી,

સઘળી રીતે તે એકલો એક સાહેબ વાકેફ છે-તેનો કોઇ મદદગાર કે સાથી કે ભાગ્યો નથી.

જે કોઇ કે ભલાઇની શોધ કરે છે તે તેને મળે છે-પણ જે બદી કરવા લાગ્યો હોય તે કાયમ રહેતોજ ના!

જે કોઇયે કે યઝદાનનો માર્ગ પકડયો હોય-તેણે નાસેપાસ થવું નહીં જોઇયે."

પછી લખ્યું કે "બેહરામ ચોબીનેહ નામનો શખ્સ-કે જે દુન્યામાં પોતાની મુરાદે કદીબી ના પુગતો,

તે પાદશાહનો એક નાફર્માન બંદો હતો-જે નહીં પોતાના માલેકને કે નહીં ખોદાતાલાને પિછાનનારો હતો.

તે એક તુચ્છ, નનામો અને સાધારણ માણસ હતો-જેને મારા બાપે વધાર્યો કારણ તેને તે વખતે ઝરૂર હતી.

પછી જ્યારે દેશના પાદશાહે તેને વધાર્યો-ત્યારે તેણે તેવીજ ચાલ ચલાવી કે જેવી તેની બુન્યાદને લાયક હતી.

હવે દુન્યામાં નાના અને મોટાઓની વચ્ચે તેના કરતુકો કાંઈ છુપાં ૪૬
રહેલાં નથી.

જેઓમાં કે મોટાઈ હતી અથવા ઊંચી અકલ ધરાવતા હતા, તેઓએ તેને હરકાઢી કાઢયો.

હવે તે તારી પાસે આવ્યો અને તેં તેને આવકાર દીધો છે અને મોટાઓને છાજતી રીતે તેનો હાથ ધર્યો છે.

પણ સારાં માણસોમાંથી તો કોઇ એવાનો હાથ પકડેજ નહીં-તેમજ હું પણ એ બાબતમાં એકમત થતો નથી.

ફ્રશામૂશ કર્દી મગરૂ કારે ઊય
કે આઓર્દહુ ગશ્તી ઝે તીમારે ઊય
કે ઝદ બરૂ સરત તાઝેયાનહુ બસી
પસન્દીદહુ નામદ અગરૂ હરૂ કસી
નબાયદ કે બી બરૂ કુની નામે ખીશ
બબહ્રામ બેદૂશી આરામે ખીશ
ચુ ઈન્ નામહુ આરન્દ નઝદીકે તૂ
બરૂ અન્દીશદ આન્ રાએ તારીકે તૂ
ગરૂ આન્ બન્દહુરા પાય કર્દહુ બબન્દ
ફ્રેરેસ્તી બરે મા બુવી સૂદમન્દ
વગરૂનહુ ફ્રેરેસ્તમ ઝે ઈરાન્ સેપાહુ
બતૂરાન્ કુનમ રૂઝે રઉશન્ સેયાહુ
૪૭ ચુ આન્ નામહુ નઝદીકે ખાકાન્ રસીદ
બદાન્ગૂનહુ ગોફ્તારે ખુસ્રવ શનીદ
ફ્રેરેસ્તાદહુરા ગોફ્ત ફ્રર્દા પગાહુ
ચુ આઇ બદરૂ પાસોખે નામહુ ખાહુ
ફ્રેરેસ્તાદહુ આમદ દેલી પુરૂ શેતાબ્
નબૂદ આન્ શબશ જાએ આરામો ખાબ્
હમી બૂદ તા શમ્અ રખ્શાન્ બેદીદ
બદરૂગાહે ખાકાને ચીની દવીદ
બેયાવરૂદ ખાકાન્ હમાનગહુ દબીરૂ
અબા ખામહો મુશ્કો ચીની હરીરૂ
બપાસોખ નેવેશ્ત આફ્રીને મેહાન્
ઝે મન્ બન્દહુ બરૂ કેર્દેગારે જેહાન્
દેગરૂ ગોફ્ત આન્ નામહુ બરૂ ખાન્દમ
ફ્રેરેસ્તાદહુરા પીશ બેન્શાન્દમ
તો બા બન્દગાન્ ગૂય ઝાન્ સાન્ સોખુન્
નઝીબદ અઝાન્ ખાન્દાને કોહુન્
કે મેહુરા નદાનન્દ ચકૂસરૂ બમેહુ
ન કેહુરા નેશાનન્દ બરૂ જાય કેહુ
હમહુ ચીનો તૂરાન્ સરાસરૂ મરાસ્ત
બહયતાલ્ બરૂ નીઝ અફૂસરૂ મરાસ્ત
૪૮ નેયમ તા બુદમ મર્દે પયમાન્ શેકન્
તો બા મન ચુનીન્ દાસ્તાન્હા મઝન્
ચુ મન્ દસ્તે બહ્રામ ગીરમ્ બદસ્ત
વઝાન્ પસ બઅહદ અન્દરૂ આરમ્ શેકસ્ત
નખાહદ મરા મરૂદુમ અઝ આબે પાકૂ
જોઝ અઝ પાકૂ યઝદાન્ મરા નીસ્ત બાકૂ
તોરા ગરૂ બુઝોર્ગી બેયફ્રૂઝાયદી
બેરદ બીશ્તરૂ ગરૂ બુદી શાયદી
બરાન્ નામહુ બરૂ મોહ્રૂ બેન્હાદો ગોફ્ત
કે બા બાદ બાયદ કે ગર્દી તો જોફ્ત
ફ્રેરેસ્તાદહુ આમદ બનઝદીકે શાહુ
બયકૂ માહુ કમ્તરૂ બેપયમૂદ રાહુ
ચુ બરૂ ખાન્દ આન્ નામહુરા શહુરૂયારૂ
બેપીચીદો તર્સાન્ શુદ અઝ રૂઝગારૂ
ફ્રેરેસ્તાદો ઇરાનેયાન્રા બેખાન્દ
સુખુનહાએ ખાકાન્ સરાસરૂ બેરાન્દ
હમાન્ નામહુ બેન્મૂદો બરૂ ખાન્દન્દ
બુઝોર્ગાન્ બઅન્દીશહુ દરૂ માન્દન્દ

કદાચ તેની વર્તણુક તું વીસરી ગયલો જણાય છે-કે તેનીજ ચાલને લીધે તું દુઃખી થયો હતો.

કારણકે તેણે તારાં સર ઉપર કેટલાક ચાબુક માર્યાં હતા-અને જે વાત કોઇનેબી પસંદ પડી હતી નહીં.

તને ઘટતું નથી કે તારૂં નામીચું નામ ગુમ કરે અને પોતાનું સુખ બેહરામને હાથ વેચે.

જ્યારે આ નામુ તારી નઝદીક આવે-અને તારી સીઆહ થયલી અકલ પાછી વિચારવંત બને,

ત્યારે જો તું તે ગોલામને કયદ કરીને-મારી નઝદીક મોકલશે તો તને ફાયદોજ થશે.

નહીં તો હું ઈરાનથી લશ્કર મોકલીશ-અને તુરાનનો રોશન રોઝ સીઆહ કરી નાખીશ."

જ્યારે તે નામુ ખાકાનની નઝદીક પહોંચ્યું-અને ખુસરૂની એવી રીતની વાતો તેણે સાંભળી,

ત્યારે એલચીને કહ્યું કે "આવતી કાલે સવારે-જ્યારે તું આ દરબારમાં આવે ત્યારે નામાનો જવાબ માગજે."

એલચી ગભરાટ ભરેલાં દિલે પાછો ફર્યો-તે રાત તેની ઊંઘ કે આરામ વગરની હતી.

સવાર પડી ત્યાં સૂધી તે થોભી રહ્યો-પછી ખાકાને ચીનની દરબારમાં ગયો.

તેજ વખત ખાકાને મુન્શીને તેડાવ્યો અને કલમ, સીઆહી અને ચીનાઇ રેશમી કપડાં જેવું કાગઝ મંગાવ્યું.

અને જવાબમાં લખ્યું કે "મુજ તાબેદાર તરફથી દુન્યાના પયદા કરનાર સાહેબ ઉપર બુઝોર્ગોના જેવી દુઆ હોજો!"

પછી લખ્યું કે "તારા એલચીને મારી પાસે બેસાડી તારૂં નામુ વાંચ્યું છે.

તું તારા તાબેદારો સાથે એવી રીતની વાતો કરે છે જે તારાં પુરાતમ ખાન્દાનને લાયકની નથી.

કે તે સઘળાઓ સરદારને સરદાર તરીકે સમજતા નથી-અને ચાકરને તેની ઉતરતી જગાએ બેસાડતા નથી.

તમામ ચીન અને તૂરાન એ સઘળું મારૂં છે-હયતાલમાં પણ મારૂંજ રાજ છે.

હું હાલ સૂધીમાં તો કોલ તોડનારો મર્દ બન્યો નથી-તું મારી સાથ એવી રીતની વાતો ના કર.

જો હું બેહરામનો હાથ મારા હાથમાં પકડું-અને ત્યાર બાદ તે વચન તોડું,

તો લોકો મને પવિત્ર બુન્યાદનો ગણે નહીં-મને પાક યઝદાન સિવાય કોઇ બીજાની બીક નથી.

જો તને મોટાઈ મળી છે-તો તે પ્રમાણે તને અકલ પણ વધારે જોઇતી હતી."

પછી તે નામા ઉપર મોહર કીધી અને બોલ્યો-કે "તને પવનનોજ સાથી થવું જોઇયે (અને તુરત જવું જોઇયે)."

તે એલચી એક મહિનાની અંદર પોતાનો રસ્તો કાપી પાદશાહની નઝદીક આવ્યો.

જ્યારે પાદશાહે તે નામુ વાંચ્યું-ત્યારે તેણે પોતા ઉપર પેચ ખાધો અને ઝમાનાનાં કામથી બીવા લાગ્યો.

તેણે કોઇને મોકલી ઈરાનીઓને બોલાવ્યા--અને ખાકાનના સઘળા સખુનો તેઓને કહ્યા.

પેલું નામુ દેખાડયું અને તેઓએ તે વાંચ્યું-બુઝોર્ગો વિચારમાં પડયા.

ચુનીન્ યાકૂત પાસોખ઼ ઍ ઇરાનેયાન્
કે અય ફ્રરે અવ્રન્હો તાજે કેયાન્
ચુનીન્ કારૂહા બરૂ હેલ્ આસાન્ મગીરૂ
યકી રાય ઝન્ બા ખેરદ્દમન્દ પીરૂ
ઍ નામહ્ બદીન્ કારૂ તુન્દી મકુન્
મકુન્ તીરહ્ ઈન્ શમઅ ફરૂરે કોહુન્
ગુઝીન્ કુન્ ઍ ઇરાન્ યકી મર્દે પીરૂ
ખેરદ્દમન્દો ગૂયાઓ ગોર્દો દબીરૂ
કઝ ઈદરૂ બનઝદીકે ખાકાન્ શવદ્
સખુન્ ગૂયદો રાઝે ઊ બેશનવદ્
બેદાનદ્ કે બહ્રામ ફ્રઝે નુખોસ્ત
કે બૂદો પસ અઝ પહ્લવાની ચે જોસ્ત
હમી બૂદ્ તા કારે ઊ ગશ્ત રાસ્ત
ખોદાવન્દરા ઝાન્ સેપસ બન્દહ્ ખાસ્ત
ચુ નીકૂ નગર્દદ્ બયક્ માહ્ કારૂ
બેમાનદ્ બસાલી કશદ્ રૂઝગારૂ
ચુ બહ્રામ દામાદે ખાકાન્ બુવદ્
અઝૂ બદ્ સોરૂદન્ ન આસાન્ બુવદ્
બચર્બી સખુન્ ગોફ્તૂ બાયદ્ બસી
નેહાની નબાયદ્ કે દાનદ્ કસી
વઝાન્ પસ ચુ બેશનીદ્ બહ્રામ ગોરૂદ
કઝ ઈરાન્ બખાકાન્ કસી નામહ્ બોરૂદ
બેયામદ્ દમાન્ પીશે ખાકાને ચીન્
બદૂ ગોફ્તૂ કય મેહ્તરે બાફરીન્
શનીદમ કે આન્ રીમને બદ્ હોનરૂ
હમી નામહ્ સાઝદ્ યકૂ અન્દરૂ દેગરૂ
સેપાહી હેલાવરૂ ઍ ચીન્ બરૂ ગુઝીન્
બદાન્ તા તોરા ગર્દદ્ ઇરાન્ ઝમીન્
બેગીરમ બશમ્શીરૂ ઈરાનો રૂમ
તોરા શાહ્ ખાનમ બદાન્ મર્ઝો બૂમ
બનામે તો બરૂ પાસબાનાન્ બશબ્
બરૂમો બઇરાન્ કુશાયન્દ્ લબ્
બેબુરૂરમ સરે ખુસ્રવે બદ્ હોનરૂ
કે નય પાય બાદા મરૂરા ન સરૂ
ચુ મન્ કેહ્તરીરા બેબન્દમ મેયાન્
ઍ બુન્ બરૂ કનમ તોખ્મે સાસાનેયાન્
ચુ બેશનીદ્ ખાકાન્ પુરૂ અન્દીશહ્ ગશ્ત
વરા દરૂ દેલ્ અન્દીશહ્ ચૂન્ બીશહ્ ગશ્ત
બેખાન્દ્ આન્ ઝમાન્ કસ કે બૂદન્દ્ પીરૂ
સખુનગૂયો દાનન્દહો યાદ્ગીરૂ
બદીશાન્ બેગોફ્તૂ આનચે બહ્રામ ગોફ્તૂ
હમહ્ રાઝહા બરૂ કુશાદ્ અઝ નેહોફ્તૂ
ચુનીન્ યાફ્તૂ પાસોખ઼ ઍ ફર્ઝાનગાન્
ઍ ખીશાનો નઝદીકો બીગાનગાન્
ન કારીસ્ત ઈન્ ખારો દુશ્વારૂ નીઝ
કે બરૂ તોખ્મે સાસાન્ પુરૂ આયદ્ કફીઝ
વલીકેન્ ચુ બહ્રામ રાનદ્ સેપાહ્
નુમાયદ્ બમર્દે ખેરદ્દમન્દ્ રાહ્
બઇરાન્ બસી દૂસ્તદારશ બુવદ્
ચુ ખાકાન્ યકી પોશ્તો યારશ બુવદ્

તેણે ઇરાનીઓથી એવો જવાબ મેળવ્યો-કે "ઓ કયાની તખ્ત અને તાજના ઝળકાટ!

તું આવાં કામોને સેહલાં ના ગણ-કાઇ બુઢ્ઢા અકલમંદ માણસની સલાહ લે. ૪૯

નામુ વાંચીને એ બાબતમાં ઉતાવળ ના કરતો-અને આ પુરાણી ઝળકતી બત્તિ ઝાંખી ના પાડી દેતો.

ઈરાનમાંથી કોઇ ડહાપણવાળો, સુભાષિત બોલનારો, બહાદુર અને ભણેલો બુઢ્ઢો શખ્સ ચુંટી કાઢ,

કે જે અહીંથી ખાકાનની નઝદીક જાય-તેની સાથે વાતો કરી તેનો ભેદ સમજી લે.

જેથી તે જાણે કે બેહરામ પહેલાં-કોણ હતો અને પેહલવાની મળ્યા પછી તેણે શું શું કીધું?

જ્યાં સૂધી તેનું કામ બરાબર થયું ત્યાં સૂધી તે થોભી રહ્યો-અને ત્યાર પછીજ પોતાના માલેકને પોતાનો તાબેદાર બનાવવા ચાહ્યો.

જો તે મામલો એક મહિનામાં સૂધરે નહીં-તો તે વર્ષની મુદ્દત સૂધી ત્યાંજ થોભે.

જ્યારે બેહરામ ખાકાનનો જમાઈજ થયો છે-ત્યારે તેને માટે બૂરૂં બોલવું એ સેહલી વાત નથી.

હવે તો બહુજ મીઠાસથી વાતો કરવી જોઇયે-અને કોઇને અંદરના ભેદથી વાકેફ થવા દેવું નહીં જોઇયે."

હવે પેલી તરફ જ્યારે પેહલવાન બેહરામે સાંભળ્યું-કે "ઈરાનમાંથી કોઈ ખાકાન ઉપર નામુ લાવ્યો હતો,"

ત્યારે તે તુરત ખાકાને ચીન આગળ આવ્યો-અને બોલ્યો કે "ઓ દુઆને લાયકના સરદાર! ૫૦

મેં સાંભળ્યું છે કે તે નાલાયક રીમન-એક પાછળ એક નામા મોકલે છે,

માટે તું ચીનમાંથી એક બહાદુર લશ્કર ચુંટી કાઢ-કે જેથી કરી ઈરાન ઝમીનનો મુલક તારો થાય.

હું તલવારથી ઈરાન અને રૂમ લઇશ-તને તે ઝમીનનો અને તે મુલકનો પાદશાહ બનાવીશ.

રૂમ અને ઇરાનમાં રાતના ચોકી કરનારાઓ તારાંજ નામનો પોકાર કરશે.

હું નાલાયક ખુસરૂનું સર કાપી કાઢીશ-કારણકે તેના પગ અને સર સલામત રહેતુજ ના!

જ્યારે હું તારી નોકરી માટે કમર બાંધીશ ત્યારે સાસાનીઓની તોખ્મને જડમૂળથી ઉખેડી નાખીશ."

જ્યારે ખાકાને એવું સાંભળ્યું ત્યારે તે અંદેશા ભરેલો થયો-અને તેનાં દિલમાં અંદેશો કાંટાની ઝાડી માફક ગૂચવણ ભર્યો બન્યો.

તેણે તેજ વખત જે કોઈ કે બુઢ્ઢાઓ, સુભાષિત બોલનારાઓ, જાણકારો અને યાદદાશ્ત શક્તિવાળા હતા તેઓને બોલાવ્યા.

તેઓને બેહરામે જે કાંઈ કહ્યું હતું તે કહ્યું-તેમજ સઘળો છૂપો ભેદ પણ ખુલ્લો કીધો.

ત્યારે તેણે તે દાનાઓથી તેમજ પોતાના સગાઓ, નઝદીકનાઓ અને બીજા પારકા લોકોથી એવી રીતનો જવાબ મેળવ્યો, ૫૧

કે "આ કામ નજીવું નથી તેમજ મુશ્કેલ પણ નથી-કે જેથી સાસાન વંશ ઉપર પાણી ફરી વળે.

તો પણ જો બેહરામ લશ્કર લઈ જાય-અને તું દાનેશમંદ શખ્સને સેહલો માર્ગ બતાવે,

તો તું ખાકાન જેવો તેનો મદદગાર અને મિત્ર છે (એમ જાણશે)-તો ઇરાનમાં બેહરામના ઘણાક દોસ્તદારો થઈ જશે.

બરૂ આયદ્ બબખ્તે તો ઈન્ કારૂ જુદ
સુખુનહા કે બહુરામ્ બાયદ્ શેનૂદ
ચુ બેશનીદ્ ખાકાન્ દેલશ તાઝહુ ગશ્ત
બેખન્દીદો બરૂ દીગરૂ અન્દાઝહુ ગશ્ત
બશાન્ બરૂ નેહાદન્દ્ યકુસરૂ ગવાન્
કે બુગ્ઝીદ્ બાયદ્ દો મર્દે જવાન્
કે ઝીબદ્ બદાન્ હરૂદો તન્ મેહુતરી
હમાન્ રન્જ્ કશ બાશદો લશ્કરી
બચીન્ મેહુતરી બૂદ્ ચીનૂય નામ્
દેગરૂ સરૂકશી બૂદ્ ઝન્ગૂય નામ્
ફેરેસ્તાદ્ ખાકાન્ યલાન્રા બેખાન્દ્
બદીવાને દીનારૂ દાદન્ નેશાન્દ્
૫૨ ચુનીન્ ગોફ્ત મેહુતરૂ બદીન હરૂદો મરૂદ્
કે હુશ્યારૂ બાશીદ્ રૂઝે નબરૂદ્
હમીશહુ બબહુરામ્ દારીદ્ ચશ્મ્
ચે હન્ગામે શાદી ચે હન્ગામે ખશ્મ્
ગુઝરૂહાએ જયહુન બગીરીદ્ પાક્
કે જયહુન્ બગરૂદન્ બરૂ આરીદ્ ખાક્
સેપાહી દેલાવરૂ બઇશાન્ સેપોરૂદ્
હમહુ નામદારાનો શીરાને ગોરૂદ્
બરૂ આમદ્ કે દરૂગાહે બહુરામ્ કૂસ
રોખે શીદ્ અઝ ગરૂદ્ શુદ્ આબ્નૂસ
કે ચીન્ રૂય યકુસરૂ બઇરાન્ નેહાદ્
બરૂ કે સેફન્દારૂમુઝ બામદાદ્

અને તારાં નસીબની મદદથી એ કામ જલ્દીથી સરંજામ ઉતરશે-માટે તારે બેહરામ જે કહે તે સાંભળવું જોઇયે."

જ્યારે ખાકાને એવું સાંભળ્યું ત્યારે તેનું દિલ ખીલ્યું-તે હસ્યો અને અને જુદોજ વિચાર કરવા લાગ્યો.

પછી સઘળા પેહલવાનો એ વાત ઉપર આવ્યા-કે "આ કામ માટે બે જવાન શખ્સો ચુંટી કાઢવા જોઇયે.

કે જેઓ બન્ને જણા સરદારી કરવાને લાયક હોય-તેમજ તેઓ ખડતલ અને લડાયક હોય."

હવે ચીનમાં એક ચીનૂય નામનો સરદાર હતો-તેમજ બીજો એક બહાદુર શખ્સ ઝંગૂય નામનો હતો.

ખાકાને કોઇને મોકલી તે બન્ને પેહલવાનોને બોલાવ્યા-અને પગાર કરવાની કચેરીમાં બેસાડયા.

પાદશાહે તે બન્ને બહાદુર મર્દોને કહ્યું-કે "તમો લડાઇને વખતે હુશ્યાર રહેજો.

તમો હમેશે શું ખુશહાલીને વખતે કે શું લડાઇને વખતે બેહરામ ઉપર નઝર રાખતા રહેજો.

જયહુન નદી આગળના માર્ગો બંદ કરી લેજો-અને તે નદી આગળથી આસ્માન સૂધી ધૂળ ઉડાવજો."

પછી સઘળા નામદારો અને બહાદુર સિંહોનું એક દિલાવર લશ્કર તેઓને સોંપી આપ્યું.

હવે બેહરામની દરગાહમાંથી નગારાંના આવાઝ નીકળ્યા-અને લશ્કરની ધૂળથી ખુરશીદનો ચેહરો કાળો પડી ગયો.

સફંદારમદ રોઝને દિવસે બામદાદને વખતે-ચીનથી સઘળાઓ ઇરાન તરફ ચાલ્યા.

ફેરેસ્તાદને ખુસવ્ ખર્રાદે બર્ઝીન્રા નઝ્દે ખાકાને ચીન્ વ ચારએ ઊ દર્ કોશતને બહ્રામ્ ચૂબીનહ્.

ખુસરૂએ ખાકાને ચીન આગળ ખરરાદે બર્ઝીનને મોકલવો અને તેણે બેહરામ ચોબીનેહને મારવાનો ચારો કરવો.

ચુ આગાહી આમદ્ બશાહે બુઝોરૂગ્
કે અઝ્ બીશહુ બીરૂન ખરામીદ્ ગોરૂગ્
સેપાહી બેયાવરૂદ્ બહુરામે ગોરૂદ્
કે અઝ્ આસમાન રઉશનાઈ બેબોરૂદ્
બખરૂરાદે બર્ઝીન્ ચુનીન્ ગોફ્ત શાહ
કે બુગ્ઝીન્ બરીન્ કારૂ બરૂ ખાન્ રાહ
બઈરાનો તૂરાન્ તો દાના તરી
હમાન્ બરૂ ઝબાન્હા તવાના તરી
૫૩ દરે ગન્જ્ બુકુશાદો ચન્દાન્ ગોહરૂ
બેયાવરૂદ્ શમ્શીરો ઝરૂરીન કમરૂ
કે ખરૂરાદે બર્ઝીન્ દરાન્ ખીરહુ માન્દ્
હમી દરૂ નેહાન્ નામે યઝદાન્ બેખાન્દ્
ચુ બા હદયહા રાહે ચીન્ બરૂ ગેરેફ્ત
કે જયહુન ચપી રાહે દીગરૂ ગેરેફ્ત

જ્યારે મોટા પાદશાહ ખુસરૂને ખબર મળી કે "પેલું વરૂ જંગલમાંથી બાહેર નીકળી ચૂકયું છે,

પેહલવાન બેહરામ એક ભારી લશ્કર લાવ્યો છે-કે જેણે આસ્માન ઉપરથી સઘળી રોશની ખેંચી લીધી છે,"

ત્યારે પાદશાહે ખરરાદે બર્ઝીનને કહ્યું-કે "એ કામ માટે તું મુસાફેર બની જા.

ઈરાનમાં તેમજ તુરાનમાં તુંજ વધારે દાના છે-વળી બોલવાની શક્તિ પણ તારામાં ઘણી છે"

પછી તેણે ખઝાનાનો દરવાઝો ખુલ્લો કીધો અને એટલાં બધાં ગોહર-તલવાર અને સોનેરી કમરબંદ ભેગા કીધાં,

કે ખરરાદે બર્ઝીન તે જોઇ ડંગ થઇ ગયો-અને પોતાનાં મનમાં ખોદાને યાદ કરવા લાગ્યો.

જ્યારે તેણે પેલા હદયા સાથ ચીનનો માર્ગ પકડયો-ત્યારે તેણે જયહુન નદી આગળથી બીજોજ રસ્તો લીધો.

ચુ નઝદીકે દરૂગાહે ખાકાન્ રસીદ
નેગહ્ કર્દો ગૂયન્દઇ બરૂ ગુઝીદ
બદાન્ તા બગૂયદ્ કે અઝ નઝદે શાહ્
ફેરેસ્તાદહ્ આમદ્ બદીન્ બારૂગાહ્
ચુ બશનીદ્ ખાકાન્ બેયારાસ્ત ગાહ્
બફરમૂદ્ તા બરૂ કુશાદન્દ રાહ્
ફેરેસ્તાદહ્ ચૂન્ શુદ બતન્ગી ફરાઝ
ઝબાન્ કરૂદ્ ગૂયાઓ બોર્દશ નમાઝ
બદૂ ગોફ્ત હરૂગહ્ કે ફર્માન્ દેહી
બગોફ્તન ઝબાન્ બરૂ કુશાયદ્ રેહી
બદૂ ગોફ્ત ખાકાન્ બશીરીન્ ઝબાન્
દેલે મરૂદુમે પીરૂ ગર્દદ્ જવાન્
બગૂય આન્ સુખુનહા કે સૂદ અન્દરૂસ્ત
સખુન ગોફ્તહ્ મગ્ઝસ્તો ના ગોફ્તહ્ પૂસ્ત
ચુ ખરૂરાદે બર્ઝીન્ શનીદ્ ઇન્ સોખન્
બયાદ્ આમદશ ગોફ્તહાએ કોહન્
નુખોસ્ત આફરીન્ કરૂદ્ બરૂ કેર્દગારૂ
તવાનાઓ દારન્દએ રૂઝગારૂ
કે ચર્ખો ઝમીનો ઝમાન્ આફરીદ્
તવાનાઇઓ નાતવાન્ આફરીદ્
ચઝો ચર્ખે ગર્દન્દહ્ શુદ બી સોતૂન્
ચેરા નહ્ બફર્માનશ અન્દરૂ ન ચૂન્
બરાન્ આફરીન્ કૂ ચુનીન્ આફરીદ્
બલન્દ્ આસમાનો ઝમીન્ આફરીદ્
તવાનાઓ દાનાઓ દારન્દહ્ ઊસ્ત
સેપહુરો ઝમીનરા નેગારન્દહ્ ઊસ્ત
બચરૂખ અન્દરૂન્ આફ્તાબ્ આફરીદ્
શબો રૂઝો આરામો ખાબ્ આફરીદ્
તવાનાઈ ઊરાસ્ત મા બન્દઈમ
હમ અઝ રાસ્તીહાશ ગૂયન્દઈમ
યકીરા દેહદ્ તાજો તખ્તે બલન્દ
યકીરા કુનદ્ ખારો ઝારો નેઝન્દ
ન બા આનશ મેહ્રો ન બા ઈનશ કીન્
નમી દાનદ્ ઈન્ જોઝ જહાન્ આફરીન્
કેહાનો મેહાન્ ખાકરા ઝાદઈમ
બનાકામ તન્ મરૂગ્રા દાદઈમ
નુખોસ્તીન્ બરૂ આયમ ઝે જમ્મે બરીન્
જહાનદારૂ તહ્મૂરસે બાફરીન્
ચુનીન્ હમ બેરવ તા સરે કયકોબાદ્
હમાન્ નામદારાન્ કે દારીમ યાદ
ચુ કયખુસ્રવો રોસ્તમે નામદારૂ
બરીન્ હમ નેશાન્ તા બએસ્ફન્દેયારૂ
ઝે ગીતી યકી દખ્મહ્ શાન્ બૂદ બહ્રૂ
ચશીદન્દ્ બરૂ જાએ તર્યાક્ ઝહ્રૂ
કુનૂન્ શાહે ઇરાન્ બતન્ પીશે તોસ્ત
હમાન્ શાદો ધરગીન્ બકમ બીશે તોસ્ત
બહ્ન્ગામે શાહાને બા આફરીન્
પેદરૂ માદરશ બૂદ ખાકાને ચીન્
બદીન્ રૂઝ પયવન્દ્ મા તાઝહ્ ગશ્ત
હમહ્ કારૂ બરૂ દીગરૂ અન્દાઝહ્ ગશ્ત

જ્યારે તે ખાકાનની દરગાહની નઝદીક જઈ પહોંચ્યો-ત્યારે તેણે તપાસ કરી એક સારા જેવા બોલનારાને ચુંટી કાઢયો.

કે જે ત્યાં જઈ કહે કે "પાદશાહની નઝદીકથી-એક એલચી આ આવ્યો છે."

જ્યારે ખાકાને એવું સાંભળ્યું ત્યારે તેણે પોતાનું તખ્ત સણુગાર્યું-અને પછી ફરમાવ્યું જેથી તેને દાખેલ કીધો.

જ્યારે તે એલચી છેક તેની નઝદીક ગયો-ત્યારે તેણે પોતાની ઝબાન બોલતી કીધી અને તેને નમન કીધું.

તે બોલ્યો કે "જ્યારે તું હુકમ આપશે-ત્યારે આ નોકર બોલવા માટે ઝબાન ખોલશે."

ખાકાને તેને કહ્યું કે "શીરીન ઝબાને કરીને-બુઢ્ઢા મર્દનું દિલ પણ જવાન બને છે.

તું તેવાજ સખુનો બોલ કે જેમાં ફાયદો હોય-બોલેલા સખુનો મગઝ જેવા છે અને નહીં બોલાયલા સખુનો ખાલી ફોતરાં સમાન છે."

જ્યારે ખરરાદે બર્ઝીને આવા સખુનો સાંભળ્યા-ત્યારે તેને આગળી ૫૪
વાતો યાદ આવી.

તેણે પહેલાં સર્વ શક્તિમાન સાહેબ અને ઝમાનાને પાયદાર રાખનાર ખોદાતાલા ઉપર દુઆ કીધી,

કે "જે સાહેબે આસ્માન, ઝમીન અને ઝમાનો પયદા કીધો-શક્તિ અને નબળાઇ પણ તેજ સાહેબે પયદા કીધી.

તે સાહેબથીજ એક વગર ટેકાએ ફરતો આસ્માન ઉભો થયો-તેના હોકમમાં કાંઈ પણ ચૂનોચેરા છેજ નહીં.

જે સાહેબે આવું આવું પયદા કીધું, જે સાહેબે બુલંદ આસ્માન અને ઝમીન પયદા કીધી, તે સાહેબ ઉપર આફ્રીન હોજો!

તેજ સાહેબ દરેક રીતે શક્તિવાન, સઘળું જાણનારો અને સર્વની સંભાળનો લેનારો છે-તેજ સાહેબ આસ્માન અને ઝમીનને સણુગારનો આપનારો છે.

તેજ સાહેબે આસ્માન ઉપર આફતાબ પયદા કીધો-રાત, દિવસ, આરામ અને ઊંઘ પણ તેજ સાહેબે પયદા કીધી.

સઘળી શક્તિ તેજ સાહેબને છે આપણુ તો તેના બંદા છિયે-તેનીજ રાસ્તીના વખાણનારા છિયે.

તે એક જણને તાજ અને બુલંદ તખ્ત આપે છે-ત્યારે બીજાને ખુવાર, રડતો અને ગમગીન બનાવે છે.

તેને એકની સાથ મોહબ્બત કે બીજાની સાથ કીનો પણ નથી-આ સઘળો ભેદ ખોદાતાલા સિવાય કોઇ જાણતું નથી.

આપણે નાના અને મોટા ખાક થવા માટેજ પયદા થયા છિયે-અને ૫૫
આપણી મરજી ઉપરાંત આપણાં શરીર મોતને હવાલે કર્યાં છે.

પહેલાં હું મોટા પાદશાહ જમશીદ અને તારીફ લાયકના પાદશાહ તેહમૂરસ ઉપર આઉં છું.

એવીજ રીતે તું કયકોબાદ સુધી તેમજ બીજા નામદાર પાદશાહો કે જેઓની યાદ રાખ્યે છિયે, ત્યાં સુધી તું ચાલ.

પછી કયખુસરૂ અને નામદાર રૂસ્તમ જેવાઓ સુધી-તેમજ એ પ્રમાણે અસ્ફંદિયાર સુધી તું જા,

તો એ સઘળાઓને હિસ્સે આ દુન્યામાંથી એક દખ્મુજ આવ્યું છે-તેઓએ તર્યાકની જગ્યાએ ઝેહર ચાખ્યું છે.

હમણા તો ઇરાનનો પાદશાહ પોતાનાં દિલ સાથ તારીજ સગાઈ ધરાવે છે-અને તારી ચઢતી તેમજ પડતીમાં તે ખુશી અને દિલગીરી માને છે.

ઈરાનના વખાણુ પામેલા પાદશાહોના વખતમાં-તેઓનો મમાવો ખાકાને ચીનજ ગણાતો હતો.

હાલ આપણુનો સંબંધ નવોજ થયો છે-અને સઘળી વાતજ ફેરવાઇ ગઇ છે.

કે પીરુઝગર આફ્રીને તો બાદ
સરે તાજદારાન્ જમીને તો બાદ
હમી ગોફતો ખાકાન્ બદ દાદ ચૂથ
બદ ગોફત કય મર્દે દાનેશ ફરૂથ
૫૬ બઈરાન્ અગર નીઝ જોઝ તૂ કસસ્ત
શેનાસન્દએ આસમાન્ ઊ બસસ્ત
દરાન્ કાખ જાઇ બેપર્દાખ્તશ
બનઝદીકીએ ખીશ બેન્શાખ્તશ
બફર્માને ઊ હદયહા પીશ બોરૂદ
ચકાયક બગન્જૂરે ઊ બર શુમોરૂદ
બદ ગોફત ખાકાન્ કે બી ખાસ્તહ
મબાદી તો અન્દર જહાન્ કાસ્તહ
ગર અઝ મન્ તો ખાહી પઝીરોફત ચીઝ
બેગૂ તા પઝીરમ મન્ ઈન્ ચીઝ નીઝ
બગરૂનહ તો અઝ હદયહ રઉશન્ તરી
બદાનન્દગાન્ બર સરાન્ અફસરી
યકી જાએ ખોરૂરમ બેપરદાખ્તન્દ
કે હર ગૂનએ જામહા સાખ્તન્દ
બખાનો શેકારો બબઝ્મો બમય
બનઝદીકે ખાકાન્ બુદી નીકુપય
હમી જોસ્તો રૂઝીશ ખાલી નેયાફત
બમર્દી બગોફતાર અન્દર શેતાફત
બદ ગોફત બહરામ બદ ગઉહરસ્ત
કે અહરીમને બદ કુનેશ બદ તરસ્ત
૫૭ ફેરૂશદ જહાનદીદગાનરા બચીઝ
કે આન્ ચીઝ ગોફતન્ નેયર્ઝદ પેશીઝ
વરા હોરમુઝે તાજવર બર કશીદ
બઅર્ઝેશ કે ખુરશીદ બરતર કશીદ
નદાનેસ્ત કસ દર જહાન્ નામે ઊય
બગીતી બર આમદ હમહ કામે ઊય
ચુ ફર્માન્ રવા શુદ કે ફર્માને ઊય
બેરૂન્ આમદ અઝ અહદો પયમાને ઊય
બશાહનશાહી સર બર આવરદ રાસ્ત
કે ઈરાનો તૂરાન્ સરાસર મરાસ્ત
અગર બા તો બેસ્યાર ખૂબી કનદ
બફર્જામ પયમાને તૂ બેશ્કનદ
ચુનાન્ હમ કે બા શાહે ઈરાન્ શેકસ્ત
ન ખુસ્રવ પરસ્તો ન યઝદાન્ પરસ્ત
ગર ઊરા ફેરેસ્તી બનઝદીકે શાહ
સરે શાહે ઈરાન્ બર આરી બમાહ
વઝાન્ પસ હમહ ચીનો ઈરાન્ તોરાસ્ત
નેશસ્તનગહ આન્ જા કુની કત હવાસ્ત
ચુ ખાકાન્ શનીદ ઈન્ સખુન્ ખીરહ ગશ્ત
દો ચશમશ કે દીદારે ઊ તીરહ ગશ્ત
૫૮ બદ ગોફત ઝીન્ સાન્ સુખુનહા મગૂય
કે તીરહ કુની નઝદે મા આબરૂય
નયમ મન્ બદઅન્દીશો પયમાન્ શેકન્
કે પયમાન્ શેકન્ ખાક યાબદ કફન્
ચુ બેશનીદ ખરરાદે બર્ઝીન્ સોખુન્
બેદાનેસ્ત કાન્ તાઝગી શુદ કોહન્

ફતેહમંદી આપનારા સાહેબ તરફથી તારા ઉપર દુઆ હોજો-અને બીજા પાદશાહોનાં સર તારા પગ નીચે હોજો!"

તે એ પ્રમાણે બોલતો હતો અને ખાકાન સાંભળતો હતો-પછી ખાકાને તેને કહ્યું કે "ઓ દાનાઈ આપનારા મર્દ!

જો ઈરાનમાં તારા સિવાય કોઇ બીજો હોય-તો આસ્માનની ચાલને જાણવા માટે તે એકલોજ બસ છે."

પછી તેને માટે મેહલમાં એક જગ્યા તૈયાર કીધી-અને તેને પોતાની નઝદીક બેસાડયો.

તેના હુકમ પ્રમાણે પેલો હદયો ખાકાનની નઝદીક લઇ જઇ-તે રુપઓ તેના ખઝાન્ચીને ગણી આપ્યો.

ખાકાને તેને કહ્યું કે "ખઝાના વગર-દુન્યામાં તું દુઃખી ના રહેતો.

અગરજો તું મારી તરફથી કોઈ પણ ચીઝ કબૂલ કરશે-અને તે તું માગશે, તોજ હું આ સઘળું કબૂલ કરીશ

નહીં તો એ હદયા કરતાં તો તું પોતેજ વધારે કીમતી છે-અને અકલમંદોનાં સર ઉપરનાં તાજ જેવો છે."

તેને માટે એક સુંદર જગ્યા ખાલી કીધી-અને ત્યાં જાતજાતનાં કપડાંઓ પાંથર્યાં.

શું ખાણાં ઉપર કે શું શિકારમાં કે ખુશીની મજલેસમાં અને મયનોશીમાં-તે નેક કદમનો ખરરાદે બર્ઝીન ખાકાનની નઝદીકજ રહેવા લાગ્યો.

તે તક શોધતો હતો પણ એકુ દિવસ ખાકાનને એકલો મેળવી શકયો નહીં-પણ શેવટે તેણે હિમ્મતથી બોલવા માટે શિતાબી કીધી.

તેણે ખાકાનને કહ્યું કે "બેહરામ બૂરી બુન્યાદનો છે-તે બૂરાં કામ કરનાર એહરેમન કરતાં પણ વધારે બૂરો છે.

જે ચીઝનું બેયાન કરૂં તો તે ચીઝ દમડીને કામની નહીં જણાય-તે ચીઝને માટે દુન્યાના અનુભવી માણસોને તે વેચવા નીકળ્યો છે

તેને તાજવર પાદશાહ હોરમઝદે દરજ્જા ઉપર ચઢાવ્યો-તેનો દરજ્જો ખુરશીદ કરતાં પણ વધારે ઊંચે ચઢાવ્યો.

દુન્યામાં કોઈ તેને જાણતું હતું નહીં-હોરમઝદની મદદથીજ દુન્યામાં તેની તમામ મુરાદ બર આવી.

અને જ્યારે તે પાદશાહનાજ હોકમથી તેને હકૂમત મળી-ત્યારે તેનાંજ ફર્માન અને કોલથી ફરી બેઠો.

અને એકદમ પાદશાહી કરવા માટે સર ઉઠાવ્યું-અને બોલ્યો કે 'ઇરાન અને તુરાન સઘળું મારૂંજ છે.'

તારી સાથે પણ તે ગમે એટલી ખૂબી કરશે તોપણ શેવટે તારૂં વચન તોડશે,

જેમકે તેણે ઇરાનના પાદશાહનું વચન તોડયું છે, તેમજ તે તારૂં તોડશે તે નથી પાદશાહનો તાબેદાર કે નથી યઝદાનનો તાબેદાર,

તેને જો તું પાદશાહની નઝદીક મોકલે-તો તું ઈરાનના પાદશાહનું સર માહતાબ સૂધી ઊંચુ ચઢાવે.

અને પછી તમામ ચીન અને ઈરાન તારૂંજ છે-જ્યાં તું ચાહે ત્યાં રહી શકે."

જ્યારે ખાકાને આ સખુનો સાંભળ્યા ત્યારે અજબ થયો-તેનાં મોં ઉપરની બન્ને આંખો સીઆહ થઈ.

તે બોલ્યો કે "તું એવી વાતો કરતોજ ના-કે જેથી તું મારી નઝદીક આબરૂ ખોહી બેસે

હું બૂરૂં વિચારનારો કે વચન તોડનારો નથી-કારણકે વચન તોડનાર ખાકનું કફન મેળવે છે."

જ્યારે ખરરાદે બર્ઝીને એવા સખુન સાંભળ્યા-ત્યારે તે સમજી ગયો કે કામ બગડી ગયું છે.

બખાકાને ચીન્ ગોફ્તૂ કય શાહ નેઝાહ
બદીનસાન્ સુખુનહા ચે આરી બયાહ
તોરા શાહ બેહતરૂ ઝે ચૂબીનહસ્ત
કે શાહત્ યકી ખીશે દીરીનહસ્ત
બખરૂરાદ ખાકાન્ દેગરૂ બારૂ ગોફ્તૂ
કે ઈન્ રાઝ બીરૂન્ કુનમ અઝ નેહોફ્ત
અગરૂ કયસરે રૂમ પયમાન્ શેકસ્ત
અબા ખુસ્રવ આનગહ કે પયમાન્ બેબસ્ત
મરા નીઝ શાયદ કે ચૂનાન્ કુનમ
અબા ગોર્દે બહરામ દસ્તાન્ કુનમ
મરા હમચુ ખુસ્રવ હઝારાન્ રેહીસ્ત
હમમ ગઉહરૂ અઝ માયએ ફરૂરેહીસ્ત
નેયાઝોરૂદ શાહે તોરા શાહે રૂમ
સેપોર્દશ વરા લશ્કરો ગન્જો બૂમ
ચુ બહરામે જન્ગી કે અઝ જન્ગે ઊય
બદફ્તરૂ નવીસન્દ ફર્હન્ગે ઊય
મરા હસ્ત દામાદો આઝરૂમ જૂય
ચે ગૂનહ કશમ સરૂ ઝે પયમાને ઊય
દેગરૂ બારહ ખરૂરાદ દેલ તન્ગ્ શુદ
બચારહ દરૂન્ સૂએ નયરન્ગ્ શુદ
બઅન્દીશહ બા ખીશતન્ ગોફ્તૂ મરૂદ
કે ખાકાન્ નખાહદ ઝમાન્ યાદ કરૂદ
કે બહરામ દાદશ બઈરાન્ નુવીદ
સખુન ગોફ્તને મન્ શવદ બારે બીદ

ચુ ઉમ્મીદે ખાકાન્ બરૂ તીરહ ગશ્ત
બબીચારગી સૂએ ખાતૂન્ ગુઝશ્ત
હમી જુસ્ત તા કીસ્ત નઝદીકે ઊય
કે રઉશન્ કુનદ જાને તારીકે ઊય
યકી કદખોદાઈ બદસ્ત આમદશ
હમાન્ નીઝ બા ઊ નેશસ્ત આમદશ
સુખુનહાએ ખુસ્રવ બદૂ યાદ કરૂદ
દેલે મર્દે બી બરૂ બરાન્ શાદ કરૂદ
કે નઝદીકે ખાતૂન્ મરા દસ્તગીરૂ
બદાન્ તા શવમ્ બરૂ દરશ બરૂ દબીરૂ
બદૂ ગોફ્તૂ આન્ ચારહગરૂ કદખોદાય
કઝૂ આરૂઝૂહા નેયાયદ બજાય
કે બહરામ ચૂબીનહ દામાદે ઊસ્ત
વઝૂયસ્ત બહરામરા મગ્ઝો પૂસ્ત
તો મર્દે દબીરી યકી ચારહ સાઝ
વઝીન્ નીઝ બા બાદ મુફ્શાય રાઝ
ચુ ખરૂરાદે બર્ઝીન્ શનીદ ઈન્ સખુન
ન સરૂ દીદ તીમારે ઊરા ન બુન
યકી તુરૂક બુદ પીરૂ નામશ કલૂન
કે તુર્કાન્ વરા દાશતન્દી ઝબૂન
હમી પૂસ્તીન્ બૂદ પૂશીદનશ
ઝે અર્ઝન્ બુદી નીઝ નૂશીદનશ
બતન્ બૂદ ખીશે મકાતૂરહ યઊ
સરશ બુદ ઝે બહરામ દરૂ ગોફ્તગૂય

તેણે ફરી ખાકાને ચીનને કહ્યું કે "એ પાદશાહી બુન્યાદના શખ્સ!-તું એવી રીતના સખુનો શા માટે બોલે છે?

તારા બાબમાં તો ચોબીનેના કરતાં તે પાદશાહજ ભલો છે કે જે પાદશાહ તારો એક જૂનો ખેશી છે."

ખાકાને ખરરાદે બર્ઝીનને બીજી મરતબે કહ્યું-કે "હું મારાં દિલનો ભેદ ઝાહેર કરી કહું છું,

કે જે કયસરે રૂમે જે વખતે કે ખુસરૂ સાથ કોલકરાર કીધા તે વખતે તેની સાથનો કોલ તોડી નાખ્યો,

તો શું મને પણ લાયક છે કે તેમજ કરૂં-અને પેહલવાન બેહરામ સાથ ફરેબ રમું?

ખુસરૂ જેવા તો મારા હઝારો નોકરો છે-તેમજ મારૂં ખાન્દાન દબદબાભરી બુન્યાદથી ઉતરી આવેલું છે.

તારા શાહને રૂમના પાદશાહે કશું દુઃખ દીધું હતું નહીં-તેને લશકર, મુલક તથા ખઝાનાની મદદ આપી હતી,

તો લડાયક બેહરામ જેવો કે જેની લડાઇ માટેની-અને જેની વિદ્વત્તા માટે દફતરોમાં નોંધ લેવાય છે,

અને જે મારો જમાઈ અને સુલેહનો ફેલાવનારો છે-તેના વચનથી હું કેવી રીતે સર ફેરવું?"

ખરરાદ બીજી મરતબે પણ દિલગીર થઈ ગયો-હવે તે કાંઈ પણ ઉપાય કરવામાં ફરેબ દેવા તરફ ઢળ્યો.

તે વિચાર કરતાં પોતાનાં મનસે બોલ્યો-કે "ખાકાન ગયલા વખતની વાતો કરવાનો નથી.

કારણકે બેહરામે તેને ઇરાન આપવા માટેની આશા આપેલી છે-તેથી મારે તેની સાથ વાત કરવી એ બેદનાં ઝાડને ફળ લાગવા જેવું થશે (યાને ફોકટ જશે)."

જ્યારે ખાકાન તરફથી કાંઇ પણ આશા તેને નહીં મળી-ત્યારે લાચારીએ તેના વિચાર રાણી તરફ ફર્યા.

તે શોધ કરવા લાગ્યો કે "તેણીની નઝદીક કોણ કોણ રહે છે-કે જેનાથી રાણીનો જીવ ખુશહાલ બને છે?"

એમ કરતાં એક કારભારી તેને મળી આવ્યો તેમજ તેની સાથ તેને ઉઠવું બેસવું પણ થવા લાગ્યું.

તે તેની આગળ ખુસરૂની વાતો કરવા લાગ્યો-અને તેમ કરી તે ફાયદા વગરના શખ્સનું દિલ ખુશહાલ કરવા લાગ્યો.

તે બોલ્યો કે "રાણીને તું મારી ભલામણ કર-કે જેથી હું તેણીના મેહલમાંનો મુન્શી બનું."

ત્યારે પેલા યુક્તિબાઝ કારભારીએ જવાબ દીધો-કે "તે રાણીથી તારી આવી રીતની મતલબ પાર પડશે નહીં.

કારણકે બેહરામ ચોબીનેહ તેનો જમાઇ થાય છે-અને તે રાણીથીજ બેહરામને મઝબૂતી છે.

તું શીખેલો ભણેલો છે તો કાંઇ બીજીજ યુક્તિ કર-અને આ વાતની ખબર પવનને પણ પડવા દેતો ના."

જ્યારે ખરરાદે બર્ઝીને એવું સાંભળ્યું-ત્યારે પેલાની દિલસોઝીનું ધડ કે પૂછડું તેને દેખાયું નહીં.

હવે એક કલૂન નામનો બુઢ્ઢો તુર્કી હતો-કે જેને સઘળા તુર્કીઓ ઘણોજ હલકો ગણતા હતા.

તેનો સઘળો પોશાક ચામડાંનો હતો-અને તેનો ખોરાક પણ બાજરીનો હતો.

તે મકાતૂરેહનો સગો થતો હતો-જેથી તેનું સર બેહરામને મારેનાજ વિચારથી ભરેલું હતું.

હમીશહ બદેલ કીને ઊ દાશ્તી
ઝબાન પુર્ ઝે નફ્રીને ઊ દાશ્તી
મકાતૂરહ ચૂન ગશ્ત કોશ્તહ બઝાર્
અઝર્ દસ્તે બહ્રામ આન્ ફ્રુગાર્
કલુન્‌રા હેલ અઝ દર્દ જૂસાન્ બુદી
શબો રૂઝ અઝ ગમ ખોરુશાન્ બુદી
૬૧ ફસીરા ફેરેસ્તાદો ઊરા બેખાન્દ
બદાન્ નામવર્ જાયગાહશ નેશાન્દ
મરૂશ દેરમ દાદો દીનાર્ દાદ
હમાન્ પૂશેશો ખુર્દે બેસ્યાર્ દાદ
ચુ બર્ ખાન્ નેશસ્તી વરા ખાન્દી
બરે નામદારાન્‌શ બેન્શાન્દી
પુર્ અન્દીશહ બુદ મર્દે બેસ્યાર્ દાન્
શેકીબા દેલો ઝીરકો કારૂદાન્
વઝાન્ રૂય બા કદખોદાએ સરાય
ઝે ખાતૂને ચીની હમી ગોફ્ત રાય
હમાન્ પીશે ખાકાન્ બરૂઝો બશબ્
ચુ રફ્તી હમી દાશ્તી બસ્તહ લબ
ચુનીન ગોફ્ત બા મેહ્તર્ આન્ મર્દે પીર્
કે ચૂન તૂ સરફ્રાઝ મર્દે દબીર્
અગર્ દર્ પેઝેશ્કીત બહ્રહ બુદી
વગર્ નામત અઝ દૂર્ શહ્રહ બુદી
યકી તાજ બૂદી અઝાન્ બર્ સરશ
બવીઝહ કે બીમાર્ શુદ દુખ્તરશ
બદુ ગોફ્ત કાન્ દાનેશમ નીઝ હસ્ત
ચુ ગૂઈ બેસાયમ બરીન કાર્ દસ્ત
૬૨ બેશુદ પીશે ખાતૂન્ દવાન્ કદખોદાય
કે દાના પેઝેશ્કી નવ આમદ બજાય
બદુ ગોફ્ત શાદાન્ ઝીઓ નૂશ ખર્
બેયારશ મખાર્ અન્દરીન્ કાર્ સર્
બેયામદ બખર્રાદે બર્ઝીન્ બેગોફ્ત
કે ઇન્ રાઝ બાયદ કે દારી નેહોફ્ત
બેરવ પીશે ઊ નામે ખુદરા મગૂય
પેઝેશ્કી કુન્ અઝ ખીશતન તાઝહ રૂય
બનઝદીકે ખાતૂન શુદ આન્ ચારહગર્
તબહ દીદ બીમારે ઊરા જેગર્
બેફર્મૂદ તા આબે નાર્ આવરન્દ
હમાન્ તરૂરએ જૂયબાર્ આવરન્દ
કુજા તરૂરહગર્ કાસ્ની ખાનદશ
તપશ ખારેત કઝ કલબ્ બેન્શાનદશ
બફર્માને યઝદાન્ ચુ શુદ હફ્ત રૂઝ
શુદ આન્ દુખ્ત ચૂન માહે ગીતી ફેરૂઝ
બેયાવર્દ દીનાર્ ખાતૂન ઝે ગન્જ
યકી બદરહો જામહ ઝરબફ્ત પન્જ
બદુ ગોફ્ત કીન્ નાસઝાવાર્ ચીઝ
બેગીરો બેખાહ આન્ચે બાયદત નીઝ
૬૩ ચુનીન દાદ પાસોખ કે ઇન્‌રા બેદાર્
બેખાહમ હરાન્‌ગહ કે આયદ બકાર્
વઝાન્ રૂય બહ્રામ શુદ તા બમર્વ
બેયારાસ્ત લશ્કર્ ચુ પર્રે તઝર્વ

તે હમેશે પોતાનાં દિલમાં તેનોજ કીનો રાખતો હતો-અને તેની ઝબાન તેને માટેની લઅનતથીજ ભરેલી હતી.

જે દાહડેથી કે મકાતૂરેહ બેહરામના હાથ ઉપર ખુવારીથી માર્યો ગયો હતો,

તે દહાડેથી કલૂનનું દિલ દુઃખથી ઉસ્કેરાયલું હતું-અને રાત દિવસ તે ગમથી ગોકારતો હતો.

આથી ખર્રાદે એક જણને મોકલી તેને તેડાવી મંગાવ્યો-અને સારી જગ્યાએ તેને બેસાડયો.

તેને દિરમ અને દીનાર બક્ષેશ કીધા-તેમજ ઘણાંક કપડાં અને ખોરાક પણ પુરો પાડયો.

જ્યારે પોતે ખાણા ઉપર બેસતો ત્યારે તેને બોલાવતો અને તેને પોતાના નામદારોની પાસે બેસાડતો.

તોપણ તે હુશ્યાર, સબુરીવાળો, દાના અને અનુભવી મર્દ અંદેશા ભરેલોજ રહેતો હતો.

પેલી તરફ પેલા મેહલના કારભારી સાથ ચીનની રાણી માટેની વાતચિત રાખતો હતો.

તેમજ જ્યારે તે રાત દહાડો ખાકાનની નઝદીક જતો ત્યારે તે એ બાબતની કશી વાત કાઢતો ન હતો.

એક દહાડે પેલા બુઢા મર્દે ખર્રાદને કહ્યું કે "તારા જેવો એક નામદાર વિદ્વાન શખ્સ,

જો દવાદારૂમાં કંઈ સમજતો હતે અને તારૂં નામ દૂર દેશથી વખણાયલું હતે,

તો તેને લીધે તું તેણીનાં સર ઉપરનું એક તાજ બનતે-કારણકે રાણીની બેટી બીમાર પડી છે"

ખર્રાદ બોલ્યો કે "તે વિદ્યા પણ હું ધરાઉં છું-જો તું કહે તો હું એ કામ ઉપર હાથ નાખું."

તે કારભારી દોડતો કે રાણીની આગળ ગયો-અને કહ્યું કે "એક નવો દાનાઈ ભરેલો વેદ આવ્યો છે."

રાણી બોલી કે "તું ખુશહાલ જીવતો રહેજે અને સારી રોઝી મેળવજે-આ કામમાં જરા પણ ઢીલ કર્યા વગર તેને લઇ આવ."

પેલા શખ્સે આવીને ખર્રાદે બર્ઝીનને કહ્યું કે "તને ઘટે છે કે આ ભેદ છૂપોજ રાખે.

તું તેણીની નઝદીક જા પણ પોતાનું નામ ના કહેતો ત્યાં તું ખુશહાલ પોતાનું વૈદું ચલાવ"

તે યુક્તિબાઝ શખ્સ રાણીની નઝદીક ગયો-તેણે તે બીમારનું કલેજું ખરાબ થએલું જોયું.

તેણે દાડમનો રસ કાઢી લાવવાનો તેમજ નદીને કિનારે થતી ભાજી લાવવાનો હોકમ કીધો.

કે જે ભાજીને બાગવાળો "કાસ્ની" કરીને કહે છે-અને જે દિલની ગર્મીને નરમ પાડી દીયે છે.

ખુદાના હુકમથી જ્યારે આઠ દહાડા વીત્યા-ત્યારે તે બેટી દુન્યાને રોશન કરનાર માહતાબ જેવી પાછી બની.

આથી પેલી રાણી પોતાના ખઝાનામાંથી દીનારની એક થેલી અને પાંચ કસબી પોશાક લઇ આવી.

અને બોલી કે "આ નજીવી જેવી ચીઝો-તું લે અને બીજું જે જોઇયે તે માગ."

ત્યારે ખર્રાદે એવો જવાબ આપ્યો કે "એ ચીઝોને તારીજ પાસે રહેવા દે-જ્યારે મને કામ પડશે ત્યારે હું માગીશ."

હવે પેલી તરફ બેહરામ રાની મરઘાની પાંખ માફક લશ્કર સંગારી મર્વ સૂધી ગયો.

કસ આમદ બખાકાન્ કે અઝ તુર્કો ચીન્
મમાન્ તા કસ આયદ બઈરાન્ ઝમીન્
કે આગાહીએ મા બખુસવ્ બરદ
વશ આન્ સખુન્ હદયએ નવ્ બરદ
મનાદીગરી કરૂદ ખાકાને ચીન્
કે બી મોહુરે મા કસ બઇરાન્ ઝમીન્
શવદ મન્ મેયાનશ કુનમ બરૂ દુનીમ
બયઝદાન્ કે નકૂશમ ઊશ બસીમ
હમા બૂદ ખરૂરાદે બર્ઝીન્ દો માહ
હમી દાશ્ત આન્ રાઝહારા નેગાહ
બતન્ગી દેલ્ અન્દરૂ કલૂનરા બેખાન્દ
બદાન્ નામવરૂ પીશગાહશ નેશાન્દ
બદૂ ગોફ્ત રૂઝી કસ અન્દરૂ જેહાન્
નદારદ દેલી બી ઘમ અન્દરૂ નેહાન્
તો નાને જવો અર્ઝનો પૂસ્તીન્
ફેશાવાન્ બેજોસ્તી ઝે હરૂ કસ બચીન્
કુનૂન્ ખુર્દનીહાત નાનો બરહ
હમાન્ પૂશેશત જામહાએ સરહ
ચુનાન્ બૂદ યકૂચન્દો અકૂનૂન્ ચુનીન્
ચે નફ્રીન્ શનીદીઓ ચેહ આફ્રીન્
કુનૂન્ રૂઝગારે તો બરૂ સદ ગુઝશ્ત
હમાના કે સાલે તો બેસ્યારૂ ગશ્ત
યકી કારૂ દારમ તોરા બીમનાક
અગરૂ તખ્ત યાબી અગરૂ તીરહ ખાક
સેતાનમ યકી મોહુરે ખાકાને ચીન્
ચુનાન્ રવ્ કે અન્દરૂ નવર્દી ઝમીન્
બનઝદીકે બહરામ બાયદ શુદન્
બમર્વંત ફેશાવાન્ બેબાયદ બુદન્
બેપૂશી હમાન્ પૂસ્તીને સેયાહ
યકી કારૂદ બેસ્તાનો બેન્વરૂદ રાહ
નેગહ દારૂ અઝ માહ બહરામ રૂઝ
બેરવ્ તા દરે મર્દે ગીતી ફેરૂઝ
વય ઇન્ રૂઝરા શૂમ દાનદ બફાલ
નેગહ દાશ્તસ્તીમ બેસ્યારૂ સાલ
નખાહદ કે અન્બૂહ બાશદ બરશ
બદીબાએ રૂમી બેપૂશદ બરશ
ચુનીન્ ગૂય કઝ દુખ્તે ખાકાન્ પયામ
રસાનમ બરીન્ મેહતરે શાદકામ
હમાન્ કારૂદ દરૂ આસ્તીન્ બરૂહનહ
હમી દારૂ તા ખાનદત યકૂ તનહ
ચુ આઈ બનઝદીકે ચૂબીન્ ફરાઝ
ચુનીન્ ગૂય કાન્ દુખ્તરે સરફરાઝ
મરા ગોફ્ત ચૂન્ રાઝ ગૂઈ બગૂશ
સુખુનહા ઝે બીગાનહ મરૂદુમ બેપૂશ
ચુ ગૂયદ ચે રાઝસ્ત બા મન્ બેગૂય
તો બેશતાબો નઝદીકે બહરામ પૂય
બેઝન્ કાર્દો નાફશ સરાસરૂ બેદરૂ
બઝાન્ પસ બેજહ ગરૂ બેયાબી ગુઝરૂ
હરાન્ કસ કે આવાઝે ઊ બેશનવદ
ઝે પીરો સેપહબુદ બઆખુરૂ દવદ

એક માણુસે આવી ખાકાનને ખબર કીધી કે "તું તુરકેસ્તાન અને ચીનમાંથી કોઇને પણ ઈરાન તરફ જવા દેતો ના.

નહીં તો કે તે આપણુની સઘળી ખબર ખુસરૂની આગળ લઈ જશે-અને તેને આપણી વાતોનો નવો હદયો આપશે."

આથી ખાકાને ચીને દાંડી પીટાવી-કે "મારી પર્વાનગી વગર કોઈ ઈરાન ઝમીનમાં,

દાખેલ થશે તો હું તેની કમરના બે ટૂકડા કરીશ-પાક યઝદાનના કસમ કે હું તેને ગમે એટલીબી દંડની રકમથી જતો મૂકીશ નહીં."

ખરરાદે બર્ઝીન ત્યાં બે મહિના થોભી ગયો-તે સઘળી વાતો છૂપીજ રાખતો હતો.

હવે તેણે આવી મુશ્કેલીના વખતમાં કલૂનને બોલાવ્યો-અને તેને ઊંચી બેઠક ઉપર બેસાડયો.

અને બોલ્યો કે "આ દુન્યામાં કોઇ શખ્સ એક દહાડોબી ગમથી નિરાળો રહેતો નથી.

તેં જવની અને બાજરીની રોટલી તેમજ પેહેરવા માટે ચામડાં-ચીનમાં દરેક પાસથી ઘણાં માંગ્યાં હતા,

હવે તારો ખોરાક રોટલી અને હલવાનનો બન્યો છે-તેમજ તારો ૬૪
પોશાક સારાં સારાં કપડાંનો થયો છે.

થોડોક વખત તેમ હતું અને હવે એમ બન્યું છે-તેં કેવી કેવી લઅનતો સાંભળી હતી અને હવે કેવી તારીફ સાંભળે છે?

હાલ તારી ઉમર સો ઉપરની થઇ છે-અને બેશક કે તને ઘણાં વર્ષ ભરાઇ ગયાં છે.

હમણા મને તારે માટેનું એક ધાસ્તી ભરેલું કામ આવી પડયું છે-જેમાં અગર તું તખ્ત મેળવે કે યાતો સીઆહ ખાક મેળવે.

હું ખાકાને ચીનની પર્વાનગી મેળવું-અને પછી તું એવી ઝડપે જા કે જાણે સઘળો રસ્તો પુરોજ કીધો.

તને બેહરામ આગળ જવું જોઇયે-અને મર્વમાં ઘણો વખત થોભવું જોઇયે.

પેલુંજ કાળું ચામડું પેહેરજે-સાથે એક છરી લેજે અને તારો રસ્તો કાપજે.

અને મહિનાનો બેહરામ રોઝ આવે તે વખતે ધ્યાન રાખજે-તે દહાડે તે દુન્યાને રોશન કરનારા મર્દની દરગાહમાં જજે.

તે એ દહાડાને ઘણોજ નેહસ્તી ગણે છે-એમ હું ઘણાં વર્ષો તલક જોતો આવ્યો છું.

એ દહાડે લોકો તેની આગળ જાય એવું એ ચાહતોજ નથી-તે વખતે તે રૂમી રેશમી કપડાંનો પોશાક પેહેરે છે.

તે દહાડે તું જઈ તેને એમ કહેજે કે 'ખાકાનની બેટીનો પયગામ- ૬૫
તું મુરાદમંદ સરદારને પુગાડવા માગું છું.'

તું પેલી છરીને તે તને પોતાની આગળ એકલો બોલાવે ત્યાં સુધી તારી બાંયમાં છુપીજ રહેવા દેજે.

અને જ્યારે તું ચોબીનની છેક પાસે જાય-ત્યારે તું એમ કહેજે કે તે સરફરાઝ બેટીએ,

મને કહ્યું છે કે જ્યારે તું આ ભેદની વાત તેના કાનમાં કહે-ત્યારે તે વાત પારકા માણસથી છૂપી રીતે કહેજે.'

જ્યારે તે તને પૂછે કે 'તે ભેદ શું છે તે મને કહે?'-ત્યારે તું શોતાબી કરજે અને બેહરામની નઝદીક દોડજે.

અને તેને છરી મારજે અને તેની દુંટી સઘળી ચીરી નાખજે-અને પછી જો લાગ ફાવે તો કૂદીને નાસી જજે.

જે કોઇ કે તેનો છેલ્લોજ આવાઝ સાંભળશે-તે સરદાર બેહરામ આગળથી તબેલામાં દોડી જશે.

ચહી સૂએ અસ્પો ચહી સૂએ ગન્જ
નેયાયદ કે કોશતન્ બરૂએ તો રન્જ
વગરૂ ખુદ કોશન્દત જહાન્ દીદઈ
હમહુ નીકો બદહા પસન્દીદઈ
વદીગરૂ કે બદહિશ્તી શીને ખીશ
બજાય આવરીદી તો આઈને ખીશ
૬૬ હમાના બતૂ કસ નપર્દાઝદી
કે બા તૂ બહાનગહુ બદી સાઝદી
ગરૂ અયદન્ કે યાબી ઝે કોશતન્ રહા
જહાન્રા ખરીદીઓ દાદી બહા
તોરા શાહુ પર્વીઝ શહુરી દેહદ
હમાન્ અઝ્. જહાન્ નીઝ બહુરી દેહદ

એકુ જણુ તેનો ઘોડો લેવા દોડશે ત્યારે બીજો કોઇ તેનો ખઝાનો હાથ કરવા દોડી જશે-જેથી તેને મારી નાખવા પછી તારી ઉપર કસી સખ્તી આવશે નહીં.

તેમ કરતાં જો તેઓ તને મારી નાખશે તો તેં દુન્યા તો સઘળી જોઈ લીધી છે-અને તેનું સારૂં માઠું સઘળું તું ચાખી ચૂકયો છે.

વળી તેને મારવાથી તેં પોતાનો કીનો લીધેલો ગણાશે-અને તેં પોતાની ફર્ઝ બજાવેલી કહેવાશે.

ઘણું કરીને તો કોઇ તારી સાથ લડવા મશગૂલ થશેજ નહીં-કે તે વખતે તને કશી ઈજા પુગાડે.

તેને મારી નાખી જો તું જીવતો બચી આવશે-તો તેં દુન્યા ખરીદ કીધેલી અને તેના કીમત આપેલી ગણાશે.

તને પાદશાહ ખુસરૂ પર્વીઝ એકુ શેહર બક્ષેશ આપશે-તેમજ પોતાના દેશમાંથી એકુ હિસ્સો પણ આપશે."

કોશતહ્ શુદને બહ્રામ્ ચૂબીનહ્ બદસ્તે કલૂન્ બચારએ ખર્રાદે બર્ઝીન્.

——:o:——

ચુનીન્ ગોફ્તૂ બા મર્દે દાના કલૂન્
કે અફ્નૂન્ બેબાયદ ચહી રહુનમૂન્
હમાના મરા સાલ બરૂ સદ રસીદ
બબીચારગી ચન્દ ખાહમ કશીદ
ફેદાએ તો બાદા તનો જાને મન્
હમીન્ નઝદે તૂ બાદ પયમાને મન્
ચુ બેશનીદ ખર્રાદે બર્ઝીન્ દવીદ
અઝાન્ ખાનહુ તા પીશે ખાતૂન્ રસીદ
બદૂ ગોફ્તૂ આમદ ગહે આરૂઝૂય
બેગૂયમ તોરા અય ઝને નીકૂખૂય
બેબન્દન્દ અઝાન્ સૂય કસહાએ મન્
સઝદ ગરૂ કુશાદહુ કુની પાએ મન્
ચહી મોહુરૂ બેસતાન્ ઝે ખાકાન્ મરા
ચુનાન દાન્ કે બખ્શીદઇ જાન્ મરા
૬૭ બદૂ ગોફ્તૂ ખાતૂન્ કે ખોફ્તસ્ત મસ્ત
મગરૂ ગેલ નેહમ્ બરૂ નેગીનશ બદસ્ત
ઝે ખર્રાદે બર્ઝીન ગેલે મોહુરૂ ખાસ્ત
બબાલીને મસ્ત આમદ અઝ્ હુજરહુ રાસ્ત

ગેલ અન્દરૂ ઝમાન્ બરૂ નેગીનશ નેહાદ
બેયામદ બદાન્ મરૂદ જૂયન્દહુ દાદ
બરૂ આફરીન્ કરૂદ મર્દે દબીરૂ
બેયામદ સેપોરૂદ આન્ બદાન્ મર્દે પીરૂ
કલૂન્ બેસ્તદ આન્ મોહુરો હમચુ તઝરૂવ
બેયામદ ઝે શહુરે કશાન્ તા બમરૂવ
હમી બૂદ તા રૂઝે બહુરામ બૂદ
કે બહુરામરા આન્ ન પદરામ બૂદ
બખાનહુ દરૂન્ બૂદ બા યક રેહી
નેહાદહુ બરશ સીબો નારો બેહી

ખરરાદે બર્ઝીનના ચારાથી બેહરામ ચોબીનેહનું કલૂનના હાથ ઉપર માર્યું જવું.

——:o:——

તે દાના મર્દને કલૂને એવો જવાબ દીધો-કે "હાલ મને એકુ રેહનુમાની અગતજ છે.

તું જાણ કે મારી ઉમર સો ઉપર વર્ષની થઇ છે-અને કોણ જાણે છે કે એવી લાચાર હાલતમાં બીજી કેટલી ઉમર કાઢીશ?

મારૂં તન અને મારો જીવ તારીજ ઉપર ફિદા હોજો!-તેમજ આ મારૂં વચન તારી નઝદીક કાયમ રહેજો!"

જ્યારે ખરરાદે બર્ઝીને એવું સાંભળ્યું ત્યારે તે ત્યાંથી દોડયો અને ખાતૂનની નઝદીક જઇ પહોંચ્યો.

અને તેણીને કહ્યું કે "ઓ નેક ખસ્લતની બાનૂ!-તારી પાસ મારો માગવાનો વખત આવ્યો છે અને તે હું માગું છું.

મારાં માણસોને પેલી તરફ બેડી પેહેરાવશે-માટે મારા પગને બેડીથી છુટા કરે તો સારૂં.

મારે માટે તું ખાકાન પાસેથી મોહર સાથનો પર્વાનો લે-તું એમ જાણ કે તેં મને જીવતદાન બક્ષેશ કર્યું"

ખાતૂને તેને કહ્યું કે "તે મસ્ત થઇ સૂતેલો છે-તેટલાં હું તેના હાથમાંની મોહર ઉપર લાખ લગાડી લઈશ."

તેણીએ ખરરાદે બર્ઝીન પાસેથી સીલ કરવાની લાખ માગી લીધી-અને પોતાના ઓરડામાંથી પરભારી પેલો મસ્ત થઈ પડેલો હતો તેનાં બિછાના આગળ આવી.

અને તુરતજ પેલી લાખ તેનાં સીલ ઉપર દાબી-અને પાછો આવી પેલા ખાહેશમંદ શખ્સને હવાલે કીધી.

મુન્શી ખરરાદે તેની ઉપર દુઆ કીધી-અને તે લઇ આવી પેલા બુઢ્ઢા મર્દને સોંપી આપી.

કલૂને તે મોહર સાથનો પર્વાનો લીધો અને તીતરની માફક-ઝડપ કરતો કશાન શેહરથી મર્વ સૂધી આવી લાગ્યો.

તે બેહરામ રોઝ આવ્યો ત્યાં સૂધી થોભી ગયો-કે જે દહાડો બેહરામને માટે ખુશહાલી ભરેલો નહીં હતો.

બેહરામ પોતાના ઓરડામાં એક નોકર સાથે બેઠેલો હતો-તેની આગળ સેબ, દાડમ અને બેહીનાં ફળો મૂકેલાં હતાં.

કલ્લૂન રફ્તુ તનહા બદરૂગાહે ઊય
બદરૂબાન્ ગુનીન્ ગોફ્તુ કય નામજૂય
મન્ અઝ્ દુખ્તે ખાકાન્ ફેરેસ્તાદહુ અમ
ન જન્ગી કસી અમ્ ન આઝાદહુ અમ્
યકી રાઝ્ ગોફ્તુ આન્ ઝને પારૂસા
બદાન્ તા બગુયમ્ બદીન્ પાદશા
કે અઝ્ બહુરે ઊ અઝ્ દરે બરેતનસ્તુ
હમાન્ નીઝ્ બીમારો આબસ્તનસ્તુ
અરૂ આગહુ કુની તા રસાનમ્ પયામ
બદાન્ તાજ્વરૂ મેહુતરે નીકુનામ્
બશુદ પર્દહુદારે ગેરામી દવાન્
ચુનીન્ તા દરે ખાનએ પહુલવાન્
ચુનીન્ ગોફ્તુ કામદ યકી બદ નશાન્
ફેરેસ્તાદઈ પૂસ્તીની કશાન્
હમી ગૂયદ અઝ્ દુખ્તે ખાકાન્ પયામ
રસાનમ્ બદીન્ મેહુતરે શાદકામ
ચુનીન્ ગોફ્તુ બહુરામ્ કૂરા બગૂય
કે હમ ઝાન્ દરે ખાનહુ બેન્માય રૂય
બેયામદ કલ્લૂન તા બનઝદીકે દરૂ
ઝે ગાફે દરે ખાનહુ બેન્મૂદ સરૂ
ચુ દીદશ યકી પીરૂ બુદ સુસ્તો ઝારૂ
બદૂ ગોફ્તુ અગરૂ નામહુ દારી બેયારૂ
કલ્લૂન ગોફ્તુ શાહા પયામસ્તો બસ
નખાહમ્ કે ગૂયમ્ સખુન્ પીશે કસ
વરા ગોફ્તુ શૂદ અન્દરૂ આઈ બગૂય
બગૂશમ્ નેહાની બહાનહુ મજૂય
કલ્લૂન રફ્તુ બા કારૂદ દરૂ આસ્તી
પદીદારૂ શુદ કઝ્ઝીઓ કાસ્તી
હમી શુદ કે તા રાઝ્ ગૂયદ બગૂશ
બઝદ દશનહુ દરૂ ખાનહુ બરૂ શુદ ખોરૂશ
ચુ બહુરામ્ ગોફ્તુ આહુ મરૂદુમ ઝે રાહુ
બેરફ્તન્દ પૂયાન્ બનઝદીકે શાહુ
ચુનીન્ ગોફ્તુ કીન્રા બગીરીદ ઝૂદ
બપુર્સીદ ઝૂ તા કે રાહશ નમૂદ
બેરફ્તન્દ હરૂ કસ કે બુદ દરૂ સરાય
મરાન્ પીરૂ સરૂરા કશીદન્દ પાય
હમહુ ચેહુતરાન્ ઝૂ બરૂ આશૂફ્તન્દ
બસીલીઓ મુશ્તશ હમી કૂફ્તન્દ
હમી ખુરૂદ સીલીઓ નુફ્શાદ લબ્
હમ અઝ્ નીમએ રૂઝ્ તા નીમ શબ્
ચુનીન્ તા શેકસ્તહુ શુદશ દસ્તો પાય
ફેગન્દન્દશ અન્દરૂ મેયાને સરાય
બનઝદીકે બહુરામ્ બાઝ્ આમદન્દ
જેગરૂ ખસ્તહો પુરૂ ગોદાઝ્ આમદન્દ
હમી રફ્તુ ખૂન્ અઝ્ તને ખસ્તહુ મરૂદ
લબાન્ પુરૂ ઝે બાદો રૂખાન્ લાજ્વરૂદ
બેયામદ હમ અન્દરઝમાન્ ખાહરશ
હમહુ પાક બરૂ કન્દ મૂએ સરશ
નેહાદ આન્ સરે ખસ્તહુરા દરૂ કેનારૂ
હમી કરૂદ પસ મૂયએ ઝારૂ ઝારૂ

કલ્લૂન એકલો તેની દરગાહમાં ગયો-અને દરબાનને કહ્યું કે "ઓ નામદારી શોધનારા શખ્સ!

હું કોઈ લડાયક શખ્સ નથી તેમજ કોઇ અમીરઝાદો પણ નથી-હું તો ખાકાનની બેટીનો મોકલેલો એક માણુસ છું.

તે પરહેઝગાર સ્ત્રીએ કાંઇ છૂપી વાત કહી છે-જે-હું આ પાદશાહ બેહરામને કહેવા માગું છું.

બાહેર આવાઝ નહીં જાય માટે બંદ બારણે કહેવું છે-વળી તેણી ૬૮
બીમાર છે અને હમેલદાર છે.

માટે જો તું તેને ખબર કરે, તો હું તે નેકનામ તાજવર સરદારને પયગામ પહોંચાડું."

પેલો બુઝોર્ગ ચોકીબાન પેહલવાન બેહરામના ખાનગી મકાન સૂધી દોડતો કે ગયો.

અને બોલ્યો કે "કોઇ એક ચીથરેહાલ ચામડાંના પોશાકવાળો કાસેદ આવ્યો છે.

તે કહે છે કે 'ખાકાનની બેટીનો પયગામ-તે મુરાદ પામેલા સરદારને પહોંચાડવા માગું છું.'"

બેહરામે કહ્યું કે "તું તેને કહે-કે આ ઓરડાનાં બારણામાંથી પોતાનું મોઢું દેખાડે"

કલ્લૂન દરવાઝા સૂધી આવ્યો-અને બારણાના ખાંચામાંથી પોતાનું મોઢું દેખાડયું.

જ્યારે તેને જોયો તો તે એક મુરદાલ બુઢ્ઢો હતો-બેહરામે તેને કહ્યું કે "કાંઇ કાગઝ લાવ્યો હોય તો આપ."

કલ્લૂન બોલ્યો કે "ઓ પાદશાહ! ફકટ મોઢેનો પયગામજ છે બીજું કાંઇ નથી-અને તે પયગામ હું કોઇના દેખતાં કહી શકતો નથી."

બેહરામે તેને કહ્યું કે "શેતાબ અંદર આવ અને મારા કાનમાં કહે, કાંઈ આનાકાની ના કર."

કલ્લૂન બાંયમાં છરી લઇને ગયો-તેનું સઘળું ખોટારૂં અને જૂઠાણું ૬૯
ખુલ્લું થઈ ગયું.

જેવો તે કાન આગળ છૂપી વાત કહેવા ગયો તેવીજ તેને છરી ભોકી દીધી અને તે ઓરડામાં પોકાર ઉઠયો.

જ્યારે બેહરામે દુઃખની હાય મારી ત્યારે બાહેરના માણુસો-દોડતાં કે પાદશાહ આગળ ગયાં.

બેહરામે કહ્યું કે "તમો એને તુરત પકડો-અને તેને પૂછો કે તને એવો રસ્તો કોણે બતાવ્યો?"

તે મકાનમાં જે લોકો હતા તેઓ ગયા-અને તે બુઢ્ઢાને ખેંચી લાવ્યા.

સઘળા નોકરો તેની ઉપર છેડાઈ પડયા-અને તેને તમાચા અને મુક્કીથી ખોખરો કરવા લાગ્યા.

તેણે બપોરથી અરધી રાત સૂધી તમાચા ખાધા પણ જરા બોલ્યો નહીં.

એમ કરતાં તેના હાથ પગ ભાગી ગયા-અને તેઓએ તેને તે મકાનના વચલા ભાગમાં નાખી મૂકયો.

તેઓ ઝખ્મી જીગરે અને રડમસ થયલા-બેહરામની નઝદીક પાછા આવ્યા.

તે ઝખ્મી થયલા શખ્સનાં શરીરમાંથી લોહી જતું હતું-તેના હોઠો હાયથી ભરેલા અને ગાલો ફિક્કા પડી ગયા હતા.

તેવામાં તેની બેહેન આવી લાગી-તેણીએ પોતાનાં માથાંનાં સઘળા ૭૦
બાલ પીખી નાખ્યા.

તે ઝખ્મી થયલા ભાઇનાં માથાંને પોતાના ખોળામાં લીધું-અને પછી ઝાર ઝાર રડવા લાગી.

હમી ગોફ્ત ઝારૂ અય સવારે દેલીરૂ
જે તૂ બીશાહુ બુગ્ઝાશ્તી નરૂશહુ શીરૂ
કે બોરૂદ ઈન્ સોતૂને જહાન્શા જે જાય
કે અફ્ગન્દ પીલે જેયાન્શા જે પાય
અલા યા સવારા સેપહ્બુદ તના
જહાન્ગીરે બી બાક્ શીરૂ અફ્ગના
ન ખુસ્રવ પરસ્તી ન યઝદાન્ પરસ્ત
તને પીલવારે સેપહ્બુદ બેખસ્ત
આલા યા બરૂ આવર્દેહુ કુહે બલન્દ
જે દર્યાએ ખૂશાબ્ બીખત કે કન્દ
કે કન્દ ઈન્ ચુનીન્ સબ્ઝ સર્વે સેહી
કે અફ્ગન્દ ખારૂ ઈન્ કોલાહે મેહી
કે આગન્દ નાગાહ દર્યા બખાક્
કે અફ્ગન્દ કુહે રવાન્ દરૂ મધાક્
ધરીબામો તનહાઓ બી દસ્તો યારૂ
બશહ્રે કસાન્ દરૂ બેમાનીમ ખારૂ
૭૧ હમી ગોફ્તમ અય મેહ્તરે અન્જુમન્
કે શાખે વફાશા જે બુન્ બરૂ મકન્
કે અઝ તોખ્મે સાસાન્ અગરૂ દુખ્તરી
બેમાનદ બસરૂ બરૂ નેહદ અફ્સરી
હમહ્ રૂએ કેશ્વરૂ શવદ બન્દહ્ અશ
બગરૂદુન્ રસદ તાજે ફર્ખન્દહ્ અશ
સેપહ્દારૂ નશ્નીદ પન્દે મરા
સંખુન્ ગોફ્તને સૂદમન્દે મરા
બરીન્ કરૂદહા બરૂ પશેમાન્ તરી
ગુનહ્ગારૂ જાન્ પીશે યઝદાન્ બરી
બદ આમદ બદીન્ ખાન્દાને બુઝોરૂગ્
હમહ્ મીશ ગશ્તીમો દુશ્મન્ શુ ગોરૂગ્
ચુ આન્ ખસ્તહ્ બેશ્નીદ ગોફ્તારે ઊય
બેદીદ આન્ દેલો રાયે હુશ્યારે ઊય
બનાખુન્ શેખાન્ ખસ્તહો કન્દહ્ મૂય
પુરૂ અઝ ખૂન્ દેલો દીદહ્ પુરૂ ખાક્ રૂય
બઝારીઓ સુસ્તી ઝબાન્ બરૂ કુશાદ
ચુનીન્ ગોફ્ત કય ખાહરે પાક્ ઝાદ
જે પન્દત નબુદ હીચ્ માનન્દે ચીઝ
વલીકેન્ મરા ખુદ પુરૂ આમદ કફીઝ
૭૨ હમાન્ પન્દ બરૂ મન્ નબુદ કારૂગરૂ
જે હરૂ ગૂનહ્ ચૂન્ દીવ્ બુદ રાહ્બરૂ
નબુદ મેહ્તરી બરૂતરૂ અઝ જમ્શીદ
કઝૂ બૂદ ગીતી બબીમો ઉમીદ
બેગશ્ત ઊ જે ગોફ્તારે દીવાન્ જે રાહ્
જહાન્ કરૂદ બરૂ ખીશ્તન્ બરૂ સેયાહ્
હમાન્ નીઝ બીદારૂ કાઊસે કય
જહાન્દારે નીક્ અખ્તરો નીક્ પય
તબહ્ શુદ બગોફ્તારે દીવે પલીદ
શનીદી બદીહા કે ઊરા રસીદ
હમી બાસમાન્ શુદ કે ગર્દાન્ સેપેહ્રૂ
બેબીનદ પરાગન્દને માહો મેહ્રૂ
બેયોફ્તાદ ઊ અઝ હવા સરૂ નેગૂન
અઝાન્ સૂએ સારી બઆબ્ અન્દરૂન

તેણી રડતી રડતી બોલવા લાગી કે "ઓ બહાદુર સવાર!-તારી ધાકથી નર સિંહો જંગલ છોડી જતા હતા.

આ દેશના સ્થંભને કોણે તોડી પાડયો-અને આ મસ્ત હાથીને કોણે પાડી નાખ્યો?

અરે ઓ વગર ધાસ્તીએ દેશ જીતનાર, સિંહોને પછાડનાર અને સરદાર જેવું શરીર ધરાવનારા બહાદુર સવાર!

તેં નહીં પાદશાહની સેવા બજાવી કે નહીં ખોદાતાલાની સેવા બજાવી-અને હાથી જેવું પોતાનું સરદારીને લાયકનું શરીર ઝખ્મી કરાવ્યું.

ઓ બુલંદ પહાડ જેવા ઊંચે ચઢેલા શખ્સ!-મીઠાં પાણીની નદીમાંથી તારી જડ કોણે ઉખેડી નાખી?

આવું લીલું તાઝું સરોવર કોણે ખોદી નાખ્યું!-કોણે આ બુઝોર્ગીની કોલાહ ખુવાર ફેકી દીધી?

આ દર્યા અચબુચ કોણે ધૂળથી ભર્યો-આ ચાલતા પહાડને ખાડામાં કોણે નાખ્યો?

અમો પરદેશી, એકલાં, દોસ્તો અને મદદગારો વગરનાં-પારકાઓનાં શેહરમાં ખુવાર થઈ પડયાં છિયે.

ઓ અન્જુમનના સરદાર! હું તો કહેતીજ હતી-કે આ વફાદારી ભરી ડાળીને થડમાંથી ઉખેડી ના નાખ,

કારણકે જો સાસાનનાં તોખ્મમાંથી એક બેટી પણ-જીવતી રહેશે અને જો તે સર ઉપર તાજ મેલશે,

તો તમામ મુલક તેનો તાબેદાર થશે-અને આસ્માન સૂધી તેનું મુબારક તાજ પહોંચશે.

પણ તું સરદારે આ મારી શીખામણ અને ફાયદા ભરેલી વાતો સાંભળીજ નહીં.

હવેજ તું પોતાનાં કીધેલાં ઉપર વધુ પસ્તાતો હશે-અને ગુનાહ ભરેલો જીવ યઝદાન પાસે લઇ જશે.

આ બુઝોર્ગી ભરેલાં ખાન્દાન ઉપર આફત આવી પડી છે-આપણ સઘળાં મેઢાં બન્યા છિયે અને દુશ્મન વરૂ બન્યું છે."

જ્યારે તે ઝખ્મી થયલા બેહરામે તેની વાતો સાંભળી-અને તેણીનું હુશ્યારી ભરેલું દિલ અને અકલ જોઈ,

અને પોતાના નખે કરી બન્ને ગાલો ઝખ્મી કીધેલા અને બાલો પીખેલા જોયા-તેમજ દિલ અને આંખો લોહીથી ભરેલી અને ચેહરો ખાક ભરેલો જોયો,

ત્યારે રડવા સાથ અને નબળાઇ સાથ પોતાની ઝબાન ખોલી-અને બોલ્યો કે "ઓ પાકઝાદ બેહેન!

તારી શીખામણમાંથી કાંઇ પણ ચીઝ જેવું કોઈ બાકી રહ્યું હતુંજ નહીં-પણ મારો પોતાનો વખત ભરાઈ ગયો હતો.

અને દરેક વાતમાં જ્યારે એહરેમનજ મારો રાહબર બન્યો હતો-ત્યારે તેથીજ તે શીખામણે મારી ઉપર અસર કીધી નહીં.

પાદશાહ જમશીદ કરતાં તો કોઈ બીજો મોટો પાદશાહ થયોજ નથી-કે જેનાથી સઘળો દેશ ધાસ્તીમાં તેમજ આશા ઉમીદમાં રહેતો હતો.

તે પણ દેવોનીજ વાતોથી ગુમરાહ થયો-અને પોતાની ઉપર જેહાન સીઆહ બનાવી.

તેમજ નેક સેતારેનો અને નેક કદમનો બાહોશ પાદશાહ કયકાઊસ પણ,

પલીદ એહરેમનનીજ વાતોથી ખુવાર થયો-તેની ઉપર શું શું આફતો પડી તે તેં સાંભળ્યું તો હશે.

તે ફરતાં આસ્માનને જોવા અને માહતાબ તેમજ આફ્તાબને પરાગન્દે થયલા જોવા માટે આકાશ ઉપર ચઢવા લાગ્યો.

પણ તે પોતેજ હવામાંથી સારી નામનાં શેહરની પેલી ગમની નદીમાં ઊંધે મસ્તક પડયો.

મરા નીઝ હમ હીલ બી રાહ કરૂદ
કે ખૂબી હમી દસ્ત કુતાહ કરૂદ
મરા ગોફ્ત હીહીમે શાહી તોરાસ્ત
કે ઝુર્જે બરહ તા બમાહી તોરાસ્ત
પશીમાનમ અઝ હરૂચે કર્દમ કે બદ
કુનૂન ગર બેબખ્શદ કે યઝદાન સઝદ
નબેશ્તહ બદીન બૂનહ બુદ બર સરમ
ચમે કરૂદહાએ કોહન ચૂન ખરમ
કે તારફ મરા આબ બરૂતર ગુઝશ્ત
ઘમો શાદમાની હમહ બાદ ગશ્ત
નબેશ્તહ ચુનીન બૂદો બૂદ આનચે બૂદ
કે બદહા નકાહદ નખાહદ ફેઝૂદ
હમહ પન્દે તૂ યાદગારે મનસ્ત
સુખુનહાએ તૂ ગૂશનારે મનસ્ત
સર આમદ કુનૂન કારે બીદાદો દાદ
સુખુનહાએ બી બર મકુન હીચ યાદ
શુમા રૂયહા સૂએ યઝદાન કુનીદ
હમહ પોશ્ત બા બખ્તે ખન્દાન કુનીદ
કે બદહા જહાનદાર તાન યાર બસ
મજૂઈદ ઝન્દૂહો શાદી બકસ
નબૂદમ બગીતી જોઝીન નીઝ બહર
સર આમદ કુનૂન રફ્તની અમ કે દહર
યલાન સીનહરા ગોફ્ત ચકુસર સેપાહ
સેપોરૂદમ તોરા તખ્તે શાહીઓ ગાહ
નેગહ કુન બદીન ખાહરે નીક ઝન
બગીતી બસ ઊ મર તોરા રાયઝન
મબાશીદ યકુ તન કે દીગર જુદા
જુદાઈ મબાદા મેયાને શુમા
બરીન બૂમે દુશ્મન મમાનીદ દીર
કે મન રફ્તમો ગશતમ અઝ ગાહ સીર
હમહ ચકુસરહ પીશે ખુસ્રવ શવીદ
બગૂઈદો ગોફ્તારે ઊ બેશનવીદ
કે ખુશનૂદ શુદ અઝ તો બહરામ ગવ
ચુ ખુશનૂદ શુદ અઝ તો ખુશનૂદ શવ
ગર આમોર્ઝશ આયદ શુમારા કે શાહ
જોઝ ઊરા મખાનીદ ખુરશીદો માહ
બગોરદૂય અઝ મન ફેરાવાન દોરૂદ
રસાનીદો ગૂઈદ ઝીનસાન કે બૂદ
શનીદમ કે ખરરાદ અઝ ઈરાન ઝમીન
બેયામદ બપયઘમબરી સૂએ ચીન
બગોરદૂય ગૂઈદ ખૂનમ અઝૂય
બેખાહો મગરદાન અઝીન કાર રૂય
મરા દખમહ દર શહરે ઈરાન કુનીદ
મર ઈન કાખે બહરામ વીરાન કુનીદ
બસી રન્જ દીદમ કે ખાકાને ચીન
નદીદમ કે યક રૂઝ કરૂદ આફરીન
ન ઈન બૂદ અઝીન રન્જ પાદાશે મન
કે દીવી ફેરેસ્તદ બપરખાશે મન
વલીકેન હમાના કે ઊ ઝીન સખુન
બગર બેશનવદ સર નહાનદ કે બુન

મને પણ તે એહરેમનેજ ગુમરાહ કીધો-અને મારે હાથે ભલાઈ થવા દીધી નહીં.

તેણે મને કહ્યું કે 'આસ્માનથી તે પાતાળ સુધીનું પાદશાહી તાજ તારેજ માટે છે.'

જે કાંઇ મેં બૂરાઈ કીધી છે તે માટે હું હવે પશેમાન થાઉં છું-હવે જો ખોદાતાલા તરફથી મને માફી મળશે તોજ લાયક ગણાશે.

મારા નસીબમાં એવીજ રીતનું લખેલું હતું-મારાં આગળાં કીધેલાં ૭૩
કામોનો ગમ હવે હું કેમ ખાઉં ?

હવે તો મારાં માથાંની ઉપરવારીથી પાણી ભરાઇ ગયું-ગમગીની અને ખુશહાલી સઘળું હવા ઉપર ઉડી ગયું.

મારા કરમમાં એમજ લખેલું હતું અને જે થવાનું હતું તેજ થયું છે-તે મારી બૂરાઈમાંથી કાંઇ પણ ઘટાડો કે વધારો થશે નહીં.

તારી સઘળી શીખામણ મને યાદ છે-તારા સઘળા સખુનો મારા કાનની બાલી માફક કાનમાં રાખેલા છે.

પણ હવે સઘળાં ગયર ઈન્સાફી કે ઇન્સાફી કામો પુરાં થયાં છે-હવે કાંઇ પણ ફાયદો નહીં કરનારા સખુનો યાદ ના કર.

તમો પાક યઝદાનની તરફજ હવે મોં કરો-અને સઘળાંઓ ભાગ્યશાળી નસીબની મદદ માંગો.

સઘળી બદીઓમાંથી તમોને બચાવનાર ખોદાતાલા હોજો અને બસ-તમારી ગમગીની કે ખુશહાલી માટે ખોદા સિવાય કોઈને કહેતાં ના.

મારે માટે દુન્યામાં એ સિવાય બીજો કશો પણ હિસ્સો હતોજ નહીં-સઘળું થઈ ચૂકયું હવે દુન્યામાંથી મારો જવાનો વખત આવ્યો છે."

પછી તેણે યલાન સીનેહને કહ્યું કે "હું તને તમામ લશકર, પાદશાહી તખ્ત અને તાજ સોંપી જાઉં છું.

તું આ મારી ભલી બેહેનને સંભાળજે-દુન્યામાં તે તારી સલાહકાર બસ છે.

તમો એક બીજાથી જુદાં પડતાં ના-તમો બન્ને વચ્ચે જુદાઇ ૭૪
હોતીજ ના.

તમો આ દુશ્મનના મુલકમાં ઘણોક વખત થોભતાં ના-કારણકે હું તખ્તથી ધરાયો છું અને ચાલી જાઉં છું.

તમો સઘળા ખુસરૂની આગળ જજો-અને સઘળી હકીકત તેને કહેજો અને તે જે વાત કહે તે તમો સાંભળજો.

તેને કહેજો કે 'પેહલવાન બેહરામ છેલ્લે તારે માટે ખુશીજ થયો હતો-અને જ્યારે તે તારે માટે ખુશી થયો ત્યારે તું પણ તેને માટે ખુશીજ થા.'

જો તમોને પાદશાહથી માફી મળે-તો તેના સિવાય કોઇ બીજાને તમારા ખુરશીદ અને માહતાબ સમજતા ના.

ગોરદૂયને મારી તરફથી ઘણી દુઆ-કહેજો અને જે કાંઇ બન્યું છે તે તેને કહેજો.

મેં સાંભળ્યું છે કે ખરરાદ ઇરાન ઝમીનથી-કાસેદ તરીકે ચીન તરફ આવ્યો છે.

તમો ગોરદૂયને કહેજો કે 'તેની પાસેથી મારાં ખૂનનો બદલો-તું લેજે અને આ કામથી મોઢું ફેરવતો ના.'

મારું દખમુ તમો ઈરાન શેહરમાંજ બનાવજો-અને આ બેહરામના મેહલને વયરાન કરજો.

મેં ખાકાને ચીનથી ઘણી રંજ જોઇ છે-એક દહાડો પણ મેં તેને મારી વખાણ કરતાં જોયો નથી.

મારી કીધેલી મેહનતનો આવી રીતનો બદલો નહીં હતો-કે તે એક ૭૫
એહરેમન જેવાને મારી સાથે લડવા મોકલે.

તોપણ તમો જાણજો કે તે આ વાત જો સાંભળશે તો તે ઘભરાટમાં પડશે.

નબૂદ ઈન્ બોઝ્ અઝ્ કારે ઇરાનેયાન્
હમાન્ દીવ્ બૂદ રેહનમૂન દરૂ મેયાન્
બેફરમૂદ પસ્ તા બેયાયદ દબીરૂ
નવીસદ યકી નામએ ના ગુઝીરૂ
બેગૂયદ બખાકાન્ કે બહરામ રફૂત
બઝારીઓ ખારીઓ બી કામ રફૂત
તો ઈન્ માન્દગાને મરા શાદ દારૂ
ઝે રન્જો બદે દુશ્મન્ આઝાદ દારૂ
કે મન્ બા તો હરગેઝ્ નકર્દમ બદી
હમહ્ રાસ્તી જુસ્તમો બેખ્રદી
બસી પન્દહા ખાન્દ બરૂ ખાહરશ
બબરૂ દરૂ ગેરેફ્ત આન્ ગેરામી સરશ
દહાન્ બરૂ બેનાગૂશ ખાહરૂ નેહાદ
દો ચશ્મશ પુરૂ અઝ્ ખૂન શુદો જાન્ બેદાદ
બરૂ હરૂ કસી ઝારૂ બેગ્રીસ્તન્દ
બદર્દે દેલ્ અન્દરૂ હમી ઝીસ્તન્દ
૭૬ હમી બરૂ ખોરૂશીદ ખાહરૂ બદરૂદ
સુખુનહાએ ઊ યક્ બયક્ યાદ કરૂદ
ઝે તીમારે ઊ બુદ દેલશ બરૂ દો નીમ
યકી તન્ગ્ તાબૂત કર્દશ ઝે સીમ
બદીબા બેયારાસ્ત જન્ગી તનશ
કસબ્ બૂદ દરૂ ઝીરે પીરાહનશ
હમી રીખ્ત કાફૂરૂ ગેરૂદ અન્દરશ
બરીન્ ગૂનહ્ બરૂ તા નેહાન્ શુદ સરશ
ચુનીનસ્ત કારે સરાએ સેપન્જ
ચુ દાની કે ઈદરૂ નમાની મરન્જ
મખુરૂ અન્દુહો બાદહ્ ખુરૂ રૂઝો શબ્
દેલત પુરૂ ઝે રામેશ પુરૂ અઝ્ ખન્દહ્ લબ્

ઈરાનીઓ સિવાય બીજા કોઇનું એ કામ નથી-તેઓ વચ્ચે તેજ એહરેમન રેહનુમા હતો."

પછી તેણે ફરમાવ્યું કે "મુન્શી આવે-અને એક અગત્યનું નામુ લખે.

ખાકાન ઉપર લખે કે બેહરામ ગુઝરી ગયો છે-તે રડતો, ખુવાર અને કાંઇ પણ મુરાદ વગર ચાલી ગયો છે.

હવે તું આ મારાં બાકી રહેલાંઓને ખુશહાલ રાખજે-તેઓને દુશ્મનની આફત અને બદીથી મોકળાં રાખજે,

કારણકે મેં તારી સાથે કદી પણ બૂરાઇ કીધી નથી-પણ તમામ રાસ્તી અને દાનાઈજ શોધી છે."

પછી પોતાની બેહેનને ઘણી શીખામણ દીધી-અને તેણીનાં વહાલાં સરને બગલમાં લીધું.

તે બેહેનના કાન ઉપર પોતાનું મોઢું મૂક્યું-તેની બન્ને આંખો આંસુથી ભરાઈ આવી અને પ્રાણ છોડી દીધો.

દરેક જણ તેની ઉપર ઝાર ઝાર રડવા લાગ્યાં-અને દુઃખી દિલેજ જીવવા લાગ્યાં.

તેની બેહેન દુઃખથી પોકાર કરવા લાગી-અને તેની સઘળી વાતો એકેક પછી યાદ કરવા લાગી.

તેના ગમથી તેનું દિલ બે ટૂકડા થતું હતું-તેને માટે તેણીએ એક રૂપાંની સાંકડી શબપેટી તૈયાર કરાવી.

તેનું લડાયક તન રેશમી કપડાંથી સણગાર્યું-તેનાં પેહેરણ હેઠળ કસબી કપડું પાંથરેલું હતું.

પછી તે લાશની આસપાસ તેનું માથું ઢંકાઇ ગયું ત્યાં સુધી તેણીએ કપૂર રેડયા કીધો.

આ મુસાફરખાનારૂપી દુન્યાનું કામ એવુંજ છે-જ્યારે તું જાણે છે કે અહીં ઘણો વખત રહેશે નહીં ત્યારે તું રંજ ના ખેંચ.

તું ગમ ના ખા પણ રાત દહાડો શરાબ પી-તારૂં દિલ ખુશહાલીથી ભરેલું અને હોઠ હસ્તાજ રાખ.

આગાહીએ ખાકાન્ અઝ્ મર્ગે બહરામ્ ચૂબીનહ્ વ તબાહ્ કર્દને ઊ ખાનો માને કલૂન્.

ખાકાનને બેહરામ ચોબીનેહનાં મોતની ખબર થવી અને તેણે કલૂનનું કુટુંબ અને ઘરબાર તારાજ કરાવવું.

ચુ બેશ્નીદ ખાકાન્ કે બહરામરા
ચે આમદ બરૂય અઝ્ પયે નામરા
હમાન્ નામહ્ નઝ્દીકે ખાકાન્ રસીદ
ફેરેસ્તાદહ્ ગોફ્તો સેપહબુદ શનીદ
અઝાન્ આગહી શુદ દેલશ પુરૂ ઝે દરૂદ
દો દીદહ્ પુરૂ અઝ્ ખૂનો રોખ લાજવરૂદ
અઝીન્ કારૂ ઊ દરૂ શેગેફ્તી બેમાન્દ
જહાનદીદગાનરા હમહ્ પીશ ખાન્દ
૭૭ બેગોફ્ત આન્ચે બહરામે ચબ્રરા રસીદ
શુદ અઝ્ દરૂદ ગેર્યાન્ કસી કાન્ શનીદ
હમહ્ ચીન્ બરૂ ઝારો ગેર્યાન્ શુદન્દ
અબી આતેશ અઝ્ દરૂદ બેર્યાન્ શુદન્દ

જ્યારે ખાકાને સાંભળ્યું કે "બેહરામના કીર્ત્તિ મેળવવા જતાં કેવા હાલ થયા?"

તેમજ પેલું નામુ પણ ખાકાનને પહોંચ્યું-તે કાસેદે સઘળું કહ્યું અને સરદાર ખાકાને તે સાંભળ્યું,

ત્યારે તે ખબરથી તેનું દિલ દર્દ ભરેલું થયું-બન્ને આંખો આંસુ ભરેલી અને ચેહરો ફિક્કો થયો.

તે આ કામથી ઘણોજ અજબ રહ્યો-તેણે સઘળા અનુભવીઓને પોતાની નઝદીક બોલાવ્યા.

અને પેહલવાન બેહરામ ઉપર જે વીત્યું હતું તે કહ્યું-જે કોઇયે તે સાંભળ્યું તેઓ દુઃખથી રડતા થયા.

સઘળું ચીન તેની ઉપર રડતું અને ઝારી કરતું થયું-તેઓ વગર આતશે દુઃખથી બળવા લાગ્યા.

ચકાચકુ હમહુ કારે ઊ બાઝ્ જોસ્ત
બહાન્ તા ગુનહુ બરૂ કે ગર્દદ્ દુરોસ્ત
બેહાનેસ્ત કાન્ કારે ખરૂરાદ્ બૂદ
કે કારશ હમહુ બન્દો બીદાદ્ બૂદ
હમી ગોફ્ત કાન્ સગ્ ચેગૂનહુ ગુરીખ્ત
કઝાન્ ગૂનહુ આતેશ બમા બરૂ બેબીખ્ત
કલૂનરા બતૂરાન્ દુ ફર્ઝન્દ બૂદ
ઝે હરૂ ગૂનએ ખીશો પયવન્દ બૂદ
ચુ દાનેસ્તહુ શુદ્ આતેશી બરૂ ફેરૂખ્ત
સરાયો હમહુ બર્ઝને ઊ બેસૂખ્ત
દુ ફર્ઝન્દે ઊરા બરૂ આતેશ નેહાદ
હમહુ ચીઝે ઇશાન્ બતારાજ્ દાદ
વઝાન્ પસ ચુ નઉબત બખાતૂન રસીદ
ઝે પર્દહુ બયકુ સૂશ બીરૂન્ કશીદ
બઅયવાન્ કશીદ્ આન્ હમહુ ગન્જે ઊય
નકરૂદ ઈચ્ યાદ્ અઝ્ બુનહુ રન્જે ઊય
ફેરેસ્તાદ્ હરૂ સૂ હયૂનાને મસ્ત
નેયામદ્શ ખરૂરાદે બર્ઝીન બદસ્ત
હમહુ હરૂચે દરૂ ચીન્ વરા બન્દહુ બૂદ
બેપૂશીદ્ શાન્ જામહાએ કબૂદ
બયકૂચન્દ બા સૂગે બહુરામ બૂદ
કે અઝ્ કારે બહુરામ પેદ્રામ બૂદ

પછી તેણે તે માટેની સઘળી તપાસ કરવા માંડી-કે કોણના ઉપર ગુનાહ સાબેત થાય છે?

તેને માલૂમ પડયું કે તે ખરરાદનું કામ હતું-કારણકે તેનાં સઘળાં કામો ફરેબ અને ઝુલ્માત ભરેલાં હતાં.

તે બોલ્યો કે "તે કુતરો કેવી રીતે નાસી ગયો-કે જેણે આપણી ઉપર આવી રીતની આગ લગાડી?"

કલૂનના તુરાનમાં બે છોકરાઓ હતા-તેમજ બીજાં સગાં વહાલાં પણ હતાં-

જ્યારે તેની વાત માલૂમ પડી ત્યારે તેનાં ઘરમાં તેમજ તેના મોહલ્લામાં આગ સળગાવી દીધી.

તેના બન્ને બેટાઓને બાળી નાખ્યા અને તેઓનો તમામ માલ અસ્બાબ લૂટાવી દીધો.

ત્યાર બાદ જ્યારે પેલી પોતાની ખાવંદની વારી આવી-ત્યારે તેણીને ઝનાનખાનામાંથી બાહેર કાઢી મૂકી.

તેણીનો સઘળો ખઝાનો પોતાના મેહલમાં મોકલ્યો-તેણીની આગળ સેવાની કાંઇ પણ દરકાર કીધી નહીં.

પછી તેણે ચો તરફ મસ્ત સાંઢણી સવારો-મોકલ્યા પણ ખરરાદે ૭૮
બર્ઝીન તેના હાથમાં આવ્યો નહીં.

ચીનમાં જે કોઇ બેહરામના નોકરો હતા-તેઓએ સોગનાં કાળાં કપડાં પેહેર્યાં.

ખાકાન પોતે પણ થોડોક વખત બેહરામના સોગમાં બેઠો-કારણકે તે બેહરામના કામથી ખુશી થયો હતો.

આગાહીએ ખુસ્રવ્ અઝ્ કોશતહ્ શુદને બહ્રામ્ ચૂબીનહ્ વ નવાખ્તને ઊ ખર્રાદે બર્ઝીન્રા.

ચુ ખરૂરાદે બર્ઝીન્ બખુસ્રવ રસીદ
બેગોફ્ત આન્ કુજા કર્દો દીદો શનીદ
દેલે શાહુ પર્વીઝ અઝાન્ શાદ્ ગશ્ત
કઝાન્ પુરૂ હોનરૂ દુશ્મન્ આઝાદ્ ગશ્ત
બદર્વીશ બખ્શીદ્ ચન્દી દેરમ્
ઝે પૂશીદનીહાઓ અઝ્ બીશો કમ્
બહરૂ પાદ્શાહીઓ ખદ્કામઈ
નબેશ્તન્દ બરૂ પહુલવી નામઈ
કે દાદારે દારન્દહુ યઝ્દાન્ ચે કરૂદ
ઝે દુશ્મન્ ચેગૂનહુ બરૂઆવરૂદ ગરૂદ
બકયસરૂ યકી નામહુ બેન્વેશ્ત શાહુ
શુનાન્ ચૂન્ બુવદ્ દરૂખરે પીશગાહુ
બયકુ હફ્તહુ મજ્લેસ બેયારાસ્તન્દ
બહરૂ બરૂઝની રૂદો મય ખાસ્તન્દ
બઆતેશકદહા ફેરેસ્તાદ્ ચીઝ્
બશાન્ મૂબેદાન્ ખેલ્અત અફ્ગન્દ નીઝ
બખરૂરાદે બર્ઝીન્ ચુનીન્ ગોફ્ત શાહુ
કે ઝીબદ્ તોરા બરૂ દેહમ તાજો ગાહુ

ખુસરૂનું બેહરામ ચોબીનેહના માર્યા જવાથી વાકેફ થવું અને તેણે ખરરાદે બર્ઝીનને નવાઝેશ કરવી.

જ્યારે ખરરાદે બર્ઝીન ખુસરૂ આગળ ગયો-અને જે કાંઈ તેણે કીધું, જોયું અને સાંભળ્યું હતું તે કહ્યું,

ત્યારે પાદશાહ ખુસરૂ પર્વીઝનું દિલ તેથી ખુશહાલ થયું-કારણકે તે એક હુનરમંદ દુશ્મનની ધાસ્તીથી મોકળો થયો હતો.

તેણે ગરીબ માણસોને કેટલાક પૈસા અને વધતાં ઓછાં કપડાં બક્ષેશ આપ્યાં.

પછી બીજા દરેક પાદશાહ અને સ્વતંત્ર હાકેમો ઉપર પહલવી ભાષામાં નામા લખ્યાં,

કે "જેહાનની સંભાળ કરનાર યઝદાન સાહેબે શું કીધું-અને દુશ્મનની ગર્દ કેવી રીતે કાઢી નાખી?"

પાદશાહે કયસર ઉપર પણ પાદશાહોને લાયકનું એક નામુ લખ્યું.

તેઓએ એક અઠવાડિયું ખુશીની મજલેસ ભરી-દરેક મોહલ્લે મોહલ્લે મયનોશી અને ગાનતાન ચાલ્યાં.

આતશકદેહોમાં ભેટો મોકલી-અને તેના મોબેદોને સરપાવ પણ ૭૯
આપ્યા.

પાદશાહે ખરરાદે બર્ઝીનને કહ્યું-કે "અગર તને તાજ અને તખ્ત પણ આપું તો તે લાયકજ છે."

બગન્જૂરૂ ફરમૂદ શાહે જેહાન્
કે બરૂ આવરદ દર મેયાને મેહાન્
દહાનશ પુર અઝ ગઉહરે શાહુવારૂ
બેયાગન્દો દીનારૂ ચૂન સદ હઝારૂ
હમી રીખ્ત ગન્જૂરૂ બરૂ પાએ ઊય
બરીન્ ગૂનહ્ તા તન્ગ્ શુદ જાએ ઊય
બદુ ગોફ્ત હર કસ કે પીચદ ઝે શાહ્
શવદ રૂઝે રઉશન બરૂ બરૂ સેયાહ્
ચુ બહ્રામે યલ્ બાશદ અન્દર નબરદ
કઝ્ પીર તુર્કી બરૂ આવરદ ગરદ
હમહ્ મેહ્તરાન્ ખાન્દન્દ આફરીન્
કે બી તો મબાદા કોલાહો નેગીન્
ચુ બહ્રામ બાદ આન્ કે બા મેહ્રે તૂ
નખાહદ કે રખ્શાન્ શવદ ચેહ્રે તૂ

પછી દેશના પાદશાહે ખઝાન્ચીને ફરમાવ્યું-કે "આ સઘળા સરદારોની વચ્ચે સોનાના દીનાર હાઝેર કરે"

તેનું મોઢું પાદશાહોને લાયકનાં ગોહરથી ભર્યું અને એક લાખ જેટલા દીનાર,

ખઝાન્ચીએ તેના પગ આગળ તે ઘેરાઈ ગયો ત્યાં સૂધી એ પ્રમાણે રેડયા કીધા.

પાદશાહ બોલ્યો કે "જે કોઇ શખ્સ પાદશાહથી સર ફેરવે છે-તેની ઉપરનો રોશન રોઝ એવીજ રીતે સીઆહ થાય છે,

કે જેમ લડાઈમાં પેહલવાન બેહરામનો થયો-કે જેને એક બુઢ્ઢા તુર્કીએ મારી નાખ્યો."

સઘળા સરદારોએ પાદશાહ ઉપર દુઆ કીધી-કે "તારા વગર પાદશાહી કોલાહ અને મોહર હોતીજ ના!

જે કોઇ કે તારી મોહબ્બત સાથ તારો ચેહરો રોશન થાય એવાં કામો નહીં કરે તેના બેહરામના જેવાજ હાલ થજો!"

ફેરેસ્તાદને ખાકાન્ બેરાદરે ખુદ્રા પીશે ગોર્દેયહ્ ખાહરે બહ્રામ્ બા નામએ પુરસેશે મર્ગે બેરાદર્ વ ખાસ્ત્ગારીએ કદ્બાનૂએ ખુદ્રા અઝ્ વ પાસોખે નામહ્.

ખાકાને પોતાના ભાઇને બેહરામની બેહેન ગોર્દીયહ નઝદીક તેણીના ભાઈનાં મોતની ખબર પૂછાવનારાં નામા સાથે મોકલવો અને તેની સાથે પોતાની શાદીની ખાહેશ દેખાડવી અને તે નામાનો જવાબ મેળવવો.

વઝાન્ પસ ચુ ખાકાન્ બેપર્દાખ્ત દેલ
ઝે ખૂન શુદ હમહ્ કેશવરે ચીન્ ચુ ગેલ
૮૦ ચુનીન્ ગોફ્ત યક્ રૂઝ કઝ મર્દે સોસ્ત
નેયાયદ મગરૂ કારે ના તન્દુરોસ્ત
બદાન્ નામદારી કે બહ્રામ બૂદ
મરા ઝૂ હમહ્ રામેશો કામ બૂદ
કુનૂન મન ઝે કસહાએ આન્ નામદારૂ
ચેરા બાઝ માન્દમ ચુનીન્ સુસ્તો ખારૂ
નેકૂહેશ કુનદ હરૂકે ઈન્ બેશનવદ
વઝાન્ પસ બસઉગન્દે મન નેગ્રવદ
નખુર્દમ ગમે ખુર્દે ફર્ઝન્દે ઊય
ન અન્દીશહ્ કર્દમ ઝે પયવન્દે ઊય
ચુ બા મા બફર્ઝન્દ પયવસ્તહ્ બૂદ
બચેહ્રો ખેરદ જાનો દેલ બસ્તહ્ બૂદ
બેફરમૂદ તા શુદ બેરાદરશ પીશ
સખુન્ ગોફ્ત બા ઊ ઝે અન્દાઝહ્ બીશ
બદુ ગોફ્ત અઝ ઇદરૂ બેરવ્ તા બમરૂવ
બદાન્ સાન્ કે દર બાઘ પરરદ તઝરૂવ
તો કસહાએ બહ્રામે યલ્રા બેબીન્
ફેરાવાન્ બરીશાન બેખાન્ આફરીન્
બેગૂ શાન્ બયઝદાનો તખ્તે મેહી
કે મારા અઝીન્ બદ નબુદ આગેહી

તમામ ચીનનો મુલક બેહરામના કીનામાં લોહીથી કાદવની મિસાલ બન્યો-અને પછી જ્યારે ખાકાને તે કીનાથી પોતાનું દિલ ખાલી કીધું,

ત્યારે તે એક દહાડે એ પ્રમાણે બોલ્યો કે "હીચકારા માણસોથી-હલકાં કામો સિવાય બીજું કશું થતું નથી.

જે નામદારી કે બેહરામ ધરાવતો હતો-અને તેનાથી હમેશે મને ખુશહાલી અને મુરાદો મળતી હતી,

તો હવે હું તે નામદારનાં સગાં વહાલાંથી-એટલો બધો બેદરકાર કેમ રહ્યો છું?

જે કોઈ એ વાત સાંભળશે તે મને ઠપકો દેશે-અને હવે પછી કોઈ મારા સઉગન્દનો એતેબાર કરશે નહીં.

મેં તેનાં નાનાં ફર્ઝંદો માટે કશી ફિક્ર કીધી નથી-તેમજ તેનાં સગાંઓનો પણ કશો વિચાર કીધો નથી.

તે મારી સાથે ફર્ઝંદ તરીકે જોડાયલો હતો--અને પોતાની મોહબ્બત અને ડહાપણ સાથ પોતાનું દિલ અને જાન પણ મારીજ સાથ લગાડેલો હતો."

એવું વિચારી તેણે ફરમાવ્યું જેથી તેનો ભાઇ તેની આગળ આવ્યો-તેની સાથ તેણે ઘણીક વાતો કીધી.

તેને કહ્યું કે "તું અહીંથી જેમ બાગમાં તીતર પક્ષી ઉડતું ફરે છે તેમ ઝડપથી મર્વ સૂધી જઇ પહોંચ.

તું પેહલવાન બેહરામનાં માણસોની મુલાકાત લે-અને તેઓને ઘણોક દિલાસો દે.

તેઓને કહેજે કે 'યઝદાનના અને પાદશાહી તખ્તના કસમથી કહું છું કે મને આ બૂરાઈ-માટેની કશી ખબર હતી નહીં.

હમાન્ નીઝ મન્ ખુદ જેગરૂ ખસ્તહુ અમ
બદીન્ સૂગ્ તા મેન્દહુ આમ બસ્તહુ અમ
બખૂન્ રૂએ કેશ્વરૂ બેશોસ્તમ ક્રે કીન્
હમહુ શહ્‍રૂ નફ્રીન્ બરૂ આફ્રરીન્
બદીન્ દરૂદ હરૂચન્દ કીન્ આવરમ
વગરૂ આસમાન્ બરૂ ઝમીન્ આવરમ
બખૂને ચુનાન્ ગોરૂદે જૂયાએ નામ
ક્રે સદ યકૂ નબાશદ બકીન્ રાન્દહુ કામ
ક્રે ફર્માને યઝદાન્ કસી નુગ્ઝરદ
ચુનીન્ દાનદ આન્ કસ કે દારદ ખરદ
કે ઊરા ઝમાનહુ બરાન્ ગૂનહુ બૂદ
હમહુ તખ્મુલે દીવે વાજૂનહુ બૂદ
બશાન્ ઝીન્હારમ કે ગોફૂતમ નુખોસ્ત
બશાન્ અહુદો પયમાન્હાએ દુરોસ્ત
સુએ ગોરૂદેયહુ નામઈ બરૂ જુદા
કે અય પાકૂ દામન્ ઝને પારૂસા
હમહુ રાસ્તીઓ હમહુ મર્દમી
સેરેશતત ફ્રેઝૂનીઓ દૂરૂ અઝ કમી
ક્રે કારે તો અન્દીશહુ કર્દમ દરાઝ
નેશસ્તહુ ખેરદ બા દેલે મન્ બરાઝ
બેહુ અઝ મન્ નદીદમ તોરા કદખોદાય
બેયારાએ ઇન્ પર્દએ મા દરૂ આય
બેદારમ તોરા હમચુ જાનો તનમ
બેફૂશમ કે પયમાને તૂ નેશ્કનમ
વઝાન્ પસ બરીન્ શહ્‍રૂ ફર્માન તોરાસ્ત
ગેરઉગાન્ કુનમ દેલ બરાન્ ચત હવાસ્ત
કુનૂન્ હરૂચે દારી હમહુ ગેરૂદ કુન્
બપીશે ખેરદમન્દ ગૂ ઈન્ સખુન
વઝાન્ પસ બેબીન્ તા ચે આયદૂત રાય
બરઉશન્ રવાનત ખેરદ બરૂ ગેરાય
ખેરદરા બરીન્ ગોફૂતહા શાહુ કુન્
મરા ઝાન્ સેગાલીદહુ આગાહુ કુન્
ચુ બેશ્નીદ બરૂ સાને કુમ્રી ક્રે સરૂવ
બેયામદ બેરાદરૂશ તાઝાન્ બમરૂવ
જહાનજૂય બા નામહો કામ શુદ
બનઝ્દીકે કસહાએ બહુરામ શુદ
બેગોફ્રૂત આન્ ચે ખાકાન બદૂ ગોફ્રૂતહુ બૂદ
કે અઝ કીને આન્ કોશ્તહુ આશોફૂતહુ બૂદ
વઝાન્ પસ ચુનીન્ ગોફ્રૂત કય બેખ્રદાન્
પસન્દીદહુ બીદારૂ દેલ મૂબદાન્
શુમારા બદીન્ મોઝૂદહુ બેસ્યારૂ બાદ
વરા દાવરે દાદગરૂ યારૂ બાદ
યકી નાગહાન્ મરૂગ્ ખુદ ઇન્ નબોરૂદ
કે કસ દરૂ જહાન્ ઇન્ ગુમાની નબોરૂદ
પસ આન્ નામહુ પેન્હાન્ બખાહરૂશ દાદ
સુખુન્હાએ ખાકાન હમહુ કરૂદ યાદ
ક્રે પયવન્દો અઝ પન્દો નીકૂ સોખુન
ચે અઝ નવ ચે અઝ રૂઝગારે કોહુન
ક્રે પાકીઓ અઝ પારૂસાઇએ ઝન
કે હમ ઘમ ગોસારસ્તો હમ રાએઝન

મારૂં પોતાનું જીગર પણ એ વાતથી ઝખ્મી થયું છે-અને હું જીવતો ૮૧
રહીશ ત્યાં સુધી એના સોગમાં બંધાયલો રહીશ.

તેના કીનામાં મેં મારો તમામ મુલક લોહીથીજ ધોયો છે-શેહરનાં સઘળાં લોકો કલૂન ઉપર લઅનત વરસાવે છે અને બેહરામ ઉપર આફ્રીન કરે છે.

એ દુઃખ માટેનો હું ગમે એટલો કીનો લઉં-અગર આસ્માનને ઝમીન ઉપર પછાડું,

તોપણ એવા કીર્ત્તિવંત પેહલવાનના ખૂનના બદલામાં-તે સોમાંથી એક પણ હિસ્સે મુરાદ માફક કીનો લીધેલો કહેવાય નહીં.

જે કોઇ કે ડહાપણ ધરાવે છે તે એમજ જાણે છે-કે યઝદાનના હોકમથી કોઇ છુટી શકતું નથી.

કારણકે તેનું મોત એવીજ રીતે હતું-એ સઘળું ઊંધી રાહના એહરેમનનાં કરતુકનું પરિણામ હતું.

જે વાજબી રીતના કોલકરાર અને વચન કે પહેલાં મેં તેની સાથ કર્યાં હતા, તે ઉપરજ હજી પણ હું સાબેત રહેલો છું.'

ગોરદિયહ માટે એક જુદું નામુ લઈ જા-કે 'એ પાક દામનની પરહેઝગાર અઉરત!

તું સઘળી સચ્ચાઇ અને ઇન્સાનિયતપણું ધરાવનારીજ અઉરત છે-તારૂં ખમીર ઘણુંજ ઊંચું છે અને કોઈ પણ જાતનાં નુકસાનથી તું દૂરજ છે.

તારે માટે મેં ઘણોજ લામ્બો વિચાર કીધો છે-અને મારાં ડહાપણે મારાં અંતઃકરણ સાથ મસ્લહત ચલાવી છે.

અને શેવટે મારા પોતાના કરતાં તારે માટેનો સારો ખાવંદ મારા ૮૨
ધ્યાનમાં આવ્યો નથી-માટે તું આવી મારૂં ઝનાનખાનું શોભાવ.

હું તને મારા જીવ અને તનની માફક રાખીશ-અને તને આપેલું વચન નહીં તોડવાનીજ કોશેશ કરીશ.

ત્યાર પછી આ મારાં શેહર ઉપર તારૂંજ ફર્માન ચાલશે-જે તારી ખાહેશ હશે તે ઉપરજ મારૂં દિલ ગિરવી મૂકીશ.

હવે જે કોઈ તારા સલાહકારો હોય તે સઘળાને ભેગા કરજે-અને અકલમંદ શખ્સો આગળ આ મારી સૂચના કહેજે.

ત્યાર બાદ જોજે કે તારો શો વિચાર થાય છે?-તારા રોશન જીવ ઉપર અકલને સરસાઇ આપજે.

ડહાપણને આ વાત ઉપર પાદશાહ બનાવજે-અને તે વિચાર કર્યા બાદ મને વાકેફ કરજે.'"

જ્યારે તેના ભાઇએ એવી રીતનો પયગામ સાંભળ્યો ત્યારે જેમ સરોવરનાં ઝાડ ઉપરથી કબૂતર ઉડે તેમ દોડતો કે મર્વ શેહરમાં આવ્યો.

તે દેશ જીતનારો શખ્સ ખાકાનનાં નામા અને તેની ધારેલી મુરાદ સાથ-બેહરામનાં સગાંઓની નઝદીક ગયો.

ખાકાને જે કાંઇ તેને કહ્યું હતું તે તેણે કહી સંભળાવ્યું-કે "તે માર્યા ગયલા બેહરામના કીના માટે તે બહુજ ગુસ્સે થયો હતો."

ત્યાર પછી તે બોલ્યો કે "એ અકલમંદો!-હુશ્યાર દિલના પસંદ કીધેલા દાનાઓ!

તમોને એ બાબતમાં પુષ્કળ વધાઈ હોજો!-અને તેનો દાદગર દાવર ૮૩
મદદગાર થજો!

આ બેહરામનું અચિન્તું મોત કાંઈ જેવું તેવું થયું નથી-કે જેનાં મોતનો ખેયાલ દુન્યામાં કોઇને હતો નહીં."

પછી પેલું નામુ છુપી રીતે તેની બેહેનને આપ્યું-અને ખાકાનની સઘળી વાતો કહી સંભળાવી.

જેવી કે તેણીનાં જોડાણ માટેની કે શું હાલની અને આગળા વખતની નસીહત અને સારી સારી વાતો માટેની હકીકત કહી સંભળાવી.

તેમજ સ્ત્રીની પાક દામની અને પતિવ્રત્તા માટે-કે સ્ત્રી પોતાના પતિનો ગમ વીસરાવનારી તેમજ તેની સલાહકાર હોય છે,

જવાન્ ગોફ્તો આન્ પાકૂ દામન્ શનીદ
કે ગોફ્તારે ઊ ખામોશી બરૂ ગુઝીદ
વઝાન્ પસ ચુ બરૂખાન્દ આન્ નામહરા
સુખુનહાએ ખાકાને ખુદ કામહરા
ખેરદરા ચુ બા દાનેશ અમ્બાઝ કરદ
બદેલ પાસોખે નામહરા સાઝ કરદ
ચુનીન્ ગોફ્ત ઈન્ નામહ બરૂ ખાન્દમ
ખેરદરા બરે ખીશ બેન્શાન્દમ
ચુનાન્ કરદ ખાકાન્ કે શાહાન્ કુનન્દ
જહાન્દીદહો પીશગાહાન્ કુનન્દ
૮૪ બદૂ બાદ રઉશન્ જહાન્બીને મા
કે ચૂનીન્ બેજૂયદ હમી કીને મા
મમાનાદ ગીતી ઝે ખાકાન્ તેહી
બદૂ શાદ બાદા કોલાહે મેહી
દેલે વય ઝે તીમારૂ ખસ્તહ મબાદ
ઉમીદે જહાન્ ઝૂ ગુસસ્તહ મબાદ
કુનૂન્ ચૂન્ નેશીનીમ બા યકૂ દેગરૂ
બખાનીમ નામહ હમહ સરૂબસરૂ
હરાન્ કૂ બુઝોર્ગસ્તો દારદ ખરદ
યકાયકૂ બદીન્ આરૂઝૂ બેન્ગરદ
કુનૂન્ દૂદહરા સરૂબસરૂ શીવનસ્ત
ન હન્ગામએ ઈન્ સખુન્ ગોફ્તનસ્ત
ચુ સૂગે ચુનાન્ મેહતરૂ આયદ બસરૂ
ઝે ફર્માને ખાકાન્ નબાશદ ગુઝરૂ
મરા ખુદ બઈરાન્ શુદન્ રૂય નીસ્ત
ઝને પાકૂરા બેહતરૂ અઝ શૂય નીસ્ત
અગરૂ મન્ બઝૂદી બેયાયમ બરાહ
ચેગૂયદ મરૂ આન્રા ખેરદમન્દ શાહ
બસૂગ્ અન્દરૂ આહન્ગે શાદી કુનમ
ન અઝ પારૂસાઇઓ રાદી કુનમ
૮૫ ખેરદમન્દ બી શરૂમ ખાનદ મરા
ચુ ખાકાન્ બી આઝરૂમ દાનદ મરા
બરીન્ સૂગ્ ચૂન્ બુગ્ઝરદ ચારૂ માહ
સવારી ફેરેસ્તમ બનઝદીકે શાહ
હમહ બેશનવમ હરૂચે બાયદ શનીદ
ઝે ગૂયન્દગાન્ તા ચે આયદ પદીદ
બેગૂયમ બનામહ યકાયકૂ દરૂન્
ચુ આયદ બનઝદીકે ઊ રહનમૂન્
તો અકૂનૂન્ અઝ ઈદરૂ બશાદી ખરામ
બખાકાન્ બેગૂય આન્ચે દાદમ પયામ
ફેરાવાન્ ફેરેસ્તાદહરા હદયહ દાદ
જહાન્દીદહ અઝ મરૂવ બરૂગશત શાદ

તે માટે તે જવાને સઘળું કહ્યું અને તે પાક દામન અઉરતે સાંભળ્યું-તે વાત સાંભળી તેણીએ ખામોશી એખ્તયાર કીધી.

ત્યાર પછી જ્યારે તેણીએ તે નામુ વાંચ્યું-અને તે આપએખ્તયાર પાદશાહના સખુનો જાણ્યા,

અને જ્યારે તેણીએ અકલને દાનાઇ સાથ જોડી-ત્યારે પોતાનાં દિલમાં તે નામાનો જવાબ તૈયાર કીધો.

પછી તેણી એ પ્રમાણે બોલી કે "આ નામુ મેં મારી અકલ ઠેકાણે રાખીને સઘળું વાંચ્યું છે.

ખાકાને જેમ પાદશાહો, અનુભવી શખ્સો અને મોટા લોકો કરે, તેમજ કર્યું છે.

અમારી આંખો તેનાથી રોશન રહેજો!-કારણકે તે એવી રીતે અમારો કીનો લે છે.

આ દુન્યા ખાકાનથી ખાલી રહેતી ના-મોટાઇનું તાજ તેનાથી ખુશહાલ રહેજો!

તેનું દિલ ગમથી ઝખ્મી ના બનતું-દેશના લોકોની ઉમેદ તેનાથી તુટેલી ના રહેતી!

હવે જ્યારે અમો સઘળાં સાથે બેસીશુ-અને આ સઘળું નામુ પહેલેથી છેલ્લે સૂધી વાંચીશું,

ત્યારે જે કોઈ કે બુઝોર્ગં અને દાનાઇ ધરાવનારા શખ્સો છે તેઓ સઘળા એ માગણી ઉપર વિચાર ચલાવશે.

હાલ તો અમારાં કુટુંબને સઘળી માહેંતમજ છે-અને આવી વાત કાઢવાનો વખતજ નથી

જ્યારે એક એવી રીતના સરદારનો સોગ પુરો થશે-ત્યારે ખાકાનનાં ફર્માનથી કોઇ બાહેર જશે નહીં.

મને ઈરાન જવું ઘટારત નથી-એક પાક દામન અઉરત માટે ધણી મેળવવા કરતાં બેહતર બીજું કાંઈજ નથી.

અગર હું ઉતાવળથી આવવા નીકળી પડું-તો તે માટે અકલમંદ પાદશાહ શું કહેશે?

જો હું સોગની અંદર શાદીનો વિચાર કરૂં-તો તે પરહેઝગારી અને ભલાઇથી કરતી કહેવાઉં નહીં.

અકલમંદ માણસ મને લાજ વગરની અઉરત ગણે તેમજ ખાકાન જેવો પાદશાહ પણ મને બેહયા સમજે.

જ્યારે આ સોગ ઉપર ચાર મહિના પસાર થશે-ત્યારે હું પાદશાહની નઝદીક એક સવાર મોકલીશ.

મારા સલાહકારો તરફથી જે કાંઈ સાંભળવા ઘટતું હશે તે હું સઘળું સાંભળી લઈશ કે જોઇયે તેઓ શું કહે છે?

અને જ્યારે કાસેદ તે મારી રેહનુમાઇ કરનાર ખાકાનની નઝદીક આવશે-ત્યારે હું તે સઘળું તેનાં નામાની અંદર દર્શાવીશ.

હમણાં તો તું અહીંથી ખુશી સાથ પાછો ફર-મેં જે કાંઈ પયગામ તને આપ્યો તે ખાકાનને કહેજે."

તેણીએ પેલા એલચીને ઘણોક હદયો આપ્યો-તે અનુભવી શખ્સ મર્વથી ખુશહાલ પાછો ફર્યો.

રાએ ઝદને ગોર્દેયહ્ બા નામ્દારાને ખીશ્ વ ગુરીખ્તને ઊ અઝ્ મર્વ્.

જઝાન્ પસ જવાનો ખેરદ્મન્દ ઝન્
બઆરામ્ બેન્શસ્ત બા રાએ ઝન્
ચુનીન્ ગોફ્ત કામદ યકી નવ્ સોખન્
કે જાવીદ બર્ દેલ્ નગર્દદ કોહન્
જહાનદાર્ ખાકાન્ મરા ખાસ્તસ્ત
સુખુનહા ઝે હર્ગૂનહ્ પીરાસ્તસ્ત
બર્ નીસ્ત્ આહુ બુઝોર્ગસ્તો શાહ્
દેલીરો ખોદાવન્દે તૂરાન્ સેપાહ્
નેયારસ્ત્ તા ઝેન્દહ્ બુદ શીરે મન્
કસી યાદે મન્ કર્દ અઝ્ અન્જુમન્
મરા બી પેદર્ દાશ્ત્ બહ્રામે ગોર્દ
દો દહ્ સાલ્ ઝાન્ ગહ્ કે બાબમ્ બેમોર્દ
ચુ અઝ્ વય કસી ખાસ્તી મર્ મરા
બેજૂશીદી અઝ્ કીનહ્ મગ્ઝે સરા
કુનૂન્ શાહ્ ખાકાન્ ન મર્દીસ્ત ખોર્દ
હમશ્ દસ્તગાહસ્ત હમ્ દસ્તબોર્દ
વલીકેન્ ચુ બા તુર્કાં ઇરાનેયાન્
બેકૂશદ કે ખીશી બુવદ દર્ મેયાન્
ઝે પયવન્દો વઝ્ બન્દે આન્ રૂઝગાર્
ઘમો રન્જ બીનદ બફર્જામે કાર્
નેગર્ તા સેયાવુશ ઝે અફ્રાસેયાબ્
ચે બર્ ખુર્દ જોઝ્ તાબેશે આફ્તાબ્
સરે ખીશ્ દાદ અઝ્ નુખોસ્તીન્ બબાદ
જવાની કે ચૂન ઊ ઝે માદર્ નઝાદ
હમાન્ નીઝ્ પૂરે સેપહ્બુદ ચે કર્દ
અઝ્ ઈરાનો તૂરાન્ બર્આવર્દ ગર્દ
બેસાઝીદ તા મા ઝે તુર્કાન્ નેહાન્
બઈરાન્ બરીમ્ ઈન્ સખુન્ નાગેહાન્
બગોર્દૂય મન્ નામઈ કર્દહ્ અમ્
હમ્ અઝ્ પીશ્ તીમારે ઈન્ ખર્દહ્ અમ્
કે બર્ શાહ્ પયદા કુનદ કારે મા
બેગૂયદ બદ્ રન્જો તીમારે મા
બનીરૂએ યઝ્દાન્ ચુ ઈન્ બેશનવદ
બદીન્ ચર્બ્ ગોફ્તારે મન્ બેગ્રવદ
બદ્ ગોફ્ત હર્ કસ કે તા તુ બુવી
બઇરાનો ચીન્ બાનુએ નવ્ તુવી
ન જુમ્બાનદત્ કૂહે આહન્ ઝે જાય
ચલાન્રા બમર્દી તોઈ રહ્નુમાય
ઝે મર્દે ખેરદ્મન્દ બીદાર્ તર્
ઝે દસ્તૂરે દાનન્દહ્ હોશ્યાર્ તર્
હમહ્ કેહ્તરાનીમો ફર્માન્ તોરાસ્ત
બદીન્ આર્ઝૂ રાયો પયમાન્ તોરાસ્ત
ચુ બેશ્નીદ અઝીશાન્ અર્ઝ્રા બેખાન્દ
બદીવાનો દીનાર્ દાદન્ નેશાન્દ

ગોર્દિયહે પોતાના નામદારો સાથ મસ્લહત કરવી અને મર્વથી તેણીનું નાસી જવું.

ત્યાર પછી તે જવાન અને અકલમંદ અઉરત-પોતાના સલાહકારો સાથ શાન્ત મને મસ્લહત કરવા બેઠી.

તેણી બોલી કે "હાલ એક એવી નવી બાબત આવી છે-કે જે કદીબી મારાં મનમાંથી વીસરાશે નહીં.

દેશની સંભાળ કરનાર ખાકાને મારી માગણી કરી છે-તેણે દરેક રીતની વાતો કહેવડાવી છે.

તેનામાં કશી અયબ નથી તે મોટો છે અને પાદશાહ છે-વળી તે બહાદુર છે અને તુરાની લશ્કરનો માલેક છે.

જ્યાં સૂધી કે મારો સિંહની હિમ્મતનો ભાઇ જીવતો હતો-ત્યાં સૂધી ૮૬
કોઇ પણ અન્જુમનમાંથી કોઈ મારી માગણી કરી શકયું હતું નહીં.

મારો બાપ મરણ પામ્યો ત્યારથી આજ બાર વર્ષ લગી-હું બાપ વગરનીને પેહલવાન બેહરામે પાળી.

જ્યારે કોઇ તેની પાસેથી મારી માગણી કરતું-ત્યારે તેનાં સરનું મગઝ ગુસ્સાથી ઉકળી આવતું હતું.

આ ખાકાન પાદશાહ કાંઇ નાનો માણસ નથી-તેને સઘળી શક્તિ છે અને વળી બહાદુર પણ છે.

પણ જ્યારે તુર્કી અને ઈરાનીઓ સાથ-તેઓ વચ્ચે સગાઇ થાય એવી કોશેશ થાય,

ત્યારે તે વખતનાં સગપણ અને સંબંધથી આખેરે તો ગમ અને રંજજ માલૂમ પડે છે.

તમો જુઓ કે સિયાવક્ષે અફ્રાસિયાબથી-સૂર્યના તડકા સિવાય બીજાં શું ફળ ચાખ્યાં?

તે જવાને શુરૂઆતમાંજ પોતાનું માથું ફોકટનું ગુમાવ્યું કે જેના જેવો કોઈ માતાએ જણ્યો નથી.

તેમજ વળી તે સરદારના બેટા કયખુસરૂએ શું કીધું?-તેણે ઇરાન એને તૂરાનની ગર્દ કાઢી નાખી.

માટે તમો સઘળા તૈયારી કરો તો આપણે તુર્કીઓથી છૂપી રીતે આ પંચાતી એકદમ ઈરાન લઈ જઇયે.

મેં ગોરદૂય ઉપર એક નામુ લખ્યું છે-અને આગમચથીજ આ બાબ- ૮૭
તનો ગમ મેં ખાધો છે,

કે તે પાદશાહની આગળ આપણની વાતોનો ખુલાસો કરે-અને આપણની મુસીબતો અને મુશ્કેલીઓ તેને દર્શાવે.

યઝદાનની મદદથી જ્યારે તે આ સઘળું સાંભળશે-ત્યારે આ મારી નર્મ[સભરી વાતનો ઝરૂર વિચાર કરશે."

સઘળાઓ બોલ્યા કે "તું જીવતી રહે ત્યાં સૂધી-ઈરાન અને તૂરાનમાં જવાન બાનૂ તુંજ છે.

લોઢાંનો પહાડ પણ તને હિલવી શકતો નથી-મર્દાનગીમાં પેહલવાનોને માર્ગ દેખાડનારી તુંજ છે.

તું દાનેશમંદ મર્દ કરતાં પણ વધારે ખબરદાર છે-અને દાના વઝીર કરતાંબી તું વધારે હુશ્યાર છે.

અમો સઘળા નોકર છિયે અને હોકમ તારોજ છે-આ બાબતમાં તારાજ વિચાર અને વચન પ્રબળ છે."

જ્યારે તેણીએ તેઓની એવી વાત સાંભળી ત્યારે લશ્કરની હાઝેરી રાખનારને તેનાં દફતર સાથ બોલાવી મંગાવી પગાર આપવા બેસાડયો.

બેયામદ સેપહ્ સરૂબસરૂ બેન્ગરીદ
હઝારો સદો શસ્ત યલ્ બરૂ ગુઝીદ
કેઝાન્ હરૂ સવારી બહન્ગામે કારૂ
ન બરૂ કાશતન્દી સરૂ અઝ દહ્ સવારૂ
૮૮ દેરમ્ દાદો આમદ સુએ ખાનહ્ બાઝ
ચુનીન્ ગોફત્ બા લશ્કરે રઝમસાઝ
કે હરૂ કસ કે દીદ આન્ દુવાલો રેકીબ્
ન પીચદ દેલ્ અન્દરૂ ફરાગો નેશીબ્
નતર્સદ જે અઝ્બૂહે મરૂદુમ કશાન્
ગરૂ અઝ અબ્રૂ બારદ બરૂ સરૂ ફશાન્
ન પીચદ અઝીન્ રફૂતન્ અઝ મન્ એનાન
નતર્સદ અગરૂ દુશ્મન્ આયદ દમાન્
બેબાયદ કે તા સૂએ ઇરાન્ શવીમ
બનઝદીકે શાહે દેલીરાન્ શવીમ
બતૂરાન્ ધરીબીમો બી પોશ્તો યારૂ
મેયાને બુઝોર્ગાન્ ચુનીન્ સુસ્તો ખારૂ
હમી રફૂત બાયદ ચુ તીરહ્ શવદ
સરે દુશ્મન્ અઝ ખાબ્ ખીરહ્ શવદ
શુમા દેલ્ બરફૂતન્ મદારીદ તન્ગ્
ગરૂ અઝ ચીનેયાન્ લશ્કરૂ આયદ બજન્ગ્
કે હમ્ બી ગુમાન્ અઝ પસે મા સરાન્
બેયાયન્દ બા ગોરૂઝહાએ ગરાન્
હમહ્ જાન્ ·યકાયક બકફ્ બરૂ નેહીદ
અગરૂ લશ્કરૂ આયદ ખુરીદો દેહીદ
૮૯ વગરૂ બરૂ ચુનીન્ રૂએ તાન્ નીસ્ત રાય
અઝ ઈદરૂ મજુંબીદ યકૂ તન્ ઝે જાય
બઆવાઝ ગોફતન્દ મા કેહ્તરીમ
ઝે રાયે ઝે ફર્માને તૂ નુગ્જરીમ
બરીન્ બરૂ નેહાદન્દો બરૂ ખાસ્તન્દ
હમહ્ જન્ગે ચીન્રા બેયારાસ્તન્દ
યલાન્ સીનહો મેહ્તરૂ યઝદ ગોશસ્પ
નેશાસ્તન્દ બા નામદારાન્ બરૂ અસ્પ
હમી ગોફૂત હરૂકસ કે મોર્દન્ બનામ
બેહ્ અઝ ઝેન્દહો ચીનેયાન્ શાદકામ

હમાન્ગહ્ સુએ કારૂવાન્ શુદ બદશ્ત
શુતોરૂ ખાસ્ત તા પીશે ઊ દરૂ ગુઝશ્ત
ગુઝીન્ કરૂદ અઝાન્ ઉશ્તુરાન્ સેહ્ હઝારૂ
બદાન્ તા બુનહ્ બરૂ નેહાદન્દ બારૂ
ચુ શબ્ તીરહ્ શુદ ગોર્દેયહ્ બરૂ નેશાસ્ત
ચુ ગોર્દી સરફ્રાઝ ગોર્ઝી બદસ્ત
બરૂ અફ્ગન્દ પુરૂમાયહ્ બરૂગુસ્તવાન્
અબા જઉશનો તીઘો તર્ગે ગવાન્
હમી રાન્દ ચૂન્ બાદ લશ્કરૂ બરાહ્
બરખ્શન્દ રૂઝો શબાને સેયાહ્

તમામ લશ્કર આવ્યું અને તેણીએ તે જોયું-તેમાંથી તેણે એક હઝાર એકસો અને સાઠ પેહલવાનો ચુંટી કાઢયા,

કે જેઓમાંનો દરેક સવાર લડાઇને વખતે-દશ સવારો સામેથી પોતાનું સર ફેરવતો નહીં હતો.

તેઓને પગાર ચૂકવીને તેણી પાછી પોતાનાં મથક તરફ આવી-તે લડાયક લશ્કરને એ પ્રમાણે કહેવા લાગી,

કે "જે કોઇયે કે આ કમરબંદ અને રેકાબ જોઈ છે-તે ચઢતીમાં કે પડતીમાં હિમ્મત હારશે નહીં.

અગરજો તેની ઉપર આસ્માન ઉપરથી માથાંનો છટકાવ થાય-તોપણ તે માણસો મારનારાં લશ્કરથી બીશે નહીં

મારી સાથ ચાલવાથી તે લગામ ફેરવશે નહીં-અને અગરજો દુશ્મન જોશ કરતો આવી લાગે તોપણ તે બીશે નહીં.

એવું કરવું જોઇયે કે આપણે ઇરાન તરફ બહાદુરોના પાદશાહની નઝદીક જઇયે.

આપણે તૂરાનમાં તો મુસાફર જેવા અને કાંઈ પણ મદદ કે દોસ્ત આશના વગરનાં અહીંના બુઝોર્ગોની વચ્ચે આવા નબળા અને ખુવા પડયાર છિયે.

જ્યારે અંધારૂં થાય અને દુશ્મનનું સર ખાબથી મસ્ત થાય ત્યારે અહીંથી નીકળી જવું જોઇયે.

અગરજો ચીનાઓનું લશ્કર આપણી સામે લડવા આવે-તોપણ તમો નીકળી જવા માટે ના હિમ્મત થતા ના.

કારણકે જરૂર આપણી પછાડી ભારી ગુર્ઝો સાથ સરદારો આવી લાગશે.

માટે તમો સઘળાઓ જીવ હડેલી ઉપરજ ધરજો-અને જો લશ્કર આવી લાગે તો મારજો યા મરજો.

હવે જો તમારો એમ કરવાનો વિચાર નહીં હોય તો તમો અહીંથી એક પણ શખ્સ આગળ વધતો ના."

સઘળાઓએ પોકારીને કહ્યું કે "અમો તારા નોકર છિયે-તારા વિચાર અને ફર્માનથી જરાબી ફરીશું નહીં."

પછી તેઓ એ વાત ઉપર એકમત થયા અને વીખરાઈ ગયા-સઘળા-ઓએ ચીનની લડાઇની તૈયારી કીધી.

યલાન સીનેહ અને સરદાર યઝદ ગોશસ્પ-બીજા નામદારો સાથે ઘોડા ઉપર સવાર થયા.

દરેક જણ બોલવા લાગ્યું કે "ચીનાઓ પોતાની મુરાદ માફક ખુશહાલ રહે અને આપણે જીવતા રહીએ તેનાં કરતાં તો આપણને નામદારી સાથ મરવું વધારે સારૂં છે"

પછી તુરત તેણી ઊંટોના કાફલા તરફ મયદાનમાં ગઈ-અને તેણીએ ઊંટોની માગણી કીધી જેથી તેણીની આગળથી સઘળાં પસાર થયાં.

તે ઊંટોમાંથી ત્રણ હઝાર ચુંટી કાઢયાં-અને તે ઊંટો ઉપર સઘળો માલ અસ્બાબ લાધવામાં આવ્યો.

જ્યારે રાત અંધારી થઇ ત્યારે ગોરદિયહ સવાર થઇ-તેણીએ એક સરફરાઝ પેહલવાનની માફક હાથમાં ગુર્ઝ લીધો.

અને ઘોડા ઉપર એક દમામદાર પાખર નાખી-અને પોતે બખ્તર, તલવાર અને પેહલવાનોની ટોપ સાથ તૈયાર થઈ.

એ પ્રમાણે તેણી દિવસની રોશનીમાં તેમજ રાતની અંધારીમાં લશ્કરને પવનની મિસાલ આગળ ચલાવવા લાગી.

આગાહી યાફ્તને ખાકાન્ અઝ્ ગુરીખ્તને ગોર્દૈયહ્ વ ફેરેસ્તાદને ઊ તુબોર્ગ્રા બા લશ્કર્ પસે ઊ વ કોશ્તને ગોર્દૈયહ્ તુબોર્ગ્રા.

——:૦:——

ઝે લશ્કર્ બસી ઝીન્હારી શુદન્દ
બનઝ્દીકે ખાકાન્ બચારી શુદન્દ
બેરાદર્ બેયામદ્ બનઝ્દીકે ઊય
કે અય નામવર્ મેહ્તરે જન્ગ્જૂય
સેપાહી દેલાવર્ બઈરાન્ કશીદ્
બસી ઝીન્હારી બરે મન્ રસીદ્
વઝીન્ નન્ગ્ તા જાવેદાન્ બર્ દરત્
બેખન્દદ્ હમી લશ્કરો કેશ્વરત્
સેપહ્દારે ચીન્ કાન્ સુખુન્હા શનીદ્
શુદ્ અઝ્ ખેશ્મ્ રન્ગે રોખશ્ નાપદીદ્
બદૂ ગોફ્ત બેશ્તાબો બર્ કશ સેપાહ્
નેગહ્ કુન્ કે લશ્કર્ કુજા શુદ્ ઝે રાહ્
બઈશાન્ રસી હીચ્ તુન્દી મકુન્
નુખોસ્તીન્ ફરાઝ્ આર્ શીરીન્ સખુન્
અઝીશાન્ નદાનદ્ કસી રાહે મા
મગર્ બીમ્ શાન્ કર્દ્ બદ્ખાહે મા
બચર્બી સખુન્ ગૂયો બેન્વાઝ્ શાન્
બમર્દાનગી સર્ બર્ અફ્રાઝ્ શાન્
વગર્ હીચ્ સાઝદ્ કસી બા તો જન્ગ્
તો મર્દી કુનો દૂર્ બાશ્ અઝ્ દેરન્ગ્
અઝીશાન્ યકી ગૂરસાન્ કુન્ બમર્વ્
કે ગર્દદ્ ઝમીન્ હમચુ પર્રે તઝર્વ્
બેયામદ્ સેપહ્દાર્ બા શશ્ હઝાર્
ગુઝીદહ્ ઝે તુર્કાને જન્ગી સવાર્
બરૂઝે ચહારોમ બઈશાન્ રસીદ્
ઝને શીર્ દેલ ચૂન્ સેપહ્ બેન્ગરીદ્
અઝીશાન્ બહેલ્ દર્ નકર્દ્ ઈચ્ યાદ્
ઝે લશ્કર્ સુએ સાર્વાન્ શુદ્ શુ બાદ્
યકાયક્ બુનહ્ દર્ પસે પોશ્ત કર્દ્
બેયામદ્ નેગહ્ કર્દ્ જાએ નબર્દ્
સેલીહે બેરાદર્ બેપૂશીદ્ ઝન્
નેશસ્ત અઝ્ બરે બારએ ગામઝન્
દુ લશ્કર્ બરાબર્ કશીદન્દ સફ્
હમહ્ જાન્હા બર્ નેહાદહ્ બકફ્
બપીશે સેપાહ્ અન્દર્ આમદ્ તુબોર્ગ્
કે ખાકાન્ વરા ખાન્દી પીર્ ગોર્ગ્
બઈરાનેયાન્ ગોફ્ત કાન્ પાક્ ઝન્
મગર્ નીસ્ત બા ઈન્ બુઝોર્ગ્ અન્જુમન્
શુ બુદ્ ગોર્દૈયહ્ બા સેલીહે ગરાન્
મેયાન્ બસ્તહ્ બર્સાને જન્ગ્આવરાન્

ખાકાનને ગોર્દિયહના નાસવાની ખબર થવી અને તેણે તુબોર્ગને લશ્કર સાથ તેની પછાડી મોકલવો અને ગોર્દિયહે તુબોર્ગને મારી નાખવો.

——:૦:——

તે લશ્કરમાંના ઘણાકો ખાકાનની નઝદીક મદદ મેળવવા માટે તેની પનાહમાં ગયા. ૯૦

તેનો ભાઇ તેની નઝદીક આવ્યો—અને બોલ્યો કે "એ લડાયક નામવર સરદાર!

એક દિલાવર લશ્કર ઈરાન તરફ નીકળી ગયું છે-તેમાંના ઘણાકો પનાહને માટે મારી નઝદીક આવ્યા છે.

આ નામોસીથી હમેશે સુધી તારૂં લશ્કર અને તારો મુલક તારી દરબાર ઉપર હસવા લાગશે."

જ્યારે ચીનના સરદારે આ સખુનો સાંભળ્યા—ત્યારે ગુસ્સાથી તેના ચેહરાનો રંગ ઉડી ગયો.

તેને કહ્યું કે "તું શેતાબી કર અને લશ્કર લઈ જા-તું તપાસ કર કે તે લશ્કર તે રાહમાંથી ક્યાં ગયું?

જ્યારે તું તેઓની નઝદીક પહોંચે ત્યારે કાંઈ પણ તુંદી ના કરતો—પેહલાં તો મીઠી મીઠી વાતો કરજે.

તેઓમાંથી કોઈ પણ આપણી રાહ રીતી જાણતું નથી—કદાચ આપણના દુશ્મને તેઓને ભડકાવી મૂકયા છે.

નર્માસથી સખુન બોલજે અને તેઓને નવાઝેશ કરજે-તેમજ તેઓની બહાદુરી માટે તારીફ કરજે.

પણ જો કોઈ તારી સાથ લડાઈ કરે-તો તું પણ ઢીલ કરવાથી દૂર રહી મર્દાનગી દેખાડજે.

મર્વમાંજ તેઓનું એક ગોરેસ્તાન બનાવજે—કે જેથી ત્યાંની ઝમીન મરઘાની પાંખ મિસાલ થાય." ૯૧

આથી તે સરદાર તુર્કીઓમાંથી ચુટી કાઢેલા છ હઝાર લડાયક સવારો સાથ નીકળ્યો.

તે ચોથે દહાડે તેઓ આગળ જઈ પહોંચ્યો-જ્યારે તે સિંહની હિમ્મતની અઉરતે લશ્કર જોયું,

ત્યારે તેણીએ તેઓની કશી પણ દરકાર કીધી નહીં—અને લશ્કરમાંથી શેતાબી કરતી સારવાન તરફ ગઇ.

તેણીએ સઘળો અસ્બાબ લશ્કરની પીઠ પછાડી રાખ્યો—પછી આવી અને લડાઈની જગ્યા નક્કી કીધી.

તે અઉરતે પોતાના ભાઇનાં હથિયાર બાંધ્યાં—અને એક તેઝ ચાલના ઘોડા ઉપર સવાર થઈ.

બન્ને લશ્કરે સામા સામી સફ સમારી—સઘળાઓએ પોતાના જીવ હથેલી ઉપરજ ધર્યા.

પેલો તુબોર્ગ સરદાર કે જેને ખાકાન બુઢ્ઢું વરૂ કહેતો હતો, તે લશ્કરની હરોલમાં આવ્યો.

તેણે ઈરાનીઓને કહ્યું કે "શું તે પાક અઉરત—આ મોટાં લશ્કર સાથ નથી?"

જ્યારે ગોરદિયહ તો ભારી હથિયાર બાંધી લડાયકોની મિસાલ કમર બાંધી હભેલીજ હતી,

૯૨ દેલાવરૂ તુખોર્ગશ નદાનેસ્ત બાઝ
બેઝદ પાશનહ રફૂત પીશશ ફરાઝ
બદૂ ગોફૂત આન્ ખાહરે કોશતહ શાહ
કુજા જુયમશ દર મેયાને સેપાહ
કે બા ઊ મરા હસ્ત ચન્દાન્ સોખુન્
ચે અઝ નવ ચે અઝ રૂઝગારે કોહુન્
બદૂ ગોરૂદેયહ ગોફૂત કીનક મનમ
કે બર શીરે દરૂન્દહ અસ્પ અફ્ગનમ
ચુ બેશનીદ આવાઝે ઊરા તુખોરૂગ
બશાન્ અસ્પે જન્ગી ચુ શીરે સુતોરૂગ
શેગેફૂત આમદશ ગોફૂત ખાકાને ચીન્
તોરા કરૂદ અઝીન્ પાદ્શાહી ગુઝીન્
બદાન્ તા તો બાશી વરા યાદ્ગારૂ
ઝે બહ્રામે શીરૂ આન્ ગુઝીદહ સવારૂ
હમી ગોફૂત પાદારી ઈન્ નીકોઈ
બજાય આવરમ ચૂન સખુન્ બેશ્નોઈ
મરા ગોફૂત બેશતાબો બા ઊ બેગૂય
કે ગર ઝાન્ કે ગોફૂતમ નદીદી તો રૂય
ચુનાન્ દાન્ કે ઈન્ ખુદ નગોફૂતમ ઝે બુન્
કે મન નીઝ બાઝ આમદમ ઝીન્ સખુન્
૯૩ અઝીન્ મરૂઝ રફૂતન્ તોરા રૂય નીસ્ત
મકુન્ ગર તોરા આરૂઝુ શૂય નીસ્ત
સુખુનહા બરીન્ ગૂનહ પયવન્દ કુન્
વગરૂ પન્દ નપઝીરદશ બન્દ કુન્
હમ આન્ કસ કે ઊરા બરૂ આન્ દાશતસ્ત
સુખુનહા ઝે અન્દાઝહ બુગ્ઝાશતસ્ત
બદૂ ગોર્દેયહ ગોફૂત કઝ રઝમગાહ
બયકસૂ શવીમ અઝ મેયાને સેપાહ
સખુન હરૂચે ગૂઈ તો પાસોખ દેહમ
તોરા અન્દરીન્ રાએ ફરૂરોખ નેહમ
ઝે પીશે સેપાહ અન્દરૂ આમદ તુખોરૂગ
બેયામદ બરે નામદારે સુતોરૂગ
ચુ તનહા બેદીદશ ઝને ચારહ જૂય
અઝાન્ મેઘફરે તીરહ બુકુશાદ રૂય
બદૂ ગોફૂત બહ્રામરા દીદઈ
સવારીઓ રઝમશ પસન્દીદઈ
મરા બૂદ હમ માદરો હમ પેદરૂ
કુનૂન ફઝગારે વય આમદ બસરૂ
કુનૂન મન તોરા આઝમાયેશ કુનમ
યકી સૂએ રઝમત ગેરાયેશ કુનમ
૯૪ ગરમ અઝ દરે શૂય યાબી બેગૂય
હમાના મરા ખુદ પસન્દી તો શૂય
બેગોફૂત ઇન્ વઝાન્ પસ બરૂ અન્ગીખ્ત અસ્પ
પસે ઊ હમી તાખ્ત યઝદ ગોશસ્પ
સેપહદારે ચીની હમાન્ હમ્લહ કરૂદ
બરૂ આવીખ્તન્દ આન્ દો શીરે નબરૂદ
હમાન્ ખાહરે પહ્લૂએ નામદારૂ
બનીઝહ દરૂઆમદ બનઝ્દે સવારૂ
યકી નીઝહ ઝદ બરૂ કમરૂબન્દે ઊય
કે બુગ્ઝાશ્ત ખફ્તાનો પયવન્દે ઊય

પણ દિલાવર તુખોર્ગે તેણીને પિછાની નહીં-અને ઘોડાને એડ મારી તેણીની નઝદીક આવ્યો.

અને બોલ્યો કે "પેલા માર્યા ગયલા પાદશાહ બેહરામની બેહેન-મને આ લશ્કરની વચ્ચે કયાં મલશે?

કારણ મારે તેણીની સાથે કાંઇક નવી જૂની કેટલીક વાતો કરવી છે."

ગોરદિયહે તેને કહ્યું કે "તે આ હુંજ છું-હુંજ ફાડીખાનારા સિંહ ઉપર ઘોડો ઝોંકાઉં છું."

જ્યારે તુખોર્ગે તે લડાયક ઘોડા ઉપર મસ્ત સિંહની મિસાલનો તેણીનો આવાઝ સાંભળ્યો,

ત્યારે તે અજબ થઇને બોલ્યો કે "આ સલ્તનતમાંથી ખાકાને ચીને તનેજ પસંદ કીધી છે,

કે જેથી તું તે પસંદ કીધેલા સવાર સિંહ જેવા બેહરામની યાદ-ગારી તરીકે રહે.

તેણે કહેવાડિયું છે કે 'જો તું મારી વાત સાંભળે તો હું તેની ભલાઇ-ઓનો બદલો વાળું.'

તેણે મને કહ્યું છે કે 'તું દોડ અને તેણીને કહે-કે જે કાંઇ મેં તને કહેવાડિયું તે તને જો રૂચ્યું નહીં હોય,

તો તું એમજ જાણ કે મેં પણ કંઈ ખરેખરી મતલબથી કહેવાડિયું નહીં હતું-કારણકે હું પણ હવે તે વાતથી ધરાઇ ચૂકયો છું.

જો તારી ઇચ્છા ખાવંદ કરવાની નથી તો ના કરતી-પણ તારે આ મુલક છોડી જવું ઘટારત નથી.'

એવી રીતની વાતો તું તેણીને સમજાવીને કહેજે-અને જો તારી નસી-હત નહીંજ સાંભળે તો તેણીને કયદ કરજે.

તેમજ તે શખ્સને પણ પકડજે કે જેણે તેણીને એ વાત ઉપર ઉસ-કેરી મૂકી-અને એમ કરી સઘળી વાતો અંદાઝાથી વધારી નાખી છે."

ગોરદિયહે તેને કહ્યું કે "આ લડાઇગાહમાંથી-લશ્કર વચ્ચેથી આપણે એક તરફ જઇયે.

અને ત્યાં તું જે કાંઈ પૂછશે તેનો જવાબ આપીશ-અને તને એ કામમાં સારીજ સલાહ આપીશ."

તખોર્ગ લશ્કર આગળથી દૂર થઇ-પેલી બહાદુર નામદાર આગળ આવ્યો.

જ્યારે તે યુક્તિબાઝ અઉરતે તેને એકલો જોયો-ત્યારે કાળી ટોપમાંથી પોતાનું મોં બાહેર કાઢયું.

અને બોલી કે "તેં બેહરામને તો જોયો હતો-અને તેની સવારી અને લડાઇ તને પસંદ પડી હતી.

તે મારાંજ માબાપનો જણેલો મારો ભાઈ હતો-જે હાલમાં મરણ પામ્યો છે.

હમણાં હું તારી આઝમાયેશ કરૂં છું-અને તારી સાથે લડવાની ખાહેશ રાખું છું.

જો તું મને ખાવંદ કરવા લાયકની સમજે તો તે કહેજે-બલ્કે તું પોતેજ મારે માટેનો ધણી પસંદ કરજે."

તેણી એટલું બોલ્યા બાદ પોતાનો ઘોડો દપતાવ્યો-ઇઝદ ગોશસ્પ તેની પૂઠેજ પોતાનો ઘોડો હાંકતો હતો.

પેલા ચીની સરદારે પણ હમ્લો કીધો-તે બન્ને લડાયક સિંહો વળગી પડયા.

પેલી નામદાર પેહલવાનની બેહેન-નેઝા સાથ તે સવારની નઝદીક આવી.

અને એક નેઝો તેના કમરબંદ ઉપર માર્યો-કે જેથી તેનું બખ્તર તેમજ તેનાં બદન ઉપરનું વળગણ છૂટું થઈ ગયું.

કે ઝીન્ અન્દર્ બોરૂતાહો શુદ સર્ નેગૂન્
શુદ આન્ રીગે ઝીર્ અન્દરશ જૂએ ખૂન્
ચલાન્ સીનહ્ બા આન્ ગુઝીદહ્ સેપાહ્
બરૂઅન્ગીખ્ત અસ્પ્ અન્દર્ આન્ રઝમગાહ્
હમહ્ લશ્કરે ચીન બહમ બર્ શેકસ્ત
બસી કોશ્તો અફ્ગન્દો ચન્દી બેખસ્ત
દો ફરસન્ગ્ બા ઊ હમી શુદ કે પસ
બર્ અસ્પાન્ નમાન્દન્દ બેસ્યાર્ કસ
સરાસર્ હમહ્ દશ્ત શુદ રૂદે ખૂન્
યકી બી સરો દીગરી સર્ નેગૂન્

તે ઝીન ઉપરથી ઊંધે મસ્તક નીચે પડયો-અને તેની નીચેની રેતી લોહીની નદી બની ગઈ.

પછી ચલાન સીનેહે તે પસંદ કીધેલા સવારો સાથ-લડાઈગાહમાં ઘોડો દપતાવ્યો.

તેણે ચીનનાં તમામ લશ્કરને શેકસ્ત આપી-ઘણાક માર્યા ગયા, નીચે પડયા અને કેટલાક ઝખમી થયા.

બે ફર્સંગ સુધી તેઓની પૂઠ પકડી-જેથી ઘણાક સેપાહો પોતાના ઘોડા ઉપર કાયમ રહ્યા નહીં.

તમામ મયદાન લોહીની નદી બન્યું-કોઈ માથાં વગરનો તો કોઈ ઊંધે મસ્તક પડેલો જણાયો.

નામએ ગોર્દૈયહ્ બગોરૂદૂય.

ચુ ફીરૂઝ શુદ સૂએ ઈરાન્ કશીદ્
બરે શાહ્રૂયારે દેલીરાન્ કશીદ્
બઆમૂય બેન્શસ્તો યક્ ચન્દ બૂદ્
બદેલશ અન્દરૂન્ દાવરીહા ફેઝૂદ્
યકી નામહ્ સૂએ બેરાદર્ બદર્દ
નેવેશ્તો કે હર્ કારશ આગાહ્ કર્દ
ચુનીન્ ગોફ્ત આન્ગહ્ કે બહરામ ગોર્દ
બતીમારો દર્દે બેરાદર્ બેમોર્દ
તોરાઓ મરા મોઝ્દ બેસ્યાર્ દાદ્
રવાને વય અઝ મા બી આઝાર્ બાદ્
દેગર્ ગોફ્ત બા શાહ્રૂયારે બલન્દ્
બેગૂય આન્ચે અઝ મન્ શનીદી ઝે પન્દ્
પસે મા સેપાહી બેયામદ ગરાન્
હમહ્ નામદારાને જન્ગ્ આવરાન્
બરાન્ ગૂનહ્ બર્ દાશ્તમ શાન્ ઝે રઝમ
કે નહ્ રઝમ બીનન્દ અઝીન્ પસ ન બઝમ
બસી નામવર્ મેહ્તરાન્ બા મનન્દ્
નબાયદ કે આયદ બરીશાન્ ગઝન્દ્
નેશસ્તમ બઆમૂય તા પાસોખમ
બેયારદ મગર્ અખ્તરે ફર્રોખમ

જ્યારે તેણી ફતેહમંદ થઇ ત્યારે ઇરાન તરફ દેલાવર લોકોના પાદ- ૯૫
શાહની નઝદીક લશ્કર લઈ ચાલી.

તેણીએ આમૂયમાં આસાયેશ લીધી અને થોડોક વખત ત્યાંજ થોભી-તેણીનાં દિલમાં ગૂચવાડા વધતા ગયા.

તેણીએ પોતાના ભાઈ ગોરદૂય ઉપર દુઃખ સાથેનું એક નામુ-લખ્યું અને તેને દરેક કામથી વાકેફ કીધો.

તેણીએ એમ લખ્યું કે "જ્યારે પેહલવાન બેહરામ ભાઈનાં દુઃખ અને ગમમાં મરણ પામ્યો,

ત્યારે તને અને મને ઘણીક વધાઇ આપી ગયો છે-તેનું રવાન આપણાંથી દુઃખ વગરનુંજ હોજો!"

બીજું લખ્યું કે "તેં જે કાંઇ મારી તરફથી શીખામણો સાંભળી છે તે મોટા પાદશાહને કહેજે.

અમારી પછાડી તમામ લડાયક નામદારોનું એક ભારી લશ્કર આવ્યું હતું,

જેને મેં લડાઈમાં એવું વીખેરી નાખ્યું-કે તેઓ હવે પછી નહીં લડાઇ જોશે કે નહીં ખુશીની મજલેસ જોઇ શકશે.

ઘણાક નામવર સરદારો મારી સાથે છે-માટે અને એવું નહીં બનવું જોઇયે તેઓને કશું નુકસાન પહોંચે.

હું આમૂયમાં થોભી છું જ્યાં કદાચ મારો ભાગ્યશાળી સેતારો કાંઇક સારોજ જવાબ લાવશે."

કોશતને ખુસ્રવ્ બન્દૂયરા.

વઝાન્ પસ બઆરામ બેન્શસ્ત શાહ્
ચુ બર્ખાસ્ત બહ્રામે જન્ગી ઝે રાહ્
નદીદ્ અઝ બુઝોર્ગાન્ કસી કીનહ્જૂય
કે બા ઊ બરૂય અન્દર્ આવર્દ રૂય
બદસ્તૂરે પાકીઝહ્ યક્ રૂઝ ગોફ્ત
કે અન્દીશહ્ તા કય બુવદ દર્ નેહોફ્ત
કોશન્દહ્ પેદર્ હર્ ઝમાન્ પીશે મન્
હમી બુગ્ઝરદ ઊ બુવદ ખીશે મન્

જ્યારે લડાયક બેહરામ તેના રસ્તા વચ્ચેથી દૂર થયો-ત્યારે તે પછી ૯૬
પાદશાહ આરામથી બેસવા લાગ્યો.

મોટાઓમાંથી એવો કોઈ લાયક રહ્યો નહીં-કે જે તેની સામે થાય.

તેણે એક દિવસે પોતાના નેક વઝીરને કહ્યું-કે "મારા દિલમાંનો વિચાર કયાં સુધી છૂપો રહી શકશે?

મારા બાપને મારનારો દરેક વખત મારી નઝદીકથી પસાર થાય છે અને તે મારો ખેશી છે.

ચુ રઉશન્ રવાનમ પુર્ અઝ ખૂન બુવદ
હમી પાદ્શાહી કુનમ ચૂન્ બુવદ
નેહાદન્દ ખાનો મયે ચન્દ ખરૂદ
હમાન્ રૂઝ બન્દૂયરા બન્દ કરૂદ
વઝાન્ પસ ચુનીન્ ગોફ્ત બા રહનુમાય
કે ઊરા હમ અકનૂન્ ઝે તન્ દસ્તો પાય
બેબુરીદ તા ઊ બખૂને કેયાન્
ચુ બી દસ્ત બાશદ ન બન્દદ મેયાન્
બુરીદન્દો હમ દર્ ઝમાન્ ઊ બમોરદ
પુર્ અઝ ખુન્ રવાનશ બખુસ્રવ્ સેપોરદ
વઝાન્ પસ બસૂએ ખોરાસાન્ કસી
ફ્રેરેસ્તાદો અન્દરૂઝ કર્દશ બસી
૯૭ બદુ ગોફ્ત બા કસ મજુમ્બાન્ ઝબાન્
અઝ ઈદર્ બેરવ તા દરે મર્ઝબાન્
બગોસ્તહમ ગૂય ઈચ ગૂનહ મપાય
ચુ ઈન્ નામએ મન બેખાની બેયાય
ફ્રેરેસ્તાદહ અન્દર્ ખોરાસાન્ રસીદ
બદરગાહે મર્દ તન્આસાન્ રસીદ
બેગોફ્ત આનચે ફર્માને પર્વીઝ બૂદ
કે શાહી જવાન્ બૂદો ખૂનરીઝ બૂદ

જ્યારે મારો રોશન જીવ દુઃખી રહે–ત્યારે હું પાદશાહી તે કેવી રીતે કરી શકું ?”

હવે ખાણું પરીસાયું અને થોડોક શરાબ પીધા પછી–તેજ દિવસે બંદૂયને કયદ કીધો.

ત્યાર પછી તેની રેહનુમાઈ કરનારાઓને કહ્યું–કે “હમણાંજ તેનાં તન ઉપરથી હાથ અને પગ,

કાપી કાઢો કે જેથી જ્યારે તે હાથ વગરનો થશે ત્યારે પાદશાહોનાં ખૂન માટે કમર બાંધશે નહીં.”

આથી તેઓએ તે કાપ્યા અને તુરત તે મરણ પામ્યો-તેણે પોતાનો લોહીથી ભરેલો જાન ખુસરૂને સોંપ્યો.

ત્યાર પછી પાદશાહે એક જણને ખુરાસાન તરફ-મોકલ્યો અને તેને ઘણીક શીખામણ દીધી.

તેને કહ્યું કે “તું કોઈ સાથ કશું પણ બોલતો ના-તું અહીંથી તે હાકેમની દરબાર સૂધી જા.

અને ગોસ્તહમને કહેજે કે ‘તું જરા પણ થોભતો ના-જેવું આ મારૂં નામુ વાંચે તેવોજ તુરત આવી લાગજે.’”

પેલો કાસેદ ખુરાસાન પહોંચ્યો–અને તે સુખવાસી શખ્સની દરગાહમાં ગયો.

અને પર્વીઝ કે જે એક જવાન અને ખૂન રેડનારો પાદશાહ હતો, તેનો જે કાંઇ હોકમ હતો, તે તેને કહી સંભળાવ્યો.

સર્ પીચીદને ગોસ્તહમ્ અઝ્ ખુસ્રવ્ વ બઝની ગેરેફ્તને ઊ ગોર્દેયહ્‌રા.

——:o:——

ચુ ગોસ્તહુમ બેશનીદ લશ્કર્ બેરાન્દ
પરાગન્દહ લશ્કર્ હમહ બાઝ ખાન્દ
ચુનીન્ તા બશહ્‌રે બુઝોર્ગાન્ રસીદ
ઝે સારીઓ આમુલ્ બગોર્ગાન્ રસીદ
શનીદ આન્ કે શુદ શાહે ઇરાન્ દુરોશ્ત
બેરાદર્શ બન્દૂય નાગહ બેકોશ્ત
ચુ બેશનીદ દસ્તશ બદન્દાન્ બેકન્દ
ફ્રેરૂદ આમદ અઝ્ પોશ્તે ઝીને સમન્દ
હમહ જામએ પહ્‌લવી કર્દ ચાક્
ખોરૂશાન્ બસર્ બર્ હમી રીખ્ત ખાક્
બેદાનેસ્ત ક્રૂરા જહાન્દાર્ શાહ
બકીને પેદર્ કર્દ ખાહદ તબાહ
૯૮ ખોરૂશાન્ અઝાન્ જાયગહ બાઝ ગશ્ત
તો ગોફ્તી કે બા બાદ અમ્બાઝ ગશ્ત
સેપાહે પરાગન્દહ કર્દ અન્જુમન્
હમી તાખ્ત તા બીશએ નારવન્
ચુ નઝદીકીએ કૂહે આમુલ રસીદ
સેપહ્‌રા બદાન્ બીશહ અન્દર્ કશીદ
હમી બોર્દ બર્ હર્ સુઇ તાખ્તન્
બદાન્ તાખ્તન્ બૂદ કીન્ આખ્તન્

ગોસ્તહમે ખુસરૂથી સર ફેરવવું અને તેનું ગોર્દિયહ સાથ પરણવું.

——:o:——

જ્યારે ગોસ્તહમે એવું સાંભળ્યું ત્યારે તેણે વીખરાયલું તમામ લશ્કર પાછું ભેગું કરી આગળ ચલાવ્યું.

એમ કરતો તે બુઝોર્ગોનાં શેહરમાં આવી પહોંચ્યો–સારી અને આમુલ થઇને ગોરગાનમાં આવ્યો.

ત્યાં તેણે એવું સાંભળ્યું કે “ઈરાનનો પાદશાહ સખ્ત બન્યો છે-અને તેના ભાઈ બન્દૂયને એકાએક કાપી નાખ્યો છે.”

જ્યારે એવું સાંભળ્યું ત્યારે તેણે પોતાના હાથ દાંતમાં કરડયો-તે ઘોડાની પીઠ ઉપરથી નીચે ઉતર્યો.

તેણે તમામ પેહલવાની પોશાક ફાડી નાખ્યો–તે રડતો રડતો સર ઉપર ખાક છાંટવા લાગ્યો

તે સમજી ગયો કે “તેને દેશની સંભાળ કરનાર પાદશાહ–પોતાના બાપના કીનામાં મારી નાખવા માંગે છે”

આથી તે પોકાર કરતો ત્યાંથી પાછો ફર્યો–તું કહે ગોયા તે પવનનોજ સાથી બની ગયો.

તેણે વીખરાયલું લશ્કર પાછું એકઠું કીધું અને નારવનના જંગલ સૂધી તે દોડતો ગયો.

જ્યારે આમુલના પહાડની નઝદીક જઇ પહોંચ્યો–ત્યારે લશ્કરને તે જંગલમાં ભેગું કીધું.

તે ચો તરફ હુમ્લા કરવા લાગ્યો–તે હુમ્લો કરવાની મતલબ કીનો લેવાની હતી.

**બહર સૂ કે બી કાર મરદુમ બુદન્દ
બનાની હમહ બન્દએ ઊ શુદન્દ
બજાઈ કે લશ્કરગહે શાહ બૂદ
કે ગોસ્તહમ અઝાન્ લશ્કર આગાહ બૂદ
હમી બર સરાન્ શાન્ ફેરૂદ આમદી
સેપહરા ચકાચક બહમ બરઝદી
વઝાન્ પસ ચુ ગોરદુય શુદ નઝદે શાહ
બેગોફ્ત આન્ કુજા ખાહરશ બા સેપાહ
બદાન્ મરઝબાનાને ખાકાન્ ચે કરદ
કે દર મર્વ અઝીશાન બર આવરદ ગરદ
વઝાન્ સૂચ ગોસ્તહમ બેશનીદ નીઝ
કે બહરામે ચલ્રા પુર આમદ કફીઝ
હમાન્ ગોર્દેયહ બા સેપાહે બુઝોર્ગ્
બેશ્ફ્ત અઝ બરે નામદારી સુતોર્ગ્
પસે ઊ સેપાહી બેયામદ બકીન્
ચે કરદ ઊ બદાન્ નામદારાને ચીન્
પઝીરહ શુદનરા સેપહ બર નેશાન્દ
વઝાન્ બીશહ ચૂન બાદ લશ્કર બેરાન્દ
ચુ આગાહ શુદ ગોર્દેયહ રફ્ત પીશ
બબા સરવરો નામદારાને ખીશ
ચુ ગોસ્તહમ દીદ આન્ સેપહરા બરાહ
બર અન્ગીખ્ત અસ્પ અઝ મેયાને સેપાહ
બેયામદ બરે ગોર્દેયહ પુર ઝે દર્દ
ફેરાવાન્ ઝે બહરામ તીમાર ખર્દ
હમાન્ દર્દે બન્દુય બા ઊ બેગોફ્ત
હમી બાસ્તીન્ ખૂન્ ઝે મેઝ્ગાન્ બેરોફ્ત
ચલાન્ સીનહરા દીદો ઈઝદ ગોશસ્પ
ફેરૂદ આમદ અઝ દૂર ગેર્યાન્ ઝે અસ્પ
બેગોફ્ત આન્ કે બન્દુયરા શહર્યાર
તબહ કર્દ બદ શુદ મરા રૂઝગાર
તો ગોફ્તી ન અઝ ખાહરશ ઝાદહ બૂદ
ન અઝ બહરે ઊ તન બખૂન દાદહ બૂદ
રવાન્ પીશે પાયશ બર અફ્શાન્દી
ચુ ઝૂ દૂર ગશ્તી દેઝમ માન્દી
નુખોસ્તીન ઝે તન્ દસ્તો પાયશ બુરીદ
બદાન્ સાન્ કે અઝ ગઉહરે ઊ સઝીદ
શુમારા બદુ ચીસ્ત અકનૂન ઊમીદ
કે બર નાવરદ હરગેઝ અઝ શાખે બીદ
અબા હમ ગેનાન્ તાન્ બતર ઝાન્ કુનદ
બશહર અન્દરૂન ગોશ્ત અર્ઝાન્ કુનદ
ચુ અઝ દૂર બીનદ ચલાન્ સીનહરા
બર આશૂબદો નવ કુનદ કીનહરા
કે સાલાર બૂદી તો બહરામરા
અઝૂ યાફ્તી દર જહાન્ કામરા
વઝૂ હરકે દાનદશ પરહીઝ બેહ
ગુલૂએ વરા દશનએ તીઝ બેહ
ગર ઇદર બેબાશીદ બા મા બહમ
ઝનીમ અન્દરીન્ રાય બર બીશો કમ
પઝીરોફ્ત અઝૂ હર કે બેશનીદ પન્દ
હમી જસ્ત હર યક ઝે રાહે ગઝન્દ**

જ્યાં કેયે કે બેકાર માણસો હતાં-તેઓ સઘળાં ખાવાની લાલચે તેના નોકર બન્યાં.

જે જગ્યાએ કે પાદશાહની છાવણી હતી-અને જે લશ્કરથી ગોસ્તહમ વાકેફગાર હતો,

ત્યાં હલ્લા કરી તેઓનાં સર નીચે નાખવા લાગ્યો-અને અચાનક તે લશ્કરને બરહમ મારવા લાગ્યો.

એની તરફ જ્યારે ગોરદુય પાદશાહની આગળ ગયો-ત્યારે તેણે તેની બેહેને પોતાનાં લશ્કર સાથ શું કીધું તે કહ્યું.

તેણીએ તે ખાકાનના હાકેમો સાથે શું કીધું હતું તે કહ્યું-કે મર્વમાં તેઓની ગર્દ કાઢી નાખી હતી.

પેલી તરફ ગોસ્તહમે પણ સાંભળ્યું-કે "પેહલવાન બેહરામનો વખત ભરાઇ ચૂક્યો છે,

તેમજ ગોરદિયહ મોટાં લશ્કર સાથ-મોટા નામદાર પાદશાહ આગળ ગઇ છે.

તેણીની પછાડી કીનાથી ભરેલું એક લશ્કર આવ્યું હતું-અને તેણીએ તે ચીનના નામદારો સાથ શું કીધું હતું?"

ત્યારે ગોસ્તહમે લશ્કરને તેણીને એસ્તેકબાલ જવા માટે તૈયાર કીધું-અને તે જંગલમાંથી પવનની મિસાલ લશ્કર આગળ ચલાવ્યું.

જ્યારે ગોરદિયહને ખબર પડી ત્યારે પોતાના સરદારો અને નામદારો સાથ આગળ ગઇ.

જ્યારે ગોસ્તહમે તે લશ્કરને રસ્તામાં જોયું-ત્યારે તેણે લશ્કરની વચ્ચેથી પોતાનો ઘોડો આગળ દપતાવ્યો.

તે દુઃખ ભરેલો ગોરદિયહની નઝદીક આવ્યો-તેણે 'બેહરામ માટે ઘણોક ગમ ખાધો.

તેમજ બંદુયનું દુઃખ પણ તેણીને કહ્યું-તે પોતાની બાંયે કરી આંખમાંનાં આંસુ લુછવા લાગ્યો.

તેણે ચલાન સીને અને ઈઝદ ગોશસ્પને જોયા-ત્યારે દૂરથી રડતો ઘોડા ઉપરથી નીચે ઉતર્યો.

તે બોલ્યો કે "પાદશાહે બંદુયને-મારી નાખ્યો અને મારો વખત પૂરો થયો.

તું કહે ગોયા પાદશાહ તેની બેહેનનો દીકરો હતોજ નહીં-અને તેને માટે બંદુએ પોતાનાં શરીરને મરવા માટે આપેલુંજ નહીં હતું.

તે તો પોતાનો જીવ એના પગ આગળજ પછાડતો હતો-અને જો તેનાથી એ ખુસરૂ દૂર થતો તો તે ગમગીન રહેતો હતો.

પહેલાં તો જેવી રીતે કે તેનાં ખાન્દાનથી થતું આવ્યું છે તેમ-તેનાં શરીર ઉપરથી હાથ અને પગ કાપ્યા.

હવે તમો લોકો તેનાથી શું આશા રાખો છો?-બેદનાં ઝાડની ડાળને કદીબી ફળ લાગતાં નથી.

તમો સઘળાઓ સાથ તો એ એના કરતાં પણ વધારે ભૂંડાઈ કરશે-અને શેહરમાં સઘળે ગોસ્ત સસ્તું કરી મૂકશે.

જ્યારે તે ચલાન સીનેહને દૂરથી જોશે-ત્યારે તે ગુસ્સે થશે અને કીનો તાઝો કરશે.

કારણકે તું બેહરામનો સરદાર હતો-અને તેનાથીજ તું દુન્યામાં મુરાદ પામ્યો હતો.

જે કોઇ કે તેને ઓળખે છે તેઓએ તો તેનાથી દૂર રહેવુંજ સારૂં છે-તેનાં ગળાં માટે તો તિક્ષ્ણ છરોજ ભલો છે.

જો તમો અહીંજ થોભો તો આપણે સાથે-એ બાબદમાં વધતો ઓછો વિચાર કર્યે."

જે કોઇએ તેની નસીહત સાંભળી તેઓએ તે કબૂલ કીધી-દરેક જણ આ આફતની રાહથી છૂટવાના ફાંફાં મારવા લાગ્યો.

ઝબાન્ તીઝ્ બર્ ગોર્દેયહ્ બર્ કુશાદ્
હમી કર્દ્ કેદારે બહ્રામ્ યાદ્
૧૦૧ ઝે ગોફ્તારે ઊ ગોર્દેયહ્ ગશ્ત સોસ્ત
શુદ્ અન્દીશહા બર્ દેલશ બર્ દુરોસ્ત
બેબૂદન્દ્ યક્સર્ બનઝદીકે ઊય
દુરોખ્શાન્ શુદ્ આન્ જાને તારીકે ઊય
યલાન્ સીનહ્રા ગોફ્ત ઇન્ ઝન્ બશૂય
નગૂયદ્ નજૂયદ્ બરીન્ આબ્રૂય
ચુનીન્ દાદ્ પાસોખ કે તા ગૂયમશ
બગોફ્તારે બેસ્યાર્ દેલ જૂયમશ
યલાન્ સીનહ્ બા ગોર્દેયહ્ ગોફ્ત ઝન્
બગીતી તોરા દીદહ્ અમ્ રાએઝન્
ઝે ખાકાન્ કરાનહ્ ગુઝીદી સઝીદ્
કે રાએ તો આઝાદગાન્રા ગઝીદ્
ચે ગૂઇ ઝે ગોસ્તહ્મે યલ્ ખાલે શાહ્
તવાન્ગર્ સેપહ્બુદ્ સરી બા સેપાહ્
બદ્ ગોફ્ત શૂઈ કઝ્ ઇરાન્ બુવદ્
અઝ્ તોખ્મએ મા ન વયરાન્ બુવદ્
યલાન્ સીનહ્ ઊરા બગોસ્તહ્મ દાદ્
દેલાવર્ ગવી બૂદ ખુસ્રવ નેઝાદ્
હમી દાશતશ ચૂન્ યકી તાઝહ્ સીબ્
કે અન્દર્ બલન્દી નદીદી નેશીબ્
૧૦૨ સેપાહી કે અઝ્ નઝદે ખુસ્રવ શુદી
બઝ્ રૂઝગારે કોહુન્ નવ શુદી
હરાનગહ્ કે દીદી શેકસ્તે સેપાહ્
ગવાન્રા હમી દાશતી દર્ પનાહ્

પછી ગોસ્તહમે ગોરદિયહ સાથ હલટભરી વાતો કરવા માંડી-અને બેહરામનાં કામોની યાદ કરવા લાગ્યો.

ગોરદિયહ તેની વાતથી નાહિમ્મત થઇ ગઇ-તેણીનાં મનમાં તેના વિચારો ઠીક લાગ્યા.

તેઓ સઘળા તેની નઝદીક બેઠા-જેથી તેનો સીઆહ જીવ પાછો ઝળકતો થયો.

ગોસ્તહમે યલાન સીનેહને કહ્યું કે "આ અઉરત પરણવા માટે કશું બોલતીજ નથી અને એમાં આબરૂ સમજતીજ નથી."

તેણે એવો જવાબ દીધો કે "હું તેને કહીશ-અને ઘણીક વાતોથી તેનો વિચાર તપાસીશ."

પછી યલાન સીનેહે ગોરદિયહને કહ્યુ કે "ઓ અઉરત!-દુન્યામાં મેં તનેજ સલાહકાર અઉરત જોઈ છે.

તેં ખાકાનથી દૂરી એખત્યાર કીધી તે વાજબીજ કીધું-કારણ તારા વિચારે ઈરાનના મોટાઓનેજ પસંદ કર્યા હતા.

તું પાદશાહના મામા પેહલવાન ગોસ્તહમ માટે શું કહે છે?-તે લશ્કર સાથનો એક તવંગર સરદાર છે."

તેણી બોલી કે "જો એક ધણી ઈરાની હોય-તો તેનાથી આપણનું તોખ્મ બરબાદ થતું નથી."

આથી યલાન સીનેહે તેણીને ગોસ્તહમને નેકાહમાં આપી-જે એક દિલાવર પેહલવાન અને પાદશાહી બુન્યાદનો હતો.

તે તેણીને એક તાઝાં સેબફળની માફક રાખતો હતો-કારણકે તેણી ચઢતીના વખતમાં પડતી જોતી હતીજ નહીં.

જે લશ્કર કે ખુસરૂ આગળથી ત્યાં જતું-તેના ઉપર જૂનો ઝમાનો પાછો નવો થતો હતો.

જે વખતે કે તે લશ્કરની શેકસ્ત જોતો-તે વખતે પેહલવાનોને પોતાની પનાહમાં રાખતો હતો.

રાએ ઝદને ખુસ્રવ્ બા ગોર્દૂય દર્ કારે ગોસ્તહમ્ વ કોશતહ્ શુદને ગોસ્તહમ્ બદસ્તે ગોર્દેયહ્ બચારએ ગોર્દૂય.

ખુસરૂએ ગોરદૂય સાથ ગોસ્તહમનાં કામમાં મસ્લહત કરવી અને ગોસ્તહમનું ગોરદૂયના ચારાથી ગોર્દિયહના હાથ ઉપર માર્યું જવું.

ચુનીન્ તા બર્ આમદ્ બરીન્ ચન્દ્ ગાહ્
ઝે ગોસ્તહ્મ પુર્ દર્દ્ શુદ્ જાને શાહ્
બર્ આશોફ્ત રૂઝી બગોર્દૂય ગોફ્ત
કે ગોસ્તહ્મ બા ગોર્દેયહ્ ગશ્ત જોફ્ત
સુએ ઊ શુદન્દ્ આન્ બુઝોર્ગ્ અન્જુમન્
બર્આનમ્ કે ઊ બૂદ્ શાન્ રાએઝન્
ઝે આમુલ્ કસ્ આમદ્ ઝે કાર્આગેહાન્
હમહ્ ફાશ ગશ્ત આન્ચે બૂદી નેહાન્
હમી ગોફ્ત અઝીન્ગૂનહ્ તા તીરહ્ ગશ્ત
ઝે દીદાર્ ચશ્મે યલાન્ ખીરહ્ ગશ્ત
ચુ સાઝન્દગાન્ શમ્ઓ મય સાખ્તન્દ્
ઝે બીગાનહ્ અયવાન્ બેપર્દાખ્તન્દ્

એ ઉપર પણ કેટલોક વખત નીકળી ગયો-પાદશાહનો જીવ ગોસ્તહમ તરફથી દર્દ ભરેલો થયો.

તેણે એક દહાડો ગુસ્સે થઇ ગોરદૂયને કહ્યું કે "ગોસ્તહમ ગોરદિયહનો ધણી થયો છે.

પેહલું મોટું લશ્કર પણ તેની તરફ થઇ ગયું છે-હું ધારું છું કે તેજ તેઓનો એ બાબતનો સલાહકાર થયો હશે.

જાસુસોમાંનો એક આમુલથી આવ્યો છે-તેનાથી તેઓની સઘળી વાતો કે જે કાંઈ છૂપી હતી, તે ઝાહેર થઈ છે."

એ પ્રમાણે રાત અંધારી થઇ ત્યાં સુધી પાદશાહ બોલવા લાગ્યો-અંધારે જોવાથી પેહલવાનોની આંખ પણ હયરાન રહી.

જ્યારે ખિદમતગારોએ બત્તી સળગાવી અને મય હાઝેર કર્યો-ત્યારે પારકાઓથી તે અયવાન ખાલી કરવામાં આવ્યો.

નેશસ્તન્દ ગોરૂદૂયો ખુસરૂ બહમ
હમી ગોફ્તન્ ખુસરૂ કે હરૂ બીરો કમ
બદ્દ ગોફ્ત અઝ ઇદરૂ ફેશાવાન્ સેપાહુ
બઆમુલ ફેરેસ્તાદહુ અમ કીનહુખાહુ
હમહુ ખસ્તહુ દેલ બસ્તહુ બાઝ આમદન્દ
પુરૂ અઝ નાલહો પુરૂ ગોદાઝ આમદન્દ
કુનૂન અન્દરીન્ રાએ મારા યકીસ્ત
કે આન્ રાય બા તાજો તખ્ત અન્દકીસ્ત
ચુ બહ્‌રામ ચૂબીનહુ ગુમ કરદ રાહુ
હમીશહુ બુદી ગોર્દેયહુ નીકુખાહુ
કુનૂન ચારઈ હસ્ત નઝદીકે મન
મકુન ઇન્ સખુન બરૂ સરે અન્જુમન
સુએ ગોર્દેયહુ નામહુ બાયદ નેવેશ્ત
ચુ જૂએ પુરૂ અઝ મય બબાધે બેહેશ્ત
કે તા તૂ હમી દૂસ્તદારી કુની
બહરૂ જાયો હરૂ કારૂ યારી કુની
બરૂ આમદ બરીન્ રૂઝગારે દરાઝ
ઝબાન્ બરૂ હેલમ ઢીચ્ નુકુશાદ રાઝ
કુનૂન્ રૂઝગારે સખુન ગોફ્તનસ્ત
કે ગોરૂદૂય મારા બજાએ તનસ્ત
નેગરૂ તા ચેગૂનહુ કુની ચારઈ
કઝાન્ ગુમ શવદ ઝેશ્ત પત્યારઈ
કે ગોસ્તહુમરા ઝીરે સન્ગ્ આવરી
દેલો ખાનએ મા બચન્ગ્ આવરી
ચુ ઇન્ કર્દહુ બાશી સેપાહે તોરા
હમાન્ દરૂ જહાન્ નીકુખાહે તોરા
બનઝદીકે મન્ શાન્ બુવદ ઝીન્હારૂ
બહરૂ જાય હરૂગેઝ નબાશન્દ ખારૂ
કસીરા કે ખાહી દેહમ કેશ્વરી
કે ગર્દદ બદાન્ કેશ્વરૂ અન્દરૂ સરી
તો આઈ બમુશ્કૂએ ઝરૂરીને મા
સરૂ આવર્દહુ બાશી હમહુ કીને મા
બદીન્ બરૂ ખુરમ ચન્દ સઉગન્દ નીઝ
ફેઝાયમ બરીન્ બન્દહા બન્દ નીઝ
અગરૂ સરૂ બેપીચમ ઝે સઉગન્દે મન્
મબાદા ઝે મન્ શાદ પયવન્દે મન્
બદ્દ ગોફ્ત ગોરૂદૂય અનૂશહુ બુદી
ચુ નાહીદ દરૂ બોરૂજ ખૂશહુ બુદી
તો દાની કે મન્ જાનો ફર્ઝન્દે ખીશ
બરો બૂમે આબાદો પયવન્દે ખીશ
બજાએ સરે તૂ નદારમ બચીઝ
ગરૂ ઇન્ ચીઝહા અરૂજમન્દસ્ત નીઝ
બદીન્ કસ ફેરેસ્તમ બનઝદીકે ઊય
દુરોખ્શાન્ કુનમ જાને તારીકે ઊય
યકી નામહુ ખાહમ બરૂ ઊ મોહરે શાહુ
હમાન્ ખત્તે ઊ ચૂન્ દુરોખ્શન્દહુ માહુ
બખાહરૂ ફેરેસ્તમ ઝને ખીશરા
કુનમ દૂરૂ અઝીન્ દરૂ બદઅન્દીશરા
કે ચૂનાન્ સખુન્ નીસ્ત ઝોઝ કારે ઝન્
બવીઝહુ ઝની કૂ બુવદ રાએઝન્

ખુસરૂ અને ગોરદૂય સાથે બેઠા-ખુસરૂએ કમઝોયાદા વાતો કરવા માંડી.

તે બોલ્યો કે "અહીંથી મેં આમુલ તરફ ઘણુંક લડાયક લશ્કર મોકલેલું હતું.

તે સઘળું ઝખ્મી દિલે, બંધાઇને પાછું આવ્યું-તે રૂદનના પોકારથી ૧૦૩
ભરેલું અને નાતવાનં બનેલું પાછું આવ્યું છે.

હવે એ બાબતમાં મને એક વિચાર આવે છે-જો કે જે વિચાર તાજ અને તખ્ત સાથે સરખાવતાં ઘણો હલકો છે.

જ્યારે બેહરામ ચોબીનેહ ગુમરાહ થયો હતો-ત્યારે ગોરદિયહ હંમેશ આપણુની નેકખાહજ હતી.

મેં એક યુક્તિ શોધી કાઢી છે-આ વાત તું લોકો આગળ ના કહેતો.

ગોરદિયહ ઉપર બેહેશ્તમાં મયની નદી વેહેતી હોય તેવું સુંદર એક નામુ લખવું જોઇયે.

કે 'તું હંમેશ અમારી વફાદાર રહી છે-અને દરેક જગ્યા ઉપર દરેક કામમાં અમોને મદદ કરતી રહે છે.

એ વાતને ઘણોક વખત થઇ ગયો છે-તોપણ એ વાત અમોએ છૂપીજ રાખી છે.

હવે તે વાત ખુલ્લી કરવાનો વખત આવ્યો છે-કે તારો ભાઈ ગોરદૂય તો અમારાં શરીરનીજ જગ્યાએ છે.

માટે ધ્યાન પુગાડ. તું કેવી રીતનો એક ચારો કરશે-કે જેથી આ બૂરી આફત દૂર થાય?

તે એ કે તું ગોસ્તહમને પત્થર નીચે કચડી નાખ-અને મારૂં પોતાનુ દિલ તેમજ મારા મેહલો તારા હાથમાં લાવ.

જ્યારે તું એ કરી રહેશે ત્યારે તારૂં લશ્કર-તેમજ દેશમાંના તારા ૧૦૪
નેકખાહો,

મારી નઝદીક પનાહ મેળવી શકશે-તેઓ કોઈબી જગ્યાએ કદી પણ ખુવાર થશે નહીં.

તું જે કોઇને માટે માગણી કરશે તેને હું એકુ મુલક પણ આપીશ-કે જેથી તે મુલકમાં તે સરદાર બનશે.

તું પણ મારાં સોનેરી ઝનાનખાનામાં આવશે-અને અમારા સઘળા કીનાનો છેડો તુંજ લાવી મૂકશે.

એ વાત ઉપર કેટલાક સઉગન્દ પણ લઉં છું-અને આ સઘળાં વચનો ઉપર એ વચનનો પણ વધારો કરૂં છું.

અગરજો હું આ મારા સઉગન્દથી સર ફેરવું-તો મારાથી કોઇ પણ મારૂં સગું વહાલું ખુશહાલ રહેતુંજ ના!"

ગોરદૂએ તેને કહ્યું કે "તું ખુશહાલ જીવતો રહેજે-અને કન્યા રાશિમાંના શુક્ર સેતારાની માફક ઝળકતો રહેજે!

તુ તો જાણે છે કે હું પોતાનો જીવ તેમજ પોતાનાં ફર્ઝંદ-અને પોતાનાં સગાં વહાલાં અને પોતાની આબાદ સર ઝમીન,

એ સઘળી અગર ગમે એટલી કીમતી ચીઝો છે-તોપણ તે તારાં કીમતી માથાંની જગ્યાએ હું કાંઈ પણ બિસાત ધરાવતો નથી.

એટલાજ માટે હું એક જણને તેણીની નઝદીક મોકલીશ-અને તેણીનો સીઆહ જીવ આવી રીતનાં નામાથી પાછો રોશન કરીશ.

હું એક નામુ જેની ઉપર પાદશાહની મોહર હોય તેમજ તેની ઉપર ૧૦૫
ઝળકતા માહતાબની મિસાલના હુરૂફો લખેલા હોય, તે માગું છું.

હું મારી અઉરતને મારી બેહેનની નઝદીક મોકલીશ-અને એ પ્રમાણે આ દરબારમાંથી દુશ્મનને દૂર કરીશ.

કારણકે એવી વાત કરવા એક અઉરત તેમાં ખાસ કરી તે અઉરત કે જે સલાહકાર હોય, તે સિવાય બીજાનું કામ નથી.

બરીન્ નીઝ્ હરૂચન્દ્ મીબેન્ગારમ
પયામે તો બાયદ્ બરે ખાહરમ
બરૂ આયદ્ બકામે તો ઈન્ કારૂ ઝુદ્
બરીન્ બીશો કમતરૂ નબાયદ્ ફઝુદ્
ચુ બેશનીદ્ ખુસ્રવ્ બદાન્ શાદ્ ગશ્ત
હમહુ રન્જહા બરૂ દેલશ્ બાદ્ ગશ્ત
હમ આનગહ્ બે ગન્જૂરૂ કેર્તાસ ખાસ્ત
બે મુશ્કે સેયહ્ સૂદહ્ અન્ફાસ ખાસ્ત
યકી નામહ્ બેન્વેશ્ત ચૂન બુસ્તાન્
પુરૂ અઝ્ ગુલ્ બસાને રોખે દુસ્તાન્
પુરૂ અઝ્ અહુદો પયમાનો સઉગન્દહા
બે હરૂગૂનએ લાબહો પન્દહા
ચુ બરૂ ગશ્ત અન્વાને આન્ નામહ્ ખુશ્ક
નેહાદન્દ્ મોહુરી બરૂ બરૂ બે મુશ્ક
૧૦૬ યકી નામહ્ બેન્વેશ્ત ગોરૂદ્ય નીઝ્
બેગોફ્ત અન્દરૂ પન્દો બેસ્યારૂ ચીઝ્
સરે નામહ્ ગોફ્ત આન્ચે બહુરામ કરૂદ્
હમહ્ દૂદહો બૂમ બદ્ નામ કરૂદ્
કે બખ્શાયેશ આરાદ્ યઝ્દાન્ બરૂ ઊય
મબાદા પશીમાન્ અઝાન્ ગોફ્તગૂય
હરાન્ કસ કે જાનશ નદારદ્ ખરદ્
કમો બીશીએ કારૂહા નન્ગરદ્
ગરૂ ઊ રફ્ત મા અઝ્ પસે ઊ રવીમ
બદાદે ખોદાએ જહાન્ બેગ્રવીમ
ચુ જોફ્તે મન્ આયદ્ બનઝ્દીકે તૂ
દુરોખ્શાન્ કુનદ્ રાએ તારીકે તૂ
બે ગોફ્તારે ઊ હીચગૂનહ્ મગરૂદ્
ચુ ગરૂદી શવદ્ બખ્તે તૂ રૂએ ઝરૂદ્
નેહાદ્ આન્ ખતે ખુસ્રવ અન્દરૂ મેયાન્
બેપીચીદ્ બરૂ નામહ્ બરૂ પર્નેયાન્
ઝને ચારહ્ગરૂ બેસ્તદ્ આન્ નામહ્રા
શનીદ્ આન્ સુખુન્હાએ ખુદ્ કામહ્રા
હમી તાખ્ત તા બીશએ નારવન્
ફેરેસ્તાદહ્ ઝન્ બૂદ્ નઝ્દીકે ઝન્
૧૦૭ અઝૂ ગોરૂદેયહ્ શુદ્ ચુ ખુરૂરમ બહારૂ
હમહ્ રોખ પુરૂ અઝ્ બૂયો રન્ગો નેગારૂ
બે બહુરામ ચન્દી સખુન રાન્દન્દ્
હમી આબે મેઝ્ગાન્ બરૂ અફ્શાન્દન્દ્
પસ આન્ નામએ શૂય બા ખત્તે શાહ્
નેહાની બદ્ દાદો બેન્મૂદ્ રાહ્
ચુ આન્ શીરૂ ઝન્ નામએ શાહ્ દીદ્
તો ગોફ્તી બરૂએ ઝમીન્ માહ્ દીદ્
બેખન્દીદો ગોફ્ત ઈન્ સખુનરા બરન્જ
નદારદ્ કસી કશ બુવદ્ યારૂ પન્જ
હમાન્ પન્જ તન્રા બરે ખીશ ખાન્દ્
બનઝ્દીકીએ ખાબ્ગહ્ બરૂ નેશાન્દ્
બેખાન્દ્ આન્ ખતે શાહ્ બારૂ પન્જ તન્
નેહાન્ દાશ્ત અઝ્ નામદારૂ અન્જુમન્
ચુ બુફ્રશાદ્ લબ્ ઝુદ્ પયમાન્ બેબસ્તં
ગેરેફ્ત આન્ ઝમાન્ દસ્તે ઈશાન્ બદસ્ત

એ બાબત જેમ હું વધારે વિચાર કરૂં છું-તેમ મને લાગે છે કે તે મારી બેહેન ઉપર તારોજ પયગામ જવો જોઇયે.

એ કામ તારી ઈચ્છા પ્રમાણે જલ્દીથી સરનજામ ઉતરશે-આ ગોઠવણ ઉપર કમઝેયાદ કરવાની અગત નથી."

જ્યારે ખુસરૂએ એવું સાંભળ્યું ત્યારે તે ખુશહાલ થયો-અને તેના દિલ ઉપરનાં સઘળાં દુઃખો દફે થઈ ગયાં.

તેજ વખત ખઝાન્ચી પાસેથી કાગઝ માંગ્યું-અને કાળી કસ્તુરીની ઘસેલી સીઆહી માંગી.

અને દોસ્તોના ચેહરા મિસાલના ગોલાબથી ભરેલા બાગ જેવું એક કાગઝ લખ્યું.

જે વચન, કોલ અને સઉગંદથી તેમજ દરેક રીતની ચાપલૂસી અને શીખામણોથી ભરેલું હતું.

જ્યારે તે નામાનું સરનામું સૂકાઇ રહ્યું-ત્યારે તેની ઉપર કસ્તુરીની મોહર કરવામાં આવી.

ગોરદ્યૂએ પણ એક નામુ જુદુંજ લખ્યું-તેમાં ઘણીક શીખામણો અને બીજી બાબતો લખી.

નામાની શુરૂઆતમાંજ બેહરામે જે કાંઈ કીધું હતું અને જેનાથી તમામ કુટુંબ અને મુલક બદનામ થયા તે વિષે લખ્યું,

કે "ખોદાતાલા તેનો ગુનાહ માફ કરે-અને આ બનાવોથી તેને પસ્તાવો થયા કરે તેવું ના બનતું.

જે કોઇનો જીવ કે અકલ નથી ધરાવતો-તે પોતાના કામોનો ચઢતો ઉતરતો અંદાઝો જોઇ શકતો નથી.

તે ચાલી ગયો છે અને આપણે પણ તેની પછવાડે જઇશું-અને જેહાનના સાહેબના ઇન્સાફની ખાહેશ કરીશું.

જ્યારે મારી અઉરત તારી નઝદીક આવે-અને તારા સીઆહ બનેલા વિચારો પાછા ઝળકતા કરે,

ત્યારે તેની વાતથી જરાબી ફરતી ના-જો ફરશે તો તારૂં નસીબ કરમાઇ જશે."

પછી ખુસરૂનું પેલું કાગઝ પણ અંદર મૂકયું-અને નામા ઉપર રેશમી કપડું લપેટિયું.

પેલી ચારો કરનારી અઉરતે તે નામુ લીધું-અને પોતાના આપએખ્તયાર ધણીની વાતો સાંભળી.

તેણી નારવનનાં જંગલ સૂધી ઘોડો હાંકવા લાગી-એક અઉરતની નઝદીક અઉરતજ કાસેદ તરીકે ગઇ હતી.

તેણીથી ગોરદિયહ ખુશી ભરેલા બહારની મિસાલની બની-તેણીનો ચ્હેરો ખુશી ખુર્રમી ભરેલો થયો.

તેણીઓએ બેહરામ માટે કેટલીક વાતો કીધી-અને આંખમાંથી આંસુ પાડવા લાગ્યાં.

પછી પેલું પોતાના ખાવંદનું નામુ પાદશાહના કાગઝ સાથ છૂપી રીતે તેને આપીને માર્ગ બતાવ્યો.

જ્યારે તે બહાદુર અઉરતે પાદશાહનું નામુ જોયું-ત્યારે ગોયા તેણીએ ઝમીનની સપાટી ઉપર માહતાબનેજ જોયો.

તેણી હસીને બોલી કે "જેના પાંચ મદદગાર હોય, તે આ વાતને મુશ્કેલ ગણે નહીં."

તેણે પેલા પાંચ જણાને પોતાની નઝદીક બોલાવ્યા-અને ખાબગાહની જગા આગળ બેસાડયા.

અને તે પાંચે જણા આગળ પેલું પાદશાહનું લખેલું કાગઝ વાંચ્યું-પણ સઘળી નામદારીભરી અંજુમનનાં લોકોથી તે છુપૂજ રાખ્યું.

જ્યારે તેણીએ તે વાંચવા માડિયુ ત્યારે શેતાબ તેઓ પાસેથી વચન લીધું-અને તેજ વખત તેઓના હાથ પોતાના હાથમાં પકડી તે છૂપું રાખવા કોલ લીધો.

ચુ શબ તીરહ શુદ રઉશનાઇ બેકાસ્ત
લબે શૂય બેચેહૂત નામહ બમોસ્ત
અઝાન્ મર્દુમાન્ નીઝ યારૂ આમદન્દ
બબાલીને આન્ નામદારૂ આમદન્દ
બેકૂશીદ બેસ્યારૂ બા મર્દ મસ્ત
સરન્જામ ગુયા ઝબાનશ બેબસ્ત
સેપહ્બુદ બતારીકી અન્દરૂ બેમોરૂદ
શબો રૂઝે રઉશન્ કસાન્રા સેપોરૂદ
બશહરૂ અન્દરૂન્ બાન્ગો ફર્યાદ ખાસ્ત
બહરૂ બરૂઝની આતેશો બાદ ખાસ્ત
ચુ આવાઝ્ બેશનીદ નાપાકૂ ઝન્
બખફ્તાને રૂમી બેપૂશીદ તન્
શબે તીરહ ઇરાનેયાન્રા બેખાન્દ
સુખુનહા અઝાન્ કોશ્તહ ચન્દી બેરાન્દ
પસ આન્ નામએ શાહ બેન્મૂદ શાન્
દેલીરીઓ તુન્દી બેયફૂઝૂદ શાન્
હમહ સરૂકશાન્ આફરીન્ ખાન્દન્દ
બરાન્ નામહ બરૂ ગઉહરૂ અફૂશાન્દન્દ

જ્યારે રાત અંધારી થઇ અને ઉલાસને કાપી નાખ્યો-ત્યારે તેણીએ એકાયક પોતાના ખાવંદના હોઠ મુઠીમાં પકડી તેને ગુંગળાવી માર્યો.

પેલાં તેણીના માણસોમાંથી પણ તે નામદારના બિછાના આગળ તેણીને મદદ કરવા માટે આવી લાગ્યાં.

તે શુદ્ધિ વગરના શખ્સની સાથે ઘણીક કોશેશ કરીને-શેવટે તેની ૧૦૮
બોલની ઝબાન બંધ કરી મૂકી.

તે સરદાર અંધારાની અંદરજ મરણ પામ્યો-રોશન રોઝ અને રાત બીજાઓને સોંપી આપી.

આખાં શેહરમાં પોકાર અને ફર્યાદ ઉઠી રહી-દરેક મોહલ્લામાં આગ સળગી અને તોફાન જાગ્યું.

જ્યારે પેલી નાપાક અઉરતે તે ગડબડ સાંભળી-ત્યારે રૂમી બખ્તરથી પોતાનું શરીર ઢાંકયું.

તેણીએ તે અંધારી રાતેજ ઇરાનીઓને બોલાવ્યા-અને તે માર્યા ગયલા ગોસ્તહમ માટે કેટલીક વાતો કીધી.

પછી તે લોકોને પેલું પાદશાહનું નામુ બતાવ્યું-અને તેમ કરી તેઓની બહાદુરી અને મગરૂરીનો વધારો કર્યો.

સઘળા સરદારોએ પાદશાહ ઉપર દુઆ કીધી-અને તે નામા ઉપર ગોહરો વધાવ્યાં.

નામએ ગોર્દેયહ્ બખુસ્રવ્ બખાનદને ખુસ્રવ્ ઊરા બનઝ્દે ખુદ્ વ બઝની ગેરેફ્તન્.

ગોર્દિયહનું ખુસરૂ ઉપર નામુ અને ખુસરૂએ તેણીને પોતાની નઝદીક બોલાવવી અને તેણીની સાથ શાદી કરવી.

દવાતો કલમ ખાસ્ત નાપાકૂ ઝન્
બઆરામ બેન્શસ્ત બા રાએઝન્
યકી નામહ બેન્વેશ્ત નઝદીકે શાહ
ઝે બદખાહો અઝ મર્દુમે નીકૂખાહ
સરે નામહ કરૂદ આફરીન્ અઝ નુખોસ્ત
બરાન્ કસ કે ઊ કીનહ અઝ દેલ બેશોસ્ત
દેગરૂ ગોફ્ત કારી કે ફરૂમૂદ શાહ
બરૂ આમદ બકામે દેલે નીકૂખાહ
પરાગન્દહ ગશ્ત આન્ સેપાહે બુઝોરૂગ્
બબખ્તે જહાનદારૂ શાહે સુતોરૂગ્
અઝીન્ પસ કુનૂન્ તા ચે ફર્માન્ દેહી
ચે આવીઝી અઝ ગૂશવારે રેહી
ચુ આન્ નામહ નઝદીકે ખુસ્રવ રસીદ
અઝાન્ ઝન્ વરા શાદીએ નવ રસીદ
ફેરેસ્તાદઈ ખાસ્ત શીરે ઝેયાન્
બુલન્દ અખ્તરો પાકો રઉશન્ રવાન્
યકી નામહ બરૂ સાને અર્ઝન્ગે ચીન્
નબેશ્તન્દો કર્દન્દ યન્દ આફરીન્
ગેરાનમાયહ ઝનરા બદરૂગાહ ખાન્દ
બનામહ વરા અફૂસરે માહ ખાન્દ
ફેરેસ્તાદહ આમદ બરે ઝન્ ચુ ગરૂદ
સુખુનહાએ ખુસ્રવ હમહ યાદ કરૂદ

પછી તે નાપાક અઉરતે ખડિયો અને કલમ માગી-પોતાના સલાહકારો સાથ ખાનગીમાં બેઠી.

તેણીએ પાદશાહની નઝદીક બદખાહ તેમજ નેકખાહ શખ્સો માટેનું એક નામુ લખ્યું.

તે નામાની શુરૂઆતમાં જે શખ્સે કે પોતાનાં દિલમાંથી કીનો દૂર કીધો તેની ઉપર દુઆ કીધી.

પછી લખ્યું કે "જે કામ કે પાદશાહે ફર્માવ્યું હતું-તે કામ તે ૧૦૯
નેકખાહ શખ્સની મુરાદ માફક બર આવ્યું છે.

દેશની સંભાળ રાખનાર બુઝોર્ગ પાદશાહના નસીબને ઝોરે-તે મોટું લશ્કર વીખરાઇ ગયું છે.

એ પછી હવે તું શું ફર્માન આપે છે-અને મને ગોલામોના કાનની કડીમાંની કઇ કડી પેહેરાવે છે?"

જ્યારે એ નમુ ખુસરૂની નઝદીક જઈ પહોંચ્યું-ત્યારે તે અઉરતથી તેને નવીજ ખુશહાલી ઉપજી.

તેણે મસ્ત સિંહની મિસાલનો બુલંદ સેતારેનો, પાક અને રોશન જીવનો એક એલચી બોલાવ્યો.

અને એક નામુ માની ચીતારાનાં ચીતારખાનાની માફકનું-તેણીની ઉપર લખ્યું અને તેણીની ઘણીક તારીફ કીધી.

તે ઊંચી બુન્યાદની અઉરતને પોતાની દરબારમાં બોલાવી-અને તે નામામાં તેણીને "માહતાબનાં તાજ"નો એલ્કાબ આપ્યો.

પેલો એલચી ઝડપથી પેલી અઉરતની નઝદીક આવ્યો-અને તેણે ખુસરૂની તમામ વાતો કહી સંભળાવી.

જને શીરૂ અઝાન્ નામએ શાહરૂયારૂ
શુ રખ્શાન્દહ ગુલ શુદ બવકતે બહારૂ
સેપહરા બદરૂ ખાન્દો ફ્રૂઝી બેદાદ
શુ શુદ ફ્રૂ કે રઉશન્ ખુનહ બરૂ નેહાદ
૧૧૦ શુ આમદ બનઝદીકીએ શહરે શાહ
સેપાહી પઝીરહ શુદન્દશ બરાહ
કે રહ ચૂન બદરૂગાહ શુદ બારૂ યાફત
હેશે તાજવરૂશ બીઆઝારૂ યાફત

બેયાવરૂદ અઝાન્ પસ નેસારે ગરાન્
હમ આન્ કસ કે બૂદન્દ બા ઊ સરાન્
હમહ ગન્જો આન્ ખાસ્તહ પીશ બોરૂદ
યકાયક્ બગન્જૂરે ઊ બરૂ શુમોરૂદ
કે દીનારો અઝ ગઉહરે શાહવારૂ
કસ આન્રા નદાનેસ્ત કર્દન્ શુમારૂ
કે દીબાએ ઝરૂબફતો તાજો કમરૂ
હમાન્ તખ્તે ઝરૂીનો ઝરૂીન સેપરૂ
નેગહ કરૂદ ખુસ્રવ બદાન્ ઝાદ સરૂવ
બરોખ ચૂન બહારો બરફતન્ તઝરૂવ
બરોખસારહ ચૂન ફ્રૂ ગીસૂ ચુ શબ્
હમી દુરૂ બેબારીદ ગોફતન્ કે લબ્

વરા દરૂ શબેસ્તાન્ ફ્રેરેસ્તાદ શાહ
કે હરૂ કસ ફ્રેઝૂન શુદ વરા પાયગાહ
ફ્રેરેસ્તાદ નઝદે બેરાદરૂશ કસ
હમાન્ નઝદે દસ્તૂરે ફર્યાદરસ
૧૧૧ બરૂ આઇને આન્ દીન્ મરૂરા બેખાસ્ત
બેઝીરોફતો બા જાન્ હમી દાશ્ત રાસ્ત
બયારાન્શ બરૂ ખેલઅત અફગન્દ નીઝ
દેરમ દાદો દીનારો હરૂગૂનહ ચીઝ

તે બહાદુર અઉરત તે પાદશાહનાં નામાથી-બહારની મોસમના ખીલેલા ગુલાબ માફક ખીલી.

પછી તેણીએ લશ્કરને દરવાઝા ઉપર બોલાવી તેઓનો પગાર ચૂકવ્યો-અને જ્યારે દિવસ ઉગ્યો ત્યારે પોતાનો સરસામાન લાધ્યો.

જ્યારે તેણી પાદશાહનાં શેહરની નઝદીક આવી પહોંચી-ત્યારે કેટલુંક લશ્કર તેને રાહમાં એસ્તેકબાલ ગયું.

રાહમાંથી જ્યારે તેણી પાદશાહની દરગાહમાં ગઇ ત્યારે અંદર દાખેલ થવાનો હોકમ મળ્યો-તેણીએ પાદશાહનું દિલ કાંઇ પણ ઇઝા વગરનું ખાલેસ જોયું.

ત્યાર પછી તેણી અને તેની સાથ જે સરદારો હતા તેઓ ભારી કીમતનો નેસાર લાવ્યા

તમામ ખઝાનો અને પેલો હદયો પાદશાહની નઝદીક લઇ ગયા-અને તે સઘળો પાદશાહના ખઝાન્ચીને ગણી આપ્યો.

તેમાંના દીનાર અને પાદશાહીને લાયકનાં ગોહરો એવાં હતાં-કે જેની કોઈ ગણત્રી પણ કરી શક્યું નહીં.

સુનેરી ભરતનાં ચીનાઈ કપડાં, તાજ અને કમરબંદ-તેમજ સોનેરી તખ્ત અને સોનેરી ઢાલની કોઇ કીમત કરી શક્યું નહીં.

ખુસરૂએ તે સીધાં સરોવરનાં ઝાડ ઉપર નેગાહ કીધી-તો તેણી ચેહરામાં બહારની મિસાલની અને ચાલમાં તીતરની મિસાલ દેખાઈ

ચેહરામાં તેણી રોશન રોઝની માફકની હતી અને તેણીનાં ઝુલ્ફાં રાતની માફક કાળાં હતાં-બોલતી વખતે તેણી ગોયા પોતાના હોઠમાંથી મોતીજ વરસાવતી હતી.

તેણીને પાદશાહે પોતાનાં ઝનાનખાનામાં મોકલી આપી-અને બીજી અઉરતો કરતાં તેણીનો મરતબો વધારે થયો.

પછી એક જણને તેણીના ભાઈની નઝદીક તેમજ પોતાના મદદગાર વઝીરની નઝદીક મોકલી તેઓને તેડાવ્યા.

પોતાના દીનધર્મના રેવાજ મૂજબ તેણીના હાથની માગણી કીધી-અને તે કબૂલ કીધા બાદ તેણીને પોતાના જીવની માફક સારી રીતે રાખવા લાગ્યો.

તેણીના મદદગારો ઉપર પણ સરપાવની નવાઝેશ કીધી-અને તેઓને દિરમની તેમજ દીનારની થેલીઓ અને બીજી દરેક ચીઝની બક્ષેશ આપી.

હોનરૂ નમૂદને ગોર્દયહ્ નઝદે ખુસવ્.

હો હફ્તહ બરૂ આમદ બદૂ ગોફ્ત શાહ
બખુરૂશીદો માહો બતખ્તો કોલાહ
કે બરૂ ગૂય આન્ રઝમે ખાકાનેયાન્
બેબન્દી ચુનાન્ હમ કમરૂ બરૂ મેયાન્
બદૂ ગોફ્ત શાહા અનૂશહ બુદી
રવાનરા બદીદારૂ તૂશહ બુદી
બેફર્માય તા અસ્પો ઝીન્ આવરન્દ
કમાનો કમન્દે ગુઝીન્ આવરન્દ
હમાન્ વીઝહો ખૂદો ખફ્તાને જન્ગ્
યકી તરૂકશ આગન્દહ તીરે ખદન્ગ્
પરસ્તન્દઈરા બેફરૂમૂદ શાહ
કે દરૂ બાઘે ગુલ્શન્ બેયારાય ગાહ

ગોર્દિયહે ખુસરૂ આગળ પોતાના હોનરો દેખાડવા.

બે અથવાડિયાં વીત્યા બાદ પાદશાહે તેણીને કહ્યું-કે "હું તને ખુરશીદ, માહતાબ, તખ્ત અને તાજના કસમથી કહું છું,

કે ખાકાનીઓ સાથની તારી લડાઇનું બરાબર વર્ણન કર-અને તેજ પ્રમાણે હવડાં પણ તું તારી કમર ઉપર લડાઇનો કમરબંદ બાંધ."

તેણી બોલી કે "ઓ પાદશાહ! તુ ખુશાહાલ જીવતો રહેજે-અને તારા દીદારથીજ મારા જાનનો ખોરાક હોજો!

તું હોકમ કર કે એક ઘોડો અને ઝીન લાવે-તેમજ એક નામીચી કમાન અને કમંદ લાવે.

વળી એક નેઝો, લોઢાંની કોલાહ અને લડાઈનું બખ્તર લાવે-તેમજ ખદંગી તીરથી ભરેલો તીરનો ભાથરો લાવે."

પાદશાહે પોતાના એક નોકરને હોકમ કીધો-કે "ફૂલોથી ભરેલા બાગમાં મારૂં તખ્ત ગોઠવ."

બેરફૂતન્દ બીહારૂ દેહ બન્દગાન્
કે રૂમીઓ તુર્કી પરસ્તન્દગાન્
કે ખૂબાને ખુસ્રવ હઝારો હોવીસ્ત
તો ગોફૂતી બબાગ્ અન્દરૂન્ જાય નીસ્ત
ચુ ખુરૂશીદ્ શીરીન્ બપીશ અન્દરૂન્
ખરામાન્ બબાલાએ સીમીન્ સોતૂન્
બેશુદ્ ગોરૂદેયહ્ તા બનઝદીકે શાહ્
બેરેહ્ ખાસ્ત અઝ્ તર્ગો રૂમી કોલાહ્
બેયામદ્ ખરામાન્ કે જાએ નેશસ્ત
કમરૂ બરૂ બેયાન્ બસ્તો નીઝહ્ બદસ્ત
બશાહે જહાન્ ગોફૂત ગન્જૂરૂ બાશ
યકી ચશ્મ બેન્માયો દસ્તૂરૂ બાશ
બદાન્ પુરૂ હોનરૂ ઝન્ બેફરૂમૂદ શાહ્
ઝન્ આમદ્ બનઝદીકે અસ્પે સેયાહ્
બુને નીઝહ્રા બરૂ ઝમીન્ બરૂ નેહાદ્
બબાલાએ ઝીન્ અન્દરૂ આમદ્ ચુ બાદ્
બબાગ્ અન્દરૂ આવરૂદ્ગાહી ગેરેફૂત
ચપો રાસ્ત હરૂ ગૂનહ્ રાહી ગેરેફૂત
હમી હરૂ ઝમાન્ અસ્પ્ બરૂ કાશ્તી
વઝ્ અબ્રે સેયહ્ નઅરહ્ બુગ્ઝાશ્તી
બદૂ ગોફૂત હન્ગામે રઝ્મે તુબોરૂગ્
બદીન્ ચૂનહ્ બૂદમ્ ચુ ઓર્ગંન્દહ્ ગોરૂગ્
ચુનીન્ ગોફૂત શીરીન્ કે અય શહ્રૂયારૂ
બદુશ્મન્ દેહી આલતે કાર્ઝારૂ
કે ખૂને બેરાદરૂ બયાદ્ આવરદ્
બેતર્સમ્ કે કારત બબાદ્ આવરદ્
તો બા જામએ પાકૂ બરૂ તખ્તે ઝરૂ
વરા હરૂ ઝમાન્ બરૂ તો બાશદ્ ગુઝરૂ
બખન્દહ્ બશીરીન્ ચુનીન્ ગોફૂત શાહ્
કઝીન્ ઝન્ જોઝ્ અઝ્ દુસ્તદારી મખાહ્
હમી તાખ્ત ગેરૂદ્ અન્દરૂન્ માહ્ ચેહ્રૂ
બસાને યલાન્ બૂદ્ બા કીનો મેહ્રૂ
હમી ગોફૂત બારી બદ્અન્દીશે શાહ્
બપીશે મનસ્તી બઆવરૂદ્ગાહ્
હમ અકૂનૂન્ કે ઝીનશ બસાને તબોરૂગ્
જુદા કર્દમી પીશે શાહે બુઝોરૂગ્
બદૂ માન્દહ્ બુદ્ ખુસ્રવ અન્દરૂ શેગેફૂત
ચુનાન્ બુર્ઝો બાલાઓ બાઝૂઓ કેફૂત
ચુનીન્ ગોફૂત બા ગોર્દેયહ્ શહ્રૂયારૂ
કે બી અયબી અઝ્ ગર્દેશે રૂઝ્ગારૂ
કુનૂન તા બેબીનમ્ કે બા જામે મય
હમી સોસ્ત બાશીઓ ગરૂ સખ્ત પય
યકી જામે પુરૂ બાદએ ખુસ્રવાન્
બકફૂ બરૂ નેહાદ્ આન્ ઝમાન્ પહ્લવાન્
કે ગશ્તી ગુરીઝાન્ અઝાન્ અહ્રમન્
નેહાદહ્ બદૂ દીદહા અન્જુમન્
બયાદે સેપહ્બુદ્ બયકદમ બેખરૂદ્
બરૂ આવરૂદ્ અઝાન્ ચશ્મએ ઝરૂદ્ ગરૂદ્
સેપહ્બુદ્ શેગેફૂતી બેમાન્દ્ અન્દરૂય
બદૂ ગોફૂત કય માહે પયકારૂ જૂય

આથી રૂમી તેમજ તુર્કી ગોલામોમાંથી-હોસ્યાર દિલના ગોલામો ત્યાં ગયા.

ખુસરૂની બારસો ખૂબસૂરત બાંદીઓ પણ ગઈ-જેથી તું કહે ગોયા તે બાગમાં બિલ્કુલ જગ્યાજ રહી નહીં.

ખુરશેદની મિસાલ શીરીન તેઓની હરોલમાં હતી-તેણી રૂપેરી સ્થંભ ૧૧૨
જેવા ઘોડા ઉપર સવાર થઇ નાઝથી ચાલતી હતી.

ગોરદિયહ પાદશાહની નઝદીક ગઈ-તેણીએ બખ્તર, લોઢાંની ટોપ અને રૂમી કોલાહ માંગી.

તેણી કમર ઉપર કમરબંદ બાંધી હાથમાં નેઝા પકડીને-પોતાની બેઠકની જગ્યાથી લાડથી ચાલતી આવી,

દેશના પાદશાહને કહ્યું કે "તું માલ ખઝાનાથી ભરપુર રહેજે-તું મારી તરફ નઝર કરી મને રજા આપ."

પાદશાહે તે હુનરમંદ અઉરતને પરવાનગી આપી-આથી તેણી પોતાના કાળા ઘોડા આગળ આવી.

અને નેઝાની નોક ઝમીન ઉપર ટેકવીને-ઝડપથી ઘોડાનાં ઝીન ઉપર સવાર થઈ.

તે બાગમાં તેણીએ એક લડાઇગાહ હાથ કીધી-અને ડાબા જમણી ફરવા લાગી.

વારમ્વાર તેણી ઘોડો ફેરવતી-અને સીઆહ વાદળ કરતાં પણ મોટા પોકાર મારતી.

તેણી બોલી કે "તુબોર્ગની લડાઈ વખતે-હું એવીજ રીતે ગુસ્સા ભરેલાં વરૂ જેવી બની હતી."

એ જોઈ શીરીન બોલી કે "ઓ પાદશાહ! તું હાથે કરી દુશ્મનને લડાઈનાં હથિયાર આપે છે.

તેણી જ્યારે પોતાના ભાઇનાં ખૂનની વાત યાદ કરશે-ત્યારે મને ડર ૧૧૩
લાગે છે કે તારૂં કામ સઘળું બરબાદ કરશે.

તું તો સફાઇદાર સાદાં કપડાં પેહેરી સોનેરી તખ્ત ઉપર બેસશે-અને તેણી દરેક વખત તારી પાસે આવતી જતી રહેશે (માટે સંભાળજે)."

પાદશાહે હસીને શીરીનને કહ્યું-કે "તું આ અઉરતથી દોસ્તી સિવાય બીજાં કશાની આશા રાખતી ના."

તે માહતાબને ચેહરેની અઉરત પેહલવાનોની માફક કીના સાથ કે કબી મોહબ્બત સાથ અહીં તહીં હમ્લા કરતી હતી.

અને બોલતી કે "જો પાદશાહનો દુશ્મન આ લડાઇગાહમાં મારી સામે હતે,

તો હમણા તેને તુબોર્ગની માફક આ મોટા પાદશાહની હુઝૂરમાં ઝીન ઉપરથી ઊંચકી નાખતે"

ખુસરૂ તેણીની એવી બુલંદી, એવું કદ, બાઝૂ અને ખભાં જોઈ અજબ થયો.

પાદશાહે ગોરદિયહને એ પ્રમાણે કહ્યું કે "ઝમાનાની ગર્દેશથી તું ખામી વગરનીજ માલૂમ પડે છે.

હવે હું જોવા માગું છું, કે તું મયની જામ પીવામાં નબળી રહે છે કે સાબેત કદમ રહે છે?

એક પાદશાહી શરાબથી ભરેલી જામ-તે પેહલવાન અઉરતના હાથમાં મૂકવામાં આવી,

કે જે જામથી એહરેમન પણ નાસતો ફરે-સઘળાં લોકોની નઝર ૧૧૪
તેણીની ઉપર ઠરેલી હતી.

તેણી તે જામ પાદશાહની યાદમાં એકદમ પી ગઇ-અને તે શરાબના સોનેરી ચશ્માની ગર્દ કાઢી નાખી (યાને સઘળો પી ગઈ).

પાદશાહ તે જોઇ અજબ રહ્યો-અને બોલ્યો કે ઓ લડાયક માહતાબ!

બગેહેં જહાન્ ચારૂ સાલારે મન્
કે હસ્તન્દ બરૂ જાન્ નેગહ્બુદારે મન્
અબા હરૂ યકી જાન્ દહો દુ હઝારૂ
અઝ ઈરાનેયાનન્દ જન્ગી સવારૂ
ચુનાન્ હમ બઝુશકૂએ ઝરૂરીને મન્
ચે દરૂ ખાનએ ગઉહરૂ આગીને મન્
પરસ્તારૂ બાશદ દહો દુ હઝારૂ
હમહ્ પાકૂ બા તઉકો બા ગૂશવારૂ
અઝીન્ પસ નેગહ્બાને ઈશાન્ તોઈ
કે બા રન્જો તીમારે ખીશાન્ તોઈ
નખાહમ કે ગૂયન્દ અઝીશાન્ સોખુન્
કસી જોઝ તો ગરૂ નવ્ બુવદ યા કોહુન્
શનીદ ઈન્ સખુન્ ગોર્દેયહ્ શાદ્ ગશ્ત
ઝે બયધારએ દુશ્મન્ આઝાદ ગશ્ત
૧૧૫ હમી રૈફૂત ફૂએ ઝમીનરા બરૂય
હમી આફરીન્ ખાન્દ બરૂ ફરૂરે ઊય

આ દેશની અત્રાફમાં મારા જાનની નેગેહબાની કરનારા ચાર સરદારો છે.

તે દરેક જણ સાથ બાર બાર હઝાર-ઇરાની લડવૈયા સવારો રહે છે.

એવીજ રીતે મારા ઝનાનખાનામાં-તેમજ મારા ગોહર જડિત મેહલમાં,

બાર હઝાર બાંદીઓ છે-જેણીઓ સઘળી સાંકળી અને કાનમાં બાલી સાથની છે.

હવે પછી તેણીની નેગેહબાન તુંજ છે-કારણકે તેણીઓનાં ખેશી માફક રંજ અને ગમ ખાનાર તુંજ છે.

હું નથી ચાહતો કે તારા સિવાય તેણીઓમાંથી કોઈ પણ પછી તે જવાન હોય કે બુઢ્ઢી હોય, તે મારી સાથ વાત કરે."

ગોરદિયહ આ સખુન સાંભળી ખુશહાલ થઇ-અને દુશ્મનોની તાનાઝનીથી મોકળી થઈ.

તેણી તુરત પાદશાહને નમન કરવા લાગી-અને તેનાં ખોરેહ ઉપર દોઆ કરવા લાગી.

ફેરેસ્તાદને ખુસ્રવ્ મર્ઝબાને બદ્ સેરેશ્તૂરા બરય વ તન્ગ્ નમૂદને ઊ મર્દુમાને રયરા.

બરૂ આમદ બરીન્ નીઝ ફ્ઝી દરાઝ
નજોસ્ત અખ્તરે નામવરૂ જોઝ ફરાઝ
શબી મય હમી ખુરદ બા બેખ્રદાન્
બુઝોર્ગાનો કારૂ આઝમૂદહ્ રદાન્
બદાન્ મજલેસ અન્દરૂ યકી જામ બૂદ
નબેશ્તહ્ બરૂ નામે બહ્રામ બૂદ
બેફરૂમૂદ તા જામ અન્દાખ્તન્દ
બરાન્ હરૂ કસી દેલ બેપર્દાખ્તન્દ
ગેરેફ્તન્દ નફ્રીન્ બબહ્રામ બરૂ
બદાન્ જામો આરન્દએ જામ બરૂ
ચુનીન્ ગોફ્ત અફ્નૂન બરો બૂમે રય
બેકૂબન્દ પીલાને જન્ગી બપય
હમહ્ મરૂદુમ અઝ શહ્રૂ બીરૂન કુનદ
હમહ્ રય બપય દશ્તો હામૂન કુનદ
ગેરાન્માય દસ્તૂરૂ બા શહ્રૂયારૂ
ચુનીન્ ગોફ્ત કય અઝ કયાન્ યાદગારૂ
નેગહ્ કુન્ કે શહ્રે બુઝોર્ગસ્ત રય
નશાયદ કે કૂબન્દ પીલાન્ બપય
૧૧૬ કે યઝદાન્ બદાન્ ઠારૂ હમદાસ્તાન્
નબાશદ ન હમ બરૂ ઝમીન્ રાસ્તાન્
બદસ્તૂરૂ ગોફ્ત આન્ ઝમાન્ શહ્રૂયારૂ
કે બદ ગઉહરી બાયદમ બી તબારૂ
કે યકૂચન્દ બાશદ બરય મરૂઝબાન્
યકી મર્દ બીદાનેશો બદ ઝબાન્

ખુસરૂએ એક બૂરી ખાસીયતના હાકેમને રયમાં મોકલી આપવો અને તેણે રયના લોકો ઉપર ઝુલ્મ ગુઝારવો.

એ વાત ઉપર પણ લામ્બો વખત નીકળી ગયો-અને તે નામવરનો સેતારો ઊંચોજ ચઢતો ગયો.

એક રાતે તે અકલમદો, મોટાઓ અને લડાઈ અઝમાવેલા સરદારો સાથ મયનોશી કરતો હતો.

તે મજલેસમાં એક જામ હતી-જેની ઉપર બેહરામનું નામ લખેલું હતું.

તેણે ફર્માવ્યું જેથી તે જામ ફેંકી દેવામાં આવી-અને તેની ઉપર દરેક જણે પોતાનાં દિલનો ઉભરો ખાલી કીધો.

તેઓ બેહરામ ઉપર તેમજ તે જામ ઉપર અને તે જામ લાવનાર શખ્સ ઉપર લઅનત નાખવા લાગ્યા.

ખુસરૂ બોલ્યો કે "હવે રયની સર ઝમીન-મસ્ત હાથીઓના પગ હેઠળ નાખે.

તે શેહરમાંથી સઘળાં માણસોને બાહેર કાઢે-અને સઘળું રય ખોદી ખણીને મયદાન અને જંગલ બનાવે"

ઊંચી બુન્યાદના વઝીરે પાદશાહને-કહ્યું કે "એ કયાનીઓથી યાદગાર રહેલા શાહ!

તું જોકે રય ઘણું નામીચું શેહર છે-માટે તે હાથીઓના પગથી છુંદાવું નહીં જોઇયે.

કારણકે એ કામમાં યઝદાન તેમજ આ ઝમીન ઉપર વસતા નેક માણસો એકમળતા થશે નહીં."

પાદશાહે તુરત વઝીરને કહ્યું-કે "મને કોઈ બૂરી બુન્યાદનો અને અઉલાદ વગરનો શખ્સ જોઇયે છે,

કે જે થોડાક વખત રયનો હાકેમ બને-તે એક બેવુકૂફ અને બૂરી ઝબાનનો હોવો જોઇયે."

બદૂ ગોફૂત હસ્તૂર્ ગરૂ શહુરૂયારૂ
બેગૂયદ નેશાને ચુનીન્ નાબકારૂ
બેજૂઇમો ઇન્શ બજાય આવરીમ
નશાયદ કે બી રહ્નુમાય આવરીમ
ચુનીન્ ગોફૂત ખુસ્રવ કે બેસ્યારૂ ગૂય
નેજન્દ અખ્તરી બાયદમ્ સુરૂખ મૂય
તનશ્ ગેશ્તો બીની કજો રૂએ ઝરૂદ
બદઅન્દીશો ફૂતાહો દેલ્ પુરૂ ગે દરૂદ
હમાન્ બદહેલો સેફ્લહો બી ફોરૂધ
સરશ પુરૂ ગે કીનો ઝબાન્ પુરૂ દોરૂધ
દો ચશમશ કજો સબ્ઝો દન્દાન્ બુઝોરૂગ્
બરાહ્ અન્દરૂન્ કબ્ રવદ હમચુ ગોરૂગ્
હમહ્ મૂબદાન્ માન્દહ્ ઝૂ દરૂ શેગેફૂત
કે તા યાહે ખુસ્રવ ચુનીન્ ચૂન્ ગેરેફૂત
હમી જોસ્ત્ હરૂ કસ બગેર્દે જેહાન્
ગે શહ્રે કસાન્ અઝ કેહાનો મેહાન્
ચુનાન્ બુદ કે રૂઝી કસી નઝદે શાહ્
બેયામદ કઝીનગૂનહ્ મર્દી બરાહ્
બેદીદમ બેયારમ બફર્માને કય
બદાન્ તા ફેરેસ્તદશ મૂબેદ બરય
બેફરૂમૂદ તા પીશે ઊય આવરન્દ
વઝીનગૂનહ્ બાઝી ગે ફૂય આવરન્દ
બેઓર્દન્દ અઝીન્ ગૂનહ્ મર્દી બરશ
બેખન્દીદ અઝ્ કેશ્વરો લશ્કરશ
બદૂ ગોફૂત ખુસ્રવ ગે કેર્દારે બદ
ચે દારી બેયાવરૂ ગે ગોફૂતારે બદ
ચુનીન્ દાદ પાસોખ કે અઝ કારે બદ
નેયાસાયમો નીસ્ત્ બા મન્ ખેરદ
સખુન હરૂચે ગૂયમ દેગરૂ ગૂન્ કુનમ
તનો જાન્ પરસ્તન્દહ્ પુરૂ ખૂન્ કુનમ
સરે માયએ મન્ દોરૂઘસ્તો બસ
સુએ રાસ્તી નીસ્તમ્ દસ્તરસ
અબા હરૂકે પયમાન્ કુનમ બેશ્કનમ
પયો બીખે રાદી બખાફૂ અફ્ગનમ્
બદૂ ગોફૂત ખુસ્રવ કે બદ અખ્તરત
નબેશ્તહ્ મબાદા જોઝ ઇન્ બરૂ સરત
બદીવાન્ નબેશ્તન્દ મન્શૂરે રય
બઝેશ્તી બુઝોર્ગી શુદ આન્ શૂમ પય
સેપાહી પરાગન્દહ્ ઊરા સેપોરૂદ
બેરફૂત અઝ્ દરો નામે ઝેશ્તી બેઓરૂદ
ચુ આમદ બરય મર્દે નાતન્દુરોસ્ત
દેલો દીદહ્ અઝ શર્મે યઝ્દાન્ બેશોસ્ત
બેફૂરૂમૂદ તા નાવદાનહા ગે બામ
બેકન્દન્દો શુદ ઊ બદૂ શાદકામ
વઝાન્ પસ હમહ્ ગોર્બગાનરા બેકોશ્ત
દેલે કદખોદાયાન્ અઝૂ શુદ દુરોશ્ત
બહરૂ સૂ હમી રફૂત બા રહ્નુમાય
મનાદીગરી પીશે ઊ દરૂ બપાય
હમી ગોફૂત અગરૂ નાવદાની બજાય
બેબીનમ વગરૂ ગોર્બઈ દરૂ સરાય

વઝીર બોલ્યો કે "જો પાદશાહ એવા નાપેકાર શખ્સની કાંઈ ઈંઢાણી આપે,

તો તે શખ્સને અમો શોધી કાઢીને હાઝેર કરીશું કોઈ ભોમિયા વગર એવું માણસ મેળવી શકાશે નહીં.

ખુસરૂ બોલ્યો કે "તે ઘણું બોલનારો-ઊંધા નસીબનો અને શાતા બાલવાળો શખ્સ મને જોઇયે.

તે બેડોળ, વાંકાં નાખનો ફિક્કા ચેહરાનો-બૂરા વિચારનો, ઠિંગણો અને દુ:ખી દિલનો,

તેમજ હીચકારો, કમીનો અને દબદબા વગરનો હોય-તેનું સર કીનાથી ભરેલું અને ઝબાન જૂઠાઈ ભરેલી હોય.

તેની બન્ને આંખો બારી અને માંજરી હોય તથા દાંત લામ્બા હોય-અને રાહમાં તે ચાલે તે વરૂની માફક આડો ચાલે, તેવો હોવો જોઇયે."

સઘળા વઝીરો એ સાંભળી અજબ રહ્યા-કે "એવી રીતનું બોલતાં ખુસરૂ કયાંથી શીખ્યો?"

દરેક જણ દેશની આસપાસ પારકાઓનાં શેહરમાં નાના અને મોટાઓ વચ્ચેથી તેની શોધ કરવા લાગ્યા.

એવું બન્યું કે એક દહાડો પાદશાહની નજદીક એક જણ-આવી બોલ્યો કે "એવી રીતનો એક શખ્સ રાહમાં,

મેં જોયો છે, જો પાદશાહનો હોકમ થાય તો તેને લઇ આઉં-કે ૧૧૭
જેથી તેને વડો વઝીર રયમાં મોકલી આપે."

પાદશાહે ફર્માવ્યું કે "આવી રીતનાં એક શિકાર કરનારાં પક્ષીને તે મોહલ્લામાંથી પોતાની આગળ લાવી હાઝેર કરે."

તેવી રીતના એક શખ્સને પાદશાહની નજદીક લઈ ગયા-તેને જોઇને શેહરનાં તેમજ લશ્કરનાં લોકો હસવા લાગ્યા.

ખુસરૂએ તેને કહ્યું કે "બૂરી કરણી માટે તેમજ બૂરૂ બોલવા માટે તું શું શુ હોનર ધરાવે છે તે ઝાહેર કર?"

તેણે જવાબ આપ્યો કે "બૂરાં કામો કરવાથી-હું આસાયેશ લેતોજ નથી તેમજ મારામાં અકલ બિલ્કુલ નથી.

હું જે કાંઇ કહું છું તેથી ઉલટુંજ કરૂં છું-નોકરોનાં તન અને જીવ ખૂન ભરેલાજ કરૂં છું.

જૂઠું એજ મારી સઘળી માયા પુંજી છે-સચ્ચાઇ તરફ મને અભાવ છે.

જેની સાથે કોલ કરૂં છું તે તોડીજ નાખુ છું-ભલમનસાઇને તો જડમૂળથી ઉખેડી કાઢું છું."

ખુસરૂ બોલ્યો કે "તારો ભૂંડો સેતારો એ સિવાય કશું બીજું તારાં નસીબમાં ના લખતો!"

દફતરમાં રયની હાકેમીનો પર્વાનો તેને નામે લખાયો-તે નેહસ્ત પગલેનો શખ્સ પોતાની બૂરાઇને લીધે એક મોટો માણસ બની ગયો.

વીખરાયલું લશકર તેને સોંપ્યું-તે દરબારમાંથી ગયો અને સાથે ભુંડા- ૧૧૮
ઈનું નામ પણ લેતો ગયો.

જ્યારે તે નાલાયક શખ્સ રયમાં આવ્યો-ત્યારે તેણે પોતાનાં દિલ-માંથી અને આંખોમાંથી ખોદાની શર્મને ધોઈ નાખી.

તેણે ફર્માવ્યું જેથી છાપડાંઓ ઉપરથી પાણી પડવાની પરનાળો-ઉખેડી નાંખી અને તેમ કરવાથી પોતે ખુશી થયો.

ત્યાર પછી ત્યાંની સઘળી બિલાડીઓને મરાવી નાખી-જેથી તેના માલેકોનાં દિલ તેની ઉપર સખ્ત બન્યાં.

તે એક ભોમિયા સાથે ચો તરફ ફરવા લાગ્યો-તેની આગળ એક મનાદી પોકારનારો હાઝેર રહેતો.

તે પોકારતો હતો, કે "જો કોઈની પણ પરનાળ કાયમ જોઇશ અથવા કોઈનાં ઘરમાં એક પણ બિલાડી જોઈશ,

બહાન્ બુમૉ બર્ આતેશ અન્દર્ ઝનમ
બે બર્ શાન્ હમહ્ સન્ગ્ બર્ સર્ ઝનમ
હમી જોસ્ત જાઈ કે બુદ્ યક્ દેરમ
બેઓહાવન્દે ઊરા ફેગન્દી બદમ
હમહ્ ખાનહ્ અઝ્ બીમ બુગ્ઝાશ્તન્દ
દેલ્ અઝ્ બુમે આબાદ બર્દાશ્તન્દ
ચુ બારાન્ બુદી નાવદાની નબુદ્
બશહ્ર્ અન્દરૂન્ પાસ્બાની નબુદ્
૧૧૯ બઝાન્ બેશ્તો બદ્ કામએ શૂમ પય
કે આમદ બે દર્ગાહે ખુસ્રવ્ બરય
શુદ્ આન્ શહ્રે આબાદ યક્સર્ ખરાબ્
બસર્ બર્ હમી તાફ્તી આફ્તાબ્
હમહ્ શહ્ર્ ઝ્ ઉ બુદ્ પુર્ દાધો દર્દ
કસ અન્દર્ જહાન્ યાદે ઇશાન્ નકર્દ

તો તે જગ્યામાં આગ લગાડી દઇશ-અને ઉપરથી તેઓનાં સર ઉપર પત્થરનો માર મારીશ.”

જે કોઇ શખ્સ પાસે કે એક દિરમ પણ ફાલતું રહેતો તો તે શોધી કાઢતો-અને પેલા ધણીને આફતમાં નાખતો.

એથી સઘળાઓ ધાસ્તી ખાઇ ઘર છોડી ગયા-અને તે આબાદ મુલક ઉપરથી તેઓનાં દિલ ઉઠી ગયાં.

જ્યારે વર્ષાદ વરસતો ત્યારે પરનાળ જેવું કાંઈજ હતું નહીં-તે શેહરમાં કોઈ નેગેહબાનજ નહીં હતો.

તે બૂરો અને નેહેસ્ત કદમનો ભૂંડાં કરતૂકનો શખ્સ કે જે ખુસરૂની દરગાહમાંથી રય શેહરમાં આવ્યો હતો, તેનાથી,

તે આબાદ શેહર તમામ બરબાદ થઈ ગયું-તે શેહર ઉપર સઘળે સૂર્યનો તડકોજ પડવા લાગ્યો.

સઘળું શેહર તે શખ્સથી દુઃખી અને લાચાર થઇ ગયું-જેહાનમાં કોઇયે તે લોકોની યાદ પણ નહીં કીધી.

બાઝી સાખ્તને ગોર્દીયહ્ પીશે ખુસ્રવ્ વ બખ્શીદને ખુસ્રવ્ રયરા બઊ.

ચુનીન્ તા બેયામદ્ મહે ફર્વર્દીન્
બેયારાસ્ત ગુલ્બર્ગ્ રૂએ ઝમીન્
સેરેશ્કે સરે અબ્ર્ ચુન્ ઝાલહ્ ગશ્ત
હમહ્ કૂહો હામૂન પુર્ અઝ્ લાલહ્ ગશ્ત
હમહ્ શખ્હા શુદ્ ચુ પોશ્તે પલન્ગ્
ઝમીન્ હમચુ દીબાએ રૂમી બરન્ગ્
બુઝોર્ગાન્ બબાઝી બબાગ્ આમદન્દ
હમાન્ મીશો આહુ બરાગ્ આમદન્દ
ચુ ખુસ્રવ્ કુશાદહ્ દરે બાગ્ દીદ્
હમહ્ ચશ્મએ બાગ્ પુર્ માગ્ દીદ્
બેફર્મૂદ્ તા દર્ દમીદન્દ બૂક
બેયાવર્દ પસ તશ્તહાએ ખલૂક
નેશસ્તન્દો બર્ સબ્ઝહ્ મય ખાસ્તન્દ
બશાદી રવાન્રા બેયારાસ્તન્દ
૧૨૦ કસ આમદ બગોર્દૂય અઝ્ શહ્રે રય
બગુફ્ત દાસ્તાની બેયફ્ગન્દ પય
અઝાન્ દર્દ ગોર્દૂય ઘમખારહ્ ગશ્ત
વઝ્ અન્દીશએ દેલ્ સુએ ચારહ્ ગશ્ત
યકાયક બેશાદર્ બગુફ્તર્ બગોફ્ત
કે ઈન્ ગોફ્ત બર્ શહ્ નદારી નેહોફ્ત
નેગર્ તા તવાની યકી ચારહ્ કર્દ
કે ગર્દદ્ દેલે શાહ્ અઝીન્ કાર્ સર્દ
બેયાવર્દ પસ ગોર્દીયહ્ ગોર્બકી
કે પયદા નબુદ્ ગોર્બહ્ અઝ્ કૂદકી
બર્ અસ્પી નેશાન્દહ્ સેતામી બઝર્
બઝર્ અન્દરૂન્ ચન્દ ગૂનહ્ ગોહર્
દેરૂ હેશ્તહ્ અઝ્ ગુશે ઊ ગુશવાર-
બનાખુન પુર્ અઝ્ લાલહ્ કર્દહ્ નેગાર્

ગોર્દિયહે ખુસરૂ આગળ યુક્તિ કરવી અને ખુસરૂએ તેણીને રયનો મુલક બક્ષેશ કરવો.

એમ કરતાં ફર્વર્દીન મહિનો આવી લાગ્યો-અને ફૂલની પાંદડીઓએ ઝમીનની સપાટીને સણગાર આપ્યો.

વાદળને માથેનો ભીનાશ કરાં માફક બંધાઇ ગયો-સઘળા પહાડો અને જંગલો ગુલ લાલાથી ભરપુર બન્યાં.

સઘળી પહાડની ખીણો ચિત્તાનાં ચામડાં માફક રંગબેરંગી બની-તમામ ઝમીન રૂમી રેશમી કપડાં માફક રંગીન થઈ.

સઘળા મોટાઓ રમત ગમત માટે બાગમાં આવવા લાગ્યા-તેમજ મેંઢાં અને હરણો જંગલમાં નીકળી પડયાં

જ્યારે ખુસરૂએ બાગના દરવાઝા ખોલેલા જોયા-અને બાગના તમામ ચશ્માઓ પાણીનાં મુર્ગથી ભરેલા જોયા,

ત્યારે તેણે ફર્માવ્યું જેથી કરનાય વજાડયામાં આવી-અને ખુશબોની ભરેલી તશ્તો લઇ,

તેઓ બેઠા અને તે લીલોતરીવાળી જગ્યા ઉપર મય મંગાવ્યો-અને ખુશહાલીથી જીવને ખુશ કરવા લાગ્યા.

હવે રય શેહરથી એક જણ ગોરદૂય આગળ આવ્યો-અને તેની આગળ સઘળી માંડીને વાત કહી.

તે દુઃખ ભરેલી વિગતથી ગોરદૂય ગમગીન બની ગયો-અને પોતાનાં દિલના એવા વિચારોથી તે કાંઇક યુક્તિ રચવા લાગ્યો.

આ સઘળી બીના તે ભાઇએ પોતાની બેહેન ગોરદિયહને કહી-કે “આ વાત પાદશાહની આગળ છૂપાવતી ના.

તું ધ્યાન પુગાડ કે જેથી કોઈ યુક્તિ તું કરી શકે-કે તેમ કરવાથી પાદશાહનું દિલ આવું કામ કરવાથી થંડું પડે.”

પછી ગોરદિયહે એક બિલાડીનું બચ્ચું કે જે એક માણસનાં બચ્ચાં કરતાં જુદું નહીં માલૂમ પડતું હતું, તે મંગાવ્યું.

અને એક સોનામાં મઢી લીધેલાં ગોહરો સાથની લગામ પોચલા ઘોડા ઉપર તેને બેસાડિયું.

તેના કાનમાં બાલી લટકતી હતી-અને નખ ઉપર લાલ ચીતાર પાડયો હતો.

બદીહદ્ બુ કારો બદીખ્ચૂન્ બહારૂ
બુ મય ખુર્દએ ચશ્મે ઊ પુરૂ ખુમારૂ
હમી તાખ્ત ચૂન્ કુદકી ગેર્દે બાઘ્
ફેરૂ હેશ્તહ્ અઝ્ અસ્પ ઝરીન્ જુનાઘ્
બખંદે શાહે ઇરાન્ પુરૂ અઝ્ ખન્દહ્ ગશ્ત
હમહ્ કેહ્તરાન્ ખન્દહ્રા બન્દહ્ ગશ્ત
અબા ગોર્હેયહ્ ગોફ્ત કય આરઝુય
ચે ખાહી બગુ અય ઝને નીકુખૂય
ઝને ચારહ્ગરૂ ઝુદ ઓર્દશ નમાઝ્
ચુનીન્ ગોફ્ત કય શાહે ગર્દનફરાઝ્
બમન્ બખ્શ રયરા ખેરદ યાદ કુન્
દેલે ઘમ કુનાન્ અઝ્ ઘમ્ આઝાદ કુન્
ઝે રય મર્દકે શૂમરા બાઝ્ ખાન્
વરા મર્દે બદ્કીશો બદ્સાઝ્ ખાન્
કે ઊ ગોર્બહ્ અઝ્ ખાનહ્ બીરૂન્ કનદ
યકાયક હમહ્ નાવ્દાન્ બરૂ કનદ
બખન્દીદ ખુસ્રવ ઝે ગોફ્તારે ઝન્
બદૂ ગોફ્ત કય શૂખે લશ્કરૂ શેકન્
બતૂ દાદામ્ આન્ શહ્રો આન્ રૂસ્તા
તો બેફ્રેસ્ત અફ્નૂન યકી પારૂસા
ઝે રય બાઝ્ ખાન્ આન્ બદ્અન્દીશરા
ચુ અહ્રીમન્ આન્ ઝેશ્તે બદ્ કીશરા
હમી હરૂ ઝમાનશ ફેઝૂન્ બૂદ બખ્ત
અઝાન્ નામવરૂ ખુસ્રવાની દેરખ્ત

તે ડામર જેવી કાળી આંખનું અને બહારની મોસમ જેવા ચેહરાનું હતું-વળી તેની આંખો મય પીને મસ્ત બનેલા શખ્સ જેવી હતી.

તે એક છોકરાની માફક બાગની આસપાસ ઘોડો દોડાવવા લાગ્યું-ઘોડા ઉપરથી ઝીન નીચેની સોનેરી ગોદડી હેઠળ લટકતી હતી.

એ જોઈ ઈરાનના પાદશાહના હોઠ હસતા બન્યા-તેમજ સઘળા નોકરો પણ હસવાનાજ તાબેદાર થયા (યાને હસવા લાગ્યા).

પાદશાહે ગોરહિયહને કહ્યું કે "ઓ નેક ખસ્લતની અઉરત! તારી શું માગવાની ખાહેશ છે બોલ?" ૧૨૧

પેલી ચારા ભરેલી અઉરતે શેતાબ તેને નમન કીધું-અને એ પ્રમાણે બોલી કે "ઓ ગર્દનફરાઝ પાદશાહ!

તું દાના બન અને રયની હાકેમી મને બક્ષેશ કર-અને ત્યાંનાં ગમગીન બનેલાં લોકોનાં દિલ ગમથી મોકળાં કર.

રયમાંથી તું પેલા નેહેસ્ત કદમના શખ્સને પાછો બોલાવી લે-તે બૂરી દીનના અને બદ કરતુકના શખ્સને તેડાવી લે.

કારણકે તે સઘળાંનાં ઘરમાંથી બિલાડીઓ બાહેર કઢાવી મૂકે છે-અને સઘળી પરનાળો ઉખડાવી નાખે છે."

તે અઉરતની વાતથી ખુસરૂ હસી પડયો-અને બોલ્યો કે "ઓ લશ્કર તોડનારી બહાદુર અઉરત!

તે શેહર તેમજ તેને લગતાં ગામડાં હું તને આપું છું-તું હવે ત્યાં કોઈ પરહેઝગાર શખ્સને હાકેમ તરીકે મોકલી આપ.

અને પેલા એહરેમનની મિસાલના બૂરા, બદમઝહબના અને બૂરા અંદેશાવાળા મર્દને રયમાંથી પાછો બોલાવી લે."

એ પ્રમાણે તે નામીચાં પાદશાહી ઝાડથી-પેલી અઉરતનું નસીબ હમેશે ખીલતુંજ હતું.

બખ્શ્ કર્દને ખુસ્રવ્ પાદ્શાહીએ ખુદ્રા.

———:o:———

અઝાન્ પસ કે ગુસ્તર્દહ્ શુદ દસ્તે શાહ્
સરાસરૂ જહાન્ શુદ વરા નીકુખાહ્
હમહ્ તાજદારાન્શ કેહ્તરૂ શુદન્દ
હમહ્ કેહ્તરાન્ ઝૂ તવાન્ગરૂ શુદન્દ
ગુઝીન્ કરૂદ અઝ્ ઈરાન્ ચેહેલ હશ્ત હઝારૂ
જહાનદીદહો ગોર્દે જન્ગી સવારૂ
દરે ગન્જહાએ કોહુન્ બરૂ કુશાદ
કે બિન્હાદ ફીરૂઝો ફરૂરોખ કોબાદ
જહાન્રા બેબખ્શીદ બરૂ ચારૂ બહ્રૂ
યકાયક હમહ્ નામવરૂ કરૂદ શહ્રૂ
અઝાન્ નામદારાન્ દહો દુ હઝારૂ
સવારાને હુશ્યારો ખન્જરૂ ગઝારૂ
ફેરેસ્તાદ ખુસ્રવ સુએ મર્ઝે રૂમ
નેગહ્બાને આન્ ફરૂરોખ આબાદ બૂમ
બદાન્ તા ઝે રૂમ અન્દરૂ ઇરાન્ સેપાહ્
નેયાયદ કે કેશ્વરૂ શવદ ઝૂ તબાહ્
મગરૂ હરૂ કસી બસ કુનદ મર્ઝે ખીશ
બેદાનદ સરે માયહો અર્ઝે ખીશ

ખુસરૂએ પોતાની પાદશાહીના ભાગ પાડવા.

———:o:———

પાદશાહ ખુસરૂની સત્તા સઘળે ફેલાયા પછી-સઘળો દેશ તેનો નેકખાહ બન્યો.

સઘળા પાદશાહો તેના તાબેદાર થયા-અને સઘળા નોકરો તેનાથી ૧૨૨
તવંગર બન્યા.

તેણે ઈરાનમાંથી અનુભવ મેળવેલા ઉડતાળીસ હઝાર બહાદુર અને લડાયક સવારો ચુંટી કાઢયા.

તેણે આગળો ખઝાનો-કે જે પીરૂઝ અને મુબારક કોબાદે ભરી મેલ્યો હતો, તેનો દરવાઝો ખુલ્લો કીધો.

પોતાની સલ્તનતને ચાર ભાગમાં વહેંચી નાખી-અને ત્યાંનાં સઘળાં શેહરો નામીચાં બનાવ્યાં.

પેલા ચુંટી કાઢેલાં નામદારોમાંથી બાર હઝાર-હુશ્યાર અને ખંજર મારનારા સવારો,

રૂમના મુલકની સરહદ તરફ પોતાના મુબારક થયલા આબાદ મુલકની જાળવણી માટે ખુસરૂએ મોકલી આપ્યા.

કે જેથી રૂમમાંથી ઈરાનમાં લશ્કર-નહીં આવે કારણકે તેથી તે મુલક ખરાબ થાય.

પણ દરેક જણ પોતે પોતાનીજ હદમાંજ રહે-અને પોત પોતાનીજ પુંજીની કદર અને કીમત પિછાને.

હમ અજ઼ નામદારાન્ દહો દૂ હજારૂ
ગુજ઼ીન્ કરૂદ અજ઼ ઈરાન્ નબર્દહુ સવારૂ
બદાન્ તા સુએ ઝાબુલેસ્તાન્ શવન્દ
બબૂમે સેયહુ અજ઼ ગુલેસ્તાન્ શવન્દ
૧૨૩ બદીશાન્ ચુનીન્ ગોફ્ત આન્ ફ્ર ઝે રાહુ
બેગર્દદ નદારદ નેગહુ જાયગાહુ
બચર્બી મફરા બરાહુ આવરીદ
ચુ ઝીન્ બુગ્ઝરદ બન્દો ચાહુ આવરીદ
બહરૂ સુ ફેરેસ્તીદ કારૂ આગેહાન્
બદાન્ તા નમાનદ સખુન્ દરૂ નેહાન્
તલાયહુ બેબાયદ બરૂઝો શબાન્
મખોસ્પીદ દરૂ ખયમહુ બી પાસબાન્
ઝે લશ્કરૂ દહો દૂ હઝારે દેગરૂ
દેલાવરૂ બુઝેંગાને પરૂખાશખરૂ
બેખાન્દો બસી પન્દહા દાદ શાન્
બરાહે અલાનાન્ ફેરેસ્તાદ શાન્
બઇશાન્ સેપોરૂદ આન્ દરે બાખ્તરૂ
બદાન્ તા નબાશદ ઝે દુશ્મન્ ગુઝરૂ
બદાન્ સરૂકશાન્ ગોફ્ત બીદારૂ બીદ
હમહુ દરૂ પનાહે જેહાનદારૂ બીદ
દહો દૂ હઝારે દેગરૂ બરૂ ગઝીદ
ઝે મર્દાને જન્ગી ચુનાન્ ચૂન સઝીદ
બસૂએ ખોરાસાન્ ફેરેસ્તાદ શાન્
બસી પન્દો અન્દરૂઝહા દાદ શાન્
૧૨૪ કે અઝ઼ મર્ઝે હયતાલ્ તા મર્ઝે ચીન્
નબાંયદ કે કસ પય નેહદ બરૂ ઝમીન્
મગરૂ બાગહીઓ બફર્માને મા
રવાન્ બસ્તહુ દારદ ઝે પયમાને મા

બહરૂ કેશ્વરી ગન્જ આગન્દહુ અસ્ત
કે કસરા નબાયદ શુદન્ દૂરૂ દસ્ત
ચુ બાયદ બેખાહીદો ખુરૂરમ ઝેઈદ
ખેરદમન્દ બાશીદો બી ઘમ ઝેઇદ
દરે ગન્જ બુકુશાદો ચન્દી દેરમ
કે બૂદી બરૂબરૂ ઝે હોરૂમુઝ઼ રકમ
બેયાવરૂદ ગેર્યાન બદર્વીશ દાદ
ચુ દર્વીશ પૂશીદહુ બુદ બીશ દાદ
હરાન્ કસ કે ઊ યારે બન્દૂય બૂદ
બનઝ઼દીકે ગોસ્તહુમ બદગૂય બૂદ
કે બૂદન્દ શાદાન્ ઝે ખૂને પેદરૂ
ઝે તનહાએ ઈશાન્ જુદા કરૂદ સરૂ
ચુ અઝ઼ કીનો નફ્રીન્ બેપર્દાખ્ત શાહુ
બદાનેશ યકી દીગરૂ આવરૂદ રાહુ
અઝીન્ પસ શબો રૂઝ઼ ગર્દન્દહુ દહુરૂ
નેશસ્તો બેબખ્શીદ બરૂ ચારૂ બહુરૂ
૧૨૫ અઝીન્ ચારૂ યકૂ બહુરહુ મૂબદ નેહાદ
કે દારદ સુખુનહાએ નીકૂ બયાદ
ઝે કારે સેપાહો ઝે કારે જેહાન્
બેગોફ્તી બશાહુ આશ્કારો નેહાન્

વળી ઈરાની લડાયક સવારોમાંથી બીજા બાર હઝાર નામીચા સવારોને ચુંટી કાઢયા.

કે જેથી તેઓ ઝાબુલિસ્તાન તરફ જાય-બાગ જેવાં ઈરાનમાંથી તેઓ તે સીઆહ મુલકમાં જાય."

તેઓને એ પ્રમાણે કહ્યું કે "જે કોઈ કે પોતાની રાહથી-ફરે અને પોતાની હદ ઓળંગી જાય,

તેઓને મીઠાસથી પાછા રાહ ઉપર લાવજો-અને જો તેમ નહીં આવે તો તેને કયદ કરજો.

તમો ચો તરફ જાસૂસો મોકલજો-કે જેથી કશી વાત છુપી રહી શકે નહીં.

રાત દહાડો તલાયા ફરતા રાખજો-તમો વગર પાસબાને તમારી છાવણીમાં નચ્ચરવસ સૂતા ના."

લશ્કરમાંથી બીજા બાર હઝાર-લડાયક ચઢિયાતા બહાદુર સવારોને,

બોલાવ્યા અને તેઓને ઘણીક શીખામણો આપી-તેઓને અલાનાનની તરફ મોકલ્યા.

તેઓને બાખ્તરનો દરવાઝો સોંપ્યો-કે જેથી દુશ્મન ત્યાંથી પસાર થઇ શકે નહીં.

તે બહાદુર સેપાહોને કહ્યું કે "તમો હુશ્યાર રહેજો!-અને તમો સઘળાઓ દુન્યાની સંભાળ કરનાર ખોદાતાલાની પનાહમાં રહેજો!"

બીજા લડાયક મર્દોમાંથી જેવા જોઇયે તેવા બાર હઝાર સવારો ચુંટી કાઢયા.

તેઓને પુષ્કળ શીખામણો અને નસીહતો આપી ખોરાસાન તરફ મોકલી આપ્યા.

કે "હયતાલના મુલકથી તે ચીનના મુલક સૂધી-કોઈ તે ઝમીન ઉપર પગ મૂકે એવું બનવા દેતા ના.

સિવાય કે જે કોઇ ઘટની ખબર સાથ અને અમારાં ફર્માનથી આવે-તેમજ અમારાં વચન ઉપર જે કોઈ સાબેત રહ્યો હોય, તે સિવાય કોઇને આવવા દેવો નહીં.

દરેક મુલકમાં ખઝાનો ભરી મૂકેલો છે-કે કોઇને કશી મુશ્કેલ જગ્યાએ જવું પડશે નહીં.

જ્યારે તમોને જોઇયે ત્યારે માગજો અને ખુશહાલ ઝિંદગી ગુઝારજો-તમો અકેલમંદ થજો અને વગર ગમે જીવતા રહેજો!"

પછી તેણે ખઝાનાનો દરવાઝો ખુલ્લો કરી કેટલાક દિરમો-કે જે ઉપર હોરમઝને નામના સિક્કા પાડેલા હતા,

તે રડતાં રડતાં લાવીને દરવીશોને ખયરાત કીધા-જે ગરીબો કે ઝાહેરમાં આવવા નહીં માગતા હતા, તેઓને વધુ આપ્યા.

જે કોઇ કે બંદૂયના દોસ્તો હતા-અને ગોસ્તહમ આગળ પાદશાહની ચુગલી કરતા હતા,

અને જેઓ ખુસરૂના બાપનાં ખૂનથી ખુશહાલ હતા-તેઓનાં સર તનથી જુદાં કીધાં.

જ્યારે પાદશાહ કીના અને ધિક્કારથી ફારેગ થયો-ત્યારે તેણે દાનાઇનો એક બીજોજ માર્ગ ધર્યો.

એ પછી તેણે બેસીને રાત અને દાહડાના પસાર થતા વખતના ચાર ભાગ પાડયા.

તે ચારમાંથી એક ભાગ વડા વઝીરનો મુકરર કર્યો-કે જે વઝીર સઘળી બાબતો સારી રીતે યાદ રાખતો હોય.

તે વઝીર લશ્કરનાં કામોથી તેમજ દેશના કારોબારથી દરેક રીતે પાદશાહને વાકેફ કરતો હતો.

ચુ દર પાદશાહી બેદીદી શેકસ્ત
કે લશકર ગર અઝ મરદુમે ઝીરદસ્ત
સણુફ દામને દાદ બર તાફતી
ગુઝશતહુ બેજોસ્તીઓ દર યાફતી
દેગર બહુરહ શાદીઓ રામેશગરાન્
નેશસ્તન્ બઆરામ બા મેહુતરાન્
બેબૂદી ન અન્દીશહુ કર્દી કે બદ
શુનાન્ કશ રહે નામદારાન્ સઝદ
સેવુમ બહુરહ કારશ નેયાયેશ બુદી
જહાન્આફરીનરા સેતાયેશ બુદી
ચહારેમ શુમારે સેપહુરે બુલન્દ
હમી બર ગેરેફતી ચેઓ ચૂનો ચન્દ
સેતારહુ શુમર પીશે ઊ બર બપાય
કે બૂદી બદાનેશ વરા રહનુમાય
વઝીન્ બહુરહ નીમી શબે દીર બાઝ
નેશસ્તી હમી બા બુતાને તરાઝ
હમાન્ નીઝ યક માહ બર ચાર બહુર
બેબખ્શીદ તા શાદ બાશદ કે દહુર
અઝ બહુરઈ ગૂયો મયદાનો તીર
યકી નામવર પીશે ઊ યાદગીર
દેગર બહુરહ ઝ કુહો દશ્તો શેકાર
કઝાન્ તાઝહ ગશ્તી વરા રૂઝગાર
હરાન ગહ કે ગશ્તી ઝે નખ્ચીર બાઝ
બરખશન્દહ રૂઝો શબે દીર બાઝ
હરાન્ કસ કે બૂદી વરા દસ્તગાહ
બેબસ્તી બશાહર અન્દર આઝીન્ બરાહ
દેગર બહુરહ શત્રન્જ બૂદીઓ નરદ
સખુન ગોફતન્ અઝ રૂઝગારે નબરદ
સે દીગર હરાન્ કસ કે દાનન્દહ બૂદ
નવીસન્દહો ચીઝ ખાનન્દહ બૂદ
બનઉબત વરા પીશ બેન્શાન્દી
સૂખુનહાએ દીરીનહ બરખાન્દી
ચહારેમ ફેરેસ્તાદગાન્રા કે રાહ
હમી ખાન્દન્દી બનઝદીકે શાહ
નબેશ્તી હમી પાસોખે નામહ બાઝ
બદાન્ નામદારાને ગર્દન્ફરાઝ
ફેરેસ્તાદહ બા ખેલ્અતો કામે ખીશ
ઝે દર બાઝ ગશ્તી બઆરામે ખીશ
હમાન્ રૂઝ મન્શૂરે હર કેશ્વરી
નબેશ્તી સેપોર્દી બહર મેહુતરી
ચુ બૂદી સરે સાલે નવ ફર્વદીન્
કે રખ્શાન્ શુદી દર દેલ અઝ હુર દીન્
નેહાદી યકી ગન્જ ખુસ્રવ નેહાન
કે નેશનાખ્તી કેહુતરી દર જેહાન્

જ્યારે તે પોતાનાં રાજ્યમાં લશ્કરથી અથવા પોતાના હાથ હેઠળના માણુસોથી કાંઈ નુકસાન થયલું જોતો,

ત્યારે શેતાબ ઇનસાફ કરવા બેસતો-અને તે બનેલા બનાવની તપાસ કરીને તે પોતાની ખાતેરી કરતો હતો.

દિવસનો બીજો ભાગ ખુશહાલી અને ગાનતાનનો-અને પોતાના સરદારો સાથે આરામમાં બેસવા માટેનો ઠેરવ્યો.

જેવી રીતે કે નામદાર લોકોને ઘટે તેવી રીતે તે તેઓ સાથ રહેતો અને કાંઈ પણ ધાસ્તી ભર્યાં કામો માટેનો વિચાર કરતો હતો નહીં.

ત્રીજા હિસ્સા માટેનું તેનું કામ બંદગી કરવાનું અને દુન્યાને પયદા કરનાર સાહેબની સેતાયેશ કરવાનું હતું.

ચોથો ભાગ બુલંદ આસ્માન શું છે, શા માટે છે અને કેટલું છે તેની ગણુત્રી કરવા માટે રોકતો હતો.

તે વખતે નુજૂમીઓ તેની આગળ ઉભા રહી તેને અકલનો રસ્તો દેખાડતા હતા.

આ ભાગમાંથી લામ્બી રાતનો અર્ધો ભાગ પોતાની તરાઝ શેહરનાં પૂતળાં જેવી મેહબૂબો સાથ ગુઝારતો હતો.

તેમજ વળી તેણે એક મહિનાના પણ ચાર હિસ્સા-જુદા પાડયા ૧૨૬
કે જેથી તે દુન્યાની મોજમઝાહથી ખુશહાલ રહે.

તેમાંથી એક હિસ્સો દડીદાવ મયદાન અને તીર અંદાઝી માટે રાખ્યો-જે વખતે તેની આગળ એક યાદદાસ્ત શક્તિવાળો નામવર શખ્સ રહેતો હતો.

તેમાંથી બીજો ભાગ પહાડ, જંગલ અને શેકાર કરવા માટેનો રાખ્યો-કે જેથી તે બાબતની તેની સઘળી આદત (પ્રેકટિસ) તાઝી રહેતી હતી.

શિકારગાહથી શું રોશન રોઝને વખતે કે શું મોડી રાતને વખતે કોઈ પણ વખતે તે પાછો ફરતો,

તે વખતે જે લોકો કે સારી સ્થિતિના હતા-તેઓ શેહરમાં તેના આવવાના રસ્તા ઉપર સણુગાર કરતા.

તેમાંજ એક બીજો ભાગ શેત્રંજ અને નર્દની રમત માટે-તેમજ લડાઇ સંબંધી વાતો કરવા માટે રાખ્યો હતો.

ત્રીજા ભાગમાં જે કોઇ કે વિદ્વાનો હતા-તેમજ લખનારા અને દરેક ચીઝ વાંચનારા હતા,

તેઓને વારા ફરતી પોતાની પાસે બેસાડતો-અને આગળી વાતો વંચાવતો હતો.

ચોથા ભાગમાં દૂર રાહથી આવેલા એલચીઓને-પાદશાહની નઝદીક બોલાવવામાં આવતા હતા.

તે વખતે તે ગર્દનફરાઝ નામદારો ઉપર-તે નામાના પાછા જવાબો લખતો હતો.

પેલા એલચીઓ સરપાવ મેળવી પોતાની મુરાદ સાથ-તે દરબારમાંથી ૧૨૭
પોતાના મકાને પાછા ફરતા હતા.

તેજ દહાડા ઉપર દરેક મુલ્કના પરવાના લખતો અને તે દરેક સરદારને સોંપતો હતો.

જ્યારે નવાં વર્ષના ફર્વર્દીન મહિનાની શુરૂઆત થતી-કે જે વખતે આફતાબના મેષ રાશિમાં આવવાથી દરેકનાં દિલમાં દીન પ્રકાશ પામતી હતી,

ત્યારે ખુસરૂ ખઝાનાનો એક ભાગ છુપો મૂકતો હતો-કે જેની ખબર સલ્તનતના કોઈ પણ નોકરને પડતી હતી નહીં.

ઝાદને શીરૂય પેસરે ખુસરૂ પર્વીઝ્ અઝ્ મર્યમ્ બફાલે બદ્ વ મોઝ્દહ્ ફેરેસ્તાદને ખુસરૂ બકયસર્.

—————:o:—————

ચુ અઝ પાદ્દશાહી શુદશ પન્જ સાલ
બગીતી સરાસર્ નબૂદશ હમાલ
શશુમ સાલ આન્ દુખ્તે કયસર્ ઝે શાહ્
યકી કુદક્ આવર્દ માનન્દે માહ્
નબૂદ આન્ ઝમાન્ બાન્ગે રસ્મે નમાઝ
બગૂશી ચુનાન્ પર્વરીદહ્ બનાઝ
બગૂશશ યકી નામ ગોફ્તી પેદર્
નેહાની દેગર્ આશ્કારા દેગર્
નેહાની બેગોફ્તી બગૂશ અન્દરૂન્
હમી ખાન્દી આશ્કારા બરૂન્
બગૂશ અન્દરૂન્ નામ ગોફ્તશ કોબાદ
હમી ખાન્દ શીરૂએ ફરૂખ નેઝાદ
૧૨૮ ચુ શબ્ કુદક્ આમદ ગુઝશ્તહ્ સે પાસ
બેયામદ બરે ખુસ્રવ અખ્તર્ સેનાસ
ઝે અખ્તર્ શેનાસાન્ બેપુરસીદ શાહ્
કે હર્ કસ કે કર્દ અન્દર્ અખ્તર્ નેગાહ્
ચે દીદ ઊઓ ફર્જામે ઈન્ કાર્ ચીસ્ત
ઝે રન્જ અખ્તરે ઇન્ જહાન્દાર્ ચીસ્ત
ચુનીન્ દાદ પાસોખ સેતારહ્ શુમર્
કે બર્ ચર્ખે ગર્દુન્ નેયાબી ગુઝર્
અઝીન્ કુદક્ આશૂબ્ ગીરદ ઝમીન્
નખાનદ સેપાહશ બરૂ આફરીન્
હમ અઝ રાહે યઝ્દાન્ બેગર્દદ બનીઝ
અઝીન્ બીશતર્ ચૂન્ સરાયમ બચીઝ
દેલે શાહ્ ઘમગીન્ શુદ અઝ કાર્ શાન્
વઝાન્ નાસઝાવાર્ ગોફ્તાર્ શાન્
ચુનીન્ ગોફ્ત બા મર્દે દાનન્દહ્ શાહ્
કે બેહ્ ઝીન્ કુનીદ ઈન્ સખુનરા નેગાહ્
નેગર્ તા નગર્દદ ઝબાન્ તાન્ બર્ ઈન્
બપીશે બુઝોર્ગાને ઈરાન્ ઝમીન્
હમી દાશ્ત આન્ અખ્તરે બદ નેગાહ્
નેહાદહ્ બરાન્ બરેતહ્ બર્ મોહ્રે શાહ્

ખુસરૂ પર્વીઝના બેટા શીરૂએ મર્યમને પેટે ખરાબ ચોઘડિયાંમાં જન્મ લેવો અને ખુસરૂએ કયસર ઉપર ખુશખબરી મોકલવી.

—————:o:—————

જ્યારે તેની પાદશાહીના પાંચ વર્ષ થયાં-ત્યારે તમામ દુન્યામાં તેનો કોઇ જોડિયો હતો નહીં.

છઠે વર્ષે પેલી કયસરની બેટીએ તે પાદશાહથી-માહતાબની મિસાલનો એક બેટો જણ્યો.

તે ઝમાનામાં આવી રીતે નાઝમાં ઉછરતાં બાળકોના કાનમાં નમાઝનો કલમો પઢવાનો ચાલ હતો નહીં *

બાપ તે બાળકનું નામ પાડતો હતો-જેમાંનું એક નામ ઘરના વપરાસનું ખાનગી, અને બીજું ઝાહેર.

ખાનગી નામ તે બાળકના કાનમાં (હલુસે)-કહેતો હતો અને ઝાહેર નામ બાહેર ખુલ્લું કહેતો હતો.

તે બાળકના કાનમાં પર્વીઝે "કોબાદ" નામ કહ્યું-અને મોટેથી "શુભ તોખ્મના શીરૂય" નામ પોકાર્યું.

જ્યારે રાતના ત્રણ પોહોર ગુઝર્યા પછી તે બચ્ચું પયદા થયું-ત્યારે નુજૂમીઓ ખુસરૂની નઝદીક આવ્યા.

પાદશાહે તે નુજૂમીઓને પૂછ્યું-કે "તમોમાંથી જે કોઇયે કે એના ગ્રહો જોયા હોય,

તેણે શુ જોયું એનાં કામોનું શેવટ કેવું છે-એ શાહઝાદાના નસીબમાં શું શુ તકલીફો છે?"

નુજૂમીએ એવો જવાબ આપ્યો-કે "ફરતાં આસ્માન ઉપર તું રાહ મેળવી શકશે નહીં.

આ બાળકથી આખો દેશ ગભરાટમાં પડશે લશ્કર તેને પાદશાહ તરીકે કબૂલ રાખશે નહીં.

વળી તે યઝદાનની રાહથી પણ ફરી જશે-એથી વધારે વિગતો તે હું શું કહું?"

તેઓની આવી તપાસથી અને તેઓના અયોગ્ય બોલવાથી પાદશાહનું દિલ ગમગીન થયું.

પાદશાહે તે જાણકાર શખ્સને કહ્યું-કે "આ વાતની એ કરતાં કાંઇ સારી રીતે નેગાહ કરો

સંભાળજો ઈરાન ઝમીનના બુઝોર્ગોની નઝદીક એ બાબત કશું બોલતા ના"

તેણે તે ભૂંડા સેતારા બાબેનું લખાણ ઘડી વાળી તે ઉપર પાદશાહી મોહર કરી સંભાળી રાખ્યું.

---

* મોહમ્મદન કઉમમાં જ્યારે એક બાળક પયદા થાય છે ત્યારે તેને નહવાડી ધોવાડીને દાઈ એક ઓરડામાં લઈ જાય છે, જ્યાં સગપણવાળા તેમજ મિત્રાઈ ધરાવનારા પુરૂષો ભેગા મળેલા હોય છે. પછી અગરજો કોઈ મહલવી હાઝેર હોય છે તો તે, અથવા તો બીજો વડો પુરૂષ તે બાળકના જમણા કાનમાં "અઝાન" નામની બંદગીના કલામો પોકારે છે અને ત્યાર બાદ તેના ડાબા કાનમાં "એકામહ" નામની બંદગીના કલામો પોકારે છે. એવું કહેવામાં આવ્યું છે કે હઝરત મોહમ્મદનો નબીરો હસન જ્યારે જન્મ્યો ત્યારે તેણે એ પ્રમાણે કીધું અને ત્યારથી એ રેવાજ પડયો.

ફિર્દોસી કહે છે કે ઉપલી રસમ તે ઝમાનામાં નહીં હતી. તે વખતે ઈરાનીઓમાં એવો રેવાજ હતો કે મોટા પુરૂષનાં ઘરમાં બાળકને માટે બે નામ રાખવામાં આવતાં હતાં એક નામ તે ઘરનું લાડકું નામ, કે જે નામ વડે તેનાં સગાવહાલાંઓ તેને બોલાવે અને બીજું ઝાહેરમાં વપરાતું નામ. જે ખાનગી વપરાસનું નામ તે બાળકનો પિતા બાળકના કાનમાં બોલે અને ઝાહેરનું નામ ત્યાર પછી મોટેથી સર્વના દેખતાં પોકારે. નામ આપવાનો એ રવેયો હતો.

હિંદુઓમાં પણ હાલમાં બે નામનો ચાલ છે. અને મોટે ભાગે દરેક હિંદુનાં બે નામ તમો જોશો, એક ઘરગતુ અને બીજું ઝાહેર.

પુર્ આન્દીશહ્ શુદ આન્ સખુન્ શહરૂયારૂ
બદાન્ હકૂતહ્ કેસરા નહાદન્દ બારૂ
કે નખ્ચીરો અઝ્ મય બયકૂસૂ કશીદ
બશાન્ ચન્દ ગહ્ રૂએ ઊ કસ નદીદ
હમહ્ મેહુતરાન્ પીશે મૂબેદ શદન્દ
કે હરૂ ગૂનએ દાસ્તાનહા ઝદન્દ
બદાન્ તા ચે શુદ નામવરૂ શાહરા
કે બરૂ બસ્ત બરૂ કેહુતરાન્ રાહરા
ચુ બેશ્નીદ મૂબેદ બેશુદ નઝદે શાહ્
યકાયક્ બેદાદ આન્ પયામે સેપાહ્
ચુનીન્ દાદ પાસોખ વરા શહરૂયારૂ
કે મન્ તન્ગ્ દેલ્ ગશ્તમ્ અઝ્ રૂઝગારૂ
ઝે ગોફ્તારે ઈન્ મર્દે અખ્તરૂ શેનાસ
કે ગરૂદૂને ગર્દાન્ શુદમ્ પુરૂ હેરાસ
બગન્જૂરૂ ફરૂમૂદ કાન્ પરૂનેયાન્
બેયાવરૂ હમાન્ રોકુકહ્ અન્દરૂ મેયાન્
બેયાવરૂદ ગન્જૂરો મૂબેદ બેદીદ
દેલશ તન્ગ્ શુદ ખામોશી બરૂ ગુઝીદ
વઝાન્ પસ બદૂ ગોફ્ત યઝદાન્ બસસ્ત
કે ઊ બરૂતરૂ અઝ દાનેશે હરૂ કસસ્ત
વરૂ અયદૂન કે નાચારૂ ગર્દાન્ સેપેહરૂ
દેગરૂ ગૂન નુમાયદ બજૂયન્દહ્ ચેહરૂ
બતીમારગી બાઝ્ ગર્દદ કે બદ
ચુનીન્ ગોફ્ત અઝ્ દાનેશી કય સઝદ
જોઝ્ અઝ્ શાદકામીત હરૂગેઝ્ મબાદ
કે ગોફ્તારે ઈશાન્ મકુન્ હીચ યાદ
ચુનાન્ ચૂન્ બેકારદ ફલક્ બેદરવીમ
બદૂ કામો નાકામે મા બેગ્રવીમ
બેબાયદ બુદન ચૂન બેદારદ સેપેહરૂ
ગહી કીનો પર્ખાશો ગહ્ દાદો મેહરૂ
અઝ્ કાલ્બુદરારેત સૂદો ઝેયાન્
ચુ દાના બુવદ ઝુ નતર્સદ રવાન્
જહાન્ આફરીન્ પોશ્તો યારે તો બાદ
સરે અખ્તરૂ અન્દરૂ કેનારે તો બાદ
ઝે મૂબેદ ચુ બેશ્નીદ ખુસ્રવ સખુન્
બેખન્દીદો કારી નવ્ અફૂગન્દ બુન્
દબીરહ્ પસન્દીદહરા ખાન્દ પીશ
સખુન્ રાન્દ બા ઊ ઝે અન્દાઝહ્ બીશ
બકયસરૂ યકી નામહ્ ફરૂમૂદ શાહ્
કે બરૂ નેહ્ સઝાવારે શાહી કોલાહ્
કે મર્યમ પેસરૂ ઝાદ દરૂ શબ્ યકી
કે હરૂગેઝ્ નદીદી ચુનીન્ [?]કૂદકી
નશાયદ મગરૂ દાનેશો બખ્તરા
દેગરૂ દરૂ હોનરૂ બખ્શેશો તખ્તરા
ચુ મન્ શાદમાનમ્ તો શાદાન્ બઝી
કે શાહીઓ ગર્દનકશીરા સઝી

પાદશાહ તે વાતથી અંદેશા ભરેલો થયો-તેણે તે અઠવાડિયાંમાં ૧૨૯
કોઇની મુલાકાત લીધી નહીં.

તેણે શેકાર કરવાથી અને મયનોશી કરવાથી દૂરી પકડી-કેટલોક વખત સૂધી કોઇએ તેનો ચેહરો જોયોજ નહીં.

સઘળા સરદારો વડા વઝીર આગળ ગયા-અને ઘણીક રીતની વાતો કીધી.

કે "નામવર પાદશાહને શું થયું છે-કે પોતાના તાબેદારોને આવતા જતા અટકાવ્યા છે?"

જ્યારે વઝીરે એવું સાંભળ્યું ત્યારે તે પાદશાહની નઝદીક ગયો-અને સઘળો તે રૈયત લોકોનો પયગામ પહોંચાડયો.

પાદશાહે તેને એવો જવાબ આપ્યો-કે "હું ઝમાનાંથી ગમગીન બન્યો છું.

આ નુજૂમી મર્દની વાત સાંભળી-ફરતા આસ્માનથી ધાસ્તી ભરેલો થયો છું."

પછી તેણે ખઝાન્ચીને ફર્માવ્યું કે "તે રેશમી કપડું-કે જેમાં પેલું કાગઝ મૂકેલું છે તે લઇ આવ."

ખઝાન્ચી લાવ્યો અને તે વઝીરે વાંચી જોયું-આથી તેનું પણ દિલ ગમગીન થયું અને મૂગો રહ્યો.

પછી તે બોલ્યો કે "યઝદાન કે જે સઘળાઓનાં ડહાપણ કરતાં ચઢિયાતો છે તેનીજ મદદ આપણને બસ છે.

પણ જો ફરતો આસ્માન સેતારેશેનાસને લાએલાજ બીજીજ રીતે ૧૩૦
મોં દેખાડતો હોય,

અને તું દિલગીર થઇને એમ કહેતો હોય કે તે બલા રદ થાય, તો તે વાત અકલને અનુસરતી નથી.

ખુશહાલી સિવાય તારે માટે કશું હોવુંજ ના!-તું તેઓના કહેવાનો કંઈ પણ વિચાર ના કર.

જેવું આસ્માન આપણને માટે રોપશે તેવુંજ આપણને કાપવું પડશે-અને આપણી ખુશી કે ના ખુશીએ તેનીજ ખાહેશ કરવી પડશે.

આપણને તો જેમ આસ્માન રાખે તેમજ રહેવુ જોઇયે-કોઇ વખત તે લડાઈ ઝઘડો દેખાડે છે તો કોઈ વખત ઈન્સાફ અને મોહબ્બત દેખાડે છે.

આસ્માનની ચાલથી ફકટ આપણાં શરીરનેજ નુકસાન કે ફાયદો પુગે છે-જો કોઈ દાના શખ્સ હોય તો તેનો જીવ તેનાથી બીતો નથી.

દુન્યાનો પયદા કરનારો સાહેબ તારો મદદગાર અને દોસ્ત બનજો!-નેક નસીબનું સર તારી બગલમાં હોજો!"

જ્યારે ખુસરૂએ વઝીરથી એવી વાતો સાંભળી-ત્યારે તે હસ્યો અને નવું કામ શુરૂં કીધું.

એક વખણાયલા મુન્શીને પોતાની નઝદીક બોલાવ્યો-અને તેની સાથે ઘણીક વાત કીધી.

પછી પાદશાહે કયસર ઉપર એક નામુ લખાવ્યું-કે "હવે તું પાદશાહીને લાયકનું તાજ તારાં સર ઉપર મેલ.

કારણકે તારી મર્યમે રાતની વખતે એક બેટાને જન્મ આપ્યો છે- ૧૩૧
કે જેના જેવું બાળક કોઇએ કદીબી જોયું નથી.

તે દાનાઈ અને નસીબ સિવાય તેમજ હોનરમાં બક્ષેશ અને તખ્ત સિવાય બીજાં કશાને લાયકનો નથી.

હું ખુશહાલ છુ અને તું પણ ખુશહાલ જીવતો રહેજે-કારણકે તું ખુશહાલી અને બહાદુરીને લાયકનો છે."

નામએ કયસરૂ બખુસરૂ બા હદ્યહ્ વ ખારતને દારે મસીહ્.

ચુ આન્ નામહુ નઝ્દીકે ખુસ્રવ્ રસીદ
નેગહ્ કર્દો તઉકીએ પર્વીઝ દીદ
બેફરૂમૂદ તા ગાવદુમ બર દરશ
દમીદન્દો પુરૂ બાન્ગ્ શુદ કેશવરશ
બેબસ્તન્દ આઝીન્ બબારાહો રાહ્
બરૂ આવાઝે શીરૂએ પર્વીઝ શાહ્
બરૂ આમદ હમ આવાઝે રામેશગરાન્
હમહ્ શહ્રે રૂમ અઝ કરાન્ તા કરાન્
બદરગાહ્ બોર્દન્દ ચન્દી સલીબ્
નસીમે ગુલાન્ આમદો બૂએ તીબ્
બયક્ હફ્તહ્ ઝીન્ ગૂનહ્ બા રૂદો મય
બેબૂદન્દ શાદાન્ ઝે શીરૂએ કય
બહશ્તુમ બેફરૂમૂદ તા કારૂવાન્
બેયામદ બદરગાહ્ બા સારૂવાન્
૧૩૨ સદ ઉશ્તુરૂ ઝે ગન્જે દેરમ કરૂદ બારૂ
ઝે દીનારૂ પન્જહ્ ઝે બહ્રે નેસારૂ
ઝે દીબાએ ઝરબફ્તે રૂમા દોવીસ્ત
કે ગોફ્તી ઝે ઝરૂ જામહ્રા તારૂ નીસ્ત
ચેહલ્ ખાને ઝરીન્ બપાયહ્ બુસદ
ચુનાન્ કઝ દરે શહ્રૂયારાન્ સઝદ
હમાન્ ચન્દ ઝરીનો સીમીન્ દદહ્
ઝે ગઉહરૂ બરૂ ચશ્મ શાન્ આઝદહ્
ચે અઝ જામએ ખઝ્ઝો ચીની હરીરૂ
ઝે ઝરૂરો ઝબરૂજદ યકી આબ્ગીરૂ
બમર્યમ ફેરેસ્તાદ ચન્દી ગોહરૂ
યકી નરૂરહ્ તાઊસ કર્દહ્ બઝરૂ
હમાન્ બાઝે કેશવર્ કે બુદ ચારૂ બારૂ
ઝે દીનારે રૂમી હઝારાન્ હઝારૂ
ફેરેસ્તાદ બા મર્દે રૂમી ચેહેલ્
કુજા હરૂ ચેહલ્ બૂદ બીદારૂદેલ
ગવી પીશરવ્ નામે ઊ ખાનગી
કે હમતા નબૂદશ બફર્ઝાનગી
હમી શુદ બરીનગૂનહ્ બા સારૂવાન્
શુતોરૂવારૂ દીનારૂ દહ્ કારૂવાન્
૧૩૩ ચુ આગાહી આમદ બપીરૂઝ શાહ્
કે પયઘમબરે કયસરૂ આમદ ઝે રાહ્
બફરૂરોખ બેફરૂમૂદ તા બરૂ નેશસ્ત
યકી મરઝબાન બૂદ ખુસ્રવ પરસ્ત
કે સાલારૂ ઊ બૂદ બરૂ નીમરૂઝ
ગેશાનમાયહો ગોર્દો લશ્કરૂ ફરૂઝ
બેરફ્તન્દ બા ઊ સવારાને શાહ્
બસરૂ બરૂ નેહાદન્દ ઝરીન્ કોલાહ્
ચુ અઝ દૂર દીદ આન સેપહ્ ખાનગી
બપીશ અન્દરૂ આમદ બમર્દાનગી

કયસરનું હદયા.સાથનું ખુસરૂ ઉપરનું નામુ અને ઇસુ ક્રાઇસ્ટને દીધેલી ફાંસીનાં લાકડાંને પાછું માગવું.

જ્યારે તે નામુ કયસરની નઝદીક પહોંચ્યું-ત્યારે તેણે નેગાહ કરી પર્વીઝનું પાદશાહી ફર્માન જોયું.

પછી તેણે હોકમ કીધો જેથી તેના દરવાઝા ઉપર રણશિંગડું-ફુંકાયું અને તેનો મુલક ખુશહાલીના પોકારથી ભરેલો થયો.

પાદશાહ પર્વીઝના બેટા શીરૂયની વધાઈ સાંભળીને-સઘળે ઠેકાણે સણગાર કરવામાં આવ્યો.

આખાં રૂમ શેહરમાં એક નાકેથી બીજા નાકા સુધી-ગવેયાઓના સુરોદો પણ નીકળ્યા.

પાદશાહી દરબારમાં કેટલાક ક્રોસ લઇ જવામાં આવ્યા-સઘળે ગોલાબની લપટ અને સુગંધીની ખુશબો ફેલાઈ.

એ પ્રમાણે એક અઠવાડિયું સૂધી વાજીન્તર અને મય સાથ-તેઓ શાહઝાદા શીરૂય માટે ખુશહાલી કરતા બેઠા.

આઠમે દહાડે કયસરે હોકમ કીધો જેથી સારવાનો કાફલો લઇ દરગાહમાં આવ્યા.

નેસાર કરવા માટે સો ઊંટ દિરમના ખઝાનામાંથી અને પચાસ દીનારના ખઝાનામાંથી લાધ્યા.

બસો ઊંટ રૂમી કસબી રેશમી કપડાંથી લાધ્યાં-કે તે સોનેરી ભરતને લીધે ગોયા તે કપડાંના કશા તાર દેખાતાજ નહીં હતા.

પાદશાહોને લાયકના ચાળીસ સોનેરી થાળ જેની નીચે પરવાળાંના પાયા લગાડેલા હતા તે,

તેમજ કેટલાંક સોનેરી અને રૂપેરી જાનવરો (રમકડાં)-જેઓની આંખો ગોહરથી જડી લીધી હતી તે,

શું બાલના વણેલાં અને ચીનાઇ રેશમી કપડાં-તેમજ પોખરાજ જડેલી સોનેરી એક તશ્ત મોકલી.

વળી મર્યમને માટે ઘણાં સરખાં ગોહરો-તેમજ એક સોનાનો બનાવેલો મોર મોકલ્યો.

વળી તે મુલકનું જે ખેરાજ હતું તેનું ચારગણું મોકલ્યું-જે દસ લાખ રૂમી દીનારનું થયું.

એ સઘળું ચાળીસ રૂમીઓ કે જે ચાળીસે ચાળીસ હુશ્યાર દિલના હતા, તેઓ સાથ મોકલી આપ્યું.

તેઓના વડો "ખાનગી" નામનો એક બહાદુર શખ્સ હતો-કે જેનો દાનાઈમાં કોઇ બીજો જોડિયો નહીં હતો.

એ પ્રમાણે દશ કાફલા જેટલાં દીનારના ભરેલાં ઊંટો લઇ સારવાનો સાથ તે ચાલવા લાગ્યો.

જ્યારે ફતેહમંદ પાદશાહ ખુસરૂને ખબર મળી-કે "કયસરનો એલચી રાહમાંથી આવી લાગ્યો છે,"

ત્યારે તેણે "ફરરોખ" નામનો શખ્સ કે જે એક વફાદાર હાકેમ હતો તેને ફર્માવ્યું જેથી તે ઘોડેસવાર થયો.

કારણકે તે ફરરોખ નીમરૂઝનો સરદાર હતો-તે ઊચી બુન્યાદનો, બહાદુર અને લશ્કર શોભાવનાર હતો.

તેની સાથે પાદશાહના સવારો સર ઉપર સોનેરી કોલાહ મેલીને ગયા.

જ્યારે ખાનગીએ દૂરથી તે સેપાહોને જોયા-ત્યારે પોતે મર્દાનગી સાથ તેઓ આગળ આવ્યો.

ચુનાન્ તા બનઝદીકે શાહ્ આમદન્દ
બદાન્ નામવરૂ બારૂગાહ્ આમદન્દ
ચુ દીદન્દ ઝીબા રેઓખે શાહ્‌રા
બદાનગૂનહ્ આરાસ્તહ્ ગાહ્‌રા
નેહાદન્દ હમવારહ્ સરૂ બરૂ ઝમીન્
બરૂ બરૂ હમી ખાન્દન્દ આફરીન્
બેમાલીદ પસ્ ખાનગી રૂઅખ્ બખાક્
બદ્ ગોફ્ત કય મેહ્‌તરે દાદો પાક્
ઝે પીરૂઝગરૂ આફરીન્ બરૂ તો બાદ
મબાદી હમીશહ્ મગરૂ શાહો શાદ

ખુઝોર્ગાનશ અઝ્ જાય બરૂખાસ્તન્દ
બનઝદીકે શહ્ જાયશ આરાસ્તન્દ
ચુનીન્ ગોફ્ત પસ્ શાહ્‌રા ખાનગી
કે ચૂન્ તૂ કે બાશદ બફરઝાનગી
ઝે ખુરૂશીદ બરૂ ચરૂખ તાબન્દહ્ તરૂ
ઝે જાને સખુનગૂય યાબન્દહ્ તરૂ
મબાદા જહાન્ બી ચુનીન્ શહ્‌રૂયારૂ
બરૂમન્દ બાદા બરા રૂઝગારૂ
મબીનાદ કસ રૂઝ બી કામે તૂ
નબેસ્તહ્ બખુરૂશીદ બરૂ નામે તૂ
જહાન્ બી સરો અફ્સરે તૂ મબાદ
બરો બુમ બી લશ્કરે તૂ મબાદ
ઝે કયસરૂ દોરૂદો ઝે મા આફરીન્
બરીન્ નામવરૂ શહ્‌રૂયારે ઝમીન્
કસી કૂ બરીન્ સાયએ શાહ્ શાદ
નબાશદ વરા રઉશનાઈ મબાદ
બબા હદયહો બાઝે રૂમ આમદીમ
બદીન્ નામબરૂદારૂ બુમ આમદીમ
બેરફ્તીમ બા ફયલસૂફાન્ બહમ
બદાન્ તા નબાશદ કસ અઝ મા દેઝમ
ઝે કયસરૂ પઝીરદ મગરૂ બાઝો ચીઝ
કે બા બાઝો ચીઝ આફરીન્ બૂદ નીઝ
બેખન્દીદ અઝાન્ પુરૂ હોનરૂ મરૂદ શાહ્
નેહાદન્દ ઝીરશ યકી ઝીરૂગાહ્
ફેરેસ્તાદ પસ્ ચીઝહા સૂએ ગન્જ
બદ્ ગોફ્ત ચન્દી નબાયેસ્ત રન્જ
બખરૂરાદે બર્ઝીન ચુનીન્ ગોફ્ત શાહ્
કે ઈન્ નામહ્ બરૂખાન્ બપીશે સેપાહ્
બઆન્વાન્ નેગહ્ કરૂદ મર્દે દબીરૂ
કે ગૂયન્દહ્ ઊ બૂદો હમ યાદગીરૂ
ચુનીન્ ગોફ્ત કીન્ નામહ્ સૂએ મેહસ્ત
સરફ્રાઝ પર્વીઝે યઝદાન્ પરસ્ત
જહાનદારે બીદારે પેદૂરામે શહ્‌રૂ
કે યઝદાનશ તાજો એરદ દાદ બહ્‌રૂ
જહાનદારૂ ફર્ઝન્દે હોરૂમુઝદ શાહ્
કે ઝીબાએ તાજસ્તો ઝીબ.એ ગાહ્
ઝે કયસરૂ પેદરૂ માદરે શીરૂ નામ
કે પાયન્દહ્ બાદા બરૂ નામો કામ

એવી રીતે તેઓ પાદશાહની નઝદીક તે નામીચી દરબાર સૂધી આવ્યા.

જ્યારે તે રૂમીઓએ ઝેબ આપનારા પાદશાહનો ચેહરો તેમજ તેવીજ રીતનું સણગારેલું તેનું તખ્ત જોયું,

ત્યારે તેઓએ પોતાનાં સર સામતાં ઝમીન ઉપર મૂકયાં-અને પાદશાહ ઉપર દુઆ કરવા લાગ્યા.

પછી પેલો ખાનગી ખાક ઉપર મોં ઘસીને-બોલ્યો કે "ઓ ઇન્સાફી અને પાકીઝેહ પાદશાહ!

ફતેહમંદી આપનારા ખોદાતાલા તરફથી તારી ઉપર દોઆ હોજો-તું હમેશે પાદશાહ હોવા સિવાય તેમજ ખુશહાલ રહેવા સિવાય બીજો કશી રીતનો હોતોજ ના!"

પાદશાહના સઘળા મોટાઓ પોતાની જગ્યાથી ઉઠયા-અને પાદ- ૧૩૪
શાહની નઝદીક એલચીને જગ્યા આપી

ત્યાર પછી ખાનગીએ પાદશાહને એ પ્રમાણે કહેવા માંડયું-કે "દાનાઈમાં તારા જેવો કોણ થઈ શકે છે?

તું આસ્માન ઉપરના ખોરશીદ કરતાં પણ વધારે ઝળકાટવાળો છે-અને સુભાષિત બોલનારના જાન કરતાં પણ તું વધુ સમજદાર છે.

એવા એક પાદશાહ વગરની દુન્યાજ ના હોતી-અને તેનો ઝમાનો ફળદ્રુપ થજો!

કોઈ પણ શખ્સ તારી ખાહેશ વગરનો એકબી દિવસ જોતું ના-તારી કીર્તિ ખુરશીદ ઉપર લખાયલી હોજો!

આ જેહાન તારાં સર અને તાજ વગર ના હોતી!-અને તારો મુલક તારાં લશ્કર વગરનો ના હોતો!

આ દેશના નામવર પાદશાહ ઉપર-કયસર તરફથી દુઆ હોજો અને અમારી તરફથી આફ્રીન હોજો!

જે કોઇ શખ્સ કે આ પાદશાહના છાયા હેઠળ ખુશહાલ-નહીં રહેતો હોય તેને સુખ મળતુંજ ના!

અમો હદયા તેમજ રૂમનું ખેરાજ લઇને-આ પ્રખ્યાત મુલકમાં આવ્યા છિયે.

અમો અમારા ફીલસુફો સાથે આવ્યા છિયે-કે જેથી કોઈ અમારીથી દિલગીર નહીં થાય.

મગર કયસર તરફથી મોકલેલું ખેરાજ અને હદયો કે જે ખેરાજ અને ૧૩૫
હદયા સાથે ભલી દુઆઓ પણ મોકલી છે, તે પાદશાહ કબૂલ રાખે."

પાદશાહ તે કીર્તિવંત શખ્સનાં પયગામથી હસી પડયો-અને તેને માટે પોતાનાં તખ્ત નીચે એક કુરસી મૂકાવી.

પછી સઘળી ભેટો ખઝાનામાં મોકલી આપી-પેલા એલચીને કહ્યું કે "એટલી બધી તકલીફ લેવાની કાંઈ પણ ઝરૂર હતી નહીં."

પછી પાદશાહે ખરરાદે બર્ઝીનને કહ્યું-કે "આ નામુ સઘળા લોકોની હુઝૂરમાં વાંચ."

તે મુન્શી જે એક અચ્છો બોલનારો તેમજ યાદદાશત શક્તિ ધરાવનારો શખ્સ હતો, તેણે તે નામાનાં સરનામા ઉપર નઝર નાખી.

તેણે એ પ્રમાણે વાંચવા માંડયું કે "આં નામુ સરફરાઝ યઝદાન પરસ્ત પાદશાહ પર્વીઝ ઉપર હોજો!

જે ખુશી ભરેલાં ઇરાન શેહરનો પાદશાહ છે-કે જેને યઝદાંએ તાજો તખ્ત અને ડહાપણનો હિસ્સો બક્ષેશ આપ્યો છે.

પાદશાહ હોરમઝનો દેશની સંભાળ રાખનારો બેટો-કે જે તાજને ઝેબ આપનારો અને તખ્તને લાયકનો છે

'શીર' નામનો તેનો મમાત્રો કયસરના વંશનો છે-ખોદા તેનું નામ અને તેની મુરાદ સદા નીભાવે.

કે બા ઓઝેઁ બા ફરૂરે પીરૂઝ બાદ
હમહુ રૂઝગારાનશ નવરૂઝ બાદ
૧૩૬ બઈરાનો તૂરાન્ બરશ દસ્ત રસ
બશાહી મબાદાશ અઝબાઝ કસ
હમીશહ બદેલ્ શાદો રઉશન્ રવાન્
હમીશહ ખેરદ પીરો દઉલત જવાન્
તૈરાન્માયહુ શાહી કયૂમૂરસી
હમાન્ પૂરે હુશન્ગો તહ્મૂરસી
પેદરૂ બરૂ પેદરૂ તા પેસરૂ બરૂ પેસરૂ
મબાદા કે ઈન્ ગઉહરૂ આયદ બસરૂ
બદીન્ પાકું યઝદાન્ કુનન્દ આફરીન્
બુઝોર્ગાને કુહકો બુઝોર્ગાને દીન્
ન ચૂન્ તૂ સવારો ન ચૂન્ તૂ બહારૂ
ન ચૂન્ તૂ બરૂ અયવાને ચીન્ બરૂ નેગારૂ
હમહુ મરૂદુમીઓ હમહુ રાસ્તી
મબીનાદ જાનત દરે કાસ્તી
ઝે ઈરાનો તૂરાનો હેન્દુસેતાન્
હમાન્ તુરૂકૂ તા રૂમો જાદૂસેતાન્
તોરા દાદ યઝદાન્ બપાકી નેઝાદ
કસી ચૂન્ તો અઝ પાકુ માદરૂ નઝાદ
ફરીદૂન્ ચુ ઈરાન્ બઈરજ્ સેપોરૂદ
ઝે રૂમો ઝે ચીન્ નામે મર્દી બેબોરૂદ
૧૩૭ બરૂ આફરીન્ કરૂદ રૂઝે નુખોસ્ત
દેલશરા ઝે તારીઓ કઝુઝી બેશોસ્ત
હમહુ બીનેયાઝીઓ નીકુ અખ્તરી
બુઝોર્ગીઓ મર્દીઓ અફૂસૂનગરી
તો ગૂઈ કે યઝદાન્ શુમારા સેપોરૂદ
વઝાન્ દીગરાન્ નામે મર્દી બેબોરૂદ
હોનરૂ પર્વરો રાદો બખ્શન્દહુ ગન્જ
અઝીન્ તોખ્મહુ હરૂગેઝ નબુદ કસ બરન્જ
નેહાદન્દ બરૂ દુશ્મનાન્ બાઝો સાવ
બદઅન્દીશગાન્ બારૂકશ હમચુ ગાવ
ઝે હન્ગામે કેસ્રાએ નૂશીરવાન્
કે બાદા હમીશહ રવાનશ જવાન્
કે ચૂન્ ઊ યકી શાહુ અન્દરૂ જેહાન્
નબૂદો નબાશદ ઝે તોખ્મે મેહાન્
કે અઝ ઝર્ફ દર્યા બરૂઆવરૂદ પય
બરીનગૂનહુ દીવારૂ બીદારૂ કય
ઝે તુર્કાન્ હમહુ બીશએ નારવન્
પરસ્તન્દહુ બી રન્જ ગશ્ત અન્જુમન્
ઝે દુશ્મન્ બેરસ્તન્દ ચન્દાન્ જેહાન્
બરૂ આફરીન્ અઝ કેહાનો મેહાન્
૧૩૮ ઝે તાઝીઓ હેન્દીઓ ઈરાનેયાન્
બેબસ્તન્દ પીશશ કમરૂ બરૂ મેયાન્
ઝે દર્યાએ ચીન્ તા બશહ્રે ખઝરૂ
ઝે અર્મીનેયહુ તા દરે બાખ્તરૂ
ઝે હયતાલો તુર્કો સમરકન્દો ચાજ
બુઝોર્ગાને બા ફરૂરો અવરન્દો તાજ
હમહુ કેહ્તરાને શુમા બૂદહુ અન્દ
બરાન્ બન્દગી બરૂ ગવા બૂદહુ અન્દ

કે તે બુલંદી, ખોરેહ અને ફતેહ સાથનો હોજો!-તેના સઘળા દહાડા નવરૂઝની મિસાલ ખુશહાલી ભરેલા પસાર થજો!

ઇરાન અને તૂરાન ઉપર તેનોજ કાબૂ રહેજો-તેની પાદશાહીમાં કોઇ બીજો ભાગ્યો હોતો ના!

તે હમેશ ખુશહાલ દિલનો અને રોશન જીવનો રહેજો-તેની અકલ હમેશે બુઢ્ઢી રહેજો અને તેની દઉલત ખીલતી રહેજો!

તું કયોમર્સનાં ખાન્દાનનો એક ઊચી બુન્યાદનો પાદશાહ છે-તેમજ હુશંગ અને તેહમૂરસનો નબીરો છે.

એજ પ્રમાણે બાપ ઉપર બાપ અને બેટા ઉપર બેટા સૂધી ચાલતુંજ રહેજો!-આ અઉલાદ ખતમ થાય એવું કદીબી ના બનતું!

દીન અને દેશના વડાઓ એ માટે પાક યઝદાન આગળ શુકાના કરે છે.

તારા જેવો એક પણ સવાર નથી કે તારા જેવો ખુશનુમા બહાર પણ નથી-તારા જેવો સુંદર તો ચીનનાં અયવાન ઉપર ચીતાર પણ નથી.

તુ સઘળો સભ્યતા અને સચ્ચાઈજ છે તારો જીવ જૂઠાઇનો દરવાજો કદીબી જોતો ના!

ઇરાન, તૂરાન, હિંદુસ્તાન તેમજ તુર્કેસ્તાનથી તે રૂમ અને જાદૂસ્તાનના મુલક સૂધીનું,

સઘળું ખોદાતાલાએ તારી પવિત્ર બુન્યાદને લીધે આપ્યું છે-તારા જેવો કોઇ પણ શખ્સ પવિત્ર માદરે જણ્યો નથી.

ફરીદૂને જ્યારે એરચને ઈરાન દેશ સોંપ્યો-ત્યારે મર્દાનગીનું નામ રૂમ અને ચીન (તુર્કેસ્તાન)માંથી છીનવી લીધું.

પ્રથમ તેણે (ફરીદૂને) દુઆ કીધી-અને તેનાં (એરચનાં) દિલમાંથી કપટ અને જૂઠાણું ધોઇ નાખ્યું.

સઘળી સ્વતંત્રતા અને સારૂં નસીબ-સઘળી મોટાઇ, બહાદુરી અને રાજ્ય ચલાવવાની કુનેહ,

ગોયા ખોદાતાલાએ તમો લોકોનેજ સપુરદ કરી છે-અને બીજાઓ-માંથી મર્દાનગીનું નામ નિશાન ખુંચવી લીધું છે.

તું હુનરની પર્વરેશી કરનારો, સખી અને ખઝાનો બક્ષેશ કરનારો છે-આ તારાં ખાન્દાનથી કદીબી કોઇએ દુઃખ જોયું નથી.

તેઓએ પોતાના દુશ્મનો ઉપર મેહસૂલ અને કરો નાખ્યા-અને તે બદ વિચારના શખ્સો એક બળદની માફક બોજો ખેંચતા બન્યા.

કેસરા નોશીરવાનના વખતથી-કે જેનું રવાન હમેશે ખુશહાલ રહેજો!

જેના જેવો દુન્યામાં એક પણ પાદશાહ-પાદશાહી તોખ્મમાંથી પયદા થયો હતો નહીં અને થશે પણ નહીં.

કે જેણે ઊંડા દર્યામાંથી પોતાનો પગ સલામત બાહેર કાઢયો હતો-તે દેશની દીવાર સમાન મઝબૂત પાદશાહ થઇ ગયો છે.

બીશએ નારવનના તમામ તુર્કો વગર મેહનત આપત્તે તેને તાબે થઇ ગયા હતા.

તેનાથી કેટલાક મુલકોએ દુશ્મનોથી છૂટકારો મેળવ્યો હતો-મોટા અને નાનાઓથી તેના ઉપર દુઆ હોજો!

અરબો, હિંદીઓ અને ઈરાનીઓમાંથી-ઘણાકો તેની ખેદમતમાં લડાઈ માટે કંમર બાંધી ઉભા હતા.

ચીનના દર્યાથી ખઝર શેહર સૂધીના-તેમજ આર્મીન્યાથી તે બાખ્તરના દરવાઝા સૂધીના,

હયતાલ, તુર્ક, સમરકંદ અને ચાચ શેહરના તાજો તખ્ત અને દબ-દબાવાળા મોટાઓ,

સઘળા તમારા તાબેદાર રહ્યા છે-અને એવી તાબેદારી ઉપર તેઓ ગવાહ રહેલા છે,

કે શાહાન્ ઝે તોખ્મે ફરીદુન્ બુદન્દ
હેગરૂ ચકુસરૂ અઝ દાદ બીરૂન્ બુદન્દ
બદીન્ ખીશી અકુનૂન્ કે મન્ કર્દહ અમ
બુઝોર્ગી બદાનેશ બરૂ આવર્દહ અમ
બદાન્ ગૂનહ શાદમ કે તશ્નહ બઆબ્
દેગરૂ સબ્ઝહ અઝ તાબેશ આફતાબ્

જહાન્દારે બીદારૂ ફરૂરોખ કુનાદ
મરા અન્દરીન્ રૂઝ પાસોખ કુનાદ
યકી આરૂઝૂ ખાહમ અઝ શહુરૂયારૂ
કે આન્ આરૂઝૂ નઝદે ઊ હસ્ત ખારૂ
કે દારે મસીહા બગન્જે શુમાસ્ત
ચુ બીનીદ દાનીદ ગોફ્તારે રાસ્ત

બરૂ આમદ બરીન્ સાલેયાને દરાઝ
સઝદ ગરૂ ફેરેસ્તદ બમા શાહ બાઝ
બદીન્ આરૂઝૂ શહરૂયારે જેહાન્
બેબખ્શાયદ અઝ મા કેહાનો મેહાન્
ઝે ગીતી બરૂ બરૂ કુનન્દ આફરીન્
કે બી ઊ મબાદા ઝમાનો ઝમીન્
બદાન્ મન્ ઝે ખુસ્રવ પઝીરમ્ સેપાસ
નેયાયેશ કુનમ રૂઝો શબ્ દરૂ સે પાસ
હમહ હદયહો બાઝો સાવી કે મન્
ફેરેસ્તમ બનઝદીકે આન્ અન્જુમન્
પઝીરદ પઝીરમ્ સેપાસી બદાન્
મબીનાદ રૂએ તો ચશ્મે બદાન્
શવદ ફરૂરોખ ઈન્ જશ્નો આઇને મા
દુરોખ્શાન્ શવદ દરૂ જહાન્ દીને મા
હમીન્ રૂઝએ પાકે ચકુશમ્બદી
ઝે હરૂ દરૂ પરસ્તીદને ઈઝદી
બરાન્ સુગ્વારાન્ બમાલન્દ રૂય
બરૂ બરૂ ફેરાવાન્ બેસૂઝન્દ બૂય
શવદ આન્ ઝમાન્ બરૂ દેલે મા દુરોસ્ત
કે અઝ કીનહ દેલ્હા બેખાહીદ શોસ્ત
કે બૂદ અઝ ગહે આફરીદૂન્ ફરાઝ
કે બા સઙ્મો તૂરૂ અન્દરૂ આમદ બરાઝ
શવદ કેશ્વરૂ આસૂદહ અઝ તાખ્તન્
ઝે હરૂ ગૂનએ કીનહા સાખ્તન્
ઝનો કૂદકે રૂમેયાન્ બોર્દહ અન્દ
દેલે મા ઝે હરૂગૂનહ આઝોર્દહ અન્દ
બદીન્ ખેશીએ મા જહાન્ રામ ગશ્ત
હમહ કામે બીહૂદહ પેદરામ ગશ્ત
દોરૂદે જહાન્ આફરીન્ બરૂ તો બાદ
હમાન્ આફરીને ઝમીન્ બરૂ તો બાદ
ચુ આન્ નામએ કયસરૂ આમદ બબુન્
જહાન્દારૂ બેશ્નીદ ચન્દાન્ સખુન્
અઝાન્ નામહ શુદ શાદો ખુરૂરમ નેહાન્
બરૂ તાઝહ શુદ રૂઝગારે મેહાન્
બસી આફરીન્ કરૂદ બરૂ ખાનગી
બદૂ ગોફ્ત બસ કુન્ ઝે બીગાનગી

કે ફરીદૂનની અઓલાદનાજ પાદશાહો કાયમ રહેલા છે-બાકી બીજા સઘળા પાદશાહો વાજબી રીતે દુરજ થયા છે.

જે સગપણ કે મેં હમણા કીધું છે-અને તેમ કરીને મેં ડહાપણ સાથ મોટાઇનો વધારોજ કીધો છે,

તેથી હું એવી રીતનો ખુશહાલ બન્યો છું કે જેમ એક તરસ્યો માણસ પાણીથી ખુશહાલ થાય-અથવા સૂર્યની રોશનીથી એક ઝાડનો છોડ ખીલે તેમ હું ખીલ્યો છું.

દુન્યાની સંભાળ લેનાર ખોદાતાલા આ ઝમાનો મુબારક કરજો-અને મારી અર્ઝ કબૂલ કરજો!

પાદશાહ પાસેથી હું એક ખાહેશ રાખું છું-કે જે ખાહેશ તેની આગળ નજીવી જેવી છે.

કે ઇસુ ક્રાઈસ્ટની શૂળી (કે જે ઉપર તેને ફાંસી દીધો હતો તે ક્રોસ) હાલ તગો લોકોના ખજાનામાં છે-તે જ્યારે તમો જોશો ત્યારે સાચી વાત છે, એમ જાણશો.

એ ઉપર ઘણાંક વર્ષો વીતી ગયા છે-માટે જો તે ક્રોસ પાદશાહ અમારી ઉપર પાછો મોકલશે તો ઉપકાર થશે.

આ અમારી ખાહેશ પુરી પાડયાથી દેશનો પાદશાહ-અમો નાના અને મોટાઓ ઉપર બખ્શેશજ કરશે.

અને આ દેશના લોકો તે પાદશાહ ઉપર દોઆજ કરશે-કે 'તેના વગર ઝમાનો અને ઝમીન કાયમ રહેતાં ના!'

એથી હું પોતે પણ ખુસરૂનો ઉપકારી થઇશ-દહાડા અને રાતના ત્રણે પોહોર હું દુઆ કરીશ.

તમામ હદયો, ખેરાજ અને મેહસૂલ કે જે મેં ઈરાની. અંજુમનની નઝદીક મોકલ્યું છે,

તે જો કબૂલ કરશે તો તે માટે હું તારૂં એહસાન માનીશ-બુરાઓની નજર તારો ચેહરો જોતીજ ના!

એ ક્રોસથી અમારી ખુશીની મજલેસો અને રીત રેવાજો મુબારક બનશે-અને દુન્યામાં અમારી દીન ઝળકાટ પામશે.

વળી રવિવારનો પાક દિવસ-જે દરેક ઠેકાણે ખોદાની બંદગી કરવાનો દિવસ છે,

તે દહાડે ગમખાનારા લોકો તે ક્રોસ ઉપર ચુમ્બન કરશે-અને તે ઉપર ઘણીક ખુશબોઇ બાળશે,

તે વખતે અમારાં દિલ સમાધાન થશે-કે તમો લોકોએ તમારાં દિલ કીનાથી પાક કર્યાં છે.

કે જે કીનો છેક ફરીદૂનના વખતથી ઉઠયો હતો-અને જે સલ્મ અને તૂર સાથ બરપા થયો હતો.

અને ત્યારેજ લડાઈથી અને જાત જાતના કીનાઓથી દેશો શાન્ત થશે.

એવા કીનાઓમાં તેઓ રૂમીઓનાં બાયડી છોકરાં પણ લઇ ગયલા છે-જેથી અમારાં દિલ દરેક રીતથી દુ:ખીજ થયલાં છે.

આપણનાં આ સગપણથી હવે દુન્યા નચિંત થઈ છે-અને સઘળી ભૂંડી ઇચ્છાઓ ભલી બની છે.

દુન્યાના પયદા કરનાર સાહેબની તારી ઉપર દુઆ હોજો-તેમજ તારા મુલકની દુઆ પણ તારી ઉપર ઉતરજો!"

જ્યારે તે કયસરનાં નામાનો છેડો આવ્યો-અને પાદશાહે તે સઘળા સખુનો સાંભળ્યા,

ત્યારે તે નામાથી તેનું દિલ ખુશહાલ થયું-તેને આગળો મોટાઇનો વખત પાછો યાદ આવ્યો.

તેણે ખાનગી ઉપર ઘણીક દુઆ કીધી-અને તેણે કહ્યું કે "હવે તારે કશી પાંતીની જુદાઇ ગણવી નહીં."

ગેશાન્માયહુરા જાયગહુ સાખ્તન્દ
હો અયવાને ખુરૂરમ બેપર્દાખ્તન્દ
બેઆર્દન્દ ચીઝી કે બાયેસ્ત બોરૂદ
બનઝદીકે આન્ મર્દે બીદારૂ ગોરૂદ
૧૪૧ બેયામદ બેદીદ આન્ ગુઝીન્ જાયગાહુ
વઝાન્ પસ હમી બૂદ નઝદીકે શાહુ
બખાનો નબીદો શેકારો નેશસ્ત
હમી બૂદ બા શાહે યઝદાન્ પરસ્ત
બદીન્ ગૂનહુ યકૂમાહુ નઝદીકે શાહુ
બેબૂદન્દ શાદાન્ દેલો નીકૂખાહુ

પછી તે સરદારને માટે એક ઉતારાની જગ્યા તૈયાર કીધી-અને એ ખુશનુમા અયવાનો ખાલી કરવામાં આવ્યા.

તે બાહદુરી ભર્યા ચાલાક શખ્સની નઝદીક જે ચીઝો લઈ જવા ઘટતી હતી તે સઘળી લઇ જવામાં આવી.

તે એલચી આવ્યો અને પોતાની તૈયાર કીધેલી જગ્યા જોઈ ત્યાર પછી તે પાદશાહની નઝદીકજ રહેવા લાગ્યો.

તે ખાણાં ઉપર, શરાબની મજલેસમાં, શિકાર કરવામાં અને બેસવા ઉઠવામાં-યઝદાન પરસ્ત પાદશાહની સાથેનો સાથેજ રહેવા લાગ્યો.

એ પ્રમાણે તેઓ એક મહિનો પાદશાહની નઝદીક-ખુશહાલ દિલે અને નેકખાહ બનીને રહ્યા.

પાસોખે નામએ કયસર્ અઝ્ ખુસ્રવ્ પર્વીઝ્ બા હદ્યાહ્.

—:o:—

શુ યકૂ માહુ શુદ નામહુ પાસોખ નેવેશ્ત
સુખુનહાએ બા મગ્ઝો ફરૂરોખ નેવેશ્ત
સરે નામહુ ગોફ્ત આફરીને મેહાન્
બરાન્ બાદ કૂ પાકૂ દારદ નેહાન્
બદો નીકૂ બીનદ ઝે યઝદાને પાકૂ
વઝૂ દારદ અન્દરૂ જહાન્ તર્સો બાકૂ
કુનદ આફરીન્ બરૂ ખોદાવન્દે મેહુરૂ
કઝીન્ ગૂનહુ બરૂ પાય દારદ સેપેહુરૂ
નુખોસ્ત આન્ કે કર્દી સેતાયેશ મરા
બનામહુ નમૂદી નુમાયેશ મરા
બેદાનેસ્તમો શાદ ગશ્તમ બદાન્
સખુન ગોફ્તને નામવરૂ બેખ્રદાન્
પઝીરોફ્તમ આન્ નામહો ગન્જે તૂ
નખાહમ કે ચન્દીન્ બુવદ રન્જે તૂ
૧૪૨ અઝીરા જહાન્દારૂ યઝદાને પાકૂ
બરૂ આવર્દહુ બૂમે તોરા બરૂ સમાકૂ
ઝે હેન્દો ઝે સકલાબો ચીનો ખઝરૂ
ચુનીન્ અરૂજમન્દ આમદ આન્ બૂમો બરૂ
ચે મર્દી ચે દાનેશ ચે પરૂહીઝો દીન્
ઝે યઝદાન્ શુમારા રસદ આફરીન્
શુ કારૂ આમદમ પીશ યારમ બુદી
બહરૂ દાનેશી ઘમગોસારમ બુદી
ચુનાન્ શાદમ અકૂનૂન બપયવન્દે તૂ
બદીન્ પુરૂ હોનરૂ પાકૂ ફર્ઝન્દે તૂ
કે મેહુતરૂ નબાશદ બફર્ઝન્દે ખીશ
બબૂમો બરો પાકૂ પયવન્દે ખીશ
હમહુ મેહુતરાન્ પોશ્ત બરૂ કાશ્તન્દ
મરા દરૂ જહાન્ ખારૂ બુગ્ઝાશ્તન્દ
તો તનહા બજાએ પેદરૂ બૂદઇમ
હમાન્ અઝ પેદરૂ બીશ્તરૂ બૂદઇમ
તોરા હમચુનાન દાનમ અકૂનૂન કે શાહુ
પેદરૂ બૂદ આઝાદહો નીકૂખાહુ

ખુસરૂ તરફથી કયસરનાં નામાનો હદયા સાથનો જવાબ.

—:o:—

જ્યારે એક મહિનો પુરો થયો, ત્યારે તે નામાનો જવાબ-બાહોશી ભરેલા અને મુબારક શબ્દોમાં લખ્યો.

નામાને મથાળે લખ્યું કે "મોટાઓની દુઆ તે શખ્સ ઉપર હોજો કે જે પોતાનું દિલ પાક રાખતો હોય,

જે ભલું અને ભૂંડું પાક યઝદાન તરફથીજ સમજતો હોય-અને તે સાહેબથીજ દુન્યામાં તે ધાસ્તી અને બીક રાખતો હોય,

જે આફતાબના સાહેબ ઉપર દુઆ કરતો હોય-કે જે સાહેબ એવી રીતે આસ્માનને કાયમ રાખે છે.

પહેલાં જે તેં મારી તારીફ કીધી-અને નામામાં તે લખી દેખાડી મારી ખાતેરી કીધી,

તે મેં જાણી અને તે નામવર અકલમંદોના સખુન બોલવા માટે હું ખુશી થયો છું.

તારૂં તે નામુ અને ખઝાનો મેં કબૂલ રાખ્યો છે-તારે એટલી બધી તકલીફ લેવી જોઇતી નહીં હતી.

દુન્યાની સંભાળ કરનાર પાક યઝદાને એટલા માટેજ તારા મુલકને મોટાઇ આપી છે,

કે હિંદુસ્તાન, સકલાબ, ચીન અને ખઝરના મુલક કરતાં-એજ સર ઝમીન વધુ કીમતી ગણાઇ છે.

શું બહાદુરી કે દાનાઇ માટે, શું પહેજગારી કે શું દીનધર્મ માટેજ-ખોદાતાલા તરફથી તમોને ભલી દોઆઓ પહોંચે છે.

જ્યારે મારી આગળ મુશ્કેલી આવી પડી ત્યારે તુંજ મારો મદદગાર થયો હતો-અને દરેક જાતનાં ડહાપણથી તું મારો ગમ વીસરાવનારો બન્યો હતો.

હાલ હું તારાં સગપણથી અને આ કીર્ત્તિ ભરેલાં તારાં પાક ફર્ઝંદથી એટલો તો ખુશી થયો છું,

કે કોઈ પણ પાદશાહ પોતાનાં ફર્ઝંદથી, પોતાના મુલકથી અને પોતાની પાક અઉરતથી ખુશી થયો હશે નહીં.

જે વખતે મારા સઘળા સરદારોએ મારીથી પીઠ ફેરવી હતી-અને આ દુન્યામાં મને ખુવાર છોડી ગયા હતા.

તે વખતે તેંજ એકલાએ મારા બાપની જગ્યા રાખી હતી-બલકે મારા બાપ કરતાં પણ તું વધુ નીવડયો હતો.

હાલ હું તને એવીજ રીતનો સમજું છું કે જેવો મારો નેકખાહ અને ઊંચી બુન્યાદનો પાદશાહ બાપ હતો.

દેગરૂ હરૂચે ગોફૂતી ઝે પાકીઝહ્ દીન
ઝે યકૂ શમ્બહી ફૂઝહો આફરીન
હમહ્ ખાન્દ્ બરૂ મા યકાયકૂ દબીરૂ
સુખુનહાએ શાયેસ્તહો દેલ્ પઝીરૂ
બમા બરૂ ઝે દીને કોહન્ નન્ગ્ નીસ્ત
બગીતી બેહ્ અઝ દીને હુશન્ગ્ નીસ્ત
હમહ્ દાદો નીકીઓ શર્મસ્તો મેહ્રૂ
નેગહ્ કર્દન્ અન્દરૂ શુમારે સેપેહ્રૂ
બહસ્તીએ યઝદાન્ નેયૂશાતરમ્
હમીશહ્ સુએ દાદ્ કૂશાતરમ્
નદાનીમશ અમ્બાઝો ફર્ઝન્દો જોફૂત
નગર્દદ્ નેહાનો નખાહદ્ નેહોફૂત
દરૂ અન્દીશએ દેલ્ નગુન્જદ્ ખોદાય
બહસ્તી હમ્ ઊ બાશદમ્ રહ્નુમાય
દેગરૂ કત ઝે દારે મસીહા સોખન્
બયાદ્ આમદ્ અઝ રૂઝગારે કોહન્
હરાન્ દીન્ કે બાશદ્ બખૂબી બપાય
બરાન્ દીન્ બેબાશદ્ ખેરદ્ રહ્નુમાય
કસીરા કે ખાની હમી સુગ્વારૂ
કે કર્દન્દ્ પયધમ્બરશરા બદારૂ
કે ગૂયદ્ કે ફર્ઝન્દે યઝદાન્ બુદ્ ઊય
બદાન્ દારૂ બરૂ ગશતહ્ ખન્દાન્ બુદ્ ઊય
ચુ ફર્ઝન્દ્ બુદ્ રફૂત સૂએ પેદરૂ
તો અન્દૂહે આન્ ચૂએ પૂદહ્ મખરૂ
ઝે કયસરૂ ચુ બીહુદહ્ આયદ્ સોખન્
બેખન્દદ્ બરાન્ નામહ્ મર્દે કોહન્
હમાન્ દારે ઈસા નેયર્ઝદ્ બરન્જ
કે શાહ્ અરૂદશીરૂ આન્ નેહાદહ્ બગન્જ
અઝ ઈરાન્ ચુ ચૂબી ફેરૈસ્તમ્ બરૂમ
બેખન્દદ્ બરે મા હમહ્ મર્ઝો બૂમ
બમૂએદ્ ગુમાન્ બુદ્ કે તર્સા શુદમ
ગરૂ અઝ બહ્રે મર્યમ સોફૂઆ શુદમ
દેગરૂ આરઝૂ હરૂચે બાયદ્ બેખાહ્
શુમારા સુએ મા કુશાદહ્સ્ત રાહ્
પસન્દીદમ્ આન્ હદયહાએ તો નીઝ
કુજા રન્જ બોર્દી ઝે હરૂગૂનહ્ ચીઝ
બશીરૂય બખ્શીદમ આન્ બોર્દહ્ રન્જ
પય અફૂગન્દમ્ ઊરા યકી તાઝહ્ ગન્જ
ઝે રૂમો ઝે ઈરાન્ પુરૂ અન્દીશહ્ અમ
શએ તીરહ્ ઝન્દીશહ્ ચૂન બીશહ્ અમ
બેતર્સમ કે શીરૂય ગર્દદ્ બલન્દ્
રસાનદ્ બરૂમો બઈરાન્ ગઝન્દ્
નુખોસ્ત અન્દરૂ આયમ ઝે સલ્મે બુઝોરૂગ્
ઝે એસ્કન્દરૂ આન્ કીનહ્તરૂ પીરૂ ગોરૂગ્
ઝે કીને નવ આઇનો કીને કોહન્
મગરૂ દરૂ જહાન્ તાઝહ્ ગર્દદ્ સોખન્
સુખુનહા કે બેશનીદમ અઝ દોખ્તરૂ
ચુનાન્ દાન્ કે ઊ તાઝહ્ કરૂદ્ અફૂસરત
બદીને મસીહા બેફૂશદ્ હમી
સખુનહાએ મા કમ્ નેયૂશદ્ હમી

બીજું જે કાંઇ તેં પોતાની પવિત્ર દીન માટે, રવિવારના દિવસ માટે અને તે દહાડેની પ્રાર્થના માટે લખ્યું,

૧૪૩ તે સઘળા લાયક અને દિલપઝીર સખુનો મુનશીએ અમારી નઝદીક વાંચ્યા છે.

અમો લોકોને અમારી પુરાણી દીનથી કાંઇ પણ શર્મ લાગતી નથી-દુન્યામાં હુશંગની દીન કરતાં બીજી કોઇ દીન ભલી નથી.

જેમાં તમામ ઇન્સાફ, નેકી, વિવેક, અને દયાજ છે-જેમાં આસ્માનની ગણત્રીની અંદર નેગાહ પહોંચાડવા જણાવ્યું છે.

જેમાં યઝદાનનીજ હસ્તી માટે હું વધુ ને વધુ સાંભળું છું-અને હમેશે ઈન્સાફ તરફજ વધુને વધુ કોશેશ કરતો રહું છું.

તે સાહેબનો કોઈ જોડિયો કે કોઈ બેટો કે બાયડી હોય એમ અમો માનતાજ નથી તે સાહેબ છૂપો થતો નથી અને છૂપો થશે પણ નહીં.

ખોદા વિષેનો વિચાર પુરેપુરો આપણાં મનમાં આવી શકે નહીં-છતાં મારી ઝિંદગી દરમેયાન તેજ સાહેબ મને સારો માર્ગ દેખાડનારો છે.

બીજું એ કે તને ક્રાઇસ્ટની શૂળીની વાત-ઘણે લાગ્બે વખતે યાદ આવી છે.

જે દીન કે ખૂબી સાથે કાયમ થયલી હોય છે-તેજ દીન ઉપર આપણી અકલ રેહનુમા બને છે.

તું તેવા કોઇ શખ્સને વીલાપ કરનારો કહે છે-કે જેના પયગમ્બરને ફાંસીએ ચઢાવ્યો હતો.

કે જેને માટે કહે છે કે તે ખોદાનો છોકરો હતો-અને તે ફાંસી ઉપર ચઢીને હસતો હતો.

૧૪૪ જ્યારે તે ખોદાનો બેટોજ હતો અને તે પોતાના બાપની પાસે ગયો છે-ત્યારે હવે તું તે કોહી ગયલાં લાકડાંનો (શૂળીનો) ગમ ના ખા.

જ્યારે કયસર તરફથી એવી બેહુદી વાતો લખાઈ આવે-ત્યારે તે લખાણ ઉપર બુઢ્ઢા શખ્સો ઝરરજ હસે છે.

વળી તે ઇસુ ક્રાઇસ્ટની શૂળી કે જે શાહ અર્દશીરે પોતાના ખઝાનામાં મૂકી છે, તે કાંઇ ગમ કરવા જેટલી કીમત ધરાવતી નથી.

તેવું એક લાકડું જો હું ઈરાનથી રૂમ ખાતે મોકલું-તો અમારી અકલ ઉપર અમારો સઘળો મુલક હસવા પડે.

મારા વડા વઝીરને શકજ હતો કે હું ક્રિશ્ચિયન થયો હતો-અથવા મર્યમને ખાતેર હું એક પાદરી બની ગયો હતો.

માટે બીજી તારી જેબી કાંઇ ખાહેશ હોય તે માગ-તે માટે અમારી આગળ તારો માર્ગ ખુલ્લોજ છે.

તારો તે હદયો કે જેમાં તેં મેહનત લઇ જાત જાતની ચીઝો મોકલી છે તે મને પસંદ પડયો છે.

તેં મેહનત લઇને ભેગું કીધેલું સઘળું મેં શીરૂયને આપ્યું છે-અને તેને માટે એક નવોજ ખઝાનો તૈયાર કીધો છે.

હું રૂમ અને ઇરાન માટે પુષ્કળ અંદેશા ભરેલો રહું છું-એ અંદેશાએ કરી સીઆહ રાતે પણ જંગલની ઝાડી માફક ગૂચવાયલો રહું છું.

મને બીક લાગે છે કે જ્યારે શીરૂય મોટો થશે-ત્યારે તે રૂમને તેમજ ઈરાનને નુકસાન પહોંચાડશે.

૧૪૫ પ્રથમ સલ્મ (તૂર અને ઇરજ)નો કીનો યાદ આવે છે-બીજો વળી બુઢ્ઢાં વરૂ મિસાલના કીનાખોર સિકંદરનો કીનો યાદ આવે છે.

આ નવા અને જૂના કીનાની-યાદ દેશમાં પાછી તાઝી થશે.

તારી બેટી માટેની જે વાતો કે મેં સાંભળી છે-તેથી તો તું એમજ સમજ કે તેણીએ તારૂંજ તાજ રોશન કર્યું છે.

તેણી તો ખ્રિસ્તી મઝહબ તરફજ ઢળતી રહે છે-અને અમો લોકોની દીનની વાતો ઘણીજ ઓછી સાંભળે છે.

બઆરામ શાદસ્તો પીરુઝ બખ્ત
બદીન્ ખુસ્રવાની નવ્ આઈન્ દેરખ્ત
હમીશહ્ જહાન્દાર્ યારે તો બાદ્
સરે અખ્તર્ અન્દર્ કેનારે તો બાદ્
નેહાદન્દ બર્ નામહ્ બર્ મોહ્રે શાહ્
હમી દાશ્ત ખર્રાદે બર્ઝીન્ નેગાહ્
કુશાદન્દ અઝાન્ પસ્ દરે ગન્જ બાઝ્
કુજા ગેરૂદ કરૂદ ઊ બરૂમે દરાઝ્
નુખોસ્તીન્ સદો શસ્ત બન્દ આરસી
કે પયદાવસી ખાનદશ પારસી
બગઉહર્ બેયાગન્દ હર્ યક્ ચુ સન્ગ્
નેહાદન્દ બર્ હર્ યકી મોહ્રે તન્ગ્
૧૪૬ મશાન્ હર્ યકીરા બહા સદ હઝાર્
દેરમ બૂદ કઝ દફ્તર્ આમદ શુમાર્
ઝે દીબાએ ચીની સદો ચેહ્લ હઝાર્
અઝૂ ચન્દ ઝરૂબફ્ત ગઉહર્ નેગાર્
દેગર્ પન્જ સદ દુર્રે ખૂશાબ્ બૂદ
કે હર્ દાનઈ કત્રએ આબ્ બૂદ
સદો શસ્ત યાકૂત ચુન્ નાર્ દાન્
પસન્દીદએ મરૂદુમે કારૂદાન્
ઝે હેન્દીઓ ચીનીઓ અઝ્ બર્બરી
ઝે મેસ્રીઓ અઝ્ જામએ શુશ્તરી
ઝે ચીઝી કે ખીઝદ ઝે હર્ કેશ્વરી
કે બેપસન્દદ અન્દર્ જહાન્ મેહ્તરી
ફેરેસ્તાદ સીસદ શુતોરૂવાર્ બાર્
અઝ્ ઈરાન્ બરે કયસરે નામદાર્
યકી ખેલ્અત અફ્ગન્દ બર્ ખાનગી
ફેઝૂનતર્ ઝે ખીશીઓ બીગાનગી
હમહ્ જામહો અસ્પો તખ્તો સેતામ્
ઝે પૂશીદનીહા કે બોર્દન્દ નામ્
ચુનાન્ હમ શુતોરૂવાર્હા બાર્ કરૂદ
અઝાન્ દહ્ શુતોર્ બાર્ દીનાર્ કરૂદ
૧૪૭ બેબખ્શીદ બર્ ફયલસૂફાને રૂમ
બેરફ્તન્દ શાદાન્ અઝાન્ મર્ઝો બૂમ
હમહ્ મેહ્તરાન્ ખાન્દન્દ આફરીન્
બરાન્ પુર્ હોનર્ શહર્યારે ઝમીન્

આ નવા ઉગેલા પાદશાહી છોડવા (શીરૂય) સાથ-તેણી આરામમાં ખુશ ખુશહાલ અને ભાગ્યશાળી છે.

જેહાનની સંભાળ કરનાર ખોદાતાલા હમેશે તારો મદદગાર હોજો !- અને ભાગ્યશાળી સેતારાનું સર તારી બગલમાંજ પડેલું રહેજો !"

તે નામા ઉપર પાદશાહી મોહર કરવામાં આવી-અને ખર્રાદે બર્ઝીન તેને સંભાળવા લાગ્યો.

ત્યાર પછી તે ખઝાનાનો દરવાઝો કે જે લામ્બા વખતનો એકથો કીધો હતો, તે ખુલ્લો કર્યો.

"આરસી" નામના સિક્કાઓ જેને પારસીઓ (ઈરાનીઓ) પયદાવસી કહે છે, તે ભરવાની ૧૬૦ કોથળીઓ પહેલે તેણે લીધી.

દરેકને પત્થર જેવાં ભારી ગોહરોથી ભરી-અને તે દરેક કોથળીઓ ઉપર મઝબૂત સીલ કર્યાં.

તે દરેક કોઠળીની કીમત દફતરની ગણત્રીમાં લાખ લાખ દિરમ આવી હતી.

ચીનાઈ રેશમી કપડાંના એક લાખ ચાળીસ હઝાર થાન હતા-જેમાનાં કેટલાંક તો સોનેરી ભરતકામનાં અને ગોહર તાંકેલાં હતાં.

બીજાં પાનસો ઊંચાંમાંનાં મોતી હતાં-કે જેનો દરેક દાનો પાણીનાં ટીપાં જેવો સાફ હતો.

દાડમના દાનાની મિસાલના ઝવેરીઓએ ચુંટી કાઢેલાં એકસોને સાઠ યાકૂત હતાં.

હિંદુસ્તાન, ચીન અને બરબરના તેમજ મિસ્ર અને શુશતર શેહરની બનાવટનાં કપડાં હતાં.

બીજા મુલકોમાં થતી સારી ચીઝો કે જે દુન્યામાં સરદારોને લાયકનીજ હતી,

તે સઘળું ત્રણસો ઊંટ ઉપર લાધીને ઈરાનથી નામદાર કયસરની નઝદીક મોકલ્યું.

એક સરપાવ કે જે પોતાનાં સગાંઓને તેમજ પારકાંઓને આપે તે કરતાં વધારે ચઢિયાતો હતો, તે પેલા ખાનગી એલચીને આપ્યો.

તમામ કપડાં, ઘોડા, તખ્ત અને લગામ-તેમજ પેહેરવાનાં કપડાં કે જેનું વર્ણન ઉપર થઈ ગયું,

તે સઘળું પણ ઊંટો ઉપર લાદ્યું-તેમાંથી દશ ઊંટો ઉપર દીનાર લાદ્યા.

તેમજ તેણે રૂમી ફીલસૂફો ઉપર પણ બક્ષેશ કીધી-પછી તેઓ ઇરાનના મુલકમાંથી ખુશહાલ પાછા ફર્યા.

તે સઘળા રૂમી સરદારોએ તે કીર્ત્તિવંતા દેશના પાદશાહ ઉપર દોઆ કીધી.

દાસ્તાને ખુસ્રવ્ પર્વીઝ્ વ શીરીન્.

કુનૂન દાસ્તાને કોહન્ નવ કુનમ
સુખુનહાએ શીરીનો ખુસ્રવ કુનમ
કોહન્ ગશ્તહ્ ઈન્ નામએ બાસ્તાન્
ઝે ગોફ્તારો કેર્દારે આન્ રાસ્તાન્
યકી નામએ નવ કુનમ ઝીન્ નશાન્
કુજા યાદગારસ્ત અઝાન્ સરૂકશાન્
બુવદ બયત શશ બાર્ બીવર્ હઝાર્
સુખુનહાએ શાયેસ્તએ ઘમગોસાર્

ખુસરૂ પર્વીઝ અને શીરીનનું દાસ્તાન.

હવે હું એક જૂની દાસ્તાનને નવેસરથી લખું છું-શીરીન અને ખુસરૂનું ઉપાખ્યાન લખું છું.

સત્યવાદી નેક લોકોની તવારીખનું આ બાસ્તાન નામુ જૂનું થઇને ભૂલાઇ ગયું છે.

માટે તેને એવી રીતે નવું લખું છું-કે તે રાજવંશીઓની યાદ પાછી તાઝી થાય.

આ મારી તવારીખમાં દિલનું દુઃખ વીસરાવે તેવી લાયક ભાષામાં લખાયલા (આસરે) સાઠ હઝાર બયતો થશે.

નબીનદ કસી નામએ પારૂસી
નેવેસ્તહુ બઅબ્યાતે સહ બારૂ સી
અગર્ બાઝ્ જૂયન્દ અઝ્ બયતે બદ્
હમાના કે બાશદ્ કમ્ અઝ્ પન્જ્ સદ્
ચુનીન્ શહર્યારીઓ બખ્શન્દઈ
બગીતી ઝે શાહાન્ દુરખ્શન્દઈ
નકર્દ અન્દરીન્ દાસ્તાનહા નેગાહ્
ઝે બદગુયો બખ્તે બદ્ આમદ્ ગુનાહ્
હસદ્ બોર્દ બદગૂય દર્ કારે મન્
તબહ્ શુદ્ બરે શાહ્ બાઝારે મન્
ચુ સાલારે શાહ્ ઇન્ સુખુનહાએ નઘ્ઝ
બેખાનદ્ બેબીનદ્ બપાકીઝહ્ મઘ્ઝ
ઝે ગન્જશ્ મન્ ઈદર્ શવમ્ શાદમાન્
કઝ્ દૂર્ બાદા બદે બદગમાન્
વઝાન્ પસ્ કુનદ્ યાદ્ બર્ શહર્યાર્
મગર્ તોખ્મે રન્જે મન્ આયદ્ બબાર્
કે જાવીદ્ બાદ્ અફ્સરો તખ્તે ઊય
ઝે ખુર્શીદ્ તાબન્દહ્ તર્ બખ્તે ઊય
ચુનીન્ ગોફ્ત દાનન્દહ્ દેહકાને પીર્
કે દાનેશ બુવદ્ મર્દરા દસ્તગીર્
ઘમો શાદમાની બેબાયદ્ કશીદ્
ઝે હર્ શૂરો તલ્ખી બેબાયદ્ ચશીદ્
જવાનાને દાનન્દએ બા ગોહર્
નગીરન્દ્ બી આઝ્માયેશ હોનર્
ચુ પર્વીઝ્ બી બાક્ બૂદો જવાન્
પેદર્ ઝેન્દહો પૂર્ ચૂન્ પહલવાન્
વરા દર્ ઝમીન્ દૂસ્ત શીરીન્ બુદી
બર્ બર્ ચુ રઉશન્ જહાનબીન્ બુદી
પસન્દશ ન'બૂદી જોઝ્ ઊ દર્ જેહાન્
ઝે ખૂબાનો અઝ્ દુખ્તરાને મેહાન્
બદાનગહ્ કે શુદ્ બર્ જહાન્ શહર્યાર્
ઝે શીરીન્ જુદા બૂદ્ યક્ રૂઝગાર્
બગેર્દે જહાન્ બર્ બીઆરામ્ બૂદ્
કે કારશ હમહ્ રઝ્મે બહરામ્ બૂદ્
ચુ ખુસ્રવ બેપર્દાખ્ત ચન્દી બમેહર્
શબો રૂઝ્ ગેર્યાન્ બુદી ખૂબચેહર્

કોઇયે ફાર્સી નામુ લખેલું એવું નહીં જોયું હશે-કે જેમાં ત્રણ હજાર બયતો લખાયલાં હોય.

વળી તેમાંથી જો ખામીવાળી બયતો શોધ્યે-તો કમમાં કમ પાનસો બયત મળી આવશે.

આવા એક સખી પાદશાહ (મહમૂદ) જે દુન્યાના પાદશાહોમાં નામચીન થયલો છે તેણે,

આ મારી તવારીખ ઉપર નઝર નથી કીધી-નિન્દાખોરથી અને મારી બદબખ્તીથી મારો વાંક નીકળ્યો.

મારી તવારીખથી તે નિન્દાખોર અદેખો બન્યો-અને તેથી પાદશા- ૧૪૮
શાની હુઝૂરમાં મારાં કામની ખરાબી થઇ ગઈ.

અગરજો પાદશાહનો સરદાર આ ઉમદા તવારીખ-વાંચે અને પોતાના પાકીઝેહ મગઝથી જોય,

તો તેના ખઝાના વડે હું હવે શાદમાન થાઉં-કે ખોદા તેની આગળથી દુશમનોની ખરાબી દૂર રાખજો!*

પછી જો પાદશાહ આગળ તેની વાત કરશે તો મારી મેહનતનાં ફળ મને મળશે.

ખોદા પાદશાહનું તાજ અને તખ્ત જાવેદાન નીભજો!-અને તેનું નસીબ ઝળકતા ખોરશીદ કરતાં પણ વધારે રોશન રહેજો!

બુઢ્ઢા પણ ડાહ્યા દેહકાન દાનેસ્વરે લખેલું છે-કે અનુભવ માણસનો મદદગાર હોય છે.

માણસે સુખ અને દુઃખ વેઠવું જોઇયે-અને દરેક ખારૂં અને કડવું ચાખવું જોઇયે.

બુન્યાદી અકલમંદ જવાનોને-અનુભવ મળે નહીં ત્યાં સુધી હુશયાર થતા નથી.

જ્યારે પર્વીઝ જવાન હતો ત્યારે નફકરો હતો-તેનો બાપ જીવતો હતો તેટલાંજ છોકરો તો પેહલવાન જેવો બની ગયો.

દુન્યામાં તેની દોસ્ત માત્ર એક શીરીનજ હતી-પોતાની આંખો સમાન તેણીને વહાલી ગણતો હતો.

તેણી સિવાય દુન્યાના પાદશાહોની ખૂબસૂરત છોકરીઓમાંની કોઈ ૧૪૯
પણ તેને મળતી હતી નહીં.

જ્યારે તે દેશ ઉપર હકૂમત કરવા લાગ્યો-ત્યારે કેટલોક વખત સૂધી તે શીરીનથી જુદો પડયો હતો.

દેશની ચારે બાજુએ તે બેચેનીમાં ફરતો હતો-કારણકે તે વખતે તેનું કામ બેહરામ સાથ લડવાનું હતું.

ખુસરૂની થોડાક વખતની મોહબ્બતથી-તે ખૂબસૂરત નાર રાત દિવસ રડતી હતી.

---

* આ બયતોમાં ફિર્દોસી જે બાબતની ફર્યાદ કરે છે, તે સાધારણ વિચાર પ્રમાણે શાહનામાનું કામ પુરૂં થયા પછી થવી જોઇયે. કારણકે શાહ મહમૂદ સાથ એને જે કઝિયો થયો, તે શાહનામુ પુરૂં થયા પછી થયો પછી પૈસા સંબંધી થયો હતો, પણ જાણવું જોઇયે કે શાહનામાનું કામ પુરૂં કરવા આગમચ બદગૂઇ કરનારા શખ્સોની કુસલવણીથી શાહ મહમૂદ પોતાના આ એક વખતના માનિતા શાએર તરફ થડોજ બન્યો જતો હતો અને છેલ્લે છેલ્લે જે દાસ્તાનો તૈયાર થતાં અને ફિર્દોસી તે દરબારમાં વાંચતો હતો, ત્યારે મહમૂદ તે ઉપર ઝાઝું ધ્યાન આપતો નહીં હતો. વળી શાહનામાના પૈસા ચૂકવવાનું કામ તો શાહનામુ પુરૂં કર્યા પછીનું હતું, પણ તે દરમેયાન ફિર્દોસીનાં ગુજરાન અર્થે દરબારમાંથી જે રકમ મળતી હતી તેમાં કોઈ કોઇવાર ઢીલ થતી એટલે કુદરતીજ ફિર્દોસીને ફર્યાદ કરવાનું મળતું હતું. ફિર્દોસીના દુશ્મનો તો શાહનામુ પુરૂં થાય તે આગમચના ઝાહેર આવ્યા હતા. એટલે આવા સંજોગો જોતાં ફિર્દોસી અત્રે ફર્યાદ કરે છે, તે વાજબીજ છે.

રફતને ખુસવ્ બશેકાર્ વ દીદને ઊ શીરીન્‌રા વ ફેરેસ્તાદનશ્. બમુશ્કૂએ ખુદ્.

——:૦:——

ચુનાન્ બુદ કે યકૂ રૂઝ પર્વીઝ શાહ
હમી આરૂઝુ કરદ નખ્ચીરૂગાહ
બેયારાસ્ત બરૂ સાને શાહનશહાન્
કે બુદન્દ અઝુ પીશતરૂ દરૂ જહાન્
સુ બાલાએ સીસદ બઝરૂરીન્ સેતામ્
બેઓર્દન્દ બા ખુસવે નીકુનામ્
હઝારો સદો શસ્ત ખુસવ પરસ્ત
પેયાદહ હમી રફત ઝૂબીન્ બદસ્ત
હઝારો ચેહલ મરૂદ શમ્શીરૂ દાશ્ત
કે દીબા ઝે બાલા ઝેરેહ ઝીરૂ દાશ્ત
પસ અન્દરૂ દવાન્ હફતસદ બાઝ દારૂ
ચે બા બાશહો ચર્ખો શાહીને કારૂ
૧૫૦ વઝાન્ પસ બેરફતન્દ સીસદ સવારૂ
પસે બાઝદારાન્ હમહ યૂઝદારૂ
બઝન્જીરૂ હફતાદ શીરો પલન્ગ્
બદીબાએ ચીન્ અન્દરૂન્ બરેતહ તન્ગ્
પલન્ગાનો શીરાને આમૂખ્તહ
બઝન્જીરે ઝરૂરીન્ દહાન્ દૂખ્તહ
કેલાદહ બઝરૂ હશ્ત સદ બુદ સગ્
કે દરૂ દશ્ત આહુ ગેરેફતી બતગ્
પસ અન્દરૂ ઝે રામેશગરાન્ દુ હઝારૂ
હમહ સાખ્તહ રૂદ રૂઝે શેકારૂ
બઝીરૂ અન્દરૂન્ હરૂ યકી ઉશતરી
બસરૂ બરૂ નેહાદહ ઝે ઝરૂ અફસરી
ઝે કુર્સીઓ ખરૂગાહો પર્દહ સરાય
હમાન્ ખયમહો આખુરે ચારૂપાય
શુતુરૂ બુદ પીશ અન્દરૂન્ પન્જ સદ
હમહ કર્દહ શાન્ રસ્મરા નામઝદ
દો સદ બન્દહ તા મજમરૂ અફ્રૂખ્તન્દ
બરૂ ઊદો અમ્બરૂ હમી સૂખ્તન્દ
દો સદ મર્દ બર્ના ઝે ફર્માન્ બરાન્
બબા દસ્તએ નર્ગસો ઝઅફરાન્
૧૫૧ હમી પીશ બુદન્દ તા બાદે બૂય
સુ આયદ ઝે હરૂસૂ રસાનદ બદૂય
હમ અઝ પીશે આન્ કસ કે બા બૂએ ખશ
હમી રફત બા મશ્ક સદ આબકશ
હમહ રહ હમી આબ્રા બરૂ ઝદન્દ
તો ગોફતી ગોલાબી બઅમ્બરૂ ઝદન્દ
કે તા નાગહાન્ નાવરદ ગરૂદ બાદ
ફેશાનદ બરાન્ શાહે ફરૂરોખ નેઝાદ
સુ શાહાને બર્નાય સીસદ સવારૂ
હમી રાન્દ બા નામવરૂ શહરૂયારૂ

ખુસરૂનું શેકારે જવું અને તેનું શીરીનને જોવું અને તેણીને પોતાનાં ઝનાનખાનામાં મોકલવી.

——:૦:——

એવું બન્યું કે એક દહાડે પાદશાહ પર્વીઝ-શેકાર જવાની ખાહેશ કરવા લાગ્યો.

તેની આગળના પાદશાહો જેમ કરતા હતા તેમ તેણે શેકારની તેયારી કીધી.

સોનેરી લગામવાળા ત્રણસો ઘોડા-નેકનામ ખુસરૂ સાથ લઈ જવામાં આવ્યા.

એક હઝાર એકસોને સાઠ વફાદાર નોકરો-હાથમાં નેઝા લઇને પેયાદા ચાલવા લાગ્યા.

એક હઝારને ચાળીસ શખ્સો તલવાર ધરાવતા હતા-જેઓએ ઉપરથી રેશમી કપડાં અને નીચે બખ્તર પેહેરેલાં હતા.

તેઓની પાછળ બાઝ, બાશા, શકરા અને શિકાર કરનારાં શાહીન પક્ષીઓ ધરાવતા સાતસો શિકારી દોડતા હતા.

તે શિકારી પક્ષી ધરાવનારા શિકારીઓ પાછળ ત્રણસો સવારો સઘળા શિકારી ચિત્તા ધરાવનારા ચાલતા હતા.

તેઓની પાછળ ચીનાઈ રેશમી કપડાંની વણેલી દોરીમાં મઝબૂત બાંધેલા અને સાંકળમાં સીકડેલા સિત્તેર સિંહ અને વાઘો ચાલતા હતા.

તે કેળવાયલા વાઘો અને સિંહોનાં મોં સોનાની સાંકળથી બાંધેલાં હતાં.

સોનેરી પટા સાથના આઠસો કુતરા હતા-કે જેઓ જંગલમાં દોડીને હરણો પકડતા હતા.

તેઓની પાછળ બે હઝાર રામેશગરો હતી-જે સઘળીઓએ શિકારને દહાડેનાંજ વાજન્તરો તૈયાર રાખેલાં હતાં.

તેણી દરેક જણી ઊંટ ઉપર સવાર થયલી હતી-અને દરેકનાં સર ઉપર સોનેરી તાજ મેલેલું હતું

કુરસીઓ, તમ્બુઓ અને સરાપરદાના-તેમજ રાવટી અને જાનવરોના ઘાસદાનાનાં,

પાનસો ઊંટ આગળ ચાલતાં હતાં-જેઓના થાપા ઉપર પાદશાહી છાપ લગાડેલી હતી,

બસો ગોલામો કે જેઓ ધૂપદાન રોશન રાખતા હતા-અને તે ઉપર અગર અને અમ્બર બાળતા હતા.

તેના નોકરોમાંના બસો જવાન મર્દો-નર્ગેસનાં ફુલના તોરા તેમજ કેસર સાથ,

આગળ આગળ ચાલતા હતા કે જેથી તે સુગંધી પવન—જ્યારે સો તરફથી ફેલાય ત્યારે પાદશાહને પહોંચાડે.

વળી જે લોકો કે ખુશબો લઇ ચાલતા હતા તેઓથી આગળ આગળ સો ભિસ્તીઓ હાથમાં પાણીની પખાલ લઇ ચાલતા હતા,

અને આખે રસ્તે પાણીનો છટકાવ કરતા હતા-તું કહે ગોયા અંબર ભેળેલા ગોલાબનોજ છટકાવ કરતા હતા.

કે જેથી એવું નહીં થાય કે અચાનક હવા તે મુબારક બુન્યાદના પાદશાહ ઉપર કશી ધૂળ લાવી નાખે.

જવાન પાદશાહોની માફકના ત્રણસો સવારો-તે નામવર પાદશાહ સાથે ચાલતા હતા.

હમહ્ જામહા સુર્ખો ઝર્દો બેનફૂશ
શાહન્શાહ્ બા કાવેયાની હેરફૂશ
હમી રાન્દ બા તાજો બા ગૂશવારૂ
બઝરૂ બાફૂતહ્ જામએ શાહ્રૂયારૂ
બબા યારહો તઉકો ઝરૂરીન્ કમરૂ
બહરૂ મોહ્રઈ દરૂ નેશાન્દહ્ ગોહ્રૂ
ચુ બેશનીદ શીરીન્ કે આમદ સેપાહ્
બપીશે સેપહ્ આન્ જહાન્દારૂ શાહ્
યકી ઝરૂદ પીરાહનશ મુશ્કૂ બૂય
બેપૂશીદો ગુલનારૂ ગૂન કરૂદ રૂય
યકી અઝ્ બરશ સુરૂખ્ દીબાએ રૂમ
હમહ્ પયકરશ ગઉહરો ઝરૂશ બૂમ
બસરૂ બરૂ નેહાદ અફૂસરે ખુસ્રવી
નેગારશ હમહ્ ગઉહરે પહ્લવી
અઝ્ અયવાને ખુરૂરમ બરૂઆમદ બબામ
બરૂઝે જવાની નબુદ શાદકામ
હમી બૂદ તા ખુસ્રવ આન્ જા રસીદ
સેરેશકશ ઝે મેઝ્ગાન્ બરોખ્ બરૂ ચકીદ
ચુ રૂએ વરા દીદ બરૂપાય ખાસ્ત
બપરૂવીઝ્ અન્મૂદ બાલાએ રાસ્ત
ઝબાન્ કરૂદ ગૂયા બશીરીન સોખન્
હમી ગોફ્તુ અઝાન્ રૂઝગારે કોહન્
બનરૂગેસ ગુલે અર્ઘવાનરા બેશોસ્ત
કે બીમારૂ બુદ નર્ગેસો ગુલ દુરોસ્ત

બદાન્ આબ્દારીએ આન્ નીકવી
ઝબાન તીઝ્ બુકુશાદ બરૂ પહ્લવી
કે શાહા હેઝ્બ્રા સેપહ્બુદ તના
બેઆજરતહ્ ગવા ગોર્દે શીરૂ અવઝના
કુજા આન્ હમહ્ મેહ્રો ખૂનીન સેરેશ્ક
કે દીદારે શીરીન્ બુદ ઊરા પેઝેશ્ક
કુજા આન્ હમહ્ રૂઝ કર્દન્ બશબ્
હેલો દીદહ્ ગેર્યાનો ખન્દાન દો લબ્

કુજા આન્ હમહ્ મેહ્રો પયવન્દે મા
કુજા આન્ હમહ્ અહ્દો સઉગન્દે મા
હમી ગોફ્ત વઝ્ દીદહ્ ખૂનાએ ઝરૂદ
હમી રીખ્ત બરૂ જામએ લાજ્વરૂદ
ચુ આવાઝ્ દરૂ ગૂશે ખુસ્રવ રસીદ
નેગહ્ કર્દો રોખસારે શીરીન્ બેદીદ
બચશમ્ અન્દરૂ આવરૂદ અઝ્ ખુસ્રવ આબ્
બઝર્દી રોખશ ગશ્ત ચૂન આફૂતાબ્
ફેરેસ્તાદ બાલાએ ઝરૂરીન સેતામ્
ઝે રૂમી ચેહલ ખાદેમે નીકુનામ્
કે ઊરા બમુશ્કૂએ ઝરૂરીન બરન્દ
સુએ ખાનએ ગઉહરૂ આગીન્ બરન્દ
વઝાન્ જાયગહ્ શુદ બદશ્તે શેકારૂ
ચુ યૂઝાનો બાઝાનશ આમદ બકારૂ
ચુ અઝ્ કૂહ્ વઝ્ દશ્ત બરૂદાશ્ત બહ્રૂ
હમી રફ્ત શાદી કુનાન્ સૂએ શહ્રૂ

તે સઘળાના પોશાકો રાતા, પીળા અને આસ્માની રંગના હતા–
શેહન્શાહ પોતે કાવેયાની ઝુંડા સાથ,

માથે તાજ, કાનમાં બાલી અને કસબી પાદશાહી પોશાક સાથ
ચાલતો હતો.

તે ગળામાં હાર, સાંકળી સાથ તેમજ સોનેરી કમરબંદ કે જેના
દરેક મોહરા ઉપર ગોહરો જડેલાં હતાં, તે બાંધી ચાલતો હતો.

જ્યારે શીરીને સાંભળ્યું કે "લશ્કર આવ્યું છે–અને તે લશ્કરની
હરોલમાં દેશની સંભાળ રાખનાર પાદશાહ (ખુસરૂ) છે,"

ત્યારે તેણીએ એક કસ્તુરીની સુગંધવાળું સોનેરી પેહેરણ–પેહેર્યું અને
પોતાનો ચેહરો રાતા રંગનો બનાવ્યો.

અને તેની ઉપરથી એક લાલ રૂમી રેશમી કપડું કે જેની ભોંય સોનેરી ૧૫૨
અને તેની ઉપર મોતીનો ચીતાર હતો તે નાખ્યું (યાને 'સારી પેહેરી).

સર ઉપર પાદશાહી તાજ કે જે ઉપરનો ચીતાર સઘળાં પેહલવાન
લોકોને લાયકનાં (ઉમદા) ગોહરોનો હતો, તે મૂક્યું.

પછી તે પોતાનાં સણગારેલાં અયવાનમાંથી અગાસી ઉપર આવી–
તેણી પોતાના જવાનીના દહાડામાં ખુશહાલ નહીંજ હતી.

ખુસરૂ ત્યાં આવી પહોંચ્યો ત્યાં સૂધી તેણી થોભી રહી–તેણીની
આંખોમાંથી મોં ઉપર આંસુ ટપકતાં હતાં.

જ્યારે તેણીએ ખુસરૂનો ચેહરો જોયો ત્યારે તેણી ઉભી થઈ–અને
પર્વીઝને પોતાનું સરોવર જેવું સીધું કદ બતાવ્યું.

તેણીએ શીરીન સખુનો સાથ બોલવા માંડિયું–અને આગળા દિવસો
માટેની વાતો કરવા લાગી.

નરગેસનાં ફૂલ જેવી આંખોનાં આંસુથી તેણીએ પોતાના અર્ગવાનનાં
ફૂલ જેવા લાલ ગાલોને ધોયા–કારણકે તેણીની નરગેસ જેવી આંખો નબ·
ળાઈથી મંદ પડી ગઇ હતી. તેણીનો ચેહરો તો તનદુરોસ્ત જણાતો હતો.

તે ખૂબસૂરત અને ઝળકતા ચેહરા સાથ તેણી પહલવી ભાષામાં
બોલવા લાગી,

કે "ઓ પાદશાહ! ઓ ચિત્તા! ઓ સરદાર જેવાં શરીરના!–ઓ
મુબારક પેહલવાન! ઓ સિંહને પછાડનારા બહાદુર!

કયાં ગઈ તે તારી સઘળી મોહબ્બત અને લોહીયાર આંસુ–કે જે
શખ્સનો એલાજ કરનારો તે શીરીનનો ચેહરોજ હતો?

કયાં ગઇ તે સઘળી રાતને દિવસ જેવો બનાવવાનો વખત–કે ૧૫૩
જ્યારે (જુદાઈથી) દિલ અને આંખો રડતી બનતી હતી અને (મેળાપથી)
બન્ને હોઠો હસ્તા થતા હતા?

કયાં ગઇ તે આપણી સઘળી પ્રીતિ અને સંબંધ?–કયાં ગયાં તે
આપણા સઘળા કોલકરાર અને કસમો?"

તેણી એ પ્રમાણે બોલતી હતી અને પોતાના લાજવર્દી પોશાક ઉપર
આંખમાંથી ફિક્કાં આંસુ રેડતી હતી.

જ્યારે ખુસરૂના કાનમાં એવી રીતનો આવાઝ પહોંચ્યો–ત્યારે તેણે
નેગાહ કીધી અને શીરીનનો ચેહરો જોયો.

તેણીને જોવાથી ખુસરૂની આંખમાં પણ પાણી આવી ગયાં–તેનો
આફતાબ જેવો રોશન ચેહરો ફિક્કો પડી ગયો.

તેણે એક સોનેરી લગામનો ઘોડો અને ચાળીસ વખણાયલા રૂમી
નોકરો મોકલી આપ્યા,

કે તેઓ તેણીને પોતાનાં ગોહરથી મઢેલાં સોનેરી ઝનાનખાનામાં
લઈ જાય.

પછી તે જગ્યાએ તે શેકારનાં જંગલમાં ગયો–જ્યાં તેણે ચિત્તાઓ
અને બાઝપક્ષી જેવાં જાનવરો કામે લગાડયાં.

જ્યારે તેણે પહાડ અને જંગલમાંથી શિકારનો સારો હિસ્સો મેળવ્યો–
ત્યારે ખુશી થતો શેહર તરફ પાછો ચાલવા લાગ્યો.

બેબસ્તન્દ આઝીન્ બશાહ્રો બશાહ
કે શાહ આમદ અઝ્ દશ્તે નખ્ચીરૂગાહ
૧૫૪ ઝે નાલીદને બૂકો બાન્ગે સોરૂદ
હવા ગશ્ત્ અઝ્ આવાઝ્ બી તારો પૂદ
ચુનાન્ ખુસ્રવી બુર્ઝો શાખે બલન્દ
બે શહ્રૂ અન્દરૂ આમદ બકાખે બલન્દ
બે મુશ્કૂએ શીરીન્ બેયામદ બરશ્
બબૂસીદ પાયો દો દસ્તો સરશ્
બમૂબેદ ચુનીન્ ગોફ્ત શાહ આન્ ઝમાન્
કે બરૂ મા મબરૂ જોઝ્ બનીકી ગમાન્
મરીન્ ખૂબ રોખ્રા બખુસ્રવ દેહીદ
જહાન્રા બદીન્ મોશ્દએ નવ દેહીદ
મરૂરા બખાહઈને પીશીન્ બેખાસ્ત
કે આન્ રસ્મો આઈન્ બુદ આન્ગાહ રાસ્ત

લોકોએ શેહરમાં અને તેના રસ્તા ઉપર તોરણો બાંધ્યા-કારણકે પાદશાહ શેકારનાં જંગલથી પાછો ફર્યો છે.

કરનાયના પોકારો અને ગાનતાનના આવાઝથી-હવા પણ ઢંગ ધડા વગરની બની.

આવો પાદશાહી કદનો અને કદાવર બાઝૂનો ખુસરૂ-શેહરમાં રહીને પોતાના બુલંદ મેહલમાં આવ્યો.

શીરીન ઝનાનખાનામાંથી તેની નઝદીક આવી-અને તેના પગોને, બન્ને હાથોને અને તેનાં સરને ચુમ્બન કર્યું.

પાદશાહે તેજ વખત પોતાના વઝીરને એ પ્રમાણે કહ્યું-કે "અમો માટે ભલા વિચાર સિવાય બીજા કશા પણ વિચાર લઇ જતો ના.

આ ખૂબસૂરત સ્ત્રીને તમો ખુસરૂ સાથ નેકાહમાં આપો-અને તેમ કરી દેશને નવી વધાઈ પુગાડો."

પછી ખુસરૂએ આગળા રેવાજ પ્રમાણે તેણીના હાથની માગણી કીધી-કારણકે તેવી રાહ રસ્મ તે વખતે જારી હતી.

આગાહ્ શુદને બુઝોર્ગાન્ અઝ્ આમદને શીરીન્ બમુશ્કૂએ ખુસ્રવ્ વ પન્દ્ દાદને ઈશાન્ ખુસ્રવ્રા વ ખુશ્નૂદીએ ઈશાન્ અઝ્ પાસોખે ખુસ્રવ્.

ઈરાનના બુઝોર્ગોનું ખુસરૂનાં ઝનાનખાનામાં શીરીનના આવવાથી વાકેફ થવું અને તેઓએ ખુસરૂને શીખામણ આપવી અને ખુસરૂના જવાબથી તેઓનું ખુશહાલ થવું.

ચુ આગાહી આમદ ઝે ખુસ્રવ બરાહ
બનઝ્દે બુઝોર્ગાનો નઝ્દે સેપાહ
કે શીરીન્ બમુશ્કૂએ ખુસ્રવ શુદસ્ત
કોહન્ રૂઝ્ગારે જહાન્ નવ શુદસ્ત
હમહ શહ્રૂ અઝાન્ કારૂ ઘમગીન્ શુદન્દ
પુરૂ અન્દીશહો દર્દો નફ્રીન્ શુદન્દ
નરફ્તન્દ નઝ્દીકે ખુસ્રવ સે રૂઝ્
ચહારોમ ચુ બેફ્રૂખ્ત ગીતી ફોરૂઝ્
૧૫૫ ફેરેસ્તાદો ખુસ્રવ મેહાન્રા બેખાન્દ
બગાહે ગેરાન્માયગાન્ બરૂ નેશાન્દ
બદીશાન્ ચુનાન્ ગોફ્ત કીન્ રૂઝે ચન્દ
નદીદમ શુમારા શુદમ મોસ્તમન્દ
બઆઝારમ અઝ્ બીમે આઝારૂ તાન્
પુરૂ અન્દીશહ ગશ્તમ ઝે બાઝારૂ તાન્
હમી ગોફ્તો પાસોખ નદાદ ઈચ કસ
ઝે ગોફ્તન્ ઝબાન્રા બેબસ્તન્દો બસ
હરાન્ કસ કઝૂ દાશ્ત આઝારો ખશ્મ
યકાયક બમૂબેદ નમૂદન્દ ચશ્મ
ચુ મૂબેદ ચુનાન્ દીદ બરૂપાય ખાસ્ત
બખુસ્રવ ચુનીન્ ગોફ્ત કય શહો રાસ્ત
બરૂઝે જવાની શુદી શહ્રૂયારૂ
બસી નીકો બદ દીદી અઝ્ રૂઝ્ગારૂ

જ્યારે ખુસરૂ માટેની ખબર મોટાઓની નઝદીક, લશકરી સેપાહોની નઝદીક અને સઘળે ઠેકાણે પડી ચૂકી,

કે "શીરીન ખુસરૂનાં ઝનાનખાનામાં ગઇ છે-અને દુન્યાનો જૂનો વખત પાછો નવો થયો છે,"

ત્યારે તમામ શેહર તે કામથી ગમગીન બન્યું-તેઓ અંદેશા ભરેલા અને દુઃખી તેમજ ધિક્કાર ભર્યા થયા.

તેઓ ત્રણ દહાડા સુધી ખુસરૂની આગળ ગયા નહીં-જ્યારે ચોથે દહાડે દુન્યાને રોશન કરનાર આફતાબ રોશન થયો,

ત્યારે ખુસરૂએ માણસ મોકલી સઘળા મોટાઓને બોલાવી મંગાવ્યા-અને તેઓને બુઝોર્ગોની જગ્યાએ બેસાડયા.

તેણે તેઓને એ પ્રમાણે કહ્યું કે "આટલા દહાડા સુધી-મેં તમોને જોયા નહીં તેથી તમોને જોવાને ખાહેશમંદ બન્યો છું.

તમારા દુઃખની બીકથી હું પોતે દુઃખી છું-તમારી વર્તણુકથી હું અંદેશા ભરેલો બન્યો છું."

તે એ પ્રમાણેનું બોલવા લાગ્યો પણ કોઇએ કશો જવાબ નહીં આપ્યો-તેઓએ બસ બોલવાથી પોતાની ઝબાન બંદજ રાખી.

જે કોઈ કે તેનાથી દુઃખી અને ગુસ્સે થયા હતા-તે સઘળાઓએ વડા વઝીર તરફ નઝર ફેંકી.

જ્યારે વઝીરે એવું જોયું ત્યારે તે ઉભો થયો-અને ખુસરૂને કહ્યું કે "એ સખી સ્વને સાચા શાહ!

તું તારી જવાનીમાંજ પાદશાહ થયો છે-જેથી તેં આ ઝમાનાનું સારૂં અને નરસું ઘણું જોયું છે.

શનીદી બસી નીકો બદ દર જેહાન્
ઝે કારે બુઝોર્ગાનો કારે મેહાન્
કે ચૂન્ તોખ્મએ મેહુતર્ આલુદહ ગશ્ત
બુઝોર્ગી અઝાન્ તોખ્મહ પાલુદહ ગશ્ત
ચુનાન્ દાન્ કે હર્ગેઝ ગેરામી પેસર્
નબુદહસ્ત યાઝાન્ બખૂને પેદર્
મગર્ માદરશ તોખ્મશ તીરહ કર્દ
પેસર્રશ બઆલુદગી ખીરહ કર્દ
ચુ ઝહ્હાકે તાઝી કોશન્દહ પેદર્
કે જમ્શીદરા ઝુ બદ આમદ બસર્
ચુ અફ્રાસેયાબી કે અઝ બહ્રે તખ્ત
બેકોશ્ત ઊ ચુ અઘીરસે નીકુબખ્ત
સેકન્દર્ કે ઊ ખૂને દારા બેરીખ્ત
ચુનાન્ આતશે કીન્ બમા બર્ બેખીખ્ત
કે દારા બેરાદર્ પેદર્ ખાન્દી
હમહ ફયલકૂસશ પેસર્ ખાનદી
પેદર્ પાક્ બુદ માદરશ બદ હોનર્
ચુનાન્ દાન્ કઝ પાક્ નાયદ પેસર્
ઝે કબ્રી નજૂયદ કસી રાસ્તી
ગર્ અઝ રાસ્તી પુર્ કુનદ આસ્તી
હેલે મા ઘમી શુદ ઝે દીવે સુતોર્ગ્
કે શુદ યાર્ બા શહ્રયારે બુઝોર્ગ્
બઈરાન્ અગર્ ઝન્ નબૂદી જોઝ ઈન્
કે ખુસ્રવ બરૂ ખાન્દી આફરીન્
નબૂદી ચુ શીરીન્ બમુશ્કૂએ ઊય
બહર્ જાય રઉશન્ બુદી રૂએ ઊય
નેયાગાનત આન્ દાનેશી રાસ્તાન્
નકર્દન્દ યાદ અઝ ચુનીન્ દાસ્તાન્
ચુ ગશ્ત આન્ સુખુનહાએ મૂબેદ દરાઝ
શહન્શાહ પાસોખ નદાદ ઈચ બાઝ
ચુનીન્ ગોફ્ત મૂબેદ કે ફર્દા પગાહ
બેયાઈમ યકસર્ બદીન્ બાર્ગાહ
મગર્ પાસોખ અઝ શાહ યાબીમ બાઝ
કે એમરૂઝ માન્ શુદ સુખુનહા દરાઝ
દેગર્ રૂઝ શબ્ગીર્ બર્ખાસ્તન્દ
હમહ બન્દગીરા બેયારાસ્તન્દ
યકી ગોફ્ત કીન્રા નબાયેસ્ત ગોફ્ત
દેગર્ ગોફ્ત કાન્ બા ખેરદ બૂદ જોફ્ત
સેવુમ ગોફ્ત એમરૂઝ પાસોખ દેહદ
સઝદ ઝુ કે આવાઝે ફર્રોખ દેહદ
હમહ મૂબેદાન્ બર્ ગેરેફ્તન્દ રાહ
ખરામાન્ બેરફ્તન્દ નઝદીકે શાહ
બુઝોર્ગાન્ ગુઝીદન્દ જાએ નેશસ્ત
બેયામદ યકી મર્દ તશ્તી બદસ્ત
ચુ ખુરશીદે તાબન્દહ માલીદહ તશ્ત
યકાયક્ બરાન્ મેહતરાન્ બર્ ગુઝશ્ત
બતશ્ત અન્દરૂન્ રીખ્તહ ખૂને ગર્મ
ચુ નઝદીક્ શુદ તશ્ત બેન્હાદ નર્મ
અઝાન્ તશ્ત હર્ કસ બેપીચીદ રૂય
હમહ અન્જુમન્ ગશ્ત પુર્ ગોફ્તગૂય

તેં દુન્યામાં બુઝોર્ગોનાં તેમજ મોટાઓનાં કામ માટે ઘણુંક ભલું અને બૂરૂં સાંભળ્યું તો છે,

કે જ્યારે એક સરદારનું તોખ્મ હલકી અઉરત સાથ ભેળાઇ અપવિત્ર થાય છે-ત્યારે તે તોખ્મમાંથી બુઝોર્ગીજ જતી રહે છે.

તારે જાણવું જોઇયે કે કદીબી એક બુઝોર્ગ બુન્યાદનો બેટો પોતાના બાપના ખૂન ઉપર હાથ લમ્બાવતો નથી.

સિવાય કે તેની માયે તેના બાપનાં તોખ્મને સીઆહ બનાવ્યું હોય- ૧૫૬
અને તે બેટાને પોતાની નાપાકીથી દીવાનો કીધો હોય.

જેવો કે પોતાના બાપને મારનારો ઝોહાક તાઝી-કે જેનાથી જમશીદને બૂરાઇ પહોંચી હતી.

જેવો કે અફ્રાસિયાબ કે જેણે તખ્તને માટે નેકબખ્ત અઘીરસ જેવા ભાઈને મારી નાખ્યો.

સિકંદર કે જેણે દારાનું ખૂન કીધું-અને આપણી ઉપર આવો કીનાનો આતશ નાખ્યો.

કે દારાએ તેને (સિકંદરને) પોતાના બાપને પેટે જન્મેલા ભાઇ તરીકે ગણ્યો હતો-અને ફીલકૂસે તેને પોતાના બેટા માફક ગણ્યો હતો.

જોકે તેનો બાપ તો પાક હતો પણ તેની માતાજ બૂરી હતી-માટે તું જાણ કે તેવી માતાથી પવિત્ર છોકરો પયદા થતો નથી.

અગર કોઈ ગમે એટલીબી રાસ્તીથી પોતાની બાંય ભરપુર કરે (યાને રાસ્તી મેળવવા ચાહે) તો પણ તે રાસ્તી તે જૂઠાઇમાંથી શોધતોજ નથી.

વિકરાળ એહરેમનથી અમારાં દિલ ગમગીન થયાં છે-કારણકે તે બુઝોર્ગ પાદશાહનો દોસ્ત બન્યો છે.

અગરજો ઈરાનમાં એના સિવાય બીજી ખુસરૂને પસંદ પડતી અઉરત નહીંજ હતે,

અથવા શીરીન જેવી તેનાં ઝનાનખાનામાં કોઇ નહીં હતે-તો દરેક જગ્યાએ તેનો ચેહરો રોશનજ રહેતે (યાને કોઈ કાંઈ બોલતેજ નહીં).

તારા તે ડહાપણવાળા સાચા નેયાગાનો-એવી બાબતની યાદ પણ ૧૫૭
કરતા હતા નહીં."

જ્યારે તે વઝીરના સખુનો એટલા બધા લમ્બાણ થયા-અને શેહનશાહે કાંઇ પણ જવાબ આપ્યો નહીં,

ત્યારે વઝીર બોલ્યો કે "આવતી કાલે સવારે-અમો સઘળા આ દરબારમાં આવીશું.

કદાચ તે વખતે પાદશાહ તરફનો પાછો જવાબ અમો મેળવીશું-કારણ આજે તો અમારી વાતો બહુ લમ્બાણ થઈ ગઇ છે."

તેઓ બીજે દહાડે સવારે ઉઠયા-અને સઘળાઓએ પાદશાહની ખિદમતને માટે તૈયારી કીધી.

એક જણ બોલ્યો કે "એવી રીતનું ત્યાં બોલવું ઘટારત નહીં હતું"-ત્યારે બીજો બોલ્યો કે "તે બોલવું અકલથી ભરેલુંજ હતું."

વળી ત્રીજો બોલ્યો કે "આજે ઝરૂર જવાબ આપશે-અને તે જવાબ જો મુબારક આપશે તો તે તેને લાયકજ ગણાશે."

પછી સઘળા વઝીરોએ ચાલવા માડયું-તેઓ ખુશહાલ ચાલતા પાદશાહની નઝદીક ગયા.

તે બુઝોર્ગો પોત પોતાની જગ્યાએ બેઠા-ત્યાં એક શખ્સ પોતાના હાથમાં એક તશ્ત લઇને દાખેલ થયો.

ઝળકતા ખોરશીદની મિસાલ તે તશ્ત સાફ કીધેલી હતી-તે લઇને સઘળા મોટાઓ આગળથી પસાર થયો.

તે તશ્તની અંદર તાઝું લોહી ભરેલું હતું-જ્યારે તે પાદશાહની ૧૫૮
નઝદીક ગયો ત્યારે તે તશ્ત ધીરેથી નીચે મૂકી.

તે તશ્તથી દરેક જણે મોઢાં ફેરવ્યાં-અને સઘળી મજલેસ ચર્ચા ભરેલી થઇ.

હમી કરૂદ ખુસ્રવ બહર કસ નેગાહ
હમહ અન્જુમન ખીરહ અઝ બીમે શાહ
બઇરાનેયાન ગોફ્ત ઇન ખૂને કીસ્ત
નેહાદહ બપીશે મન અઝ બહરે ચીસ્ત
બદૂ ગોફ્ત મુબેદ કે ખૂને પલીદ
કઝૂ બદ મનેશ ગશ્ત હર કસ કે દીદ
ચુ મૂબેદ ચુનીન ગોફ્ત બર્દાશ્તન્દ
હમહ દસ્ત બર દસ્ત બુગ્ઝાશ્તન્દ
ઝે ખૂન તશ્તે પુરમાયહ કર્દન્દ પાક
બેશોસ્તન્દ ઊશરા બઆબો બખાક
ચુ શુદ રઉશનો પાક તશ્તે પલીદ
બેકરદ આન કે ઊ કર્દહ બુદ પુર નબીદ
હમી બર પરાગન્દ મુશ્કો ગોલાબ
શુદ આન તશ્તે રખ્શન્દહ ચૂન આફ્તાબ
બમૂબેદ ચુનીન ગોફ્ત ખુસ્રવ કે તશ્ત
હમાના બદીદન દેગર ગૂનહ ગશ્ત
૧૫૯ બદૂ ગોફ્ત મૂબેદ કે નૂશહ બદી
પદીદાર શુદ નીકુઇ અઝ બદી
બફર્માન ઝે દુઝખ તો કર્દી બેહેશ્ત
હમાન ખૂબ પયદા ઝે કેર્દારે ઝેશ્ત
ચુનીન ગોફ્ત ખુસ્રવ કે શીરીન બશહર
ચુનાન બુદ કે ઈન બી મનેશ તશ્તે ઝહર
કુનૂન તશ્તે મય શુદ બમુશ્કૂએ મા
બદીનગૂનહ બૂયા શુદ અઝ બૂએ મા
ઝે મન ગશ્ત બદનામ શીરીન નુખોસ્ત
ઝે પુરમાયગાન દુસ્તદારી નજોસ્ત
હમહ મેહતરાન ખાન્દન્દ આફરીન
કે બી તાજો તખ્તત મબાદા ઝમીન
બેહી ઝાન ફેઝાયદ કે તૂ બેહ કુની
મેહ આન શુદ બગીતી કે તૂ મેહ કુની
કે હમ શાહી હમ મૂબેદી હમ રદી
મગર બર ઝમીન ફરરએ ઈઝદી

ખુસરૂ તે દરેક જણાને જોવા લાગ્યો-તમામ અંન્જુમન પાદશાહની ધાસ્તીથી ગભરાઈ ગઈ.

તેણે ઈરાનીઓને પૂછયું કે "આ લોહી કોણનું છે-અને મારી આગળ શા માટે મૂકયું છે?"

વઝીર બોલ્યો કે "આ નાપાક લોહી છે-જેને જોઈ બધાના જીવ કચવાય છે."

જ્યારે વઝીર એમ બોલ્યો ત્યારે તે તશ્ત ત્યાંથી ઊંચકી હાથોહાથ બાહેર લઈ જવામાં આવી.

તે લોહીથી ખરડાયલી ઉમદા તશ્તને પાણી અને મટોડીથી ઉજારી સાફ કરી નાખી.

જ્યારે તે ખરડાયલી તશ્ત ઝળકતી અને સાફ થઈ-ત્યારે જેણે તેમાં લોહી ભર્યું હતું તેણેજ તેમાં શરાબ ભર્યો.

અને તે ઉપર કસ્તુરી અને ગોલાબ નાખ્યો-તે તુરત આફતાબનો મિસાલ ઝળકતી થઇ.

ખુસરૂએ વઝીરને કહ્યું કે "આ તશ્ત-ખરેખર જોતાં જોતાંમાંજ બદલાઇ ગઇ."

વઝીર બોલ્યો કે "તું ખુશહાલ રહેજે-બદીમાંથી નેકી પ્રગટ થઇ છે.

તેં હુકમ કરી દોઝખને બેહેશ્ત બનાવ્યું છે-તેમજ બૂરાં કામોથી સારૂંજ પરિણામ ઝાહેર કીધું છે"

ખુસરૂ બોલ્યો કે "શીરીન શેહરમાં હતી-તે એવી હતી, કે જેવી આ ઝેહર ભરેલી અણગમતી તશ્ત.

તેણીજ હવે મારા ઝનાનખાનામાં આવી આ શરાબ ભરેલી તશ્ત જેવી થઈ છે અને મારા પમરાટથી તેણી પણ એવી પમરતી બની છે.

મારેજ લીધે શીરીન પહેલાં બદનામ થઇ-અને ઊંચી બુન્યાદના બીજા શખ્સોની દોસ્તી નહીં કીધી."

સઘળા સરદારોએ તેની ઉપર દુઆ કીધી-કે "તારાં તાજ અને તખ્ત વગર આ ઝમીન હોતીજ ના!

જેને તું ભલો બનાવે છે તેનાથી ભલાઇનો વધારો થાય છે-જેને તું મોટો બનાવે છે, તેજ દુન્યામાં મોટો થયલો છે.

કારણકે તું પોતે પાદશાહ છે તેમજ વઝીર પણ છે અને વળી દાના પણ તુંજ છે-મગર આ પૃથ્વી ઉપર આવેલું ખોદાઇ ખોરેહ પણ તુંજ છે.

કોશ્તને શીરીન મર્યમરા વ બન્દ કર્દને ખુસ્રવ શીરૂયરા.

શીરીને મર્યમને મારી નાખવી અને ખુસરૂએ શીરૂયને કયદ કરવો.

અઝાન પસ ફેઝૂન શુદ બુઝોર્ગીએ શાહ
ચુ ખુરશીદ ગશ્ત આન કુજા બૂદ માહ
હમહ રૂઝહ બા દુખ્તે કયસર બુદી
હમ ઊ બર શબેસ્તાનશ મેહતર બુદી
૧૬૦ ઝે મર્યમ હમી બૂદ શીરીન બર્દદ
હમીશહ ઝે રશ્કશ દો રોખસારહ ઝર્દ
બફર્જામ શીરીન બદૂ ઝહર દાદ
શુદ આન દુખ્તરે ખૂએ કયસર નેઝાદ
અઝાન ચારહ આગહ નબુદ હીચ કસ
કે ઊ દાશ્ત આન રાઝ પેન્હાનો બસ

હવે પાદશાહની મોટાઈ વધવા લાગી-ખુસરૂ જે માહતાબ જેવો હતો તે ખોરશીદ જેવો બન્યો.

તે આખો દહાડો કયસરની બેટી સાથેજ રહેતો હતો-તેણીજ તેનાં ઝનાનખાનાની સરદાર હતી.

શીરીન મર્યમથી દુઃખી રહેતી હતી-હમેશ તેના બન્ને ગાલ અદે-ખાઈથી ઝર્દ રહેતા હતા.

શેવટે શીરીને તેણીને ઝેહર દીધું-જેથી તે કયસરની બુન્યાદની ભલી છોકરી મરણ પામી.

એ કાવતરાંની કોઇને કશી ખબર પડી નહીં-કારણકે તેણીએ તે ભેદ બસ છુપોજ રાખ્યો હતો.

ચુ સાલી બરૂ આમદ કે મર્યમ બેમોરૂદ
શબેસ્તાને ઝરૂરીન્ બશીરીન્ સેપોરૂદ
ચુ શીરૂયરા સાલ્ શુદ બરૂ દો હસ્ત્
બબાલાય સી સાલગાન્ બરૂ ગુઝશ્ત્
બેયાવરૂદ ફર્ઝાનગાનરા પેદરૂ
બદાન્ તા શવદ નામવરૂ પુરૂ હોનરૂ
હમી દાશ્ત્ મૂબેદ મરૂરા નેગાહ્
શબો રૂઝ શાદાન્ બફર્માને શાહ્
ચુનાન્ બુદ કે યકૂ રૂઝ મૂબેદ પગાહ્
બેયામદ બનઝ્દીકે આન્ નીકૂખાહ્
ચુ આમદ બનઝ્દીકે શીરૂય બાઝ્
હમીશહ્ બબાઝીશ દીદી નેયાઝ્
યકી દફ્તરી દીદ પીશ્ અન્દરશ્
નબેશ્તહ્ કલીલહ્ બરાન્ દફ્તરશ્
બદસ્તે ચપે આન્ જવાને સુતોરૂગ્
બુરીદહ્ યકી ખુશ્કૂ ચન્ગાલે ગોરૂગ્
સુરૂએ સરે ગાવમીશી બરાસ્ત્
હમી ઇન્ બરાન્ બરૂઝદી ચૂન્ કે ખાસ્ત્
ઘમી શુદ દેલે મૂબેદ અઝ્ કારે ઊય
ઝે બાઝીઓ બીહૂદહ્ કેર્દારે ઊય
બફાલશ બદ આમદ હમી ચન્ગે ગોરૂગ્
શાખે ગાવો રાએ જવાને સુતોરૂગ્
ઝે કારે ઝમાનહ્ ઘમી ગશ્ત્ સખ્ત્
અઝાન્ બદ મનેશ્ ફૂદકે શૂરૂ બખ્ત્
કે ઊ તાલેએ ઝાદનશ્ દીદહ્ બૂદ
ઝે દસ્તૂરો ગન્જૂરૂ પુર્સીદહ્ બૂદ
સુએ મૂબેદે મૂબેદાન્ શુદ બેગોફ્ત
કે બાઝીસ્ત બા ઈન્ ગેરાન્માયહ્ જોફ્ત
બેશુદ ઝૂદ મૂબેદ બેગોફ્ત ઈન્ બશાહ્
હમી દાશ્ત્ ખુસ્રવ મરૂરા નેગાહ્
ઝે ફર્ઝન્દ રન્ગીન્ રેખશ્ ઝરૂદ શુદ
ઝે કારે ઝમાનહ્ પુરૂ અઝ્ દરૂદ શુદ
ઝે ગોફ્તારે મૂબેદ સેતારહ્ શુમરૂ
દેલશ્ બૂદ પુરૂ દર્દો પીચાન્ જેગરૂ
હમી ગોફ્ત્ તા કેર્દેગારે સેપેહરૂ
ચેગૂનહ્ નુમાયદ બદીન્ કારૂ ચેહરૂ
ચુ બરૂ પાદશાહીશ્ બીસ્તો સે સાલ્
ગુઝરૂ કરૂદ શીરૂય બેફ્રાખ્ત્ યાલ્
બેયાઝોરૂદ અઝૂ શહરૂયારે બુઝોરૂગ્
કે ફૂદકૂ ન બરૂ રાએ ઊ શુદ સુતોરૂગ્
પુરૂ અઝ્ દરૂદ શુદ જાને ખન્દાને ઊય
અઝ્ અયવાને ઊ કરૂદ ઝન્દાને ઊય
અબા આન્ કે હમ્શીરહ્ બૂદી વરા
કુજા આબ્ અઝૂ તીરહ્ બૂદી વરા
હમ્ આનાન્ કે પયવસ્તએ ઊ બુદન્દ
ગહે રાય જોસ્તન બરે ઊ શુદન્દ
હમી બરૂ ગેરેફ્તન્દ અઝીશાન્ શુમારૂ
કેહો મેહ્ ફેઝૂન્ આમદ અઝ્ સે હઝારૂ
હમહ્ કાખહા રાહ્ દરૂ યકૂ દેગરૂ
બઝેન્દાને શીરૂય શુદ સરૂ બસરૂ

જ્યારે મર્યમને મરી ગયાને એક વર્ષ નીકળી ગયું-ત્યારે તે સણુગારેલું ઝનાનખાનું શીરીનને સોંપ્યું.

જ્યારે શીરૂય સોળ વર્ષનો થયો-ત્યારે કદમાં તે ત્રીસ વર્ષનાં કરતાં પણ ઊંચો દેખાવા લાગ્યો.

તેને માટે તેના બાપે દાનાઓને ભેગા કીધા-જેથી તે નામવર પ્રવીણ થાય.

પાદશાહના હોકમથી એક મોબેદ રાત દહાડો તેની દેખરેખ રાખવા અને તેને ખુશહાલ રાખવા લાગ્યો.

એવું બન્યું કે એક દહાડે તે મોબેદ સવારે તે નેકખાહ શીરૂયની નઝદીક આવ્યો.

જ્યારે પણ તે શીરૂયની પાસે આવતો-ત્યારે હમેશે તેને રમત ગમતમાંજ ગુંતાયલો જોતો હતો.

હમણા તેણે તેની આગળ એક ચોપડી જોઈ-જે ચોપડી ઉપર "કલીલહ" કરી લખેલું હતું.

તે તુંદ જવાનના ડાબા હાથમાં-વરૂનો એક કાપેલો સુકકો પંજો હતો. ૧૬૧

જમણા હાથમાં ભેંસનાં માથાં ઉપરનું એક શિંગડું પકડેલું હતું-અને તે બન્નેને એક બીજા ઉપર જેમ ગમે તેમ અફાળતો હતો.

આવી રીતની તેની રમત અને આવી તેની બેહુદી વર્તણુક જોઈ તે કામથી પેલા મોબેદનું દિલ ગમગીન બન્યું.

વરૂનો પંજો, ભેંસનું શિંગડું અને તે તુંદ મિજાઝી જવાનની રીતભાત તેને અપશુકન તરીકે દેખાઈ.

તે ઝમાનાનાં કામથી અને પેલા બૂરી ખસ્લતના બદબખ્ત છોકરાથી ઘણો દિલગીર બની ગયો.

કારણકે તેણે તેના જન્મ ગ્રહો જોયા હતા-તેમજ વઝીર અને ખઝાન્ચીથી સઘળી પૂછપરછ કરી મૂકી હતી.

તે મોબેદ વડા વઝીર આગળ ગયો અને બોલ્યો-કે "આ ઊંચી બુન્યાદના શાહઝાદાનો સાથી તો બસ રમત ગમતજ છે."

આથી વઝીરે શેતાબ જઇ તે પાદશાહને કહ્યું-પાદશાહ તે વાત પોતાના ધ્યાનમાં રાખવા લાગ્યો.

તે છોકરાની ચાલથી તેનો ખુશનુમા ચેહરો ફિકકો થયો-તે ઝમાનાનાં કામથી દર્દ ભરેલો બન્યો.

પેલા નુજૂમીની વાતથી-તેનું દિલ દુઃખી અને જીગર વળ ખાતું બન્યું હતું.

તે બોલવા લાગ્યો કે "આસ્માનને પયદા કરનારો સાહેબ-આ બાબ ૧૬૨
તમાં કોણ જાણે કે શું દેખાડવા માગેછ?"

જ્યારે તેની પાદશાહીનાં તેવીસ વર્ષ-પસાર થયાં, ત્યારે શીરૂએ પોતાની ગર્દન ઉઠાવી.

તે મોટો પાદશાહ તેનાથી દુઃખી થયો-કે પોતાનો છોકરો તેના વિચાર પ્રમાણે ઉછર્યો નહીં.

તે છોકરાથી તેનો ખુશહાલ જીવ દુઃખી થયો-અને તેના મેહલને તેનુંજ કયદખાનું બનાવ્યું.

તેની સાથે તેની બેહેન કે જેનાથી પણ તે પોતે નારાજ રહેતો હતો તેને પણ રાખી.

તેમજ જેઓ કે તેના મળતિયાઓ કે જેઓ તેનીજ સલાહ લેવા જતા હતા તેઓને પણ રાખ્યા.

તે સઘળાં માણસોની ગણત્રી કીધી તો નાનાં મોટાં મળી ત્રણ હઝારથી પણ વધારે થયાં

સઘળા ઓરડાઓને એક બીજાંમાંથી આવવા જવા માટે બારણાં મૂકેલાં હતાં-ત્યાંથી તેઓ શીરૂયના કયદખાનાવાળા ઓરડામાં જતાં હતાં.

ઝે પૂશીદનીહાઓ અઝ ખર્દની
ઝે બખ્શીદની હમ ઝે ગુસ્તર્દની
બઆયવાન્હા શાન્ બિયારાસ્તન્દ
પરસ્તન્દહો બન્દગાન્ ખાસ્તન્દ
૧૬૩ હમાન્ મય ફેરેસ્તાદો રામેશગરાન્
હમહૂ કાખ દીનારૂ બુદ બીકરાન્
બહન્ગામ શાન્ રામેશો ખરૂદ બૂદ
નેગહ્બાન્ બરીશાન્ ચેહલ મરૂદ બૂદ

પેહેરવા ઓઢવાની અને ખાવાપીવાની ચીઝો-તેમજ આપ લે કરવાની અને પાંથરવાની ચીઝો,

તેઓના તે મેહલોમાં ગોઠવી-અને બાંદીઓ તેમજ ગોલામો પણ ત્યાં મંગાવ્યા.

તેમજ ત્યાં મય અને રામેશગરો પણ મોકલી-સઘળે મેહલે દીનારો પણ અસંખ્ય ભરેલા હતા.

તેઓનો વખત ખુશાહાલી અને ખાવાપીવામાં પસાર થતો હતો-તે સઘળાઓ ઉપર ચાળીસ શખ્સોને નેગેહબાન તરીકે રાખ્યા હતા.

સાખ્તને ખુસ્રવ્ તખ્તે તાક્દીસરા.

કુનૂન દાસ્તાન્ ગુય દરૂ દાસ્તાન્
અઝાન્ યકૂ દેલો યકૂ ઝબાન્ રાસ્તાન્
ઝે તખ્તી કે ખાની વરા તાકદીસ
કે બેન્હાદ પર્વીઝ દરૂ અસ્પરીસ
સરે માયએ આન્ ઝે ઝહ્હાક બૂદ
કે નાપાર્સા બૂદો નાપાકૂ બૂદ
બગાહી કે રફ્તૂ આફ્રીદૂને ગોરૂદ
અઝાન્ તાઝેયાન્ નામે શાહી બેબોરૂદ
યકી મરૂદ બુદ દરૂ દમાવન્દ કુહ
કે શાહશ જુદા દાશ્તી અઝ ગોરૂહ
કુજા જહ્નને બર્ઝીન બુદી નામે ઊય
રસીદહ્ બહરૂ કેશવરી કામે ઊય
યકી નામવરૂ શાહરા તખ્ત સાખ્ત
ગોહરૂ બરૂ ગોહરૂ ગેર્દ ઊ દરૂ નેશાખ્ત
કે શાહ્ આફ્રીદૂન્ બદૂ શાદ શુદ
ચુ આન્ તખ્તે પુરૂમાયહ્ આબાદ શુદ
૧૬૪ દેરમ દાદ મરૂ જહ્નરા સી હઝારૂ
યકી તાજે ઝરૂરીનો દૂ ગૂશવારૂ
હમશ અહ્દે સારીઓ આમુલ નેવેશ્ત
કે બુદ મર્ઝે મન્શૂરે ઊ ચૂન બેહેશ્ત
બદાન્ ગહ્ કે ઈરાન્ બઈરજ સેપોરૂદ
કઝાન્ નામદારાનશ ઊ બૂદ ખોરૂદ
જહાન્દારૂ શાહ્ આફ્રીદૂન્ સે ચીઝ
બરાન્ પાદશાહી બરૂ અફ્ઝૂદ નીઝ
હમાન્ તખ્તો આન્ ગોર્ઝએ ગાવસારૂ
કે માન્દહ્ અઝૂ દરૂ જહાન્ યાદગારૂ
સે દીગરૂ કુજા હફ્ત ચશમહ્ ગોહરૂ
હમી ખાન્દી નામે ઊ દાદગરૂ
ચુ ઈરજ બેશુદ ઝૂ બેમાન્દ આન્ સે ચીઝ
હમાન્ શાદ બુદ ઝાન્ મેનૂચેહ્ર નીઝ
હરાન્ કસ કે ઊ તાજે શાહી બેસૂદ
બરાન્ તખ્ત ચીઝી હમી બરૂ ફેઝૂદ
ચુ આમદ બકયખુસરવે નીકૂબખ્ત
ફેરાવાન બેયફ્ઝૂદ બાલાએ તખ્ત
બરીન્ હમ નેશાન્ તા બલોહરાસ્પ શુદ
વઝૂ હમચુનીન્ તા બગુશ્તાસ્પ શુદ

ખુસરૂએ મેહરાબદાર પાદશાહી આસન બનાવવું.

હવે તું પેલા એક દિલના અને એક ઝબાનના રાસ્ત લોકોની કહેલી દાસ્તાનમાંથી આ દાસ્તાન કહે.

જે તખ્તને કે "તાકદીસ" (મેહરાબ શેકું) કહે છે અને જે ખુસરૂએ અસ્પરીસ (ઘોડા દોડાવવાનાં મયદાન)માં મૂકી રાખ્યું હતું, તેને માટે બોલ.

તે તખ્તની શુરૂઆત ઝહહાક-કે જે અપવિત્ર અને નાપાક હતો, તેનાથી થઈ હતી.

જે વખતે કે બહાદુર ફરીદૂને જઈ અરબો પાસેથી પાદશાહી છીનવી લીધી,

તે વખતે એક શખ્સ દામાવંદ પહાડમાં રહેતો હતો-કે જેને પાદશાહ ઝહહાકે ટોળાથી દૂર કર્યો હતો.

અને જેનું નામ જહને બર્ઝીન હતું-તેની નામના મુલકે મુલક પહોંચેલી હતી.

તેણે નામવર પાદશાહ ફરીદૂન માટે એક તખ્ત બનાવ્યું-જેની આસેપાસે સઘળાં ગોહરો જડયાં.

જ્યારે તે કીમતી તખ્ત તૈયાર થયું-ત્યારે પાદશાહ ફરીદૂન તેનાથી ખુશાહાલ થયો.

તેણે જહનને ત્રીસ હઝાર દિરમ, એક સોનેરી તાજ અને બે કાનનાં લોલક આપ્યાં.

તેમજ તેને સારી અને આમુલના મુલકનો પર્વાનો લખી આપ્યો-જે તેના તાબાના બેહેશ્ત મિસાલના મુલકો હતા.

પછી જે વખતે કે એરચ કે જે તેના નામદારી ભર્યા છોકરાઓમાં નાનો હતો, તેને ઈરાન સોંપી આપ્યું,

તે વખતે દેશની સંભાળ રાખનાર શાહ ફરીદૂને તે ઈરાનની પાદશાહી ઉપર ત્રણ ચીઝોનો વધારો કીધો

પેલું મેહરાબદાર તખ્ત અને ગાયની સૂરતનો ગોર્ઝ-કે જે દુન્યામાં તેની યાદગારી તરીકે રહેલો હતો તે,

અને ત્રીજું એક રત્ન હતું જેનું નામ ઇન્સાફી પાદશાહ ફરીદૂને "હફ્ત ચશમહ" (સાત પેહલુવાળું રત્ન) કરીને આપ્યું હતું.

જ્યારે એરચ મરણ પામ્યો ત્યારે તેનાથી આ ત્રણે ચીઝો કાયમ રહી-તેજ ત્રણે ચીઝોથી મિનૂચેહર પણ ખુશાહાલ રહ્યો હતો.

પછી જે કોઇ પાદશાહ કે શાહી તાજ પેહેરતો-તે એ તખ્ત ઉપર કાંઇને કાંઈ વધારોજ કર્યો જતો હતો.

જ્યારે નેકબખ્ત કયખુસરૂનો વખત આવ્યો-ત્યારે તેણે તે તખ્તનું કદ ઘણું વધાર્યું.

એજ પ્રમાણે તે લોહરાસ્પને હાથ ગયું-અને તેનાથી એવીજ રીતે ગુશ્તાસ્પને મળ્યું.

ચુ ગોશ્તાસ્પ આન તખ્તરા દીદો ગોફ્‌ત
કે કારે બુઝોર્ગાન નશાયદ નેહોફ્‌ત
બજામાસ્પ ગોફ્‌ત અય ગેરાનમાયહ મરૂદ
ફેઝૂની ચે દારી બરીન કાર્ કરદ
યકાયક બેબીન તા ચે ખાહી ફેઝૂદ
પસ અઝ મર્ગ મારા કે ખાહદ સેતૂદ
ચુ જામાસ્પ આન તખ્તરા બેન્ગરીદ
બેદીદ અઝ દરે દાનેશ ઊરા કલીદ
બરૂ બર્ શુમારે સેપહ્‌રે બલન્દ
હમહ્ કરદ પયદા ચેઓ ચૂનો ચન્દ
ઝે કયવાન હમહ્ નક્‌શહા તા બમાહ્
બદાન તખ્ત કરદ ઊ બફર્માને શાહ્
ચુનીન તા બગાહે સેકન્દર્ રસીદ
ઝે શાહાન હરાન કસ કે આન ગાહ્ દીદ
હમી બર્ ફેઝૂદી બરૂ ચન્દ ચીઝ
ઝે ઝરૂરો ઝે સીમો ઝે આજો ઝે શીઝ
મરૂરા સેકન્દર્ હમહ્ પારહ્ કરદ
ઝે બી દાનેશી કાર્ યક બારહ્ કરદ
બસી ઝાન બુઝોર્ગાન નેહાન દાશ્તન્દ
હમી દસ્ત બર્ દસ્ત બુગ્ઝાશ્તન્દ
બદીનગૂનહ્ બુદ તા સરે અર્દશીરૂ
કુજા ગશ્તહ્ બુદ નામે આન તખ્ત પીરૂ
અઝાન તખ્ત જાઈ નેશાની બેયાફ્‌ત
બદાન આરૂઝૂ સૂએ દીગર્ શેતાફ્‌ત
ચુ આન પારહા જુમ્લહ્ ગેરદ આવરીદ
બેસાઝીદ યક બા દેગર્ ચૂન સઝીદ
યકી જાયગહ્ બૂદ શાહન્શેહી
નેશસ્તે બુઝોર્ગાનો જાએ મેહી
બરાન શાહમાન ચન્દ ગાહી નેશસ્ત
બદાનગહ્ કે બુદ દસ્તે તખ્તશ બદસ્ત
બમોરદ ઊઓ આન તખ્ત અઝ બાઝ માન્દ
અઝાન પસ કે કામે બુઝોર્ગી બેરાન્દ
બદીનગૂનહ્ બુદ તા બકેસ્રા રસીદ
કે દાના ચેગૂનહ્ નેયારદ પદીદ
બહર્ માહ્ યકરાહ્ આન તખ્તરા
બેયારાસ્તી અઝ પયે બખ્તરા
નેશસ્તી બરાન રૂઝે હોરૂમુઝદ રૂઝ
બનૂશીરૂવાન શાહે ગીતા ફેરૂઝ
બમીરાસ અઝીશાન બપર્વીઝ શાહ્
રસીદ આન ગેરામી સઝાવારે ગાહ્
ચુ બર્ તખ્ત બેન્શસ્ત પર્વીઝ શાહ્
હમહ્ મેહતરાન શુદ વરા નીકખાહ્
અઝાન તખ્તે શાહી સખુન રાન્દન્દ
ગુઝશ્તહ્ સુખુનહા હમી ખાન્દન્દ
ચુનીન ગોફ્‌ત પર્વીઝ કય મેહતરાન
હમી આરૂઝૂ ખાહમ અઝ કેહતરાન
કે આન નામવર્ તખ્તરા નવ કુનમ
હમહ્ દર્ જહાન યાદે ખુસરવ કુનમ
અઝીશાન ફેરાવાન નેશાન્હા બેયાફ્‌ત
બશાદી સૂએ ગેરદ કર્દન શેતાફ્‌ત

જ્યારે ગુસ્તાસ્પે તે તખ્ત જોયું ત્યારે બોલ્યો-કે "બુઝોર્ગોનાં આવાં ૧૬૫
કામને ખૂણે નાખવાં નહીં જોઇયે."

તેણે જામાસ્પને પૂછ્યું કે "ઓ બુન્યાદી શખ્સ!-આ કામ ઉપર વધારો કરવાની તારી શું ધારણા છે?

તું સઘળું તપાસી જો કે એમાં તું શું વધારો કરવા માગે છે- આપણાં મરણ પછી આપણને કોણ વખાણશે?"

જ્યારે જામાસ્પે તે તખ્તને જોયું-ત્યારે તેણે દાનાઇના દરવાઝાની કૂંચી જોઇ.

તેની ઉપર બુલંદ આસ્માનની ગણત્રી શું, કેમ, અને કેટલી છે તે સઘળી ઝાહેર કીધી.

તેણે પાદશાહના હોકમથી તે તખ્ત ઉપર શનિશ્ચર સેતારાથી તે માહ્‌તાબ સૂધીના તમામ ચીતારો પાડયા.

એમ કરતાં સિકંદરનો વખત આવ્યો ત્યાં સૂધીના-પાદશાહોમાંથી દરેક પાદશાહ કે તે તખ્તને જોતો,

તે તેની ઉપર સોના, રૂપાં, હાથીદાંત અને આબનૂસની કાંઇને કાંઇ ચીઝોનો વધારો કરતો હતો.

પણ સિકંદરે તેને સઘળું ભાંગી નાખ્યું-અને એક મરતબે આવું બેવકૂફી ભર્યું કામ કર્યું

તેમાંના ઘણાક ભાગો બુઝોર્ગોએ છૂપાવી રાખ્યા-અને એક હાથમાંથી બીજાના હાથમાં છોડતા આવ્યા.

એવી રીતે અર્દશીરના અમલની શુરૂઆત સૂધી ચાલ્યું-કે જે વખતે ૧૬૬
તે તખ્તનું નામ નિશાન લગભગ ભૂલાઈ ગયલું હતું.

અર્દશીરે તે તખ્તની એક ઠેકાણે નિશાન મેળવી-તેથી તેનો વિચાર તે તખ્ત પાછું ફરીથી બનાવવા તરફ દોડયો.

જ્યારે તે કકડાઓ તેણે ભેગા કર્યા-ત્યારે તેણે તેઓને એક બીજા સાથ ગોઠવી જેમ ઘટતું હતું તેમ એક તખ્ત બનાવ્યુ.

તે પાદશાહો, મોટાઓ અને સરદારોને લાયકનીજ એક બેઠક બની હતી.

જ્યાં સૂધી રાજપાટ તેના હાથમાં હતું-ત્યાં સૂધી તે તખ્ત ઉપર ખુશીથી બેસતો હતો.

ઈરાનમાં પોતાની ખાહેશ મૂજબ સત્તા ચલાવ્યા પછી-તે મરણ પામ્યો અને પોતા પાછળ તે તખ્ત મેલી ગયો.

આ રીતે એક બીજાના હાથમાં ઉતરી આવતાં તે તખ્ત નોશીરવાનને મળ્યું-બેશક તે ડાહ્યો પાદશાહ તે તખ્તને ઝાહેરમાં લાવ્યા વગર રહી શકે નહીં.

પોતાની નેક નસીબી ખાતેર દર મહિને એક વખત તે તખ્ત ઉપર બેસતો હતો.

દેશને આબાદ કરનાર શાહ નોશીરવાન-દર હોર્મઝદ રોઝને દિવસે પેલાં તખ્ત ઉપર બેસતો હતો.

તખ્તને લાયકના પાદશાહી તોખ્મના પર્વીઝ શાહને આ રીતે વારસામાં તે મળ્યું.

જ્યારે પાદશાહ પર્વીઝ તખ્ત ઉપર બેઠો-અને તમામ સરદારો તેના ૧૬૭
નેકખાહ બન્યા,

ત્યારે તેઓએ પેલાં પાદશાહી તખ્ત માટે વાતો કાઢી-અને બની ગયલા બનાવો યાદ કરવા લાગ્યા.

પર્વીઝ બોલ્યો કે "ઓ સરદારો! હું મારી રૈયતથી એવી ખાહેશ રાખું છું,

કે હું પેલાં નામીચાં તખ્તને નવેસરથી બનાઉં-અને તમામ જેહાનમાં ખુસરૂની એક યાદગારી રાખી જાઉં."

તેઓથી તેણે ઘણીક ખબરો મેળવી-અને ખુશહાલી સાથ તે સઘળી એકઠી કરવા ઉપર મંડયો.

નેવેશતહુ બેયામદ હમહુ આન્ સખુન
કે જામાસ્પ નીકુ અખ્તરૂ અફગન્દ બુન
કે આન્‌રા બેના શાહુ ગોશતાસ્પ કરૂદ
બરાયો બતદબીરે જામાસ્પ કરૂદ
નેવેશતહુ બેયાવરૂદ મૂબેદ ફરાઝ
અઝાન્ શાદ શુદ ખુસ્રવે સરૂફરાઝ
ચુ ખુસ્રવ હમી આન્ નેવેશતહુ બેયાફત
બશાદી સુએ તખ્ત કર્દન્ શેતાફત
બેયાવરૂદ પસ તખ્તે શાહુ અરૂદશીરૂ
અઝ ઈરાન્ હરાન્ કસ કે બુદ તીઝવીરૂ
૧૬૮ બહમ બરૂઝદન્દ આન્ સઝાવારૂ તખ્ત
બહન્ગામે આન્ શાહે પીરૂઝ બખ્ત
વરા દુરૂગરૂ આમદ ઝે રૂમો ઝે ચીન્
ઝે મકાનો બધદાદો ઇરાન્ ઝમીન્
હઝારો સદો બીસ્ત ઉસ્તાદ બૂદ
કે કેર્દારે આન્ તખ્ત શાન્ યાદ બૂદ
અબા હરૂ યકી મરૂદ શાગેરૂદ સી
ઝે રૂમાઓ બધદાદીઓ પારૂસી
બેફરૂમૂદ તા યકુ ઝમાન્ દમ ઝદન્દ
બદુ સાલ આન્ કારૂ દરૂહમ ઝદન્દ
ચુ બરૂ પાય કર્દન્દ તખ્તે બલન્દ
દુરોખ્શાન્દહુ શુદ રૂએ બખ્તે બલન્દ
બરશ બૂદ બાલાશ સદ શાહુ રશ
ચુ હફતાદ રશ બરૂ નેહી અઝ બરશ
સદો બીસ્ત રશ નીઝ પહુનાશ બૂદ
કે પહુનાશ કમ્તરૂ ઝે બાલાશ બૂદ
બસી રૂઝ દરૂ માહુ હરૂ બામદાદ
યકી ફરૂશ બૂદી બદીગરૂ નેહાદ
હમાન્ તખ્તે પર્વીઝ દહુ લખ્ત બૂદ
જહાન્ રઉશન્ અઝ ફરૂરે આન્ તખ્ત બૂદ
૧૬૯ બરૂ નકુશે ઝરૂરીન્ સદો ચેલ હઝારૂ
ઝે પીરૂઝહુ બરૂ ઝરૂ કે કર્દહુ નેગારૂ
હમહુ નુકએ ખામ બુદ મીખો બરા
યકી ઝાન્ બમેરકાલ બુદ શસ્તો શશ
ચુ અન્દરૂ બરહુ ખુરૂ નેહાદી ચરાધ
પસશ દશ્ત બૂદીઓ દરૂ પીશ બાધ
ચુ ખુરૂશીદ દરૂ શીરૂ ગશ્તી દુરોશ્ત
મરાન્ તખ્તરા સૂએ ઊ બૂદ પોશ્ત
ચુ હન્ગામએ તીરૂ માહુ આમદી
ગહે મીવહો જશ્નગાહુ આમદી
સુએ મીવહો બાધ બૂદીશ રૂય
બદાન્ તા બેયાબદ ઝે હરૂ મીવહુ બૂય
ઝમેસ્તાન્ કે બૂદી ગહે બાદો નમ
બરૂ આન્ તખ્ત બરૂ કસ નબૂદી દેઝમ
હમહુ તાકુહા બસ્તહુ બૂદી એઝારૂ
ઝે ખઝઝો સમૂરૂ અઝ દરે શહુરૂયારૂ
હમાન્ ગૂએ સીમીનો ઝરૂરીન્ હઝારૂ
બઆતેશ હમી તાફ્તી જામહુદારૂ
બમેરકાલ અઝાન્ હરૂ યકી પન્જ સદ
કઝ આતેશ શુદી રન્ગ હમચુ બુસદ

વળી તે તખ્તની બાબતમાં એક એવું લખાણ મળી આવ્યું-કે હકીમ જામાસ્પે સારા વખતે તે તખ્તને નવું રૂપ આપવાનું શુરૂ કર્યું.

હકીમ જામાસ્પની સૂચણા ઉપરથી-પાદશાહ ગુશતાસ્પે તેનો પ્રારંભ કર્યો હતો.

આથી તે લખેલું વડો વઝીર કાઢી લાવ્યો-તેથી સરફરાઝ ખુસરૂ ખુશહાલ થયો.

જ્યારે ખુસરૂને તે લખેલું મળ્યું-ત્યારે ખુશી થતો તુરત તખ્ત બનાવવા ઉપર મંડયો.

પછી પેલું પાદશાહ અર્દશીરનું બનાવેલું તખ્ત કાઢયું-ઈરાનીઓમાંથી જે કોઈ કે હુશયાર હતા,

તેઓએ તે ભાગ્યશાળી પાદશાહના વખતમાં-તે નામીચાં તખ્તને ગોઠવવા માડયું.

તેને માટે રૂમ, ચીન, મકાન, બગદાદ અને ઇરાન ઝમીનથી કારીગરો આવ્યા.

એક હઝાર એકસોને વીસ કારીગરો હતા-કે જેઓ તે તખ્ત બનાવવાનું કામ જાણતા હતા.

દરેક કારીગર સાથે રૂમી, બગદાદી અને પાર્સી ત્રીસ ત્રીસ ચેલાઓ હતા.

શાહે હોકમ કીધો તેથી તેઓએ થોડોક વખત આસાયેશ લીધી-પછી બે વર્ષમાં તે કામ પુરૂં કીધું.

જ્યારે તેઓએ બુલંદ તખ્ત ઉભું કીધું ત્યારે તે બુલંદ બખ્તના પાદશાહનો ચેહરો ઝળકતો થયો.

તે તખ્ત માપ (કદ)માં એકસોને સિત્તેર પાદશાહી "રશ" (તસુ) ઊંચું હતું.

તેની પોહોળાઇ એકસોને વીસ "રશ" હતી-એટલે તેની પોહોળાઇ તેની લમ્બાઇ કરતાં ઓછી હતી.

મહિનાના ત્રીસે દહાડા રોઝ સવારે તેની ઉપર નવીજ જાતનું પાથરણું બિછાવવામાં આવતું હતું.

તે પર્વીઝનું તખ્ત દશ ભાગનું બનેલું હતું-તે તખ્તના દબદબાથી જેહાન રોશન હતી.

તેની ઉપર એક લાખ ને ચાળીસ હઝાર સોનેરી ચીતાર હતા-તે સોના ઉપર પીરૂઝાથી સઘળો ચીતાર પાડેલો હતો.

તેમાં સઘળે ખાલેસ ચાંદીના ચાપડા અને ખીલીઓ લગાડી હતી-જે દરેકનું વઝન છાસટ મિસ્કાલ હતું.

જ્યારે ખુરશીદ મેષ રાશિમાં પોતાની રોશની મેલતો (યાને દાખેલ થતો)-ત્યારે તે તખ્તની પછાડી જંગલ અને આગળ બાગ દેખાવા લાગતો હતો.

જ્યારે ખુરશીદ સિંહ રાશિમાં દાખેલ થતો-ત્યારે તે તખ્તની પીઠ તેની તરફ થતી હતી

જ્યારે તીર મહિનાનો હન્ગામ આવતો-અને ફળફલાદી પાકવાનો અને ખુશીની મજલેસો કરવાનો વખત આવતો હતો,

ત્યારે મેવા અને બાગ તરફ તે તખ્તનું મોહું થતું હતું-કે જેથી દરેક જણ મેવાની ખુશબો મેળવે.

શિયાળાના દહાડા કે જ્યારે હવા અને ભીનાસનો વખત આવતો-ત્યારે તે તખ્ત માટે કોઇને કશી ચિન્તા હતી નહીં.

તે વખતને માટે પાદશાહોને લાયકના રેશમી અને સુનેરી કપડાંના પરદા તેની સઘળી મેહરાબો ઉપર બાંધવામાં આવ્યા હતા.

તેમજ સોનેરી અને રૂપેરી એક હઝાર દડા રાખવામાં આવ્યા હતા-જેઓને જામદાર (પરદાનો ઉપરી) આતશથી ગરમ કરતો હતો.

તે દડાઓ કે જે આતશની ગરમીથી પરવાળાં જેવા થઇ જતા તે દરેક વઝનમાં પાંચસો મિસ્કાલના હતા.

ચકી નીમહુ જ઼ અન્દરૂ આતશ બુદી
દેગરૂ પીશે ગોર્દાને સરૂકશ બુદી

શુમારે સેતારહુ દહો દૂઓ હફ્ત
હમાન્ માહે તાબાન્ બબુરૂજી કે રફ્ત
ચે જ઼ ઈસ્તાદહુ ચે રફ્તહુ ઝે જાય
બદીદી બચશ્મે સરૂ અખ્તરૂ ગેરાય
ઝે શબ્ નીઝ઼ દીદી કે ચન્દી ગુજ઼શ્ત
સેપહરૂ અઝ઼ બરે ખાકૂ બરૂ ચન્દ ગશ્ત
અઝ઼ાન્ તખ્તહા ચન્દ ઝ઼રૂરીન્ બુદી
ચે માયહુ અઝ઼ ગઉહરૂ આગીન્ બુદી
શુમારશ નદાનેસ્ત કર્દન કસી
બગરૂ ચન્દ બૂદીશ દાનેશ બસી
હરાન્ ગઉહરી કશ બહા ખારૂ બૂદ
કમો બીશ હફ્તાદ દીનારૂ બૂદ
બસી નીઝ઼ બુગ્ઝ઼શ્ત બરૂ હફ્ત સદ
હમી ગીરૂ અઝ઼ીનગૂનહુ અઝ઼ નીકો બદ
બસી સુરૂખ યાકૂત બુદ કશ બહા
નદાનેસ્ત કસ પાયહો મુન્તહા
કે રઉશાન્ શુદી જ઼ શબે તીરહુ ચેહરૂ
ચુ નાહીદ રખ્શાન્ શુદી બરૂ સેપેહરૂ
સે તખ્ત અઝ઼ બરે તખ્ત બરૂ પાયહુ બૂદ
ઝે ગઉહરૂ સરે માયહુ પુરૂ માયહુ બૂદ
અઝ઼ીન્ તા બદાન્ પાયહુ બૂદી ચહારૂ
હમાન્ પાયહુ ઝ઼રૂરીનો ગઉહરૂ નેગારૂ
ચકી તખ્તરા નામ બુદ મીશસારૂ
સરે મીશ બૂદી બરૂ બરૂ નેગારૂ
દેગરૂ તખ્તરા ખાન્દી લાજવરૂદ
કે હરૂગેઝ઼ નદીદી વરા બાદો ગરૂદ
સેદીગરૂ સરાસરૂ ઝે પીરૂઝહુ બૂદ
બરૂ હરૂકે દીદીશ દેલ સૂઝહુ બૂદ
હરાન્ કસ કે દેહકાન્ બુદો ઝ઼ીરૂદસ્ત
વરા મીશ સરૂ બૂદ જાએ નેશસ્ત
સવારાને બી બાકૂ રૂઝે નબરૂદ
શુદન્દી બરાન્ ગુમ્બદે લાજવરૂદ
બપીરૂઝહુ બરૂ જાએ દસ્તૂરૂ બૂદ
કે અઝ઼ કદખોદાઈશ રન્જૂરૂ બૂદ
ચુ બરૂ તખ્તે પીરૂઝહુ બૂદી નેશસ્ત
ખેરદમન્દ બૂદીઓ મેહુતરૂ પરસ્ત
ચકી જામહુ અફૂગન્દહુ બુદ ઝ઼રૂરબફ્ત
બરશ બૂદ બાલાશ પન્જાહો હફ્ત
બગઉહરૂ હમહુ રીશહા બાફ્તહુ
ઝે બરૂ શૂશએ ઝ઼રૂ બરૂ તાફ્તહુ
બરૂ કરૂદ પયદા નેશાને સેપેહરૂ
ઝે બહુરામો કયવાનો હોરૂમુઝ઼દો મેહરૂ
ઝે નાહીદો તીરો ઝે ગર્દન્દહુ માહુ
પદીદારૂ કર્દહુ બદો નીકે શાહુ
હમ અઝ઼ હફ્ત કેશ્વરૂ બરૂ બરૂ નેશાન્
ઝે દેહકાનો અઝ઼ રઝ઼મ ગર્દનકશાન્

તેઓમાંના અડધા આતશ ઉપર ગરમ થતા હતા-અને બીજા અડધા ૧૭૦
ગરમ થયલા આસાન ઉપર બેઠેલા બહાદુરોની આગળ ગર્મી આપવા મૂકવામાં આવતા હતા.

બારે રાશિ અને સાત ગ્રહોનો તેમાં હિસાબ હતો-તેમજ પ્રકાશતો ચંદ્ર જે રાશિમાં કે જતો,

તેને નુજૂમી પોતાની આંખોએ જોતો કે તે કેટલા અંશે ચાલ્યો છે અને કેટલા અંશે ઉભો છે.

તેમજ રાત કેટલી વીતી છે અને આસ્માન ઝ઼મીનથી ઉપર કેટલો ફર્યો છે તે પણ તે જોતો હતો.

તે તખ્તોમાંથી કેટલાંક સોનેરી હતાં-જ્યારે તેમાંનાં બીજાં કેટલાંક ગોહર જડિત હતાં.

તેની ગણત્રી કોઇ ગમે એટલો અકલમંદ શખ્સ હોય, તોપણ કરી શકતો નહીં હતો.

ઓછામાં ઓછી કીમતનું જે ગોહર કે તેમાં જડેલું હતું તેની કીમત ઓછી વધતી સિત્તેર દીનાર જેટલી હતી.

ઘણાંક ગોહરો તો સાતસોથી પણ ઉપરનાં હતાં-એજ પ્રમાણે સારાં નરસાંનો હિસાબ ગણી લે.

તેમાં જડેલાં ઘણાંક લાલ યાકૂતો એવાં હતાં કે જેની કીમતનું-કશું થડ ડેકાણુંજ કોઇ જાણતું નહીં હતું.

કે જેઓથી અંધારી રાતનો દેખાવ આસ્માન ઉપર જેમ શુક્ર સેતારો ઝ઼ળકતો થતો હતો, તેમ રોશન થતો હતો.

તે તખ્ત ઉપર બીજાં ત્રણ તખ્ત ચઢાવેલાં હતાં-જે સઘળાં ગોહર ૧૭૧
જડિત હતાં.

નીચલાં તખ્તથી ઉપરનાં તખ્ત સૂધી ચાર પગથિયાં હતાં-જે સઘળાં પગથિયાં સોનેરી અને ગોહર જડિત હતાં.

એક તખ્તનું નામ "મીશસાર" હતું-જેની ઉપર મેંઢાંનાં સરનો ચીતાર હતો.

બીજાં તખ્તને "લાજવર્દ" કહેતા હતા-કે જેને કદીબી પવન અને ધૂળ લાગતી નહીં હતી.

ત્રીજું તખ્ત તમામ પીરૂઝાનું બનાવેલું હતું-તેને જે કોઈ જોતું તેનું દિલ બળતું હતું (કે મારી પાસે એવું નહીં મળે).

જે કોઇ કે દેહકાનો અને ઉતરતા દરજ્જાના લોકો હતા-તેઓની બેસવાની જગ્યા "મીશસાર" હતી.

લડાઇને દહાડેના બહાદુર સવારો-પેલાં તે લાજવર્દી ગુમ્બઝ઼ ઉપર જતા હતા.

પીરૂઝાનાં તખ્ત ઉપર વઝ઼ીરની જગ્યા હતી કે જે પાદશાહની સાહેબીથી દુઃખી હતો.

જ્યારે તે પીરૂઝાનાં તખ્ત ઉપર બેસતો-ત્યારે તે દાનેશમંદ અને પાદશાહનો વફાદાર બનતો હતો.

એક સોનેરી ભરતકામનું કપડું પાંથરેલું હતું-જેની લમ્બાઈ સત્તાવન વામ હતી.

તેના દોરેદોરામાં મોતી પોયલાં હતાં-અને છેડા સોનાના તારથી ૧૭૨
ગુંથેલા હતા.

તેની ઉપર આસ્માનનો નકશો ઝ઼ાહેર કર્યો હતો-મંગળ, શનિશ્વર, બહસ્પતિ અને સૂર્યના ગ્રહોથી,

તેમજ શુક્ર, બુધ અને ચંદ્રના ગ્રહોથી તે બનાવ્યો હતો-જેમ કરી પાદશાહનું ભૂંડું અને ભલું સઘળું ખુલ્લું કર્યું હતું.

તેની ઉપર હફતકેશ્વર ઝ઼મીનનો પણ નકશો પાડેલો હતો-તેમજ દેહકાનના અને બહાદુર લોકોની લડાઈના ચીતારો પાડેલા હતા.

બરૂ હમ નેશાને ચેહેલો હફ્ત શાહ
પદીદાર્ કર્દહ સરો તાજો ગાહ
બઝરૂ બાફ્તહ તાજે શાહનશાહાન્
ચુનાન્ જામહ હરૂગેઝ નબુદ દરૂ જહાન્
બચીન્ દરૂ યકી મરૂદ બુદ બી હમાલ્
હમી બાફ્ત આન્ જામહ દરૂ હફ્ત સાલ્
સરે સાલે નવ હોરૂમુઝે ફરૂવદીન્
બેયામદ બરે શાહે ઈરાન જમીન્
બેઓરૂદ આન્ કઈ ફરૂશ નઝદીકે શાહ
ગેશાનમાયગાન્ બરૂ કુશાદન્દ રાહ
બેગુસ્તરૂદ ફ્રૂઝે નવ આન્ જામહરા
ઝે શાદી જુદા કર્દહ બદ કામહરા
૧૭૩ બરાન્ જામહ બરૂ મજ્લેસ આરાસ્તન્દ
નવાઝન્દએ રૂદો મય ખાસ્તન્દ

વળી તેની ઉપર સુડતાળીસ પાદશાહો માથે તાજ સાથ તખ્તે બેસાડેલા દેખાતા હતા.

તે શેહન્શાહોનાં તાજ સોનેરી વણાટનાં કપડાંથી મઢેલાં હતાં-એવું કપડું દુન્યામાં કંઈ કદી પણ બનતું હતું નહીં.

ચીનમાં એક વગર હરીફનો કારીગર રહેતો હતો-તેણે તે કપડું સાત વર્ષે તૈયાર કીધું હતું.

તે શખ્સ નવાં વર્ષની શુરૂઆતમાં ફર્વર્દીન મહિનાનાં હોર્મઝદ રોઝે-ઇરાન ઝમીનના પાદશાહ આગળ આવ્યો.

સરદારોએ તેને રસ્તો આપ્યો જેથી તે શખ્સ પેલો પાદશાહી ગલીચો પાદશાહ પાસે લઈ ગયો.

અને નવાં વર્ષને દહાડે તે ગલીચો પાંથર્યો-અને તે નવાં વર્ષની ખુશાહાલીને લીધે સઘળા બૂરા વિચાર દૂર કર્યા હતા.

તે દિવસે તે ગલીચા ઉપર મજલેસ ભરી ગવૈયાઓને તેડી મંગાવી ત્યાં મય મંગાવ્યો.

સરૂગુઝશ્તે સરૂગશ્ વ બારૂબુદ્ રામેશગરૂ બા ખુસવૂ પર્વીઝૂ.

---:o:---

ચકી મુત્રેબી બૂદ સર્ગશ બનામ
બરામેશગરી દરૂ શુદહ શાદકામ
હમી આફરીન ખાન્દ સર્ગશ બરૂદ
શાહન્શાહરા દાદ ચન્દી દરૂદ
બુઝોર્ગાન્ બરૂ ગઉહરૂ અફ્શાન્દન્દ
કે ફરૂરે બુઝોર્ગીશ મીખાન્દન્દ
હમી હરૂઝમાન્ શાહ બરૂતરૂ ગુઝશ્ત
ચુ શુદ સાલે શાહીશ બરૂ બીસ્તો હશ્ત
કસીરા નબુદ દરૂ બરશ કારૂ બદ
ઝે દરૂગાહ આગાહ શુદ બારૂબદ
બદ્દુ ગોફ્ત હરૂકસ કે શાહે જેહાન્
ગુઝીદહસ્ત રામેશગરી દરૂ નેહાન્
કે ગરૂ બા તો ઊરા બરાબરૂ કુનન્દ
તોરા બરૂ સરે સરૂગશ અફ્સરૂ કુનન્દ
ચુ બેશ્નીદ મરૂદ આન્ બેજ્રૂશીદશ આઝ
વગરૂચેહ નબૂદી બચીઝી નેયાઝ
ઝે કેશ્વરૂ બેશુદ તા બદરૂગાહે શાહ
હમી કરૂદ રામેશગરાન્રા નેગાહ
૧૭૪ ચુ બેશ્નીદ સર્ગશ દેલશ તીરહ ગશ્ત
બઝખ્મે સોરૂદ અન્દરૂ ખીરહ ગશ્ત
બેયામદ બનઝદીકે સાલારે બારૂ
દેરમ કર્દો દીનારૂ ચન્દી નેસારૂ
બદ્દુ ગોફ્ત રામેશગરી બરૂ દરસ્ત
કે અઝ મન્ બસાલો હોનરૂ બરૂતરસ્ત
નબાયદ કે દરૂ પીશે ખુસવ શવદ
કે મા કોહનહ ગર્દીમો ઊ નવ શવદ
ઝે સર્ગશ ચુ બેશ્નીદ દરૂબાને શાહ
ઝે રામેશગરે તાઝહ બરૂ બસ્ત રાહ

ખુસરૂ પર્વીઝ સાથનો સર્ગશ અને બાર્બુદ ગવૈયાનો અહવાલ.

---:o:---

એક સર્ગશ નામનો ગવૈયો હતો-જે ગાયણમાં પ્રવીણ હતો.

તે સર્ગશ પોતાના વાજન્તર ઉપર પાદશાહની વખાણ ગાતો હતો.

તેમજ બીજા સરદારો પણ તેની ઉપર ગોહરો વધાવતા હતા-અને તેને "બુઝોર્ગીનો ઝળકાટ" કરી કહેતા હતા.

પાદશાહની દરરોઝ ચઢતીજ થવા લાગી-જ્યારે તેની પાદશાહીનાં અઠ્ઠાવીસ વર્ષ પસાર થયાં,

ત્યારે તેની દરબારમાં કોઇનું પણ કામ ખરાબ થતું હતું નહીં-એવી દરબારની ખબર બારબુદ નામના ગવૈયાને પડી.

તે ગવૈયાને દરેક જણ કહેવા લાગ્યુ કે "દેશના પાદશાહે પોતાને માટે એક ખાસ ગવૈયો પસંદ કરી રાખ્યો છે

પણ જો તેનો અને તારો મુકાબલો થાય-તો ઝરૂર તને તે સર્ગશ ઉપર સરસાઈ મળે"

જ્યારે બારબુદે એવું સાંભળ્યું ત્યારે તેનો લોભ ઉભરાઇ આવ્યો-જો કે તેને કશી વાતની હાજત નહીં હતી

તે પોતાના મુલકમાંથી પાદશાહની દરબાર સૂધી આવી લાગ્યો-અને ત્યાંના ગવૈયાઓની તપાસ કરવા લાગ્યો.

જ્યારે સર્ગશે એવું સાંભળ્યું ત્યારે તે ગમગીન થયો-અને તેના સુરોદ વજાડવાથી અજબ રહ્યો.

તે દરબારના વડા પાસે આવ્યો-અને તેણે કેટલાક દિરમ અને દીનાર લાંચ તરીકે આપ્યા.

અને તેને કહ્યું કે "એક ગાનારો દરવાઝા ઉપર આવ્યો છે-કે જે મારાં કરતાં ઉંમરમાં તેમજ ગાવાના હુનરમાં ચઢિયાતો છે.

તેને તું ખુસરૂ પાસે જવા દેતો ના-નહીં તો હું જૂનો થઈ તે નવો બની જશે."

જ્યારે શાહના દરબાને સર્ગશની એવી વાત સાંભળી-ત્યારે પેલા નવા ગવૈયાનો રસ્તો બંધ કીધો.

ચુ રફતી બનઝદીકે ઊ બારૂબદ
હમશ કારૂ બદ બુદ હમશ બારૂ બદ
નદાદી વરા બારૂ સાલારે બારૂ
ન સર્ગશ બુદી મરૂદુમે ખાસ્તારૂ
ચુ નઉમીદ બરૂગશ્ત અઝાન બારૂગાહ
અબા બર્બત આમદ સુએ બાધે શાહ
કે આન બાધબાન બૂદ મરૂદૂય નામ
શુદ અઝ દીદનશ બારૂબુદ શાદકામ
બદાન બાધ રફતી બનવરૂઝ શાહ
દો હફતહ બેબૂદી બદાન જશ્નગાહ
સબુક બારૂબુદ નઝદે મરૂદૂય શુદ
હમાન રૂઝ બા મરૂદ હમખૂય શુદ
ચુનીન ગોફ્ત બા બાધબાન બારૂબુદ
કે ગૂઈ તો જાનીઓ મન કાલબુદ
કુનૂન આરૂઝૂ ખાહમ અઝ તૂ યકી
કે આન હસ્ત નઝદીકે તૂ અન્દકી
ચુ આયદ બદીન બાધ શાહે જેહાન
મરા રાહ દેહ તા બેબીનમ નેહાન
કે તા ચૂન શવદ શાહરા જશ્નગાહ
બેબીનમ નેહોફ્તહ યકી રૂએ શાહ
બદૂ ગોફ્ત મરૂદૂય અયદૂન કુનમ
ઝે મધઝે તો અન્દીશાહ બીરૂન કુનમ
ચુ ખુસ્રવ હમી સાખ્ત કાયદ બબાધ
દેલે બાધબાન શુદ ચુ રઉશન ચરાધ
બરે બારૂબુદ શુદ બેગોફ્ત આન કે શાહ
હમી રફ્ત ખાહદ બદાન જશ્નગાહ
હમહ જામહા બારૂબુદ સબ્ઝ કરૂદ
હમાન બરૂબતો રૂદો નન્ગો નબરૂદ
બેશુદ તા બજાઈ કે ખુસ્રવ શુદી
બહારાન નેશસ્તનગહે નવ શુદી
યકી સરૂવ બુદ સબ્ઝો બર્ગશ ગશન
બરો શાખ ચૂન રઝમગાહે પશન
બરાન સરૂવ શુદ બરૂબત અન્દરૂ કેનારૂ
ઝમાની હમી બૂદ તા શહરૂયારૂ
ઝે અયવાન બેયામદ બદાન જશ્નગાહ
બેયારાસ્ત પાલીઝબાન જાએ શાહ
બેયામદ પરીચેહરએ મય ગોસારૂ
યકી જામ બરૂ કફ બરે શહરૂયારૂ
જહાનદારૂ બેસ્તદ ઝે કુદક નબીદ
બુલૂર અઝ મયે સોરૂખ બુદ નાપદીદ
બદાન ગહ કે ખુરૂશીદ બરૂગશ્ત ઝરૂદ
હમી બૂદ તા ગશ્ત શબ લાજવરૂદ
ઝનન્દહ બદાન સરૂવ બરૂદાશ્ત રૂદ
હમાન સાખ્તહ ખુસ્રવાની સોરૂદ
યકી નધઝ દસ્તાન બેઝદ બરૂ દેરખ્ત
કઝાન ખીરહ શુદ મર્દે બીદારૂ બખ્ત
સોરૂદી બઆવાઝે ખુશ બરૂ કશીદ
કે અકનૂનશ ખાની તો દાદ આફરીદ
બેમાન્દન્દ યકસરૂ હમી દરૂ શેગેફ્ત
હમી હરૂ કસી રાએ દીગરૂ ગેરેફ્ત

જ્યારે પણ બારબુદ પેલા દરબાન પાસે જતો-ત્યારે તેનાં કામ અને દર્શન ખોટાંજ હતાં.

પેલો દરબારનો વડો તેને દરબારમાં દાખેલ કરતો હતો નહીં-તેમજ સર્ગરા તેને બોલાવતો પણ હતો નહીં.

જ્યારે તે દરબાર આગળથી નાઉમેદ થઇ પાછો ફર્યો-ત્યારે તે હાથમાં સિતાર લઇ પાદશાહના બાગ તરફ આવ્યો.

કે તે બાગના માળીનું નામ "મરદૂય" હતું-તેને જોઇ બારબુદ ખુશી થયો.

તે બાગમાં પાદશાહ નવરૂઝને દહાડે જતો-અને તે ખુશહાલીની જગ્યામાં બે અઠવાડિયાં રહેતો હતો.

બારબુદ શેતાબ મરદૂયની નઝદીક ગયો-અને તેજ દહાડે તે શખ્સ ૧૭૫
સાથ પળોટાઇ ગયો.

બારબુદે તે બાગબાનને એ પ્રમાણે કહ્યું-કે "તું જાણે મારો જીવ છે અને હું પોતે શરીર છું.

હાલ હું તારી પાસેથી એક માગણી કરૂં છું-કે જે તારે મનસે તો તદ્દન નજીવી જેવી છે,

કે જ્યારે આ બાગમાં દેશનો પાદશાહ આવે-ત્યારે તું મને અંદર દાખેલ કર કે જેથી હું છુપી રીતે જોઉં,

કે પાદશાહની જશ્નગાહ કેવી હોય છે?-તેમજ હું છુપી રીતે પાદશાહનો ચેહરો પણ જોઇ લઉં."

મરદૂએ તેને કહ્યું કે "હું એમજ કરીશ-તારાં દિલમાંની સઘળી ફિકર દૂર કરીશ"

જ્યારે ખુસરૂએ બાગમાં આવવાની તૈયારી કીધી-ત્યારે પેલા બાગબાનનું દિલ રોશન ચેરાગની માફકનું થયું (યાને ખુશી થયો).

તે બારબુદ આગળ જઈ બોલ્યો કે "પાદશાહ-તે જશ્નગાહમાં આવનાર છે."

આથી બારબુદે સઘળો લીલો પોશાક પેહેર્યો-તેમજ સિતાર, સારંગી અને બીજી સઘળી ચીઝો લીલી બનાવી.

અને જે જગ્યાએ કે ખુસરૂ હતો-અને જ્યાં બહારની મોસમમાં તેની નવી બેઠક થતી હતી, ત્યાં ગયો.

ત્યાં એક લીલું સરોવર હતું જેનાં પાદડાં ઘણાંજ ગીચ હતાં-જેનાં ૧૭૬
ડાળ પાંખડાં "પશન"ની લડાઇગાહ માફક ફેલાયલાં હતાં.

પેલો ગવૈયો પોતાની બગલમાં સિતાર લઇ તે સરોવરનાં ઝાડ ઉપર ચઢી ગયો-અને ત્યાં સૂધી તે પેલાં ઝાડ ઉપર રહ્યો કે પાદશાહ,

પોતાના અયવાનમાંથી નીકળી તે જશ્નગાહમાં આવ્યો-પેલા માળીએ પાદશાહ માટે જગ્યા તૈયાર કીધી.

પરીને ચેહરેનો મય રેડનારો પોતાના હાથમાં મયની જામ લઈ પાદશાહ પાસે આવ્યો.

પાદશાહે તે છોકરા પાસેથી શરાબ લીધો-લાલ મયને લીધે પેલી બિલોરી જામનો રંગ ઢંકાઈ ગયો હતો.

જે વખતે કે ખુરશીદ અસ્ત પામ્યો અને રાત અંધારી થઇ ત્યાં સૂધી તે થોભી ગયો.

હવે પેલા ગવૈયાએ તે સરોવર ઉપર સિતાર ઉઠાવ્યો-અને ખાસ જોડેલું એક પાદશાહી ગાયણ ગાવા માડિયું.

ઝાડ ઉપરથી તેણે એક એવુ સુંદર દાસ્તાન લલકાર્યું-કે જેથી તે બીદાર બખ્તનો પાદશાહ અજબ થયો.

તેણે ખુશ આવાઝથી એક રાગ ગાયો-કે જે હાલ "દાદ આફરીદ"ને નામે ઓળખાય છે.

સઘળાઓ તે સાંભળી અજબ થયા-અને દરેક જણ જુદો જુદો વિચાર કરવા લાગ્યા.

૧૭૭ અઝાન્ ઝખમહુ સર્ગશ ચુ બીહુશ ગશ્ત
બેદાનેસ્ત કાન્ કીસ્ત ખામૂશ ગશ્ત
કે ચુન્ બારૂબુદ કસ ચુનાન્ ઝખમે રૂદ
નદાનદ ન આન્ પહુલવાની સોરૂદ
બદાન્ નામદારાન્ બેફરૂમૂદ શાહ
કે જૂયન્દ સરૂ તા સરૂ ઈન્ જશ્નગાહ
ફેરાવાન્ બેજુસ્તન્દો બાઝ આમદન્દ
બનઝદીકે ખુસ્રવ ફરાઝ આમદન્દ
જહાનદીદહ સર્ગશ સખુન્ બરૂ ગેરેફ્ત
કે અઝ બખ્તે શાહ ઈન્ નબાશદ શેગેફ્ત
કે ગર્દદ ગુલો સરૂવ રામેશગરશ
કે જાવીદ બાદા સરો અફસરશ
બેયાવરૂદ જામી દેગરૂ મય ગોસારૂ
ચુ અઝ ખૂબ્રોખ બેસ્તદ આન્ શહરૂયારૂ
ઝનન્દહ દેગરૂ ગૂન્ બેયારાસ્ત રૂદ
બરૂ આવરૂદ નાગાહ દીગરૂ સોરૂદ
કે પયકારૂ ગોર્દશ હમી ખાન્દન્દ
ચુનીન નામ અઝ આવાઝે ઊ રાન્દન્દ
ચુ આન્ રામેશી ગોફ્ત ખુસ્રવ શનીદ
બઆવાઝે ઊ જામે મય દરૂ કશીદ
૧૭૮ બેફરૂમૂદ કીનરા બજાય આવરીદ
હમાન્ બાઘ યકસરૂ બપાય આવરીદ
બેજુસ્તન્દ બેસ્યારૂ હરૂ સૂએ બાઘ
બેઓર્દન્દ ઝીરે દેરખ્તાન્ ચરાઘ
નદીદન્દ ચીઝી જોઝ અઝ બીદો સરૂવ
ખરામાન્ બઝીરે ગુલ અન્દરૂ તઝરૂવ
શહનશાહ પસ જામે દીગરૂ બેખાસ્ત
બરૂ આવાઝે ઊ સરૂ બરૂઆવરૂદ રાસ્ત
બરૂ આમદ દેગરૂ બારહ બાન્ગે સોરૂદ
દેગરૂ ગૂનહ તરૂ સાખ્ત આવાએ રૂદ
હમી સબ્ઝ દરૂ સબ્ઝ ખાની કુનૂન્
બદીનગૂનહ સાઝન્દ મર્દાન્ ફેસૂન્
ચુ બેશનીદ પર્વીઝ બરૂપાય ખાસ્ત
યકી જામે મય ગુલ્શન્ આરાય ખાસ્ત
કે બૂદ અન્દરાન્ જામ યક મન નબીદ
બયકદમ મયે રઉશન અન્દરૂ કશીદ
ચુનીન્ ગોફ્ત કીન્ ગરૂ ફેરેશ્તહ બુવદ
ઝે મુશ્કો ઝે અમ્બરૂ સેરેશ્તહ બુવદ
વગરૂ દીવ બૂદી નગોફ્તી સોરૂદ
હમાન્ નીઝ નેશનાખ્તી ઝખમે રૂદ
૧૭૯ બેજૂઈદ દરૂ બાઘ તા ઇન્ કુજાસ્ત
હમહ બાઘો ગુલ્શન્ ચપો દસ્તે રાસ્ત
દહાનો બરશ પુરૂ ઝે ગઉહરૂ કુનમ
બરીન્ રૂદ સાઝાનશ મેહતરૂ કુનમ
ચુ બેશનીદ રામેશગરૂ આવાઝે ઊય
હમાન્ ખૂબ્ ગોફ્તારે દમસાઝે ઊય
ફેરૂદ આમદ અઝ શાખે સર્વે સહી
હમી રફ્ત બા રામેશો ફરૂરહી
બેયામદ બેમાલીદ બરૂ ખાક રૂય
બદૂ ગોફ્ત ખુસ્રવ કે મર્દી બેગૂય

તે રાગથી પેલો સર્ગશ ગવૈયો તો બેહોશ જેવો બની ગયો-તે તો સમજીજ ગયો કે એ કોણ છે, તેથી મૂગોજ રહ્યો.

કારણકે બારબુદ સિવાય કોઇ એવું મોરચંગ વગાડવાનું અને એવો પેહલવાની રાગ ગાવાનું જાણતું નહીં હતું.

પાદશાહે તે નામદારોને ફર્માવ્યું-કે આ જશ્નગાહમાં સઘળે તેની શોધ કરો.

તેઓએ ઘણી શોધ કીધી અને ખુસરૂની નઝદીક પાછા આવ્યા.

હવે પેલો અનુભવી સર્ગશ બોલવા લાગ્યો-કે "પાદશાહનાં નસીબને ઝોરે એવું કાંઈ બને તો અજબ થવા જેવું નથી,

કે ફૂલ અને સરોવરનું ઝાડ તેના ગવૈયા થાય-તેનું સર અને તાજ જાવેદાન સૂધી રહેજો!"

મય રેડનાર બીજો એક જામ લાવ્યો-જ્યારે ખૂબસૂરત સાકી પાસેથી તે જામ પાદશાહે લીધી,

ત્યારે પેલા ગવૈયાએ તે વાજન્તરને બીજીજ રીતે સણગાર્યું-અને અચિન્તો એક નવોજ રાગ ગાયો.

કે જે ગીતની રાહને "પયકારે ગોર્દ" કરી કેહતા હતા-અને તેના આવાઝ ઉપરથીજ એ નામ પડ્યુ હતું.

જ્યારે તે ખુશી ભરેલું ગાયણ ખુસરૂએ સાંભળ્યું-ત્યારે તેના આવાઝ સાથ તેણે મયની જામ પુરી કીધી.

તેણે હોકમ કીધો કે "અને શોધી કાઢો-સઘળો બગીચો ઉથલપાથલ કરી નાખો."

તેઓએ બાગની ચો તરફ ઘણીબી શોધ કીધી-અને ઝાડો હેઠળ બત્તિઓબી લઈ ગયા.

પણ બીદનાં અને સરોવરનાં ઝાડ સિવાય તેમજ ફૂલોની નીચે લાડથી ચાલતાં તીતર સિવાય કોઇબી ચીઝ ત્યાં જોઈ નહીં.

પછી શેહન્શાહે એક બીજી જામ માગી-અને પેલાના આવાઝ ઉપર બરાબર ધ્યાન રાખ્યું.

બીજી મરતબે ગાવાનો સાદ આવ્યો-હવે પેલાં મોરચંગનો આવાઝ તદ્દન બીજીજ રીતનો બન્યો.

એ રાગનું નામ હાલમાં "સબઝ દર સબઝ" કહેવાય છે-બાહોશ માણસો એવી રીતનો રાગ ગાઇ સામાને વશ કરે છે.

જ્યારે પર્વીઝે એ રાગ સાંભળ્યો ત્યારે તે ઉભો થયો-અને બાગને દીપાવનારી એક મયની જામ લીધી.

કે જે જામની અંદર એક મન દારૂ હતો-તે ઝળકતો શરાબ એકદમ પી ગયો.

ખુસરૂ બોલ્યો કે "આ ગાનારો જો ફરેશ્તો હોય અથવા તો કસ્તુરી અને અંબરનો બનેલો હોય,

અથવા તો કોઈ દેવ હોય, તે પણ આવું ગાયણ ગાય નહીં-અને આવું વાજન્તર વજાડી જાણે નહીં.

તમો બાગમાં શોધ કરો બાગની જમણી ડાબી બાજૂએ સઘળી શોધ ચલાવો કે એ કયાં છે?

હું તેનું મોઢું અને છાતી ગોહરથી ભરી નાખીશ-અને આ ગવૈયાઓ ઉપર તેને સરદાર કરીશ"

જ્યારે પેલા ગવૈયાએ તેનો સાદ સાંભળ્યો-અને તેની આ ભલી અને મન ગમતી વાતો સાંભળી,

ત્યારે તે પેલાં સીધાં સરોવરની ડાળી ઉપરથી નીચે ઉતર્યો-અને ખુશ ખુશહાલ દબદબા સાથે ચાલવા લાગ્યો.

અને ત્યાં આવી ઝમીન ઉપર મોઢું મસળ્યું-ખુસરૂએ તેને પૂછ્યું કે "બોલ તું કોણ શખ્સ છે?"

બદૂ ગોફૂત શાહા યકી બન્દહ્ અમ
બઆવાઝે તૂ દર્ જહાન્ ઝન્દહ્ અમ
સરાસર્ બેગોફૂત આન્ચે રફૂત અઝ બનહ્
કે બૂદ અન્દરાન્ યકૂ દેહો યકૂ તનહ્
બદીદારે ઊ શાહ શુદ શાહુરૂયાર્
બસાને ગુલેસ્તાન્ બવકૂતે બહાર્
બસર્ગશ શુનીન્ ગોફૂત કય બદ હોનર્
તો ચૂન હન્ઝેલી બારૂબુદ ચૂન્ શકર્
ચેરા દૂર્ કર્દી તો ઊરા ઝે મન્
દેરીઘ્ આમદત્ રૂદ અઝીન્ અન્જુમન્
બર્ આવાઝે ઊ શાહ્ મય બર્ કશીદ
હમાન્ જામે યાકૂત બર્ સર્ કશીદ
બદીનગૂનહ્ તા સર્ સુએ ખાબ્ કરૂદ
દહાનશ પુર્ અઝ દુર્રે ખૂશાબ્ કરૂદ
બેશુદ બારૂબુદ શાહે રામેશગરાન્
યકી નામદારી શુદ અઝ મેહ્તરાન્
સર્ આમદ કુનૂન રૂઝ બર્ બારૂબદ
મબાદા કે બાશદ તોરા યાર્ બદ
કે રૂઝે કેહાનો મેહાન્ બુગ્ઝરદ
ખેરદ્મન્દ મર્દુમ ચેરા ઘમ ખરદ
બસી કેહ્તરો મેહ્તર્ અન્દર્ ગુઝશ્ત
નખાહમ મન્ અઝ ખાબ્ બીદાર્ ગશ્ત
હરાનગહ્ કે શુદ સાલ્ બર્ શસ્તો શશ
ન નીકૂ બુવદ મર્દુમે કીનહ્ કશ
ચુ ઈન્ નામવર્ નામહ્ આયદ બબુન્
ઝે મન્ રૂએ ગીતી શવદ પુર્ સખુન્
હરાન્ કસ કે દારદ હુશો રાયો દીન્
પસ અઝ મર્ગ્ બર્ મન્ કુનદ આફરીન્
અઝીન્ પસ નમીરમ કે મન્ ઝન્દહ્ અમ
કે તોખ્મે સખુનરા પરાગન્દહ્ અમ

તે બોલ્યો કે "ઓ પાદશાહ હું તારો એક ગોલામ છું-તારી તારીફ માટેજ દુન્યામાં જીવતો રહ્યો છું."

તેણે શુરૂઆતથી જે કાંઇ બન્યું હતું તે સઘળું કહ્યું-કારણ તેમાં તે એકમતનો અને એકલોજ હતો.

પાદશાહ તેને જોઈ બહારની મોસમના બાગની માફક તે ખુશહાલ થયો.

અને સર્ગશને કહ્યું કે "ઓ નાલાયક શખ્સ!-તું એળિયાની માફક કડવો અને બારબુદ શાકરની માફકનો મીઠો છે.

તેં એને મારી આગળથી શા માટે દૂર રાખ્યો-તને આ દરબારમાંનું ગાયણ નહીં ગમ્યું?"

પછી પાદશાહે તેનાજ રાગ ઉપર મય પીધો-તેમજ યાકૂતની જામ ૧૮૦
ઉઠાવી.

એવી રીતે પાદશાહને ઊંઘ આવી ત્યાં સુધી મય પીધો-અને બારબુદનું મોઢું કીમતી મોતીઓથી ભરી કાઢયું.

હવે બારબુદ ગવૈયાઓનો સરદાર બન્યો-અને સઘળા સરદારોમાં એક નામીગો ગવૈયો થયો.

હવે બારબુદનો વખત પણ પુરો થઈ ચૂકયો છે-એવું કદી ના બનતું કે કોઇ તારો બૂરો દોસ્ત હોય.

કારણકે નાના અને મોટાઓનો દહાડો પણ પસાર થઇ જાય છે-અકલમંદ માણસોએ ગમ શા માટે ખાવો જોઇયે?

ઘણા નાના અને મોટાઓ આ દુન્યામાંથી પસાર થઇ ગયા છે-પણ હું આ ઊંઘમાંથી જાગૃત થવા માગતો નથી.

જ્યારે માણસની ઉમર છાસેટ વર્ષની થાય-ત્યારે તે માણસ કીનાખોર બને તે ઠીક કહેવાય નહીં.

જ્યારે આ નામીચી તવારીખ પુરી થશે-ત્યારે તમામ દેશમાં મારીજ વાત ચાલવા લાગશે.

જે માણસ હોશયાર, વિચારવંત અને દીનદાર હશે-તે મારા મરવા બાદ મારી ઉપર દોઆ કરશે.

આ લખાણથી હું મરીશ નહીં, પણ અમર રહીશ-કારણકે દુન્યામાં મેં કવિતાનાં બીજ વાવ્યાં છે.

અયવાન્ સાખ્તને ખુસવ્ દર્ મદાઇન્.

કુનૂન અઝ મદાઈન્ સખુન્ નવ કુનમ
સુખુનહા ઝે અયવાને ખુસ્રવ કુનમ
શુનીન્ ગોફૂત રઉશન દેલે પારૂસી
કે બુગ્ઝશ્ત સાલ્ અઝ બરશ ચાર્ સી
કે ખુસ્રવ ફેરેસ્તાદ કસહા બરૂમ
બહેન્દો બચીનો બઆબાદ બૂમ
બેરફૂતન્દ કારીગરાન્ સે હઝાર્
ઝે હર્ કેશવરી હર્કે બુદ નામદાર્
અઝીશાન્ હરાન્ કસ કે ઉસ્તાદ બૂદ
ઝે ખેશ્તો ઝે કચ્ બર્ દેલશ યાદ બૂદ
દો ‚સદ મર્દ બુગ્ઝીદ અન્દર્ મેયાન્
અઝ ઈરાનો અહ્વાઝો અઝ રૂમેયાન્

ખુસરૂએ મદાઇન શેહરમાં મેહલ બંધાવવો.

હવે હું મદાઈન શેહરનું બેયાન લખું છું-અને ખુસરૂના મેહલ માટેના ૧૮૧
સખુનો કહું છું.

એક રોશન દિલનો પાર્સી કે જેની ઉમર એકસો વીસ વર્ષની થઇ હતી, તેણે એ પ્રમાણે કહ્યું છે,

કે ખુસરૂએ રૂમ, હિંદુસ્તાન, ચીન અને બીજા જાણિતા મુલકમાં માણસો મોકલ્યાં.

જેથી દરેક મુલકમાં જે વખણાયલા કારીગરો હતા તેમાંના ત્રણ હઝાર કારીગરો ત્યાં આવી લાગ્યા.

તેઓમાંથી જે કોઇ કે ઉસ્તાદ હતા-અને જેઓ ઇંટ અને ચૂનાનું કામ સારી રીતે સમજતા હતા,

તેવા ઈરાન, અહવાઝ અને રૂમીઓમાંથી બસો મર્દ ચુંટી કાઢયા.

બઝીશાન્ હેક્ષાવરૂ ગુઝીન્ કરૂદ સી
અઝીન્ સી દો રૂમી યકી પારૂસી
વઝાન્ સેહ્ ગુઝીદન્દ રૂમી યકી
કે ચૂન્ ઊ બેબુદ દરૂ જહાન્ અન્દકી
બરે ખુસ્રવ આમદ જહાન્દીદહ્ મરૂદ
બરૂ કારો જખ્મે બેના યાદ કરૂદ
ગેરાન્માયહ્ રૂમી કે બુદ હેન્દસી
બગોફૂતારૂ બુગ્ઝશ્ત અઝ પારસી
૧૮૨ બદ્ગો ગોફૂત શાહ્ ઈન્ ઝે મન્ દરૂ પઝીરૂ
સખુન્ હરૂચે ગૂયમ ઝે મન્ યાદ ગીરૂ
યકી જાય ખાહમ કે ફર્ઝન્દે મન્
હુમાન્ તા બસી સાલ્ પયવન્દે મન્
બદ્ દરૂ નેશીનદ નગર્દદ ખરાબ્
ઝે બારાનો અઝ બર્ફો અઝ આફૂતાબ્
મુહેન્દેસ પઝીરોફૂત અયવાને શાહ્
બદ્ગો ગોફૂત મન્ દારમ ઈન્ દસ્તગાહ્
ફેરૂ બોરૂદ બુન્યાદ દહ્ શાહ્ રશ
હમાન્ શાહ્ રશ પન્જ કર્દહ્ બરશ
ઝે સન્ગો ઝે કચ્ બૂદ બુન્યાદે કારૂ
ચુનીન્ કરૂદ તા બાશદ આન્ પાયદારૂ
ચુ દીવારે અયવાનશ આમદ બજાય
બેયામદ બપીશે જહાન્ કદ ખોદાય
કે ગરૂ શાહ્ બીનદ યકી કારૂદાન્
ગુઝશ્તહ્ બરૂ સાલો બસ્યારૂ દાન્
ફેરેસ્તાદ બાયદ બદાન્ બારૂગાહ્
પસન્દીદહ્ બા મૂબેદે નીકૂ ખાહ્
બદ્ દાદ મરૂદુમ અઝાન્સાન્ કે ખાસ્ત
બેરફૂતન્દો દીદન્દ દીવારૂ રાસ્ત
૧૮૩ બરીશમ બેયાવરૂદ તા અન્જુમન્
બેતાબન્દ બારીકુ તાબી રસન્
ઝે બાલાએ દીવારે દીવાને શાહ્
બેપયમૂદ તા ખાકે દીવારૂ ગાહ્
ચુ બાલાએ આન્ તાબ્ દાદહ્ રસન્
બેપયમૂદ દરૂ પીશે આન્ અન્જુમન્
રસન્ સૂએ ગન્જે શહન્શાહ્ બોરૂદ
અબા મોહૂરૂ ગન્જૂરે ઊરા સેપોરૂદ
નઝાન્ પસ બેયામદ બઅયવાને શાહ્
કે દીવારે અયવાન્ બરૂ આમદ બમાહ્
ચુ ફર્માન્ દેહદ ખુસ્રવે ઝૂદ યાબ્
નગીરમ બરીન્ કારૂ કર્દન્ શેતાબ્
ચેહલ્ રૂઝ તા કારૂ બેન્શીનદમ
ઝે કારી ગેરાન્ શાહ્ બુગ્ઝીનદમ
ચુ હન્ગામએ કારે અયવાન્ બુવદ
બલન્દીએ અયવાન્ ચુ કયવાન્ બુવદ
બદાન્ કારૂ ખેશ્મત નબાયદ નમૂદ
મરા નીઝ રન્જી નબાયદ ફેઝૂદ
બદ્ગો ગોફૂત ખુસ્રવ કે ચન્દાન્ ઝમાન્
ચેરા ખાહી અઝ મન્ તો અય બદ્ગમાન્
૧૮૪ નબાયદ કે દારી તો ગીંન દસ્તે બાઝ
બઝરૂરો બસીમત નેયાયદ નેયાઝ

વળી તેઓમાંથી ત્રીસ નામીચા કારીગરો પસંદ કીધા-આ ત્રીસમાંથી પણ બે રૂમી અને એક પારસી જોઈ કાઢયા.

શેવટે તે ત્રણમાંથી એક રૂમીનેજ પસદ કીધો-કે જેના જેવા દુન્યામાં થોડાજ હતા.

તે અનુભવી શખ્સ ખુસરૂની આગળ આવ્યો-અને તેની આગળ ઇમારતની બાંધણી માટે વાતો કીધી.

પેલો મોટી પદવીનો રૂમી શખ્સ કે જે ઇજનેર હતો-તે વાતચિત્ત ઉપરથી પારસી કરતાં ચઢિયાતો માલૂમ પડયો.

પાદશાહે તેને કહ્યું કે "હું જે કહું છું તે ધ્યાનથી સાંભળી યાદ રાખજે.

હું એક એવું મકાન બનાવવા ચાહું છું કે જેમાં મારો બેટો-તેમજ મારી બાયડી ઘણાં વર્ષો સૂધી,

તેમાં રહે અને તે વર્સાદ અને બરફથી કે તડકાંથી ખરાબ નહીં થાય."

પેલા ઈજનેરે પાદશાહનું તેવું મકાન બાંધવાનું કબૂલ કર્યું અને બોલ્યો કે "હું એવું મકાન બનાવી આપવા શક્તિમાન છું"

પછી તેણે દશ શાહી વામ જેટલો ઊંડો પાયો નાખ્યો તેમજ તે પાયાને પાંચ શાહી વામ જેટલો પોહોળો રાખ્યો.

પત્થર અને ચૂનાથી મકાનનો પાયો લીધો હતો-તે એવો બનાવ્યો કે જેથી તે મઝબૂત રહે.

જ્યારે તે દીવાનખાનાની દીવાર પુરી થઇ-ત્યારે તે દેશના સાહેબ આગળ આવ્યો,

અને બોલ્યો કે જો "શાહ પાસે કોઈ કામનો જાણનાર ઉમરે પુગેલો ઘણો સમજુ માણસ હોય,

તો તેને નેકખાહ વઝીર સાથ-તે પસંદ કરવા લાયક દીવાનખાનામાં મોકલવો જોઇયે"

જેવો માણસ તેણે માગ્યો તેવો પાદશાહે તેને આપ્યો-તેઓ ગયા અને દીવાર ચઢેલી જોઇ.

પેલો ઈજનેર રેશમ લાવ્યો જેથી તેને તે લોકોએ-વાણી કાઢી એક બારીક વળ દીધેલી દોરી બનાવી.

પછી તે શાહી દરબારની દીવારની ટોચથી તે દીવારગાહની ભોંય સૂધીનું માપ લીધું.

જ્યારે પેલી વણેલી દોરીની લમ્બાઇ તે લોકોનાં દેખતાં માપી,

ત્યારે તે દોરી પાદશાહના ખઝાના તરફ લઈ જઈ-તે ઉપર સીલ કરી પાદશાહના ખઝાન્ચીને સોંપી આપી.

ત્યાર પછી તે પાદશાહના મેહલમાં આવ્યો-અને બોલ્યો કે "દીવાન-ખાનાની દીવાર માહતાબ સૂધી ઉપર આવી છે.

જો ડહાપણ ભરેલો શાહ મને હોકમ આપે તો એ કામ થોડોક વખત મુલ્તવી રાખું.

કામ શુરૂ થયા પછી ચાળીસ દહાડામાં કામ પુરું કરીશ-માટે પાદશાહ મને હુશ્યાર કારીગરો મેળવી આપે.

જે વખતે કે મેહલનું કામ કરવાનો વખત આવશે-તે વખતે તે દીવાનખાનાની બુલંદી શનિશ્ચર સેતારા માફકની ઊંચી થશે.

પાદસાહે એ બાબતમાં ગુસ્સો કરવો જોઇતો નથી-તેમજ મારે પણ વધુ મેહનત લેવાની ઝરૂર નથી."

ખુસરૂએ તેને કહ્યું કે "ઓ બૂરા વિચારના શખ્સ! તું મારી પાસેથી એટલો બધો વખત શા માટે માંગે છે?

તારે એ કામ ચાલતું બંધ કરવું નહીં જોઇયે-પૈસા ટકાની તો તને કશી હાજત પડવાનીજ નથી."

બેફ્રરમૂદ તા સી હઝારશ દેરમ
બદાદન્દ તા ઊ નબાશદ દેઝમ
બેદાનેસ્ત કારીગરે રાસ્તગૂય
કે અયબ્ આવરદ મર્દે દાના બદૂય
ચુ ગીરદ બદાન્ ઝખ્મે અયવાન્ શેતાબ્
અગર્ બેશ્કનદ ગુમ કુનદ નાનો આબ્
શબ્ આમદ શુદ આન્ કારુગર્ નાપદીદ
ચુનાન્ શુદ કઝાન પસ કસ ઊરા નદીદ
ચુ બેશ્નીદ ખુસ્રવ્ કે ફરૂગાન્ ગુરીખ્ત
બેગૂયન્દહ્ બર્ ખેશ્મે ફરૂગાન બેરીખ્ત
ચુનીન્ ગોફ્ત કાન્રા કે દાનેશ નબૂદ
ચેરા પીશે મા પીશદસ્તી નમૂદ
બેફ્રરમૂદ તા કારે ઊ બેન્ગરીદ
હમહ્ રૂમેયાન્રા બઝેન્દાન્ બરીદ
દેગર્ ગોફ્ત કારીગરાન્ આવરીદ
કચો ખેશ્તો સન્ગે ગરાન્ આવરીદ
બેજોસ્તન્દો હર્ કસ કે દીવાર્ દીદ
ઝે બૂમો બરે શાહ્ શુદ નાપદીદ
બબીચારગી દસ્ત અઝ્ બાઝ્ દાશ્ત
હમહ્ ગૂશો દેલ્ સૂએ અહ્વાઝ્ દાશ્ત
કઝાન્ શહ્ર્ કારીગર્ આયદ કસી
નમાનદ ચુનાન્ કાર્ બી સર્ બસી
હમી જોસ્ત ઉસ્તાદે આન્ તા સે સાલ્
નદીદન્દ કારીગરી બી હમાલ્
બસી યાદ કર્દન્દ અઝાન્ કાર્ જૂય
બસાલે ચહારોમ પદીદ આમદ ઊય
યકી મર્દે બીદાર્ બા ફરૂરહી
બખુસ્રવ્ રસાનીદ અઝ્ આગહી
હમાન્ ગાહ્ રૂમી બેયામદ ચુ ગર્દ
બદૂ ગોફ્ત શાહ્ અય ગુનહ્ગાર્ મર્દ
બેગૂ તા ચે બૂદ અન્દરીન્ કાર્ ઝેશ્ત
કે દૂરી ઝે નીકીઓ દૂર્ અઝ્ બેહેશ્ત
ચુનીન્ ગોફ્ત રૂમી કે ગર્ શહ્ર્યાર્
ફેરેસ્તદ મરા બા યકી ઉસ્તુવાર્
બેગૂયમ બદાન્ કાર્હા પૂઝેશમ
બેપૂઝેશ પદીદ આયદ આમોર્ઝેશમ
ફેરેસ્તાદો રફ્તન્દ અઝ્ અયવાને શાહ્
ગેરાન્માયહ્ ઉસ્તાદ્ બા નીકૂખાહ્
હમી બોર્દ દાનાએ રૂમી રસન્
હમાન્ મર્દરા નીઝ્ બા ખીશ્તન્
બેપયમૂદ બાલાય કારો બરશ
કમ આવર્દ કાર્ અઝ્ રસન હફ્ત રશ
રસન્ બાઝ્ બોર્દન્દ નઝ્દીકે શાહ્
બેગોફ્ત આન્ કે બા ઊ બેયામદ બરાહ્
ચુનીન્ ગોફ્ત રૂમી કે ગર્ ઝખ્મે કાર્
બર્ અફ્રૂહ્મી બર્ સર્ અય શહ્ર્યાર્
ન દીવાર્ માન્દી ન તાકો ન કાર્
ન મન્ માન્દમી બર્ દરે શહ્ર્યાર્
બેદાનેસ્ત ખુસ્રવ્ કે ઊ રાસ્ત ગોફ્ત
કસી રાસ્તીરા નબાયદ નેહોફ્ત

પછી શાહે હોકમ કીધો જેથી તેને ત્રીસ હઝાર દિરમ-આપ્યા કે તે ગમગીન નહીં થાય.

પેલો વાજબી બોલનારો કારીગર જાણી ગયો-કે "સમજુ માણુસો તેનાં કામમાં ખામી કાઢશે.

જો તે મેહલ બનાનવાનાં કામમાં ઉતાવળ કરશે-અને અગર તે તુટી પડશે તો પોતાની દાળ રોટલી ખોહી બેસશે."

એમ વિચારી જ્યારે રાત પડી ત્યારે તે કારીગર ગુમ થઇ ગયો-એવો ગુમ થયો કે ત્યાર પછી કોઇએ તેને જોયોજ નહીં.

જ્યારે ખુસરૂએ સાંભળ્યું કે ફર્ગાન નાસી ગયો-ત્યારે તે ફર્ગાનના નાસી જવાનો ગુસ્સો તે પેલા ખબર આપનાર શખ્સ ઉપરજ ખાલી કર્યો.

તે બોલ્યો કે "જ્યારે તેને કામની સમજ નહીં હતી-ત્યારે તે મારી નઝદીક શા માટે બાહેર પડયો?"

તેણે હોકમ કીધો કે "તેનું કામ તપાસો-અને સઘળા રૂમીઓને બંદીખાને લઇ જાઓ."

ફરી બોલ્યો કે "બીજા કારીગરો લાવો-ચૂનો, ઇંટ અને ભારી પત્થર પણ લાવો."

આથી બીજા કારીગરો શોધી કાઢયા પણ જેઓએ કે તે દીવાર જોઈ-તેઓ તે પાદશાહનો મુલક છોડી નાસી ગયા.

લાચાર થઈ પાદશાહે તેથી હાથ ઉઠાવ્યો-અને હવે તેણે અહવાઝ ૧૮૫
તરફ ધ્યાન લગાડયું.

કે કદાચ તે શેહરથી કોઇ કારીગર આવશે-અને આ કામ એમ અધુરૂં રહી જશે નહીં.

ત્રણ વર્ષ સૂધી પેલા ઉસ્તાદને શોધવા લાગ્યો-પણ તે જોડી વગરના કારીગરનો કેથે પત્તો લાગ્યો નહીં.

તે કારીગરને ઘણોક યાદ કરવા લાગ્યા-તેવામાં ચોથે વર્ષે તે આવી લાગ્યો.

એક દબદબા ભરેલા હુશ્યાર મર્દે-તેની વધાઇ ખુસરૂને પહોંચાડી.

તેજ વખત પેલો રૂમી કારીગર શેતાબ આવી લાગ્યો-પાદશાહે તેને કહ્યું કે "ઓ ગુનેહગાર શખ્સ!

તું મને કહે કે આ કામમાં શું ખામી હતી-કે દરેક ભલાઇથી અને બેહેશ્તથી પણ દૂર થયો?"

રૂમીએ કહ્યું કે "અગરજો પાદશાહ-કોઈ વિશ્વાસુ માણસને મારી સાથ મોકલે,

તો મારાં કામનો હું દલીલવાર જવાબ આપીશ-અને મારા જવાબ પછી મને કોઇ તકસીરવાર નહીં ઠેરવશે."

પાદશાહે તેવો માણુસ મોકલ્યો અને પાદશાહના મેહલમાંથી તે નેકખાહ શખ્સ સાથે પેલો નામીચો કારીગર ગયો.

તે દાના રૂમીએ પેલી દોરી લીધી તેમજ પોતાની સાથે પેલા શખ્સને ૧૮૬
પણ લઈ ગયો.

તે ઈમારતની ઊંચાઈ અને ગોળાઈ માપી-તો તે ઇમારત પેલી દોરી કરતાં સાત વામ ઓછી ઉતરી.

તે દોરી પાદશાહની નઝદીક પાછી લઈ ગયા અને જે માણુસ સાથે ગયો હતો તેણે સઘળી વાત કહી.

રૂમી બોલ્યો કે "ઓ પાદશાહ! અગર આ ઇમારતનું કામ-જો હું આગળ વધાર્યો જતે,

તો નહીં આ દીવાર કે નહીં મેહરાબ કે નહીં ઈમારત ઉભાં રહેતે-તેમજ હું પણ પાદશાહી દરવાજા ઉપર જીવતો રહી શકતે નહીં."

ખુસરૂએ જોયું કે તે વાજબીજ બોલ્યો હતો-સચ્ચાઇ કોઇએ પણ છુપાવવી નહીં જોઇએ.

રહા કરૂદ હરૂકસ બબન્દાન બુદન્દ
બદઅન્દીશ આગરૂ બીગબન્દાન બુદન્દ
મરૂરા ચકી બદરહ્યુ દીનારૂ દાદ
બબેન્દાનેયાન ચીઝ બેસ્યારૂ દાદ
બદાન્ કારૂ શુદ રૂઝગારી દરાઝ
બકેદરિ આન્ શાહુરા બુદ નેયાઝ
ચુ શુદ હફત સાલ આમદ અયવાન્ બજાય
પસન્દીદએ ખુસરવે નીકુ રાય
૧૮૭ મરૂરા બસી આબ્ દાદો ઝમીન્
દેરમ દાદો દીનારો કરૂદ આફરીન્
હમી કરૂદ હરૂ કસ બઅયવાન્ નેગાહ
બનવરૂઝ રફતી બદાન્ જાયગાહ
કસી દરૂ જહાન્ ઝખ્મે ચૂનાન્ નદીદ
ન અઝ નામવરૂ કારૂ દાનાન્ શનીદ
યકી હલ્કહુ ઝરૂરીન્ બદીન્ રીખ્તહુ
અઝાન્ ચર્ખે કારૂ અન્દરૂ આવીખ્તહુ
ફેરૂ હેશતહુ ઝ સુરૂખ ઝન્જીરે ઝરૂ
બહરૂ મોહુરહી દરૂ નેશાન્દહુ ગોહરૂ
ચુ રફતી શહનશાહુ બરે તખ્તે આજ
બેયાવીખ્તન્દી બે ઝન્જીરૂ તાજ
બનવરૂઝ ચૂન્ બરૂ નેશસ્તી બતખ્ત
બનઝદીકે ઊ મૂબેદ નીકુ બખ્ત
ફેરૂ તરૂ બે મૂબેદ મેહાનરા બુદી
બુઝોર્ગાનો રૂઝી દેહાનરા બુદી
બઝીરે મેહાન્ જાએ બાઝારેયાન્
બેયારાસ્તન્દો હમહુ કારેયાન્
ફેરૂમાયહુ તરૂ જાએ દર્વીશ બૂદ
કુજા ખુર્દશ અઝ કુશેશે ખીશ બૂદ
૧૮૮ ફેરૂ તરૂ બુરીદહુ બસી દસ્તો પાય
બસી ગશતહુ અફ્ગન્દહુ બરૂ દરૂ સરાય
અઝ અયવાન્ અઝાન્ પસ ખોરૂશ આમદી
કઝ આવાઝ દેલહા બજૂશ આમદી
કે અય ઝીરૂદસ્તાને શાહે જેહાન્
મબાશીદ તીરહુ દેલો બદ નેહાન્
હરાન્ કસ કે ઊ સૂએ બાલા નેગાહ
કુનદ ગર્દદ અન્દીશએ ઊ તબાહ
બે તખ્તે કયાન્ દૂરૂ તરૂ બેન્ગરીદ
હરાન્ કસ કે કેહુતરૂ બુવદ બેશમરીદ
વઝાન્ પસ ગુનહુગારૂ ગરૂ બી ગુનાહ
નમાન્દી કસી નીઝ દરૂ બન્દે શાહુ
બઝેન્દાનેયાન્ જામહુ દાદી બનીઝ
સરાપાયો દીનારો હરૂગૂનહુ ચીઝ
હરાન્ કસ કે દર્વીશ બૂદી બશહરૂ
કે ઊરા નબૂદી બનવરૂઝ બહરૂ
બદરૂગાહે અયવાનરા બેન્શાન્દી
દેરમહાએ ગન્જી બરૂ અફ્શાન્દી
પુરૂ અઝ બીમ બૂદી ગુનહુગારૂ અઝૂય
શુદી મરૂદુમે ખોફ્તહુ બીદારૂ અઝૂય
૧૮૯ મનાદીગરી દીગરૂ અન્દરૂ સરાય
બેરફતી ગહે બાઝ ગશતન્ બજાય

હવે જે કોઇ નિર્દોષ કે દોષિત બંદીખાનામાં હતા તેઓને છોડી મૂકયા.

પેલા કારીગરને એક થેલી દીનારની આપી-અને તે કયદીઓને પણ પુષ્કળ ચીઝો આપી.

તે મેહલ બાંધવાનાં કામ ઉપર લામ્બો વખત નીકળી ગયો-તે કામ પુરૂં કરવાની પાદશાહને ઘણી અગત્ય હતી.

જ્યારે સાત વર્ષ થયાં ત્યારે તે મેહલ તૈયાર થયો-અને નેક વિચારના ખુસરૂને તે પસંદ પડયો.

પેલા કારીગરને ઘણીક આબરૂ ઈઝ્ઝત અને જાગીર બક્ષેશ આપી-તેમજ દિરમ અને દીનાર આપ્યા અને તેની ઘણીક વખાણ ગાઇ.

દરેક જણ તે મેહલ ઉપરજ નઝર કરતું હતું-પાદશાહ નવરોઝના હંગામ ઉપર તેજ જગ્યાએ જતો હતો.

કોઇએ દુન્યાંમાં એવું બાંધકામ જોયું હતું નહીં-તેમજ નામીચા અનુભવીઓથી સાંભળ્યું પણ નહીં હતું.

તે ઈમારતની મેહરાબમાં એક સોનેરી કડું લટકાવ્યું હતું.

તે કડાંમાં રાતા રંગની સોનેરી ઝંજીર લટકાવેલી હતી-જે ઝંજીરના દરેક સાંધામાં ગોહરો જડયાં હતાં.

જ્યારે શેહનશાહ હાથીદાંતનાં તખ્ત ઉપર બેસતો-ત્યારે પેલી સાંકળમાં તાજ લટકાવવામાં આવતું હતું.

નવરોઝને દિવસે જ્યારે તે તખ્ત ઉપર બેસતો-ત્યારે તેની નઝદીક તેના નેકબખ્ત વઝીરની બેઠક હતી

વઝીરથી ઉતરતા સરદારો, બુઝોર્ગો અને અમલદારો બેસ્તા હતા.

સરદારોની હેઠળ વેપારીઓ અને તેઓ કરતાં નીચે કારીગરો માટે બેઠકો તૈયાર કરી હતી.

તેઓથી નીચે ગરીબો તેમજ જેઓ રળીકમાઈ ખાતા હતા તેઓ માટે બેઠકો હતી.

છેક નીચે હાથ પગ વગરનાઓને બેસાડવામાં આવતા હતા-મેહલના દરવાઝા ઉપર એવા ઘણાકો પડેલા હતા.

સઘળા બેઠા પછી તે દરબારમાં મનાદી પીટાતી-જે સાંભળવાથી સઘળાંનાં દિલ જોશમાં આવતાં હતાં,

કે "ઓ દેશના પાદશાહની રૈયતના લોકો!-તમો સીઆહ દિલના અને બુરા વિચારના ના બનતા.

જે કોઈ કે પોતાના કરતાં ઊંચા દરજ્જા તરફ જવાનો વિચાર-કરશે તેનો તે વિચાર ઝરૂર ઝમીનદોસ્ત થશે.

જેઓ કે નાની પદવીના હોય તેઓ યાદ રાખજો-અને પાદશાહોનાં તખ્તથી પોતાની નઝર વધારે દૂર રાખજો!"

ત્યાર પછી શું ગુનેહગાર કે શું બેગુનાહ-કોઇબી કયદખાનામાં લામ્બો વખત સબડતું હતું નહીં.

કયદીઓને પણ પોશાક-સરપાવ, દીનાર અને દરેક ચીઝો આપવામાં આવતી હતી.

શેહરમાં જે કોઈ કે ગરીબ લોકો વસતા હતા-કે જેઓ નવરોઝની ખુશહાલીમાં ભાગ નહીં લઇ શકતા હતા,

તેઓને તે મેહલની દરબારમાં બેસાડતો-અને તેઓને પોતાના ખઝાનામાંના દિરમો આપતો હતો

તેનાથી ગુનેહગારો ધાસ્તી ભરેલા રહેતા-અને ગાફેલ શખ્સો તેનાથી જાગૃત બનતા હતા.

એક બીજો દાંડી પીટનારો સઘળાઓના પાછા ફરવાની વખતે તે મકાનમાં ફરતો જઇ પોકારતો,

કે અય નામવર્ પુર્ ગોહર્ સર્કશાન્
ઝે બીશી મે જૂઈદ્ ચન્દી નશાન્
બકાર્ અન્દર્ અન્દીશહ્ બાયદ્ નુખોસ્ત
બદાન્ તા શવીદ્ ઈમનો તનદુરોસ્ત
સેગાલીદ્ હર્ કારો આન્ પસ કનીદ્
હેલે મરૂદુમે કમ સખુન્ મશ્કનીદ્
બેયન્દાખ્ત બાયદ્ પસ આનગહ્ બુરીદ્
સુખુનહાએ દાનન્દહ્ બાયદ્ શનીદ્
બેબીનીદ્ તા અઝ શુમા ઝીર્ કીસ્ત
કે બર્ જાને બદ્ બખ્ત બાયદ્ ગેરીસ્ત
હરાન્ કસ કે ઊ રાહ્ દારદ્ નેગાહ્
બેખોસ્પદ્ બરે ગાહ્ ઈમન્ ઝે શાહ્
દેગર્ હર્ કે યાઝદ્ બચીઝે કસાન્
બુવદ્ ખેશ્મે મા સૂએ આન્ કસ રસાન્

કે "ઓ નામવર ખાનદાની સરદારો!-મોટાઇને માટે એટલી બધી અભિલાષા ના કરો.

એક કામ કરવા આગમચ પહેલાં તેનો વિચાર કરવો જોઇએ-કે જેથી તમો નચિન્ત અને સુખી થઇ શકશો.

પહેલાં દરેક કામનો વિચાર કરજો અને પછી તે કામ કરજો-થોડું બોલનારા શખ્સનું દિલ દુઃખવતા ના.

પહેલાં વાવણી કરજો અને ત્યાર પછીજ કાપણી કરજો-અકલમંદોની વાતો ધ્યાનથી સાંભળજો.

તમો ધ્યાન પુગાડજો કે તમારીથી ઉતરતો શખ્સ કોણ છે?-કારણકે તે બદબખ્તનાં જાન ઉપર અફસોસ કરવો જોઇએ.

જે કોઇ કે પોતાની રાહ રસ્મને સંભાળી રાખશે-તે પાદશાહથી નચિન્તે સૂઈ શકશે.

જે કોઈ કે પારકાની ચીઝ ઉપર હાથ લમ્બાવશે-તે શખ્સ તરફ અમારો ગુસ્સો પહોંચી શકશે."

ગોફ્તાર દર શાનો બુઝોર્ગીએ ખુસ્રવ પર્વીઝ.

———:o:———

કુનૂન અઝ બુઝોર્ગીએ ખુસ્રવ સોખન્
બેગૂયમ કુનમ તાઝહ્ રૂઝે કોહન્
બદાનસાન બુઝોર્ગી કસ અન્દર્ જેહાન્
નદારદ્ બયાદ્ અઝ કેહાનો મેહાન્
હરાન્ કસ કે ઊ દફતરે શાહ્ ખાન્દ્
ઝે ગીતીશ દામન્ બેબાયદ્ ફેશાન્દ્
સઝદ્ ગર્ બેગૂયમ યકી દાસ્તાન્
કે બાશદ્ બેરદ્મન્દ્ હમદાસ્તાન્
મબાદા કે ગુસ્તાખ બાશી બદહર્
કે અઝ પાયઝહરશ ફેઝૂનસ્ત ઝહર્
મબાફ્ ઈચ બા આઝો બા કીનહ્ દસ્ત
બમન્જેલ મકુન્ જાયગાહે નેશસ્ત
સરાએ સેપન્જસ્ત બર્ રાહ્રવ્
તો ગર્દી કોહન્ દીગર્ આયન્દ્ નવ્
યકી અન્દર્ આયદ્ દેગર્ બુગ્ઝરદ્
ઝમાની બમન્ઝેલ ચમદ્ યા ચરદ્
ચુ બર્ખીઝદ્ આવાઝે તબ્લે રહીલ
બખાક્ અન્દર્ આયદ્ સરે શીરો પીલ
ઝે પર્વીઝ ચૂન્ દાસ્તાને શેગેફ્ત
ઝે મન્ બેશનવી યાદ્ બાયદ્ ગેરેફ્ત
કે ચન્દાન્ સરફ્રાઝીઓ દસ્તગાહ્
બુઝોર્ગીઓ અવરન્દો ફર્રો કોલાહ્
કઝાન્ બીશતર્ નશ્નવી દર્ જહાન્
અગર્ ચન્દ્ પુર્સી ઝે કારઆગહાન્
ઝે તુરાનો અઝ હેન્દો અઝ ચીનો રૂમ
ઝે હર્ કેશ્વરી કાન્ બુદ્ આબાદ્ બૂમ-
હમી બાઝ્ બોર્દન્દ્ નઝદીકે શાહ્
બરખ્શન્દહ્ રૂઝો શબાને સેયાહ્

ખુસરૂ પર્વીઝના દબદબા અને મોટાઇની બાબતમાં.

———:o:———

હવે હું ખુસરૂની મોટાઈ માટેની વાત-લખું છું અને આગળા વખતને પાછો તાઝો કરૂં છું.

તેના જેવી મોટાઈની યાદ જેહાનમાં શું નાના કે મોટા કોઇ ધરાવતું નથી.

જે કોઇએ કે પાદશાહી તવારીખો વાંચી હોય-તેણે દુન્યાથી હાથ ૧૫૦
ઉઠાવવો જોઇએ.

હું એક દાસ્તાન કહું છું કે જો અકલમંદો એ બાબત ઉપર એકમત થશે તો તે વાજબીજ કહેવાશે.

એવું કદી ના બનતું કે તું આ દુન્યા ઉપર મગરૂર બને-કારણકે તેનાં ઝેહરના ઉતાર કરતાં તો ઝેહર વધારેજ હોય છે.

માટે તું લોભ અને કીના તરફ બિલ્કુલ હાથ ના લમ્બાવ-આ થોડોક વખત આસાયેશ લેવાની જગ્યા ઉપર તારૂં હમેશનું રહેઠાણ ના બનાવ.

આ દુન્યા ગોયા મુસાફરોને માટે ત્રણપાંચ દિવસ ઉતરવાની જગ્યા છે-તું જૂનો થશે કે તારી જગ્યાએ બીજો નવો આવશે.

એક તેમાં દાખેલ થાય છે અને બીજો ચાલી જાય છે-થોડોક વખત આ ઉતારાની જગ્યામાં ફરીહરી લે છે.

જ્યારે કુચ કરવાનાં નગારાંનો આવાઝ નીકળે છે-ત્યારે સિંહ અને હાથીનાં સર પણ ખાકમાંજ પડે છે.

જ્યારે તું મારેથી ખુસરૂ પર્વીઝની આ અજાયબ હકીકતો સાંભળે ત્યારે તે યાદ રાખજે.

કે જેની આટલી બધી મોટાઈ, કૌવત-બુઝોર્ગી, તખ્તો તાજ અને દબદબો,

કે જેહાનમાં જેનાથી ઝયાદા હોવા માટે જો તું અનુભવી શખ્સોને ગમે એટલું પૂછશે, તો પણ તું કાંઇ સાંભળશે નહીં.

તુરાન, હિંદુસ્તાન, ચીન અને રૂમના મુલકમાંથી-તેમજ બીજા દરેક ૧૫૧
આબાદ થયલા મુલકોમાંથી,

શું રોશન રોઝને વખતે કે શું સીઆહ રાતને વખતે-પાદશાહ ખુસરૂની નઝદીક મેહસૂલ લઇ જવામાં આવતી હતી.

ઘોલામો પરસ્તન્દહુ અઝ હર દરી
ઝે દુરરો ઝે યાકૂતો હર ગઉહરી
ઝે દીનારો ગન્જશ કશાનહુ નબૂદ
ચુનૂ ખુશાવ અન્દર ઝમાનહુ નબૂદ
ઝે શાહીનો અઝ બાઝો પરરાન્ ઓકાબ્
ઝે શીરો પલન્ગો નહન્ગ્ અન્દર આબ્
હમહુ બર ગુઝીદન્દ પયમાને ઊય
ચુ ખુરશીદ રઉશન્ શુદી જાને ઊય
નુખોસ્તીન્ કે બેન્હાદ ગન્જે અરૂસ
ઝે ચીનો ઝે બુલધારો અઝ રૂમો રૂસ
દેગર ગન્જ પુર દુરરે ખૂશાબ્ બૂદ
કે બાલાશ. યક તીર પર્તાબ્ બૂદ
કે ખઝરા નેહાદન્દ નામશ રહાન્
હમાન્ તાઝેયાન્ નામવર બેખ્રદાન્
દેગર ગન્જ કશ બાર બૂદીશ નામ
ચુનાન્ કસ નદીદસ્ત અઝ ખાસો આમ
૧૯૨ દેગર આન્ કે બુદ શાદવરૂદે બુઝોરગ્
કે ગુયન્દ શામેશગરાને સુતોરગ્
દેગર ગન્ઝે બાદ આવરશ ખાન્દન્દ
શુમારશ ગેરેફ્તન્દો દર માન્દન્દ
દેગર આન્ કે નામશ હમી બેશનવી
કે ખાની વરા દીબએ ખુસ્રવી
દેગર નામવર ગન્જે અફ્રાસેયાબ્
કે કસરા નબૂદ આન્ બખુશ્કીઓ આબ્
દેગર ગન્જ કશ ખાન્દી સૂખ્તહુ
કઝાન્ ગન્જ બુદ કેશવર અફ્રૂખ્તહુ
ઝે શામેશગરાન્ સરગશો બારબદ
કે હરગેઝ્ નગશ્તીશ બાઝાર બદ
બમુશ્કૂએ ઝરીન્ દહો દો હઝાર
કનીઝક બકેર્દારે ખુરરમ બહાર
દેગર પીલે જન્ગી હઝારો દોવીસ્ત
કે ગોફ્તી અઝાન્ દર ઝમીન્ જાય નીસ્ત
દેગર અસ્પે જન્ગી ચેહેલો શશ હઝાર
કે બૂદન્દ બર આખુરે શહરયાર
દેગર દહ હઝાર ઉશ્તુરે સુરૂખ મૂય
કે કસરા નબુદ આન્ ઝમાન્ યક ચુનૂય
૧૯૩ દહો દો હઝાર ઉશ્તુરે બારકશ
અમારી કશો ગામઝન્ શસ્તો શશ
કે હરગેઝ્ કસ અન્દર જહાન્ આન્ નદીદ
ન અઝ પીરસર કારદાના શનીદ
સવારાને જન્ગી હઝારાન્ હઝાર
ઝે તુર્કાનો રૂમીઓ ચીની સવાર
દેગર અસ્પે શબ્દીઝ કઝ તાખ્તન્
નમાન્દી બહન્ગામે કીન્ આખ્તન્
ચુ શીરીન્ બુદ અન્દર શબેસ્તાને ઊય
કે રઉશન્ બુદી ઝૂ ગુલેસ્તાને ઊય
ચુનૂઈ બદસ્તે યકી પીશકાર
તબહ શુદ તો તીમારે બીશી મદાર
તો બી રન્જ અઝ કારહા બર ગુઝીન્
ચુ ખાહી કે યાબી બદાદ આફરીન્

દરેક જાતના ગોલામો અને નોકરો–તેમજ મોતી, યાકૂત અને જાતજાતનાં ગોહરો લઇ જતા હતા.

તેના દીનારનો અને ખઝાનાનો છેડોજ નહીં હતો–આવો પાદશાહ તે ઝમાનામાં બીજો કોઇજ નહીં હતો.

શકરા, બાઝ અને ઉડનારાં ઓકાબ પક્ષીઓ-સિંહ, ચિત્તા અને પાણીમાં રહેનારાં મગરમચ્છમાંનાં,

સઘળાંઓ તેનો હુકમ બજા લાવતાં હતાં–જેથી તેનો જીવ ખુરશીદની માફક રોશન થતો હતો.

પહેલો ખઝાનો જે તેણે ચીન, બગદાદ, રૂમ અને રૂસના મુલકથી મેળવ્યો હતો, તેનું નામ "ગંજે અરૂસ" રાખ્યું.

બીજો ખઝાનો કીમતી મોતીઓનો હતો-કે જેની લમ્બાઈ એક તીરના ટપ્પા જેટલી હતી.

સરદારો તેમજ નામવર અકલમંદ અરબોએ તેનું નામ "ખઝરા" રાખ્યું હતું.

બીજો એક ખઝાનો હતો કે જેનું નામ "બાર" હતું-તેના જેવો ખઝાનો કોઈ નાના કે મોટાએ જોયો હતો નહીં

બીજો ખઝાનો જેને મોટા ગવૈયાઓ "શાદવર્દે બુઝોર્ગ" કહેતા હતા તે હતો.

બીજો ખઝાનો જેને "ગંજે બાદ આવર" કહેતા હતા તે હતો-એ ખઝાનાની ગણત્રી કરવા માંડી પણ તેઓ કરી શકયા નહીં.

બીજો ખઝાનો કે જેનું નામ "દીબએ ખુસ્રવી" હતું તે હતો.

બીજો નામીચો ખઝાનો "ગંજે અફ્રાસિયાબ" હતો-કે જેના જેવો ઝમીન ઉપર કે પાણીમાં કોઇ પાસે નહીં હતો.

બીજો ખઝાનો જેને "સૂખ્તહ" કહેતા હતા–કે જે ખઝાનાથી તેનો મુલક આબાદ રહેતો હતો.

ગવૈયાઓમાંથી સર્ગશ અને બારબુદ જેવાઓ હતા–કે જેઓથી તેની ખુશહાલીનું બાઝાર કદીબી ખરાબ થતું હતું નહીં.

તેના ઝનાનખાનામાં ખુશનુમા બહારની મોસમ જેવી બાર હઝાર બાંદીઓ હતી

વળી બારસો લડાયક હાથીઓ હતા–તું કહે ગોયા તેઓથી ઝમીન ઉપર જગ્યા બાકીજ નહીં રહી હતી.

વળી છેતાળીશ હઝાર લડાઇને લાયકના ઘોડાઓ–પાદશાહના તબેલામાં રહેતા હતા.

બીજાં દશ હઝાર રાતા બાલવાળાં ઊંટો હતાં-કે જેના જેવું એક પણ ઊંટ તે વખતે કોઇ પાસે હતું નહીં.

બીજાં બાર હઝાર ભારબરદારી ઊંટો હતાં–તેમજ અમારી ખેંચનારા અને કાસેદ લઇ જનારાં છાસેઠ ઊંટ હતાં.

આવું કદીબી કોઇએ દુન્યામાં જોયું નહીં હતું–તેમજ કોઈ બુઢ્ઢા અનુભવીઓથી સાંભળ્યું પણ નહી હતું.

તુર્કી, રૂમી અને ચીની સવારોમાંના હઝારો હઝાર સવારો હતા.

વળી તેનો "શબદીઝ" નામનો ઘોડો હતો જે લડાઈ વખતે કદીબી થાકતો નહીં હતો.

વળી શીરીન જેવી તેના ઝનાનખાનામાં સ્ત્રી હતી-કે જેણીથી તેનો બાગ રોશન રહેતો હતો.

આવો જાહોજલાલી ભર્યો પાદશાહ પણ શેવટે એક પોતાના ખિદમતગારને હાથ-માર્યો ગયો માટે તું મોટાઇ મેળવવાના ફાંફાં ના માર.

જો તું વાજબી રીતની નામના મેળવવા માગતો હોય-તો એ સઘળી ખટપટથી નચિન્તાઈ અખ્તયાર કર.

કે નીકો બદ્ અન્દરૂ જહાન્ બુગ્ઝરદ્
ઝમાનહૂ દમે બા દમી બેશમરદ્
અગરૂ તખ્ત યાબી અગરૂ તાજો ગન્જ
વગરૂ યન્દ્ પૂયન્દહૂ બાશી બરન્જ
સરન્જામ જાએ તો ખાકસ્તો ખેશત્
જોઝ અઝ્ તોખ્મે નીકી નબાયદૂત કેશત્
ઝે પર્વીઝત અન્દાઝહુ બાયદ્ ગેરેફૂત
ચુ દફ્તરૂ બેખાની બેમાની શેગેફૂત

કારણકે આ દુન્યાગાં તો સારૂં અને માઠું સઘળું પસાર થઇ જાય છે-અને ઝમાનો આપણી પળેપળની ગણત્રી કરે છે.

બતૂબહ દેલે રાસ્ત રઉશન્ કુનમ્
બીઆઝારીએ ખીશ જઉશન્ કુનમ્
ગુઝશ્તન્ ચુ બરૂ ચીનવદ પુલ્ બુવદ
બઝીરે પય અન્દરૂ હમહ ગુલ્ બુવદ
દુરોસ્તસ્ત ગોફ્તારે ફર્ઝાનગાન્
જહાન્દીદહો પાક દાનન્દગાન્

કે જેણે મેહનત લઇ ગંગદેઝ જેવી એક સરસ જગ્યા બનાવી હતી-અને તે લીધેલી મેહનતનો તેણે કાંઈ પણ ફાયદો જોયો નહી.

કયાં ગયો પેલો તુર્કી પાદશાહ અફ્રાસિયાબ?-કે જેના જેવો બૂરો ૨૯૦
પાદશાહ કોઇ ખાબમાં પણ જોશે નહીં.

કયાં ગયો રૂસ્તમ, ઝાલ અને અસ્ફંદિયાર?-કે જેઓની બહાદુરીની વાતો આપણી વચ્ચે યાદગાર રહી છે.

ગૂદર્ઝ અને તેના સિત્તેર બહાદુર છોકરાઓ-કે જેઓ મયદાનના સવારો અને કીનાના સિંહો હતા, તે જેવાઓ કયાં ગયા?

ઊંચી બુન્યાદનો સિંહ જેવો કયખુસરૂ-કે જે લડાઈમાં સિંહ પકડતો હતો, તે કયાં ગયો?

ગુશ્તાસ્પ જેવો એક પાદશાહ કે જેણે ભલી દીન-કબૂલ કીધી અને જેનાથી દીનનો ઝળકાટ તાઝો થયો, તે કયાં ગયો?

કયાં ગયો નામવર સિકંદર-કે જેનાથી સઘળો મુલક ઝીરોઝબર થયો હતો?

જેવો કે જામાસ્પ કે જે સેતારાઓની ગણત્રી કરવામાં-શુક્ર સેતારા અને આફતાબ કરતાં પણ વધુ રોશન હતો, તે કયાં ગયો?

તેમજ નામવર પાદશાહ બેહરામ ગૂર-કે જેના જેવો મર્દાનગી અને ઝોરમાં કોઈ પાદશાહ નહીં હતો,

દયા દેખાડવામાં અને બક્ષેશ કરવામાં તેના જેવો કોઇ હતોજ નહીં-કોઈ પણ તેના કરતાં ચઢિયાતો થઇ શકયોજ નથી.

મારો વડિલ રોશન રવાનનો પાદશાહ નોશીરવાન પણ તેવો થયો નથી, તે કયાં ગયો?

કયાં ગયા તે જેહાનના સુડતાલીસ પાદશાહો?-તેઓની સઘળી કીર્ત્તિ ૨૯૧
ઢંકાઈ ગઈ છે.

તે સઘળા મોટાઓ, દાનાઓ, લડાઈના સવારો અને બહાદુરો ચાલી ગયા.

કે જેઓ કીર્ત્તિમાં એકેક કરતાં ચઢિયાતા હતા-અને ઉમરમાં પણ એક બીજા કરતાં વધુ હતા.

તેઓ બોહોળી દુન્યા ખાલી કરી ગયા-અને આ પાદશાહી અયવાનો, મયદાનો અને મેહલો છોડી ગયા.

જો કે ઘણાં વર્ષ થયાં નથી-તો પણ પાદશાહોમાંથી મારોબી કોઈ જોડિયો થયો નથી.

ભલાઈ સાથ દુન્યા છોડી જાઉં છું ખરાબ હાલતમાં-મૂકી જતો નથી કે જેથી મને કોઇ દહાડે બૂરાઇ મળે.

મેં ઘણી સખ્ત રાહ પસાર કીધી છે-અને ઘણાક દુશ્મનોને ફેંકી દીધા છે.

દરેક જગ્યા મારા ખઝાનાથી ભરેલી છે-જ્યાં આબાદી છે તે મારીજ મેહનતનું ફળ છે.

જ્યારે એવી રીતે આ જેહાન મારી ઉપર પુરી થઇ છે-ત્યારે હવે સઘળા મોટાઓ આશા ભંગજ થશે.

મારા બેટા પાસે પણ આ તખ્ત કાયમ રહેશે નહીં-તે તાજો તખ્તથી ઉલટો ચાલશે અને તેનું નસીબ ઊંધું વળશે.

જ્યારે મોતનો ફરેશ્તો મારી આગળ આવશે-ત્યારે હું તેને કહીશ ૨૯૨
કે 'તું મારો જીવ ધીરજથી લેજે.'

તે વખતે મારૂં સાચું અંતઃકરણ પશ્ચાતાપથી રોશન બનાવીશ-અને રેહમદિલીનું બખ્તર પેહેરીશ.

જેથી જ્યારે મને ચીનવદ પુલ પસાર કરવો પડશે-ત્યારે મારા પગ હેઠળ સઘળાં ફૂલજ હશે.

અકલમંદો, અનુભવીઓ અને પાકીઝેહ દાનાઓની આ વાત બરાબરજ છે,

કે ચૂન બખ્તે બીદાર ગીરદ નેશીબ
ઝે હર્ગુનઈ બીદ બાયદ નેહીબ્
ચુ રૂઝી મેહી બર્ કસી બુગ્ઝરદ
અગર્ બાઝ ખાનદ નદારદ ખરદ
પયામે મન્ ઈનસ્ત સૂએ જેહાન્
બનઝ્દે મેહાનો બનઝ્દે કેહાન્
બસી બર્ નેયાયદ બદીન્ રૂઝગાર્
કે આન્ શાહો આન્ લશકરે નામદાર્
હમહ્ યકદીગર્રા બકોશતન્ દેહન્દ
બબૂમો બબર્ આતેશ અન્દર્ નેહન્દ
પેદર્ કોશ્તહ્ ગર્દદ બદસ્તે પેસર્
પેસર્ હમ. બદાન્સાન્ બદસ્તે પેદર્
૨૬૩ બદ અન્દીશે મા આન્ કુજા ગોફ્ત કર્દ
ઝે કેદારે નાખૂબો આવાએ સર્દ
ચુ મા રફ્તહ્ બાશીમ કયફર્ બરન્દ
ન બસ રૂઝગાર્ અઝ્ જહાન્ બર્ ખરન્દ
ચુ બર્ મા સર્ આમદ શાહીઓ મેહી
ચે શીરૂ ચે દીગર્ બશાહન્શેહી
ચુ અશ્તાદો ખર્રાદે બર્ઝીને ગવ્
શનીદન્દ પયઘામે આન્ પીશરવ્
બપયકાન્ દેલે હર્દુ દાના બેખસ્ત
બસર્ બર્ ઝદન્દ આન્ ઝમાન્ હર્દુ દસ્ત
ઝે ગોફ્તાર્ હર્દુ પશીમાન્ શદન્દ
તપાન્ચહ્ બરોખ્સારગાન્ બર્ ઝદન્દ
બબર્ બર્ ઝે ઘમ જામહ્ કર્દન્દ ચાક
બસર્ હર્દો દાના પરાગન્દ ખાક
બેરફ્તન્દ ગેર્યાન્ ઝે પીશશ દો પીર્
પુર્ અઝ દર્દ દેલ્ પુર્ ઝે પયકાને તીર્
બનઝ્દીકે શીરૂય શુદ આન્ દો મર્દ
પુર્ આઝન્ગ્ રોખ્સારો દેલ્ પુર્ ઝે દર્દ
યકાયક્ બેદાદન્દ પયઘામે શાહ્
બશીરૂયે બી મધ્ઝો બી દસ્તગાહ્

કે જ્યારે બીદાર બખ્તની પડતી આવે-ત્યારે દરેક રીતની ધાસ્તી ખમવીજ જોઇએ.

જ્યારે કોઇ શખ્સની ઉપર મોટાઇનો દિવસ પસાર થઇ જાય-ત્યાર બાદ જો તે પાછા માગે, તો તેને બેવુકૂફ સમજવો.

ઇરાન દેશના શું મોટાઓ અને નાનાઓને મારો એવીજ રીતનો પયગામ છે,

કે આ હાલત ઉપર ઘણોક વખત નહીં પસાર થશે-કે તે દેશના પાદશાહો અને તે દેશનું નામીચું લશ્કર,

સઘળા આપસ આપસમાં કપાઇ મરશે-અને આ મુલક આ સર ઝમીનમાં આગ સળગાવશે.

એક બાપ પોતાના દીકરાના હાથ ઉપર અને તેવીજ રીતે દીકરો પોતાના બાપના હાથ ઉપર માર્યો જશે.

મારા દુશ્મનો કે જેઓએ નાલાયક કરણી કીધી છે-અને બેહુદી વાતો બોલ્યા છે,

તેઓ જ્યારે હું ગુઝરી જઇશ ત્યારે તેની સઝા પામશે-અને ટુંક મુદ્દતમાંજ આ દુન્યામાંથી તેનાં ફળ ચાખશે.

જ્યારે અમારીજ પાદશાહી અને મોટાઇ પુરી થઇ ગઇ-તો ત્યાર બાદ શું શીરૂય કે શું કોઇ બીજો પાદશાહી ઉપર આવે તે સરખુંજ છે."

જ્યારે અસ્તાદ અને પેહલવાન ખર્રાદે બર્ઝીને-તે સરદારનો એવો પયગામ સાંભળ્યો,

ત્યારે બન્ને દાના શખ્સોનાં દિલ પાદશાહના ટીકાના બાણથી ઝખમી બન્યા-તે બન્નેએ તેજ વખત પોતાનું કપાળ કૂટયું.

તે બન્ને જણ પોતાના બોલવાથી પશેમાન થયા-અને પોતાના ગાલો ઉપર તમાચા મારવા લાગ્યા.

તેઓએ ગમથી અંગ ઉપરનાં કપડાં ચાક કીધાં-અને બન્ને દાનાઓએ સર ઉપર ખાક નાંખી.

પછી તે બન્ને બુઢ્ઢાઓ દુઃખ ભરેલા અને તીરનાં પયકાનથી ભરેલાં દિલે તે પાદશાહ આગળથી રડતા ગયા.

તે બન્ને મર્દો કરચલી ભરેલા ચેહરાએ અને દર્દ ભરેલાં દિલે શીરૂયની નઝદીક આવ્યા.

તેઓએ કમઅકલ અને દુર્બળ શીરૂયને પાદશાહનો સઘળો પયગામ પુગાડયો.

અફ્સૂસ્ ખુર્દને શીરૂય બર્ ખુસર્ પર્વીઝ્ વ નાખૂશ્ શુદને સર્દારાન્ અઝાન્.

શીરૂયે ખુસરૂ પર્વીઝ માટે અફસોસ કરવો અને તેનાથી સરદારોનું નાખુશ થવું.

૨૬૪ ચુ બેશ્નીદ શીરૂય બેગ્રીસ્ત સખ્ત
દેલશ ગશ્ત તર્સાન્ અઝાન્ તાજો તખ્ત
ચુ અઝ્ પાશ બર્ખાસ્તન્દ આન્ ગોરૂહ્
કે ઊરા હમી દાશ્તન્દી સોતૂહ્
બગોફ્તારે ઝેશ્તો બખૂને પેદર્
જવાન્રા હમી સૂખ્તન્દી જેગર્
ફેરૂદ આમદ અઝ્ તખ્તે શાહી કોબાદ
દો દસ્તે ગેરામી બસર્ બર્ નેહાદ

જ્યારે શીરૂયે તે સાંભળ્યું ત્યારે તે ઘણોક રડયો-તેનું દિલ તે તાજ અને તખ્તથી ધાસ્તી ભર્યું બન્યું.

જ્યારે તેની આગળથી તે લોકો ઉઠી ગયા-કે જેઓ તેને તાબામાં રાખતા હતા.

ભૂંડી વાતોથી અને બાપનાં ખૂનની ઉશ્કેરણીથી-તે જવાન પાદશાહનું જીગર બાળતા હતા, તેઓ ઉઠી ગયા,

ત્યારે તે પાદશાહી તખ્ત ઉપરથી નીચે આવ્યો-અને પોતાના બન્ને કીમતી હાથ સર ઉપર મૂકયા (યાને અફસોસ કરવા લાગ્યો).

ઝે મેશ્‌ગાનશ બર્‌ બર્‌ હમી ખૂન્ ચકીદ્
ચુ આગાહીએ ઊ બલશ્કર્‌ રસીદ્
અઝાન્ ગેર્યહો ઝારીએ શાહ્‌રૂયાર્‌
શુદન્દ આન્ હમહ્ લશ્કરશ તરૂસગાર્‌
બયક્ જાય યક્સર્‌ બેગેરૂદ્ આમદન્દ
ઝે ખુસ્રવ હમી દાસ્તાનહા ઝદન્દ
કે પર્વીઝ અગર્‌ બર્‌ નેશીનદ્ બગાહ્
બપાય અન્દર્‌ આરદ્ સરાને સેપાહ્
ચુ બર્‌ ઝદ સર્‌ અઝ તીરહ્ કૂહ્ આફ્તાબ્
બદ્ અન્દીશરા સર્‌ બર્‌ આમદ્ ઝે ખાબ્
બેરફ્તન્દ યક્સર્‌ સુએ બારૂગાહ્
ચુ બેશનીદ્ બેન્શસ્ત બર્‌ તખ્ત શાહ્
બેરફ્તન્દ ગર્દનકશાન્ પીશે ઊય
ઝે ગોદાને બીગાનહો ખીશે ઊય
નેશસ્તન્દ બા રૂય કર્દહ્ દેઝમ
ઝબાન્ શાન્ નજુમ્બીદ્ બર્‌ બીશો કમ
બઈશાન્ ચુનીન્ ગોફ્ત પસ શાહ્‌રૂયાર્‌
કે આન્ કસ સઝાવાર્‌ બાશદ્ બદાર્‌
કે ઘમગીન્ નબાશદ્ બદર્દે પેદર્‌
નખાનમશ જોઝ બદ્ તનો બદ્ ગોહર્‌
નબાયદ્ કે દારદ્ બદ્ કસ ઉમીદ
કે ઊ પૂદહ્ તર્‌ બાશદ્ અઝ પૂદે બીદ
ચુનીન્ યાફ્ત પાસોખ ઝે મર્દે ગુનાહ્
કે હર્‌ કસ કે ગૂયદ્ પરસ્તમ હો શાહ્
તો ઊરા બદેહ્ નાહ્‌શીવાર્‌ દાન્
વગર્‌ અર્ઝમન્દી બુવદ્ ખાર્‌ દાન્
ચુનીન્ ગોફ્ત શીરૂય પાસોખ કે શાહ્
ચુ બી ગન્જ બાશદ્ નેયાબદ્ સેપાહ્
સખુન ખૂબ્ રાનીમ યક્ માહ્ નીઝ
ઝે રાહે દુરોશ્તી નગૂઈમ ચીઝ
મગર્‌ શાદ બાશીમ ઝન્દર્ઝે ઊય
કે ગન્જસ્ત સર્‌ તા બસર્‌ મર્ઝે ઊય
ચુ પાસોખ શનીદન્દ બર્‌ ખાસ્તન્દ
સુએ ખાનહા રફ્તન્ આરાસ્તન્દ
બખાલીગરાન્ શાહ્ શીરૂય ગોફ્ત
કે ચીઝી ઝે ખુસ્રવ નબાયદ્ નેહોફ્ત
બપીશશ હમહ્ ખાને ઝરીન્ નેહીદ
ખુરેશહા હમહ્ ચર્બો શીરીન્ નેહીદ
બોરન્દહ્ હમી બોર્દો ખુસ્રવ નખરૂદ
ઝે ચીઝી કે દીદી બખાન્ ગર્મો સરૂદ
હમહ્ ખુર્દેશ અઝ દસ્તે શીરીન્ બુદી
કે શીરીન્ ઝે ઘમહાશ ઘમગીન્ બુદી
નબૂદી જોઝ ઊ શાહ્‌રા નીક્ યાર્‌
હમ ઊ બૂદ રૂઝો શબ્ અન્દર્‌ કેનાર્‌
અબા શાહ્ બૂદી બબીમો ઊમીદ
કે લર્ઝાન બર્‌ ખુદ ચુ અઝ બાદ બીદ
બર્‌ આમદ બરીન્ કાર્‌ યક્ માહ્ બાઝ
શબો રૂઝ ખુસ્રવ બદર્દો ગોદાઝ
હમી યાદ કરૂદ અઝ ગુનાહો બઝેહ્
નદાનેસ્ત અઝાન્ ઝેન્દગાની મઝેહ્

તેની આંખોમાંથી તેની છાતી ઉપર આંસુ પડવા લાગ્યાં-જ્યારે એ ખબર તેનાં લશ્કરને પડી,

ત્યારે પાદશાહનાં એવી રીતે રડવાથી અને ઝારી કરવાથી-તેનું સઘળું લશ્કર ધાસ્તી ભર્યું બન્યું.

તેઓ એક જગ્યાએ એકઠા મળ્યા-અને ખુસરૂ માટેની વાતો કરવા લાગ્યા.

કે "જો ખુસરૂ પાછો તખ્ત ઉપર બેસશે-તો લશ્કરના સરદારોનાં સર પગ નીચે લાવશે."

પછી જ્યારે સીઆહ પહાડ ઉપરથી આફતાબ નીકળ્યો-ત્યારે પેલા બદ વિચારના શખ્સો ખાબમાંથી ઉઠયા.

તેઓ સઘળા દરબાર તરફ ગયા-જ્યારે પાદશાહે તે સાંભળ્યું ત્યારે તખ્ત ઉપર આવી બેઠો.

પાદશાહના પોતાના તેમજ પારકા પેહલવાનોમાંથી બહાદુરો તેની આગળ ગયા.

તેઓ તેની સામે દિલગીર ચેહરે બેઠા-તેઓની ઝબાન કમ ઝીયાદા બોલવા ઉપર ઉપડીજ નહીં.

પછી પાદશાહે તેઓને એ પ્રમાણે કહ્યું-કે "તે કોઇ શખ્સ શૂળીને લાયક હોય છે,

કે જે પોતાના બાપનાં દુઃખથી દિલગીર નહીં બનતો હોય-હું તેને બદમાસ અને બૂરી બુન્યાદનો ગણું છું. ૨૬૫

તેવા માણસથી કોઇએ કાંઇ પણ ઉમીદ રાખવી નહીં જોઇએ-તે તો સડી ગયલાં બેદનાં લાકડાં કરતાં વધારે સડેલો હોય છે."

પેલા ગુનેહગાર શખ્સોમાંથી એકે એવો જવાબ દીધો-કે "જે કોઇ શખ્સ એમ બોલે કે 'હું એ પાદશાહનો નોકર છું,

તો તેને તું તારાં દિલ સાથ બેવુકૂફ ગણ-જો તે ગમે એટલો મોટો હોય, તો પણ તું તેને હલકો ગણ.'"

શીરૂએ તેને જવાબ આપ્યો કે "પાદશાહ-જ્યારે પૈસા વગરનો થાય છે ત્યારે તેને લશ્કર મળતું નથી.

માટે આપણે એક મહિનો લગી તો તેની સાથ સારી સારીજ વાતો કરીશું-કાંઇ પણ સખ્ત ભાષા વાપરીશું નહીં.

કદાચને આપણે તેની નસીહતથી ખુશી થઇશું-કારણકે તેનો મુલક એક નાકેથી બીજા નાકે સુધી ખઝાનોજ છે."

જ્યારે તેઓએ એવો જવાબ સાંભળ્યો ત્યારે તેઓ ઉઠયા અને સર્વે પોતાનાં ઘર તરફ ગયા.

પછી પાદશાહ શીરૂએ બાવરચીઓને કહ્યું-કે "ખુસરૂને કાંઇ પણ ચીઝ આપવાની વાણ કરવી નહીં જોઇએ.

તેની નઝદીક સઘળા સોનેરીજ ખુમચા મૂકજો-અને તમામ લેઝતદાર અને મીઠાસદાર ખાણું પરીસજો."

બાવરચી તે પ્રમાણે ખાણું લઈ જતો હતો પણ ખુસરૂ તે ખાણામાં મૂકેલી ગરમ કે થંડી વાણીઓ કશી ખાતો નહીં હતો. ૨૬૬

તે પોતાનો સઘળો ખોરાક શીરીનને હાથજ લેતો હતો-કારણકે શીરીનજ તેના ગમથી દિલગીર રહેતી હતી.

તેણી સિવાય પાદશાહનો વફાદાર દોસ્ત બીજો કોઈ નહીં હતો-તેણીજ રાત દહાડો તેની આગળ રહેતી હતી.

ધાસ્તીમાં તેમજ ઉમેદમાં પાદશાહ સાથ તેણીજ રહેલી હતી-કારણકે જેમ બેદનું ઝાડ પવનથી ધ્રુજે તેમ તેણીજ પાદશાહ આગળ ધ્રુજતી હતી.

આ બનાવ ઉપર પણ એક માસ પસાર થઇ ગયો-પાદશાહ રાત દિવસ દુઃખ અને દિલગીરીમાંજ રહેવા લાગ્યો.

તે પોતાના કીધેલા ગુનાહોની યાદ કરવા લાગ્યો-પોતાની આવી ઝિંદગીમાં કશી પણ માઝેહ સમજતો હતો નહીં.

શીવને બારૂબુદ્ બરે ખુસ્રવ્ વ બુરીદને અન્ગુશતાને ખુદ્ વ સૂસને સાઝે સોરૂદ્.

——:૦:——

કુનૂન શીવને બારૂબુદ ગૂશ કુન
જહાનરા સરાસર ફ્રરામૂશ કુન
૨૯૭ ચુ આગાહ શુદ બારૂબુદ આન કે શાહ
બેપર્દાખ્ત્ બી રાયો બી કામ ગાહ
હમી ચારહ સાઝન્દ બર કુશતનશ
સેપહુરા હેરીધસ્ત અઝ બસ્તનશ
ઝે જેહ્રમ બેયામદ સૂએ તયસફૂન
પુર અઝ આબ્ મેઝ્ગાનો દેલ્ પુર ઝે ખૂન
બેયામદ બદાન્ ખાનહ ઊરા બેદીદ
શુદહ લઅલ્ રોખ્સારે ઊ શમ્બલીદ
ઝમાની હમી બૂદ બર પીશે શાહ
ખોરૂશાન્ બેયામદ સુએ બારગાહ
બદેલ્શ આતેશે મેહ્રે ઊ બર ફેરૂખ્ત
ઝે તીમારે ખુસ્રવ દેલો જાન્ બેસૂખ્ત
બેબારીદ ચશ્મશ ચુ અબ્રે બહાર
કેનારશ ઝે દીદહ ચુ દર્યા કનાર
બેસાઝીદ નૂહહ બઆવાઝે રૂદ
બબરૂબત હમી મૂયહ ઝદ બા સોરૂદ
અબર પહ્લવાની બરૂ મૂયહ કરૂદ
દો રોખ્સારએ ઝર્દો દેલ્ પુર ઝે દરૂદ
હમી ગોફ્ત શાહા રદા ખુસ્રવા
બુઝોર્ગા સુતોર્ગા દેલાવર ગવા
૨૯૮ કુજાત આન્ બુઝોર્ગીએ આન્ દસ્તગાહ
કુજાત આન્ હમહ બખ્તો ફ્રરો કોલાહ
કુજાત આન્ ચુનાન્ બુઝોર્ બાલાયો તાજ
કુજાત આન્ હમહ ચારહો તખ્તે આજ
કુજાત આન્ હમહ મર્દીઓ ઝૂરો ફરૂર
જહાનરા હમી દાશ્તી ઝીરે પરૂર
કુજાત આન્ શબેસ્તાનો રામેશગરાન્
કુજાત આન્ દરો બારગાહો સરાન્
કુજાત અફ્સરો કાવેયાની દેરફ્શ
કુજાત આન્ હમહ તીઘહાએ બેનફ્શ
કુજાત આન્ સરો અફ્સરે જાન્ સેપાર
કે બા તખ્તે ઝર બૂદો બા ગૂશવાર
કુજાત અસ્પે શબ્દીઝો ઝીનો રેકીબ્
કે ઝીરે તો અન્દર બુદી ના શેકીબ્
કુજાત આન્ સરો ખૂદો ઝરીન્ ઝેરેહ
ઝે ગઉહર ફેગન્દહ ગેરેહ બર ગેરેહ
કુજાત આન્ સવારાને ઝરીન્ સેતામ
કે દુશ્મન બુદી તીઘ્ રાનરા મેયામ
કુજાત આન હમહ રાહ્વાર ઉશ્તરાન્
અમારીએ ઝરીનો ફરમાન્- બરાન્

ખુસરૂ આગળ બાર્બુદની માતમ અને તેણે પોતાનાં આગળાં કાપી નાખવા અને વાજન્તર બાળી મૂકવું.

——:૦:——

હવે તું આ દુન્યાનાં સઘળાં કામોને વીસરી જઈ-બારબુદ ગવેયાએ ખુસરૂ આગળ કીધેલી માતમ સાંભળ.

જ્યારે બારબુદ વાકેફ થયો કે "પાદશાહે-લાચારીએ અને નામરજીથી તખ્ત તર્ક કીધું છે,

અને સરદારો તેને મારી નાખવાની વેતરણ કરે છે-તેમજ લશ્કર તેના કયદ પડવાથી નારાઝ છે,"

ત્યારે તે આંસુ ભરેલી આંખોએ અને દિલગીર દિલે-જેહરમથી તયસફૂન તરફ આવ્યો.

તે પાદશાહના પેલા મેહલમાં આવ્યો અને તેને જોયો-તેનો રાતો ચેહરો શમ્બલીદનાં ફૂલ જેવો ઝર્દ થઈ ગયો હતો.

તે થોડોક વખત પાદશાહ આગળ થોભ્યો-પછી પોકારતો દરબાર તરફ આવ્યો.

તેનાં દિલમાં તેની મોહબ્બતનો આતશ રોશન થયો-ખુસરૂના ગમથી તેનું દિલ અને જીવ બળવા લાગ્યો.

તેની આંખો બહારના વાદળની મિસાલ આંસુ વરસાવવા લાગી-તે આંસુથી તેનો ખોળો દર્યાના કેનારા માફકનો બન્યો.

સિતારના સુરોદ સાથ તેણે રૂદન કરવું જારી કીધું-અને તે બરબત ઉપર રૂદનનાં ગીત ગાવા લાગ્યો.

પહલવી ભાષામાં પાદશાહ ઉપર રૂદન કરવા લાગ્યો-તેના બન્ને ગાલ ફિક્કા અને દિલ દુઃખથી ભરેલું હતું.

તે બોલવા લાગ્યો કે "ઐ પાદશાહ! ઐ સરદાર! ઐ ખુસરૂ!-ઐ બુઝાર્ગ! ઐ મોટા ઐ દિલાવર પેહલવાન!

કયાં ગઇ તે તારી બુઝાર્ગી અને તે શક્તિ?-કયાં ગયું તે તારૂં સઘળું ફતેહમંદ નસીબ, ખોદાઈ ખોરેહ અને પાદશાહી કોલાહ?

કયાં ગઈ તે તારી આવી રીતની મોટાઈ, બુલંદ કદ અને તાજ?-કયાં ગયાં તે સઘળા હારો અને હાથીદાંતનાં તખ્તો?

કયાં ગઇ તે તારી મર્દાનગી, ઝોર અને દબદબો?-તું સઘળા દેશને પોતાના સાયા નીચે રાખતો હતો.

કયાં ગયું તે તારૂં ઝનાનખાનું અને ગવેયાઓ?-કયાં ગઇ તે તારી દરબાર અને સરદારો?

કયાં ગયું તે તારૂં તાજ અને કાવેયાની ઝુંડો-કયાં ગઈ તે તારી તમામ આસ્માની રંગની તલવારો?

કયાં ગયો તે તારો સરદાર અને જીવ આપનારો સેનાપતિ-કે જે સોનેરી તખ્ત ધરાવતો હતો અને કાનમાં બાલી સાથનો હતો?

કયાં ગયો તારો શબદેઝ ઘોડો, ઝીન અને રેકાબ?-કે જે તારી રાન હેઠળ ધીરજ વગરનો થઈ જતો હતો?

કયાં ગયાં તે તારાં તાજ, ટોપ અને સોનેરી બખ્તર-કે જેનાં સાંધાઓ ઉપર ગોહરો મઢેલાં હતાં?

કયાં ગયા તે તારા સોનેરી લગામવાળા સવારો?-કે જેઓની તલવારોનાં મેયાન દુશ્મન લોકો હતા.

કયાં ગયાં તે તારાં સઘળાં મંઝેલ કરનારાં ઊંટો-સોનેરી અમારીઓ અને તાબેદાર નોકરો?

હયૂનાનો બાલાઓ પીલે સફીદ
હમહ ગશ્તહ અઝ જાને તૂ નાઉમીદ
કુજાત આન્ સખુનગૂય શીરીન્ ઝબાન્
કુજાત આન્ દેલો રાએ રઉશન્ રવાન્
ચે હર્ ચીઝ તનહા ચેરા માન્દી
ચે દફતર્ ચુનીન્ રૂઝ કય ખાન્દી
મબાદા કે ગુરેતાખ્ બાશી બદહુર્
કે ઝહુરશ્ ફેઝૂન્ આમદ અઝ પાય ઝહુર્

પેસર્ ખાસ્તી તા બુવદ યારો પોશ્ત
કુનૂન અઝ પેસર્ બન્દત્ આમદ બમોશ્ત
ચે ફર્ઝન્દ શાહાન્ બનીરૂ શવન્દ
ચે રન્જે ઝમાનહ બીઆહુ શવન્દ
શાહન્શાહુરા ફરૂરો નીરૂ બેકાસ્ત
ચુ બાલાએ ફર્ઝન્દે ઊ ગશ્ત રાસ્ત
હરાન્ કસ કે ઊ કારે ખુસ્રવ્ શેનૂદ
બગીતી નબાયદશ ગોરેતાખ બૂદ
હમહ બૂમે ઈરાન્ તો વયરાન્ શુમાર્
કુનામે પલન્ગાનો શીરાન્ શુમાર્
સરે તોખ્મે સાસાનેયાન્ બૂદ શાહ
કે ચૂન્ ઊ નબીનદ કસી તાજો ગાહ
શુદ ઇન તોખ્મહ વયરાનો ઈરાન્ હમાન્
બર્ આમદ હમહ કામએ બદગમાન્
ફેઝૂન ઝીન્ નબાશદ કસીરા સેપાહ
ચે લશ્કર્ કે આમદશ ફર્યાદ ખાહ
ગઝન્દ આમદ અઝ પાસ્બાને બુઝોર્ગ
કુનૂન અન્દર્ આયદ સુએ રખ્નહ ગોર્ગ
બશીરૂય ગૂયન્દ બીશરૂમ શાહ
ન ઈન્ બુદ સઝાવારે ઈન પીશગાહ
નબાશદ સેપાહે તો હમ પાયદાર્
ચુ બર્ખીઝદ અઝ ચાર્ સૂ કાર્ઝાર્
રવાને તોરા દાદગર્ યાર્ બાદ
સરે બદસેગાલત નેગૂનસાર્ બાદ
બયઝદાનો જાને તો અય શહર્યાર્
બનવરૂઝો મેહરો બખુર્રમ બહાર્
અગર્ દસ્તે મન્ ઝીન્ સેપસ નીઝ રૂદ
બેસાઝદ બમન્ બર્ મબાદા દોરૂદ
બેસૂઝમ હમહ આલતે ખીશરા
બદાન્ તા નબીનમ બદઅન્દીશરા
બેબુરીદ હર્ ચાર્ અન્ગોશ્તે ખીશ
બુરીદહ હમી દાશ્ત દર્ મોશ્તે ખીશ
ચુ દર્ ખાનહ શુદ આતેશી બર્ ફેરૂખ્ત
હમહ આલતે ખીશ યક્સર્ બેસૂખ્ત

સાંઢણીઓ, ઘોડાઓ અને સફેદ હાથીઓ-જે સઘળા તારા જીવ માટે ૨૬૯
નાઉમેદ થયા છે, તે કયાં છે?

કયાં ગઈ તે તારી સુભાષિત બોલનારી શીરીન ઝબાન?-કયાં ગયું તે તારૂં હાતમ દિલ અને ચાલાક અકલ?

તું એ સઘળાંથી એકલો કેમ પડી ગયો?-તારાં લખાયલાં દફતરમાંથી એવો બૂરો દિવસ કયારે વાંચ્યો?

એવું કદી ના બનતું કે તું આ દુન્યા ઉપર મગરૂરી કરે-કારણકે પાઓ ઝેહર કરતાં તેનું ઝેહર વધારેજ હોય છે (યાને આ જહાન ફાયદા કરતાં નુકસાનકારક વધુ છે).

તું બેટો માંગતો હતો કે તે તારો યાર અને મદદગાર થાય-હવે તેજ બેટાથી તને કયદખાનું મળ્યું છે.

પાદશાહો પોતાના બેટાઓથી કોવતમંદ થાય છે-અને ઝમાનાની રંજથી મોકળા થાય છે,

પણ જ્યારે આ પાદશાહનો બેટો મોટો થયો-ત્યારે શેહનશાહનો દબદબો અને કૌવત ઘટી ગયું.

જે કોઇએ કે ખુસરૂની હાલત માટે સાંભળ્યું હોય-તેણે દુન્યામાં મગરૂર થવું નહીં જોઇએ.

હવે તું તમામ ઇરાન ઝમીનને વયરાનજ થયલી સમજજે-ચિત્તા અને સિંહોનું રહેઠાણ બનેલું સમજજે.

આ પાદશાહ સાસાનિયન તોખ્મનો સરતાજ હતો-કે જેના જેવો કોઈ બીજો પાદશાહ આ તાજ કે તખ્ત જોશે નહીં.

આ ખાન્દાન તેમજ ઈરાન પણ વયરાન થયું છે-દુશ્મનની તમામ ૨૭૦
મુરાદ બર આવી છે.

એ પાદશાહ કરતાં કોઈ બીજાનું લશ્કર વધારે નહીં હશે-તેજ લશ્કરમાંથી એની ફર્યાદ સાંભળનારૂં કોણ બન્યું?

દેશના રક્ષકનેજ દુઃખ થયું છે-એટલે વરૂ દાખેલ થઇ નાશ કરશે.

લોકો શીરૂયને કહેશે કે 'ઓ બેશરમ પાદશાહ!-આ કામ આવાં તખ્તને લાયક નહીં હતું.

જ્યારે ચો તરફ લડાઇ ઉઠશે-ત્યારે તારૂં લશ્કર પણ પાયદાર રહેશે નહીં.'

ખોદાતાલા તારા (ખુસરૂના) જીવનો મદદગાર હોજો!-તારા દુશ્મનનાં સર ઊંધાં પડજો!

કસમ છે યઝદાનના, કસમ છે ઓ પાદશાહ! તારા જીવના-કસમ છે નવરૂઝ, મેહરંગાન અને ખુશહાલી ભરેલી બહારની મોસમના,

કે હવે પછીથી જો મારો હાથ આ રૂદ વાજન્તર-વગાડે તો મારી ઉપર શ્રાપ પડજો!

હું પોતાનાં સઘળાં હથિયારોને હવે બાળી નાંખીશ-કે જેથી કરીને તે બૂરા વિચારના (શીરૂય)ને ફરીથી જોવા પામું નહીં."

પછી તેણે પોતાના ચારે આંગળાં કાપી નાખ્યાં-અને તે કાપીને પોતાની મુઠીમાં રાખી મૂકયાં.

જ્યારે તે પોતાને ઘર ગયો ત્યારે એક આતશ રોશન કીધો-અને ૨૭૧
સઘળો પોતાનો ગાવાનો અસ્બાબ બાળી નાંખ્યો.

ખાસ્તને સર્દારાન્ અઝ્ શીરૂયહ્ મર્ગે ખુસ્રવ્ વ કોશ્તહ્ શુદને ઊ બદસ્તે મેહ્ર્ હોર્મુઝ્દ્.

હશાન્ કસ્ કે બદ્ કરૂદ્ બા શાહ્રયાર્
શબો રૂઝ્ તર્સાન્ બુદ્ અઝ્ રૂઝગાર્
ચુ શીરૂય તર્સન્દહો ખામ બૂદ્
હમાન્ તખ્ત ઝીર્ અન્દરશ દામ બૂદ્
બેદાનેસ્ત મર્દુમ શુમર્ હર્ કે દીદ્
કે ઊ બર્ બુઝોર્ગી નખાહદ્ રસીદ્
બેરફ્તન્દ હર્ કસ કે બદ્ કર્દહ્ બૂદ્
બદાન્ કાર્ તાબ્ અન્દર્ આવર્દહ્ બૂદ્
ઝે દર્ગાહ્ યક્સર્ બપીશે કોબાદ્
અઝાન્ કારે બીદાદ્ કર્દન્દ યાદ્
કે યક્ બાર્ ગોફ્તીમો ઇન્ દીગરસ્ત
તોરા ખુદ્ જોઝ્ ઇન્ દાવરી દર્ સરસ્ત
નેશસ્તહ્ બયક્ જાયગહ્ બર્ દો શાહ્
યકી ગાહ્ દારો યકી ઝીર્ગાહ્
ચુ ખીશી ફેઝાયદ્ પેદર્ બા પેસર્
હમહ્ બન્દગાન્રા બેબુરન્દ સર્
ન ઈમ્ અન્દરીન્ કાર્ હમદાસ્તાન્
મઝન્ પીશ મા ઝીન્ સેપસ્ દાસ્તાન્
૨૭૨ બેતર્સીદ્ શીરૂયો તર્સન્દહ્ બૂદ્
કે દર્ ચન્ગ્ શાન ચૂન યકી બન્દહ્ બૂદ્
ચુનીન્ દાદ્ પાસોખ કે ઊરા બદામ
નેયારદ્ મગર્ મર્દુમે ઝેશ્ત નામ
શુમારા સૂએ ખાનહ્ બાયદ્ શદન્
બદીન્ અન્દરૂન્ રાય બાયદ્ ઝદન્
બેજૂઇદ્ તા કીસ્ત અન્દર્ જેહાન્
કે ઇન્ રન્જ બર્ મા સર્ આરદ્ નેહાન્
કોશન્દહ્ હમી જોસ્ત બદ્ખાહે શાહ્
બદાન્ તા કુનન્દશ નેહાની તબાહ્
કસ અન્દર્ જહાન્ ઝહ્રએ આન્ નદાશ્ત
ઝે મર્દી હમાન્ બહ્રએ આન્ નદાશ્ત
કે ખૂને ચુનાન્ ખુસ્રવી રીખ્તી
હમી કૂહ્ દર્ ગર્દન્ આવીખ્તી
ઝે હર્ સૂ હમી જોસ્ત બદ્ખાહે શાહ્
ચુનીન્ તા બેદીદન્દ મર્દી બરાહ્
દો ચશ્મશ કબૂદો દો રોખ્સારહ્ ઝર્દ્
તને ખુશ્કો પુર્ મૂયો લબ્ લાજવર્દ્
પુર્ અઝ્ ખાક્ પાયો શેકમ ગોર્સનહ્
સરે મર્દે બીદાદગર્ બર્હનહ્
૨૭૩ નદાનેસ્ત કસ નામે ઊ દર્ જેહાન્
મેયાને કેહાનો મેયાને મેહાન્
બરે ઝાદ્ફરૂખ શુદ્ ઈન્ મર્દે ઝેશ્ત
કે હર્ગેઝ્ મબીનાદ્ ખુર્રમ બેહેશ્ત

સરદારોએ શીરૂયથી ખુસરૂને મારી નાખવા માટે માગણી કરવી અને તેનું મેહર હોરમઝદના હાથ ઉપર માર્યું જવું.

હવે જે કોઇએ કે પાદશાહ સાથે બદી કીધી હતી-તેઓ રાત દહાડો ઝમાનાની ચાલથી બીતા હતા.

જ્યારે શીરૂય બીકણુ અને કાચી વયનો હતો-તેથીજ તેની નીચેનું તખ્ત તેને માટે ફાંદો બન્યું હતું.

જે કોઈ માણસના પિછાન કરનાર શખ્સે કે તેને (શીરૂયને) જોયો, તે સમજી ગયો-કે "એ પણ બુઝોર્ગીએ પહોંચવાનો નથી."

હવે જે કોઇ કે (ખુસરૂ સાથ) બદી કીધી હતી-અથવા બદી કરવાની હિમ્મત ધાધી હતી, તેઓ ગયા.

તે સઘળાઓ દરગાહમાંથી કોબાદની આગળ આવ્યા-તેઓ પેલાં ઝુલ્મી કામ માટે બોલવા લાગ્યા,

કે "અમોએ એક મરતબે કહ્યું છે અને આ બીજી વખત તને કહિયે છિયે તારા મનમાં કાંઇ જુદોજ વિચાર માલૂમ પડે છે.

બે પાદશાહ એકજ જગ્યા ઉપર બેઠેલા હોય-એક તખ્ત ધરાવનારો હોય અને બીજો ખુરસીએ બેસનારો હોય,

અને જ્યારે બાપ બેટા સાથ સગપણ વધારે-ત્યારે તેઓ સઘળા તાબેદારોનાં સર કાપી નાખે,

એ વાત અમોને કબૂલ નથી-માટે હવે પછી અમારી નઝદીક એવી વાતો કરતોજ ના."

શીરૂય જે હીચકરો હતો તે બીધો-કારણકે તે તેઓના હાથમાં એક ગોલામ જેવો હતો,

તેણે જવાબ આપ્યો કે "કોઈ બૂરા નામના શખ્સ સિવાય ખુસરૂને ફાંદામાં લાવી શકશે નહીં.

માટે હાલ તમોએ ઘર જઇને-આ બાબત ઉપર વિચાર ચલાવવો જોઇએ,

તમો શોધી કાઢો કે દુન્યામાં એવો કોણ છે?-કે જે આપણા ઉપરની આ આફતનો છૂપીજ રીતે અંત લાવી નાખે?"

આથી પાદશાહના દુશ્મનો કોઇ તેવા ઘાટકી શખ્સની શોધ કરવા લાગ્યા-કે જેથી તેને છૂપોજ પુરો કરી નાખે

પણ એવું કામ કરવા માટે જેહાનમાં કોઇ હિમ્મત ધરાવતું નહીં હતું-તેમજ કોઇ તેવી બહાદુરીનો હિસ્સો ધરાવતોજ નહીં હતો,

કે એવા એક પાદશાહનું ખૂન કરીને-એક પહાડને પોતાની ગર્દનમાં લટકાવતો રાખે.

પાદશાહના દુશ્મન ચો તરફ શોધ ચલાવતા હતા-જેમ કરતાં તેઓએ રાહમાં એક શખ્સને જોયો.

જેની બન્ને આંખો માજરી અને બન્ને ગાલો ફિક્કા પડેલા હતા-તેનું શરીર દુબળું અને બાલથી ભરેલું હતું અને હોઠ બલુ રંગના બનેલા હતા.

પગ ધૂળથી ભરેલા અને પેટ ભૂખ્યું હતું-તે ઝુલ્મગાર શખ્સનું માથું ઉઘાડું હતું.

દુન્યામાં શું નાનાઓ કે મોટાઓ વચ્ચે કોઈ તેનું નામ જાણતું હતુ નહીં.

આવી રીતનો બૂરો શખ્સ કે જે કદીએ ખુશી ભરેલું બેહેશ્ત જોતોજ ના, તે ઝાદફરરોખની નઝદીક ગયો.

બદૂ જાદફરૂરોખ ચુ બદ દાસ્તાન
બદાન્ કારૂ ઊ ગશત હમદાસ્તાન
બદૂ ગોફૂત ઇન રઝમ કારે મનસ્ત
ચુ સીરમ કુનીદ ઈન્ શેકારે મનસ્ત
બદૂ ગોફ્‌ત રવ ગર તવાની બેકુન
વઝીન્ નાઝ મુફ્‌શાય લબ બરૂ સખુન
યકી કીસહુ દીનારૂ દારમ તોરા
ચુ ફર્ઝન્દે ખુદ યારૂ દારમ તોરા
યકી ખન્જરે તીઝ દાદશ ચુ આબ
બેયામદ કુશન્દહુ હેલી પુરૂ શેતાબ
ચુ આન્ બદકુનેશ રફૂત નઝદીકે શાહુ
વરા દીદ બા બન્દહુ દરૂ પીશગાહુ
બેલર્ઝીદ ખુસ્રવ ચુ ઊરા બેદીદ
સેરેશ્કશ ઝે મેઝ્હ્ગાન્ બરોખ બરૂ ચકીદ
હમી દેલ ગવાહી બેદાદશ બરાન્
કે આમદ વરા રૂઝગારે ગરાન્
બદૂ ગોફ્‌ત કય ઝેશત નામે તો ચીસ્ત
કે ઝાયન્દહુરા બરૂ તો બાયદ ગેરીસ્ત
મરા મેહરૂ હોરૂમુઝદ ખાનન્દ ગોફૂત
ઘરીબમ દરીન્ શહરૂ બી યારો જોફૂત
ચુનીન્ ગોફૂત ખુસ્રવ કે આમદ ઝમાન્
બદસ્તે ફેરૂમાયએ બદગમાન્
બમરૂ દુમ નમાનદ હમી ચેહરે ઊય
બગીતી નજૂયદ કસી મેહરે ઊય
યકી રીદકી પીશે ઊ બુદ બપાય
બરીદફ ચુનીન્ ગોફૂત કય રહનુમાય
બેરવ તશ્તે આબ્ આરો મુશ્કો અબીરૂ
યકી પાકૂ તરૂ જામએ દેલ પઝીરૂ
પરસ્તન્દહુ બેશનીદ આવાઝે ઊય
નદાનેસ્ત કૂદક હમી રાઝે ઊય
ઝે પીશશ બેયામદ પરસ્તારે ખોરૂદ
યકી તશ્તે ઝરૂરીન્ બરે શાહુ બોરૂદ
અબા જામહો આબ્દસ્તાન પુરૂ આબ્
હમી કરૂદ ખુસ્રવ બરફૂતન્ શેતાબ્
ચુ બર્સમ બેદીદ અન્દરૂ આમદ બબાઝ
ન ગાહે સખુન્ બૂદ ગોફૂતારે રાઝ
હમહુ જામહારા બેપૂશીદ શાહુ
બઝમઝમ હમી તૂબહુ કરૂદ અઝ ગુનાહુ
યકા ચાદરે નવ બસરૂ બરૂ કશીદ
બદાન્ તા રોખે જાન્સેતાન્રા નદીદ
બેશુદ મેહરૂ હોરૂમુઝદ ખન્જરૂ બદસ્ત
દરે ખાનએ પાદશાહુરા બેબસ્ત
સબુકૂ રફૂત જામહુ અઝૂ દરૂ કશીદ
જેગરૂગાહે શાહે જહાન્રા દરીદ
બદીનગૂનહુ ગર્દદ જહાને જેહાન્
હમી રાઝે ખીશ અઝ તો દારદ નેહાન્
સખુન સન્જે બીરન્જો ગરૂ મર્દે લાફૂ
ન બીનદ ઝે કેર્દારે ઊ જોઝ ગેઝાફૂ
અંગરૂ ગન્જ યાબી અગરૂ દર્દો રન્જ
નમાની હમી દરૂ સરાએ સેપન્જ

જ્યારે ઝાદફરરોખે તેને તે સઘળી બાબત કહી સંભળાવી-ત્યારે તે શખ્સ એ કામ કરવા રાઝી થયો.

તે બોલ્યો કે "તેની સાથ લડવાનું મારૂં કામ છે-જો તમો મને હરેક રીતે ધરાયલો કરો તો આ મારોજ શેકાર છે."

ઝાદ ફરરોખે તેને કહ્યું કે "જા, જો તું આ કામ બજાવી શકતો હોય તો બજાવ અને એ વાત તું કોઇને પણ કહેતો ના.

તારે માટે દીનારથી ભરેલી એક થેલી મારી પાસે તૈયાર છે-હું તને પોતાનાં ફર્ઝંદની માફકજ મદદ કરીશ."

પછી તેને એક પાણીદાર એક તેઝી ખંજર આપ્યું-જેથી તે કતલ કરનારો શખ્સ શેતાબી ભરેલાં દિલે આવ્યો.

જ્યારે તે બૂરા કરતુકનો શખ્સ પાદશાહની નઝદીક ગયો-ત્યારે તેને પોતાના નોકર સાથ દરબારમાં જોયો.

જ્યારે ખુસરૂએ તેને જોયો ત્યારે તે ધુજવા લાગ્યો-અને તેની આંખોમાંથી તેનાં મોં ઉપર આંસુ ટપકવા લાગ્યા.

આ બનાવ ઉપર તેનું દિલજ તેને ગવાહી આપવા લાગ્યું-કે "તેનો ભારી વખત નઝદીક આવી લાગ્યો છે."

ખુસરૂએ તેને કહ્યું કે "ઓ બૂરા શખ્સ! તારૂં નામ શું છે?-કે ૨૭૪
તારી માદરને તારી ઉપર રડવું પડશે."

તે બોલ્યો કે "મને 'મેહર હોરમઝદ' કરી લોકો કહે છે-હું પરદેશી છું અને આ શેહરમાં કોઈ મારો મદદગાર અને સાથી છેજ નહીં."

ખુસરૂ બડબડવા લાગ્યો, કે "આ બદગુમાન કમીના શખ્સના હાથ ઉપર મારૂં મોત આવ્યું છે.

તેનો ચેહરો માણુસ જેવો લાગતોજ નથી-દુન્યામાં કોઇ તેની મોહબતત શોધિજ નહીં."

એક છોકરો ખુસરૂ આગળ ઉભેલો હતો-તે નોકરને તેણે એ પ્રમાણે કહ્યું કે "ઓ મારા રેહનુમા!

તું જા અને પાણીની તશ્ત, કસ્તુરી અને અબીર લાવ-તેમજ એક જોડી નવાંજ દિલપઝીર કપડાં લઈ આવ."

તે ગોલામે તેનું કહેલું સાંભળ્યું-પણ તે છોકરો તેનો ભેદ સમજતો નહીં હતો.

તેની આગળથી તે નાનો ગોલામ આવ્યો-અને એક સોનેરી તશ્ત પાદશાહ આગળ લઈ ગયો.

કપડાં તેમજ પાણીથી ભરેલો કળસિયો લઇ ગયો-ખુસરૂ હવે આ દુન્યામાંથી જવાની ઉતાવળ કરવા લાગ્યો.

જ્યારે તેણે બર્સમ જોઇ ત્યારે તેને બાજ ધરવા માંડી-હવે વાત કરવાનો કે ભેદ ખોલવાનો વખત નહીં હતો.

પાદશાહે તે સઘળાં કપડાં પેહેર્યાં-અને બાજ ધરતાં ધરતાંજ પોતાના ૨૭૫
ગુનાહનો પસ્તાવો કરવા લાગ્યો.

એક નવી ચાદર પોતાનાં સર ઉપર ઓઢી-કે જેથી તે પોતાના જીવ લેનારનો ચેહરો જોઇ શકયો નહીં.

મેહર હોરમઝદ હાથમાં ખંજર લઇને આવ્યો-અને પાદશાહનાં મકાનનો દરવાઝો બંધ કીધો.

તે શેતાબ ગયો અને તેનાં કપડાં ખેંચી કાઢયાં-અને તેણે તે દેશના પાદશાહની પેહેલું ચીરી નાખી.

ફરતી દુન્યા એવીજ રીતે ફરે છે-તે પોતાનો ભેદ તારીથી છુપોજ રાખે છે.

ડહાપણવાળો માણસ હોય કે ખાલી પતરાજી કરનારો હોય-પણ તે દુન્યાથી દગા સિવાય કાંઈ જોવાનો નથી.

અગર તું ગમે એટલો ખઝાનો મેળવે કે અગર ગમે એટલું દુઃખ અને રંજ મેળવે-તો પણ તું આ મુસાફરખાનારૂપી દુન્યામાં હમેશે રહેવાનો નથી.

બીઆાઆરીઓ રાસ્તી બરૂ ગુઝીન્
યુ બાહી કે યાબી બહાહ આફ્રીન્
યુ આગાહી આમદ બબાઝારો રાહુ
કે ખુસરવ બદાનગૂનહુ બરૂ શુદ તબાહુ
હમાન્ બદગુમાનાન્ બઝન્દાન્ શુદન્દ
બઆયવાને આન્ મુસ્તમન્દાન્ શુદન્દ
૨૭૬ ગેરામી દહો પન્જ ફર્ઝન્દ બૂદ
બઆયવાને શાહુ આન્ કે દરૂ બન્દ બૂદ
બઝેન્દાન બેકોશ્તન્દ શાન્ બીગુનાહુ
બદાનગહુ કે બરૂ ગશ્તહુ શુદ બખ્તે શાહુ
જહાનદારૂ શીરૂઈ નેયારસ્ત ગોફ્ત
હમી દાશ્ત આન્ અન્દુહુ અન્દરૂ નેહોફ્ત
ચુ બેશનીદ શીરૂય ચન્દી ગેરીસ્ત
વઝાન્ પસ નેગહબાન્ ફેરેસ્તાદ બીસ્ત
બદાન્ તા ઝનો ફરઝન્દાન્ શાન્ નેગાહુ
બેદારદ પસ અઝ મર્ગે આન્ કોશ્તહુ શાહુ
શુદ આન્ પાદશાહીઓ ચન્દાન્ સેપાહુ
બુઝોર્ગીઓ મર્દીઓ આન્ દસ્તગાહુ
કે કસરા ઝે શાહનશાહાન્ આન્ નબૂદ
ન અઝ નામદારાને પીશીન્ શેનૂદ
બેરદમન્દ ગૂયા નદારદ બહા
કે દારદ સરૂ અન્દરૂ દમે અઝ્દહા
જહાનરા મખાન્ જોઝ દેલાવરૂ નહન્ગ્
બખાયદ બદન્દાન્ ચુ ગીરદ બચન્ગ્

સરૂ આમદ ફુનૂન કારે પર્વીઝ શાહુ
શુદ આન્ નામવરૂ ગન્જો તખ્તો સેપાહુ
૨૭૭ હરાન્ કસ કે દારદ ઝે ગીતી ઉમીદ
ચુ જૂયન્દહુ ખોર્માસ્ત અઝ શાખે બીદ
ચે પૂઇ બદીનગૂનહુ ગુમ કરૂદ રાહુ
બરૂઝે સપીદો શબાને સેયાહુ
અઝ હરૂચે યાબી બહેલ કુન પસન્દ
ગરૂ આયદૂન કે જાનરા નખાહી ગઝન્દ
મદાન્ ખીશતનરા બજોઝ નાતવાન્
અગરૂ દસ્તરસ બાશદત યકઝમાન્
જવાન્ મર્દીઓ રાસ્તી પીશહુ કુન્
હમહુ નીકુઈ અન્દરૂ અન્દીશહુ કુન્
બબખ્શો બેખુરૂ તા તવાની દેરમ
કે જોઝ ઈન્ દેગરૂ જુમ્લહુ દર્દસ્તો ઘમ
ચે નીકૂ તરૂ અઝ મા વફાદારૂ દૂસ્ત
વફાદારી અઝ દૂસ્તાન્ બસ નેકૂસ્ત

જો તું ઈન્સાફ સાથની દુઆ મેળવવા ચાહતો હોય-તો તું નિર્દોષતા અને સચ્ચાઈજ એખ્તયાર કર.

હવે જ્યારે ખુસરૂ એવી રીતે માર્યો ગયાની ખબર સઘળાં બાઝારોમાં અને રસ્તાઓમાં ફેલાઈ,

ત્યારે પેલા દુશ્મનો બંદીખાનામાં તે હાજતમંદોનાં અયવાનમાં ગયા.

તેના પ્યારા પંદર બેટાઓ હતા-અને જેઓ પાદશાહના મેહલમાં કયદ હતા,

તે સઘળાઓને જે વખતે કે પાદશાહનું બખ્ત બરગશ્તે થયું-તે વખતે બંદીખાનામાંજ બેગુનાહ મારી નાખ્યા.

પાદશાહ શીરૂય એ બાબત ઉપર કાંઇ પણ બોલી શકયો નહીં-પણ તે ગમ પોતાનાં દિલમાંજ છુપાવી રાખવા લાગ્યો.

જ્યારે શીરૂએ એ સાંભળ્યું ત્યારે તે ઘણોક રડયો-પછી વીસ ચોકીબાન શખ્સોને મોકલ્યા,

જેથી તે માર્યા ગયેલા પાદશાહનાં મરણ પછી તેઓનાં સ્ત્રી અને બચ્ચાંને નેગાહ રાખે.

ખુસરૂની તે મોટી શેહનશાહતનું પુષ્કળ લશ્કર, તેની બહાદુરી અને તેનો મરતબો એ સઘળું જતું રહ્યું.

કે જેના જેવું પાદશાહોમાંથી કોઇ પણ પાદશાહને મળ્યું નહીં હતું-તેમજ આગળના નામદારોમાંથી કોઇયે સાંભળ્યું પણ નહીં હતું.

તું કહે ગોયા અકલમંદ શખ્સ કશી કીમત ધરાવતો નથી-કારણકે તેનું માથું તો અઝદહાનાં મોઢાંમાંજ છે.

તું આ દુન્યાને એક દિલાવર મગરમચ્છ સિવાય બીજું કાંઈ ના સમજતો-જ્યારે તે કોઇને પોતાની ચુંગાલમાં પકડે છે ત્યારે તેને પોતાનાં દાંતો વડે કરડી ખાય છે

શાહ ખુસરૂ પર્વીઝની વાતો હવે પુરી થઈ-તેનો નામીચો ખઝાનો, તેનું તખ્ત અને તેનું લશ્કર એ સઘળું જતું રહ્યું.

જે કોઇ કે આ દુન્યાથી ઉમેદ રાખે છે-તે બેદનાં ઝાડ ઉપરથી ખજૂર શોધનારની બરાબરનો છે.

તું પોતાની ખરી રાહ ગુમ કરીને ધોળે દિવસે અને અંધારી રાતે એમ શા માટે દોડે છે?

જો તું પોતાના જીવને દુઃખી કરવા નહીં માંગતો હોય-તો તેનાથી જે કાંઈ તને મળે તે ઉપરજ સંતોશ પકડ.

અગર તને થોડોક વખત ગમે એટલી પણ શક્તિ મળે-તો પણ તું પોતાને એક નાતવાન સિવાય બીજો કાંઈ ના ગણ.

જવાનમર્દી અને રાસ્તીનોજ પેશો એખ્તયાર કર-અને સઘળો ભલાઇનોજ વિચાર કરતો રહે.

તારાથી બને ત્યાં સુધી તું પૈસાની બક્ષેશ કર-અને ખાઇ પી લે-કારણકે એ સિવાય બીજું સઘળું તો દુઃખ અને ગમજ છે,

આપણ સઘળામાંથી સર્વથી ભલો વફાદાર દોસ્ત કોણ છે?-દોસ્તો તરફથી વફાદારી ઘણીજ સારી હોય છે.

ખાસ્તને શીરૂય શીરીન્‌રા વ કોશતને શીરીન્ ખુદ્‌રા વ કોશતહ્‌ શુદને શીરૂય.

ચુ આવર્દમ ઈન્ રૂએ ખુસવ બગુન
જે શીરૂયો શીરીન્ કુશાયમ સખુન
ચુ પન્જાહો સેહ્ રૂઝ બુગ્‌ઝશ્ત અઝીન્
કે શુદ્ કોશતહ્ આન્ શાહ્ બા આફ્‌રીન્
બશીરીન્ ફ્રેરેસ્તાદ્ શીરૂય કસ
કે અય રીમને જાદુઈ હસ્તરસ
નદાની બોઝ અઝ તઝ્બુલો જાદુઈ
બઈરાન્ ગુનહ્‌ગારૂ તરૂ કસ ત્રુઈ
બતઝ્બુલ હમી દાશ્તી શાહ્‌રા
બચારહ્ ફ્રેરૂદ આવરી માહ્‌રા
બેતરૂસ અય ગુનહ્‌ગારો નઝ્દે મન્ આય
બઆયવાન્ ચુનીન્ શાદો ઈમન્ મપાય
બરૂ આશોફ્‌ત શીરીન્ ઝે પયઘામે ઊય
વઝાન્ બીહુદહ્ ઝેશ્ત દુશ્નામે ઊય
ચુનીન્ ગોફ્‌ત કાન્ કસ કે ખૂને પેદરૂ
બેરીઝદ્ મબાદાશ બાલાઓ ફરૂ
નબીનમ્ મન્ આન્ બદ્ કુનેશરા ઝે દુરૂ
ન હન્ગામે માતમ ન હન્ગામે સુરૂ
દબીરી બેયાવરૂદ અન્દુહ્ બરી
હમાન્ સાખ્તહ્ પહ્‌લવી દફતરી
બદાન્ મોર્દ દાનન્દહ્ અન્દરઝ કરૂદ
હમી ખાસ્તહ્ પીરો ઊ અરૂઝ કરૂદ
હમી દાશ્ત લખ્તી બસન્દૂક્ ઝહ્‌રૂ
કે ઝહ્‌રશ નબાયેસ્ત જોસ્તન્ બશાહ્‌રૂ
હમી દાશ્ત આન્ ઝહ્‌રૂ બા ખીશ્તન્
હમી દૂખ્ત સર્વે ચમનરા કફન્

ફ્રેરેસ્તાદ્ પાસોખ બશીરૂયહ્ બાઝ
કે અય તાજવરૂ શાહે ગર્દનફરાઝ
સુખુનહા કે ગોફ્‌તી તો બર્ગશ્ત બાદ્
દેલો જાને આન્ બદ્ કુનેશ પસ્ત બાદ્
કે ઊ દરૂ જહાન્ જાદુઈ જોઝ બનામ
શાનીદહ્‌સ્તો બૂદહ્‌સ્ત અઝ શાદકામ
અગરૂ શાહ્ અઝીન્ રસ્મો અન્દાઝહ્ બૂદ
કે અઝ જાદુઈ જાને ઊ તાઝહ્ બૂદ
કે જાદૂ બુદી કસ બમુશ્કૂએ ઊય
નદીદહ્ બદીદી હમહ્ રૂએ ઊય
મરા અઝ પયે ફ્રરૂરોખી દાશ્તી
કે શબ્‌ગીરૂ ચુન ચશ્મ બુગ્માશ્તી
ઝે મુશ્કૂએ ઝરૂરીન્ મરા ખાસ્તી
બદીદારે મન્ જાન્ બેયારાસ્તી
ઝે ગોફ્‌તારૂહાએ ચુનાન્ શરૂમ દારૂ
નઝીબદ્ સખુન્ કઝ્ અબરૂ શહ્‌રૂયારૂ

શીરૂએ શીરીનની માગણી કરવી અને શીરીને આપઘાત કરવો અને શીરૂય પણ માર્યો જવો.

હવે જ્યારે મેં ખુસરૂનો ઝમાનો પુરો કીધો છે-ત્યારે શીરૂય અને શીરીન માટેનું બેયાન કરૂં છું.

જ્યારે તે તારીફ લાયક પાદશાહને માર્યા ગયાને ત્રેપન દિવસ પસાર થયા,

ત્યારે શીરૂએ શીરીન આગળ કોઇને મોકલી કહેવાડિયું-કે "ઓ જાદુઇ શક્તિ ધરાવનારી રીમન અઉરત!

તું ફનફરેબ અને જાદુઈ સિવાય બીજું કાંઇ જાણતી નથી-ઇરાનમાં ૨૭૮
સર્વથી વધુ ગુનેહગાર તુંજ છે.

તુંજ પાદશાહને ફરેબ સાથ રાખતી હતી-ફરેબથી તું માહતાબને પણ નીચે લાવે છે.

ઓ ગુનેહગાર હવે તું ધાસ્તી ખા અને મારી આગળ આવ-એવી રીતે મેહલમાં ખુશહાલ અને નચિન્ત બની ના બેસ."

શીરીન તેના એવા પયગામથી અને તેની આવી બેહુદી ખરાબ ગાળગલોચથી ગુસ્સે બની,

એ પ્રમાણે બોલવા લાગી કે "જે શખ્સ કે પોતાના બાપનુંજ ખૂન-રેઝ તેને મોટાઇ અને ઓરેહ હોવુંજ ના!

હું તે ભૂંડા કરતુકના શખ્સને શું માતમને વખતે કે શું ખુશીને વખતે દુરથી પણ જોઇશ નહીં."

પછી તેણીએ પોતાના એક દિલસોઝ લખનારને બોલાવ્યો-અને પહલવ ભાષામાં એક કાગઝ લખાવ્યું.

તે વિદ્વાન શખ્સને પોતાની સઘળી વસીયત કીધી-અને તેની આગળ પોતાની માલ અને મિલ્કતની તફસીલ નોધાવા લાગી.

હવે તેણી કામ પડે ત્યારે શેહરમાં લેવા જવું નહીં પડે એવા હેતુથી પોતાની પેટીમાંજ થોડુંક ઝેહર રાખતી હતી.

તે ઝેહર તેણી પોતાની પાસે રાખવા લાગી-અને તેમ કરી પોતાનાં બાગનાં સરોવર માટે કફન સીવવા લાગી (યાને પોતાનાં મોતની સઘળી તેયારી કરવા લાગી).

પછી તેણીએ શીરૂય ઉપર પાછો જવાબ મોકલ્યો-કે "ઓ ગર્દન- ૨૭૯
ફરાઝ તાજવર પાદશાહ!

તેં જે સખુનો કહ્યા તે મારે મનસે પવન મિસાલ છે-તે પાપી માણસનાં દિલ અને જાન ઊંધાં પડજો,

કે જેને આ દુન્યામાં જાદુઈનાં માત્ર નામ સાંભળવા સિવાય બીજી રીતનો અનુભવ હોય અને તેમાં તે ખુશી રહેતું હોય.

અગરજો પાદશાહ ખુસરૂની રસમ અને પહોંચ એવી હતે-કે જાદુઇથી તેના જાનને તાઝગી મળે,

અને કોઈ જાદુગરણી તેનાં ઝનાનખાનામાં હતે-તો કોઈબી આંખો તેણીના ચેહરાને જોઇ નહીં શકતે.

તે તો મને શુભફાલ (auspiciousness)ને માટે રાખતો હતો-તે એમ કે બામદાદે ઊંઘમાંથી બેદાર થયા બાદ પહેલવહેલી નઝર દોડાવતી વખતે,

તે મને મારાં સોનેરી ઝનાનખાનામાંથી બોલાવી મંગાવતો-અને મારાં દર્શન કરીને પોતાના જાનને શોભા આપતો હતો.

માટે આવી વાતો બોલવાથી તું શર્મ પકડ-આડા સખુનો પાદશાહને ઝેબ આપતા નથી.

કે દાદારે નીકી દેહેદ યાદ કુન્
બપીશે કસ અન્દર્ મગૂ ઇન્ સખુન્
બેઓર્દન્દ પાસોખ બનઝ્દીકે શાહ
બર્ આશોફૂત શીરૂય અઝાન્ બીગુનાહ
૨૮૦ ચુનીન્ ગોફૂત કઝ આમદન્ ચારહ નીસ્ત
ચુ તૂ દર્ જહાન્ નીઝ ખૂનખારહ નીસ્ત
બેયાઓ સરે તાજે મારા બબીન્
અગર્ હસ્ત ઝીબન્દહ કુન્ આફરીન્
ચુ બેશનીદ શીરીન્ પુર્ અઝ દર્દ ગશ્ત
બેપીચીદો રન્ગે રૂખશ ઝર્દ ગશ્ત
ચુનીન્ દાદ પાસોખ કે નઝદે તો મન્
નેયાયમ મગર્ બા યકી અન્જુમન્
કે બાશન્દ નઝદે તો દાનન્દગાન્
જહાનદીદહો ચીઝ ખાનન્દગાન્
ફેરેસ્તાદ શીરૂય પન્જાહ મર્દ
બેયાવર્દ દાનન્દહો સાલખર્દ
વઝાન્ પસ બશીરીન્ ફેરેસ્તાદ કસ
કે બર્ખીઝો પીશ આયો ગોફ્તાર્ બસ
ચુ શીરીન્ શનીદ આન્ કબૂદો સેયાહ
બેપૂશીદો આમદ બનઝ્દીકે શાહ
બેશુદ તીઝ તા ગુલ્શને શાદગાન્
કે બુદ જાએ ગૂયન્દહ આઝાદગાન્
નેશસ્ત અઝ પસે પર્દએ પાદશા
ચુનાન્ ચૂન બુવદ મર્દુમે પારસા
૨૮૧ બનઝ્દીકે ઊ કસ ફેરેસ્તાદ શાહ
કે અઝ સૂગે ખુસ્રવ બર્ આમદ દો માહ
કુનૂન્ જોફ્તે મન્ બાશ તા બર્ ખરી
બદાન્ તા સુએ કમતરી નન્ગરી
બેદારમ તોરા હમ બસાને પેદર્
વઝાન્ નીઝ નામી તરો ખૂબ્ તર્
બદ્ ગોફ્ત શીરીન્ કે દાદમ નુખોસ્ત
બેદેહ વાન્ગહી જાને મન્ પીશે તોસ્ત
વઝાન્ પસ નેયાસાયમ અઝ પાસોખત
ઝે ફર્માનો રાયો દેલે ફર્રૂખત
બદાન્ ગશ્ત શીરૂય હમદાસ્તાન્
કે બર્ ગૂયદ આન્ ખૂબ્રોખ દાસ્તાન્
ઝને મેહતર્ અઝ પર્દહ આવાઝ દાદ
કે અય શાહ પીરૂઝ બાદીઓ શાદ
તો ગોફ્તી કે મન્ બદ તનો જાદુઈમ
ઝે પાકીઓ અઝ રાસ્તી યક્સુઈમ
બદ્ ગોફ્ત શીરૂય બૂદ ઇન્ ચુનીન્
ઝે તીઝી જવાનાન્ નગીરન્દ કીન્
ચુનીન્ ગોફ્ત શીરીન્ બઆઝાદગાન્
કે બૂદન્દ દર્ ગુલ્શને શાદગાન્
૨૮૨ કે અઝ મન્ ચે દીદી શુમા અઝ બદી
ઝે તારીઓ કઝ્ઝીઓ નાબેખ્રદી
બસી સાલ બાનૂએ ઇરાન્ બુદમ
બહર્ કાર્ પોશતે દેલીરાન્ બુદમ
ન જોસ્તમ હમીશહ જોઝ અઝ રાસ્તી
ઝે મન્ દૂર્ બુદ કઝ્ઝીઓ કાસ્તી

તું નેકી પહોંચાડનારા ખોદાતાલાને યાદ કર-એવી વાતો તું કોઇની આગળ ના બોલતો."

તેઓ પાદશાહની નઝદીક તે જવાબ લઈ ગયા-તે નિર્દોષ બાનૂથી શીરૂય ગુસ્સે થયો.

તેણે પાછું કહેવાડિયું કે "આવવા વગર તારો છુટકો નથી-તારી મિસાલનો દુન્યામાં કોઇ બીજો ખૂની નથી.

તું આવ અને મારૂં તાજ સાથનું સર જો-અગર તે ઝેબ આપનારૂં હોય તો શાહ તરીકે કબૂલ રાખજે."

જ્યારે શીરીને સાંભળ્યું ત્યારે તેણી દુ:ખી થઈ-તેણીએ કલ ખાધી અને તેના ચેહરાનો રંગ ફિકકો થયો.

તેણીએ જવાબ આપ્યો કે "હું તારી નઝદીક-બીજાં તે માણસોને સાથે લીધા વગર આવીશ નહીં,

કે જેઓ તારી નઝદીક દાનાઇ ધરાવનારા, અનુભવી અને દરેક ચીઝ વાંચી જાણનારા હોય."

શીરૂએ પચાસ માણસો જેઓ અકલમંદો અને વૃદ્ધ વયના હતા, તેઓને ભેગા કરી ત્યાં મોકલ્યા.

પછી શીરીન આગળ એક જણને મોકલી-કહેવડાવ્યું કે "ઉઠ, અમારી પાસે આવ અને વધુ બોલવાનું બંધ કર."

જ્યારે શીરીને તે સાંભળ્યું ત્યારે તેણીએ બલુ અને કાળાં કપડાં-પેહેર્યાં અને પાદશાહની નઝદીક આવી.

તેણી "ગુલ્શને શાદગાન" સૂધી ઝડપથી ગઈ-કે જે શુભાષિત બોલનારા મોટા માણસોની જગ્યા હતી

અને જેમ પરહેઝગાર માણસને ઘટે તેમ પાદશાહના પરદા પાછળ તેણીએ બેઠક લીધી.

પાદશાહે કોઇને તેની આગળ મોકલી કહેવાડિયું-કે "ખુસરૂના સોગના બે મહિના નીકળી ગયા છે.

હવે તું મારી અઉરત થઈ રહે કે જેથી તું ફાયદો મેળવે-અને તેથી તું કશાની હાજતમંદ નહીં રહે.

જેમ બાપ તને રાખતો તેમજ હું પણ તને રાખીશ-બલ્કે તેનાં કરતાંબી વધારે નામદારી ભરી અને સારી રવેશે રાખીશ."

શીરીને તેને કહેવાડિયું કે "પહેલાં તું મને ઈન્સાફ-આપ અને પછી મારો જીવ પણ તારી આગળ હાઝેર છે.

અને ત્યાર પછી હું તને જવાબ દેવાથી વાર લગાડીશ નહીં અને તારાં ફર્માન, તારા વિચાર અને તારાં મુબારક દિલથી અટકીશ નહીં."

શીરૂય તે ખૂબસૂરત ચેહરેની જે કહે તે કરવા કબૂલ થયો.

તે પાદશાહી બનૂએ પરદા પછાડીથી બોલવા માંડિયું-કે "એ પાદશાહ! તું ફતેહમંદ અને ખુશહાલ રહેજો!

તેં તો કહ્યું હતું કે હું બૂરા તનની અને જાદુગર અઉરત છું-તેમજ પાકી અને રાસ્તીથી દૂર થયલી છું."

શીરૂએ તેણીને કહ્યું કે "હા, એમ કહ્યું હતું ખરૂં-પણ જવાન માણસો કોઈના સખ્ત બોલોનું વેર પોતાનાં દિલમાં નથી રાખતા."

પછી શીરીને પેલા આલીજાહ શખ્સો કે જેઓ તે "શાદગાન"ના બાગમાં હતા, તેઓને એ પ્રમાણે કહ્યું,

કે "મારેથી તમોએ બૂરાઈ, ફરેબ, જૂઠાઈ અને બેવુકૂફી ભરેલું શું જોયું છે?

ઘણાક વર્ષો સૂધી હું ઇરાનની બાનૂ રહી હતી-અને દરેક કામમાં બહાદુર લોકોની મદદગાર રહી હતી.

મેં હમેશે રાસ્તી સિવાય બીજું કાંઇ શોધ્યુંજ નથી-મારેથી ફરેબ અને અપ્રમાણિકપણું દૂરજ રહ્યાં છે.

બસી કસ રૂ મે ગોફતારે મન શહુરૂ યાફ્ત
બહરૂ બારઈ અજ઼ જહાન બહુરૂ યાફ્ત
બઘરાન્ કે દીદ અજ઼ ફુનહુ સાયહુ આમ
અગરૂ સાયહો તાજો પીરાયહુ આમ
બગૂયદ હરાન્ કસ કે દીદો શનીદ
હમહુ કારૂ અઝીન પાસોખ આયદ પદીદ
ખુઓર્ગાન્ કે બૂદન્દ નઝદીકે શાહુ
રૂ શીરીન્ બખૂબી નમૂદન્દ રાહુ
કે ચૂન્ ઊ ઝની નીસ્ત અન્દરૂ જેહાન્
ચે દરૂ આશકારો ચે અન્દરૂ નેહાન્
ચુનીન્ ગોફ્ત શીરીન્ કે અય મેહુતરાન્
જહાન્દીદહો કારૂ કર્દહુ સરાન્
બસેહુ ચીઝ બાશદ ઝનાન્રા બેહી
કે બાશન્દ ઝીબાએ તખ્તે મેહી
યકી આન્ કે બા શર્મો બા ખાસ્તહુ
કે જોફ્તશ બદૂ ખાનહુ આરાસ્તહુ
દેગરૂ આન્ કે ફરૂરોખ પેસરૂ ઝાયદ ઊય
રૂ શૂએ ખુજસ્તહુ બેયફ્ઝાયદ ઊય
સે દીગરૂ કે બાલાઓ રૂયશ બુવદ
બપૂશીદગી નીઝ મૂયશ બુવદ
બદાન્ગહુ કે મન જોફ્તે ખુસ્રવ શુદમ
બપૂશીદગી દરૂ જહાન નવ શુદમ
ચુ બી કામો બી દેલ બેયામદ ઝે રૂમ
નેશસ્તન્શ બૂદ અન્દરીન્ મર્ઝો બૂમ
અઝાન્ પસ બદાન્ કામગારી રસીદ
કે કસ દરૂ જહાન્ આન્ નદીદો શનીદ
વઝૂ નીઝ ફર્ઝન્દ બૂદમ ચહારૂ
બદીશાન્ બસી શાદ બુદ શહુરયારૂ
ચુ નસ્તૂરો ચૂનૂ શહુરૂયારો ફરૂદ
ચુ મર્દાન્શાહુ આન્ તાજે ચર્ખે કબૂદ
રૂ જમ્શેદ ફરીદૂન્ ચુ ઈશાન્ નઝાદ
ઝબાનમ મબાદ અરૂ બેપીચમ રૂ દાદ
કે હરૂ ચારૂ અકૂનૂન બખાકૂ અન્દરન્દ
ગોરાઝાન્ બમીનૂએ પાકૂ અન્દરન્દ
બેગોફ્ત ઇનો બુકુશાદ ચાદરૂ રૂ રૂય
હમહુ રૂએ માહો હમહુ મુશ્કૂ મૂય
વદીગરૂ ચુનીનસ્ત રૂયમ કે હસ્ત
યકી ગરૂ દોરૂધસ્ત બેન્માય દસ્ત
મરા અજ઼ હોનરૂ મૂય બુદ દરૂ નેહાન
કે આન્રા નદીદી કસ અન્દરૂ જેહાન્
નમૂદમ હમીનસ્ત આન્ જાદુઈ
ન અજ઼ ફુન્બુલો મકૂરો અજ઼ બદ ખુઈ
ન કસ મૂએ ઊ પીશ અઝીન્ દીદહુ બૂદ
ન અજ઼ મેહુતરાન્ નીઝ બેશનીદહુ બૂદ
રૂ દીદારૂ પીરાન્ ફેરૂમાન્દન્દ
બયૂ ઝીરે લબ્હા બરૂ અફૂશાન્દન્દ
ચુ શીરૂય રોખસારે શીરીન્ બદીદ
રવાનશ નેહાની રૂ તન્ બરૂ પરીદ
ચુનાન્ ખીરહુ માન્દ અન્દરાન્ ચેહરે ઊય
કે શુદ દેલશ આગન્દહુ અજ઼ મેહરે ઊય

ઘણાકોને મારા કહેવાથી શોહરો મળ્યાં છે-અને દરેક બાબદમાં મારાથી ફાયદોજ મેળવ્યો છે.

પહેલેથરથીજ ઈરાનમાં મારો ઓળો કોણે જોયો છે?-અગર મારો પડછાયો, મારૂં તાજ કે મારો સણગાર,

જે કોઇએ કે જોયો હોય અને સાંભળ્યો હોય તે બોલે-આ જવાબથી સઘળી બાબત ઝાહેર થઈ જશે."

જે બુઝર્ગો કે પાદશાહની નઝદીક હતા-તેઓ શીરીનની ભલાઈ માટે બોલવા લાગ્યા,

કે "દુન્યામાં એના જેવી કોઈ પણ અઉરત શું ઝાહેરમાં કે શું બાતેનમાં કેથે પણ નથી."

શીરીન બોલી કે "ઓ મોટાઓ, અનુભવીઓ અને લડાઈ અઝમાવેલા સરદારો!

અઉરતોને ત્રણ વાતથી ભલાઈ મળે છે-અને તેથીજ તેણીઓ મોટાઈનાં તખ્તને ઝેબ આપનારી થાય છે.

એક તો એ કે તેણી શર્માલ અને સારી સ્થિતિની હોય-કે જેથી તેણીનો ધણી પોતાનું ઘર શોભાવે. ૨૮૩

બીજું એ કે તેણી મુબારક બેટા જણે-અને ભાગ્યશાળી ધણીથી મોટાઈ મેળવે.

ત્રીજું એ કે તે ઊંચા કદવાળી અને ખૂબસૂરત હોય-તેની ખાસીયત મલાજા ભરેલી હોય.

જે વખતે કે હું ખુસરૂની અઉરત બની હતી-તે વખતે મલાજામાં હું દુન્યામાં વખણાઈ હતી.

જ્યારે ખુસરૂ ના મુરાદ અને નિરાશ થઇને રૂમથી આવ્યો-ત્યારે એજ જગ્યામાં તેણે પોતાનું પાયતખ્ત બનાવ્યું હતું.

ત્યાર પછી તે એવી મોટાઇએ પહોંચ્યો-કે જેવી કોઇએ દુન્યામાં જોઈ કે સાંભળી પણ નથી.

તેનાથી મને ચાર બેટાઓ પણ થયા હતા-જેઓથી પાદૃશાહ ઘણો ખુશહાલ રહેતો હતો.

જેવા કે નસ્તૂર, શોહરયાર અને ફરૂદ-તેમજ બલુ આસ્માનના તાજ જેવો મર્દાનશાહ.

પાદશાહ જમશીદ અને ફરીદૂને પણ એવા બેટા જણ્યા નથી-જો હું સાચું નહીં બોલતી હોઉં તો આ મારી ઝબાન હોતીજ ના!

કે જે ચારો જણા હમણા ખાકમાં પડયા છે-તેઓ પવિત્ર બેહેસ્તમાં ખુશહાલ દોડી ગયા છે."

તેણી એટલું બોલી પોતાનાં મોઢાં ઉપરથી ઓઢણી ખસેડી નાખી-તેણીનો સઘળો ચેહરો માહતાબ જેવો અને બાલ કસ્તુરી જેવા હતા. ૨૮૪

અને તેણી બોલી કે "આ મારો ચેહરો જેવો છે તેવોજ છે-જો એમાં ખોડખાંપણ હોય તો કોઇ દેખાડે.

આ મારા છૂપાવેલા બાલ એજ મારાં પરાક્રમ હતાં-કે જે બાલને દુન્યામાં કોઇએ જોયાજ નથી.

આ મારા બાલ કે જે મેં બતાવ્યા તેજ મારી જાદુઇ છે-અને નહીં કે ફરેબ, દગો કે બૂંડી ખાસિયતો મારી પાસ હતી."

એ આગમજ કોઇએ તેણીના બાલ જોયાજ નહીં હતા-તેમજ કોઈ સરદારોથી સાંભળયા પણ નહીં હતા.

તે બુઢ્ઢાઓ તેણીનો ચેહરો અને બાલ જોઇને અજબ થઇ ગયા-અને તેઓના હોઠ નીચે લબ નીકળવા લાગી.

જ્યારે શીરૂએ શીરીનનો ચેહરો જોયો ત્યારે તેનો જીવ તનમાંથી છૂપો ઉડીજ ગયો.

તે તેના ચેહરાથી એવો દીવાનો થયો-કે તેનું દિલ તેની મોહબતથી ભરેલું બન્યું.

વરા ગોહૂત ઓય તુ નબાયદ કસમ
શુ તુ ગોહૂત યાબમ ગે ઇરાન બસમ
નેયાયમ બિરૂન મન ગે ફર્માને તુ
નેબારમ આબરૂ દીદહ્ પયમાને તુ
૨૮૫ ચને ખૂબરૈખ પાસોખશ દાદ બાઝ
કે અઝ શાહે ઈરાન નેયમ બી નેયાઝ
હો હાજત બેખાહમ શુ ફર્માન દેહી
કે બરૂ તુ બેમાનાદ શાહનશેહી
બદૂ ગોહૂત શીરૂય જાનમ તોરાસ્ત
દેગર આરઝુ હરચે ખાહી રવાસ્ત
બદૂ ગોહૂત શીરીન કે હર ખાસ્તહ્
કે બુદમ બદીન કેશ્વર આરાસ્તહ્
અવાન્ પસ સેપારી યકાયક બમન્
હમહ્ પીશે ઇન્ નામદારૂ અન્જુમન્
બદીન્ નામહ્ અન્દર ચની ખતતે ખીશ
કે બીઝારમ અઝ ચીઝે ઊ કમ્મો બીશ
બેકરદ આન્ચે ફરમૂદ શીરૂય ઝુદ
ચને આરઝુહા શુ પાસોખ શેનૂદ
બરાહ આમદ અઝ ગુલ્શને શાહગાન
બે પીશે ખુર્શેદગાને આઝાદગાન
બખાનહ્ શુદો બન્દહ્ આઝાદ કરદ
બદાન્ ખાસ્તહ્ બન્દહ્રા શાદ કરદ
દેગર હરચે બુદશ બદર્વીશ દાદ
બદાન્ કસ કુજા ખીશ બુદ બીશ દાદ
૨૮૬ બેબખ્શીદ ચીઝી બઆતેશકદહ્
શુ બર જશ્ને નઉરૂઝો મેહરો સદહ્
દેગર બર કુનામી કે વયરાન બુદી
રેબાતી કે આરામે શીરાન બુદી
બમોબદે જહાનદાર ખુશ્રવ બેદાદ
બની કી રવાને વરા કરદ શાદ
બેયામદ બદાન્ બાગે ખુર્શાદ રૂય
નેશસ્ત અઝ બર ખાક બી રન્ગો બૂય
હમહ્ મરદુમાન્રા બરે ખીશ ખાન્દ
મરાન્ હર યકીરા બખૂબી નેશાન્દ
શુનીન્ ગોહૂત અઝાન્ પસ બબાન્ગે બલન્દ
કે હર કસ કે હસ્ત અઝ શુમા બી ગઝન્દ
હમહ્ ગૂશ દારીદ ગોહૂતારે મન્
નબીનદ કસી નીઝ દીદારે મન્
બેતર્સીદ અઝ દાવરે દાદખાહ્
ફરૂઝન્દએ અખ્તરો હૂરો માહ્
મગૂઈદ યકસર જોઝ અઝ રાસ્તી
નેયાયદ ઝે દાનન્દગાન્ કાસ્તી
કઝાન્ પસ કે મન્ પીશે ખુસ્રવ શુદમ
બશહરે ઝરૂરીને ઊ નવ શુદમ
૨૮૭ સરે બાનૂઆન્ બુદમો ફરૂરે શાહ
અઝાન્ પસ ચે પયદા શુદ અઝ મન્ ગુનાહ
નબાયદ સખુન ઈચ ગોહૂતન્ બરૂય
ચે રૂય આયદ અન્દર ચની ગુફ્તગૂય
હમહ્ યકસર અઝ જાય બરખાસ્તન્દ
ઝબાન્ પાસોખશરા બેયારાસ્તન્દ

તેણીને કહ્યું કે "તારા સિવાય મને કાંઇ બીજું જોઈતું નથી-તારા જેવી ધણીયાણી જો હું મેળવું તો પછી ઈરાન દેશમાંથી મને બીજું કશુંએ જોઇએ નહીં.

હું તારાં ફરમાનથી ફરીશ નહીં-અને તારૂં વચન હું મારી આંખ ઉપર ચીતારીશ."

તે ખૂબસૂરત સ્ત્રીએ તેને પાછો જવાબ આપ્યો-કે "હું ઈરાનના પાદશાહથી હાજત વગરની નથી.

જો તું શાહ કે તારી ઉપર આ શેહનશાહી કાયમ રહેજો!-તે મને હોકમ ફરમાવે તો હું બે ખાહેશ ધરાઉં છું."

શીરૂય બોલ્યો કે "મારો જીવ પણ તારોજ છે-બીજી જે કાંઇ તારી માગણી હોય તે માગ, મારે કબૂલ છે."

શીરીને તેને કહ્યું કે "મારી દરેક માલ મિલ્કત જે આ દેશમાં મેં ભેગી કીધેલી હતી,

તે સઘળી આ નામદાર અંજુમન આગળ મને પાછી સ્વાધીન આપ.

અને આ કાગજ ઉપર પોતાને હાથે લખ-કે 'શીરીનની થોડી કે ઘણી મિલ્કત મને જોઈતીજ નથી.'"

જે તેણીએ કહ્યું તે શીરૂએ તુરતજ કીધું-તે હાજતમંદ સ્ત્રીએ જ્યારે એવો જવાબ મેળવ્યો,

ત્યારે તેણી શાહગાનના બાગમાંથી તે બુઝર્ગો અને મોટાઓ આગળથી બાહેર નીકળી.

તેણી ઘર જઇને પોતાના ગોલામોને આઝાદ કીધા-તેમજ તે ખઝાનાથી તે નોકરોને ખુશહાલ બનાવ્યા.

બીજું જે કાંઈ હતું તે ગરીબોને આપ્યું-તેણીના જેઓ ખેશી હતા તેઓને વધારે આપ્યું.

તેમજ નવરોઝ, મેહરંગાન અને સદેહના જશનો માટે-ઘણીક ચીઝો આતશકદેહમાં બક્ષેશ આપી.

બીજુ જે રહેઠાણો કે વયરાન થયાં હતાં-અને જે મુસાફેરખાના કે સિંહોના મકાન બન્યાં હતાં,

તે પાદશાહ ખુસરૂની યાદમાં આબાદ કીધાં-અને તેવી ભલાઈ કરી તેનાં રવાનને ખુશ્નુદ કીધું.

પછી પાછી તેણી પેલા બાગમાં આવી પોતાનો ચેહરો ખુલ્લો કીધો-અને વગર સણગારે ખાક ઉપર બેઠી.

સઘળા જણને પોતાની નઝદીક બોલાવ્યા-તેઓ દરેકને ખૂબી સાથે બેસાડયા.

પછી તેણી બુલંદ આવાઝે એ પ્રમાણે બોલવા લાગી-કે તમારામાંથી જે કોઇ કે ધાસ્તી વગરના હોય,

તમો સઘળા મારી વાત સાંભળો-હવે પછી કોઈબી શખ્સ મારા દીદાર જોશે નહીં.

તમો ઈન્સાફ ધરાવનાર દાદગર દાવર કે જે સેતારા, આફ્તાબ અને માહતાબને રોશન કરનારો છે, તેનાથી બીહને ચાલજો.

તમો રાસ્તી સિવાય કાંઈ બીજું બોલતાજ ના-દાના માણસો કદી જૂઠું બોલતાજ નથી,

કે જ્યારથી હું ખુસરૂની આગળ આવી-અને તેનાં ઝનાનખાનામાં નવીસવી ગઈ,

અને બાનૂઓની સરદાર તેમજ પાદશાહી દબદબાવાળી બની-ત્યારથી મારી તરફથી શું ગુનાહ ઝાહેર આવ્યો છે?

તમારે તે બાબત કાંઇ બોલવું નહીં જોઇએ-અબળાજાતીથી શું બની શકે?"

સઘળાઓ પોતાની જગ્યાથી ઉઠયા-અને તેણીને જવાબ દેવા લાગ્યા,

કે અય નામવરૂ બાનુએ બાનુઆન્
સખુનગૂયો દાનાઓ રઉશન્ રવાન્
બયઝદાન્ કે હરૂગેઝ્ તોરા કસ નદીદ
ન નીઝ અઝ પસે પર્દેહ્ આવા શનીદ
હમાના કે હન્ગામે હુશન્ગ્ બાઝ્
ચુ તૂ નીઝ નન્શસ્ત બરૂ તખ્તે નાઝ
હમહ્ ખાદેમાનો પરસ્તન્દગાન્
જહાનજૂયો બીદારૂ દેલ બન્દગાન્
બઆવાઝ ગોફ્તન્દ કય સરફરાઝ્
સેતૂદહ્ બચીનો બરૂમો તરાઝ
કે યારદ સખુન ગોફતન્ અઝ તૂ બબદ
બદી કર્દન્ અઝ રૂએ તૂ કય સઝદ
ચુનીન્ ગોફ્ત શીરીન્ કે ઈન્ બદ કુનેશ
કે ચર્ખે બલન્દશ કુનદ સર્ઝનેશ
પેદરૂરા બેકોશ્ત અઝ પયે તાજો તખ્ત
કઝીન્ પસ દો ચશ્મશ મબીનાદ બખ્ત
મગરૂ મરૂગ્રા પીશે દીવારૂ કરૂદ
કે જાને પેદરૂરા ચુનીન્ ખારૂ કરૂદ
પયામી ફેરેસ્તાદ નઝદીકે મન્
કે તારીકૂ શુદ જાને બારીકે મન્
બદાન્ ગોફ્તમ ઇન્ મન્ કે તા ઝન્દહ્ અમ
જહાન્ આફરીન્રા બદેલ બન્દહ્ અમ
પદીદારૂ કર્દમ હમહ્ રાહે ખીશ
પુરૂ અઝ દરૂદ બૂદમ ઝે બદખાહે ખીશ
પસ અઝ મર્ગે મન્ બરૂ સરે અન્જુમન્
ઝબાનશ મગરૂ બદ સરાયદ બમન્
હરાન્ કસ શુમા બૂદ બન્દહ્ મરા
શુદ આઝાદો અઝ મન્ કુશાદહ્ સરા
ઝે ગોફ્તારે ઊ વીઝહ્ ગેર્યાન્ શુદન્દ
હમ અઝ દર્દે પર્વીઝ બેર્યાન્ શુદન્દ
ચુ રફ્તન્દ ગૂયન્દગાન્ નઝદે શાહ્
શનીદહ્ બેગોફ્તન્દ અઝાન્ બીગુનાહ્
બેપુર્સીદ શીરૂય કાન્ નીકૂખૂય
દેગરૂ અઝ ચે ચીઝ આમદશ આરૂઝૂય
ફેરેસ્તાદ શીરીન્ બશીરૂયહ્ કસ
કે અકૂનૂન્ યકી આરૂઝૂ માન્દ બસ
કુશાયમ દરે દખ્મએ શાહ્ બાઝ
બદીદારે ઊ આમદસ્તમ નેયાઝ
ચુનીન્ ગોફ્ત શીરૂય કારી રવાસ્ત
કે બરૂ તૂ ચુનીન્ આરૂઝૂહા સઝાસ્ત
નેગહ્બાન્ દરે દખ્મહ્રા બાઝ કરૂદ
ઝને પારૂસા મૂયહ્ આઘાઝ કરૂદ
બેશુદ ચેહ્રહ્ બરૂ ચેહ્રે ખુસ્રવ નેહાદ
ગુઝશ્તહ્ સુખુન્હા હમહ્ કરૂદ યાદ
હમાનગાહ્ ઝહ્રે હલાહલ બેખરૂદ
ઝે શીરીન્ રવાનશ બરૂઆવરૂદ ગરૂદ
નેશસ્તહ્ બરે શાહ્ પૂશીદહ્ રૂય
બતન્ દરૂ યકી જામહ્ કાફૂરૂ બૂય
બદીવારૂ પોશ્તશ નેહાદો બેમોરૂદ
બેમોર્દી ઝે ગીતી સેતાયેશ બેબોરૂદ

કે "એ શુભાષિત બોલનારી, વિદ્વાન અને રોશન રવાનની નામીચી બાનુઓની બાનુ!

યઝદાનના કસમથી અમો કહિયે છિયે કે તને કદી પણ કોઇએ જોઈ નથી-તેમજ પરદા પાછળથી તારો સાદ પણ કોઇએ સાંભળ્યો નથી.

ખચીત કે હુશંગના વખત પછીથી-તારા જેવી એક પણ અઉરત નાઝ ભરેલાં તખ્ત ઉપર બેઠી નથી."

પછી તમામ નોકરો, ગોલામો, જેહાનના અનુભવી અને ચાલાક બંદાઓ,

બુલંદ આવાઝે બોલ્યા કે "એ ચીન, રૂમ અને તરાઝ શેહરની વખણાયલી સરફરાઝ બાનુ!

તારે માટે બૂરા સખુન કોણ બોલી શકે છે?-તારા જેવા ચેહરાવાળી માટે બૂરાઈ કરવી કેવી રીતે લાયક ગણાય?"

શીરીન બોલી કે "આ બૂરી કરણીનો શીરૂય-કે જેને બુલંદ આસ્માન ઠપકો આપશે,

તેણે તાજ અને તખ્તને ખાતેર પોતાના બાપને મારી નાખ્યો-કે ૨૮૮
હવે પછી તેની બન્ને આંખો સારૂં નસીબ જોતીજ ના!

કદાચ તેણે પોતાનાં મોતને બંદ કરી રાખ્યું હશે-કે એવી રીતે તેણે પોતાના બાપના જાનને ખુવાર કરી નાખ્યો.

તેણે મારી નઝદીક એક પયગામ મોકલ્યો કે જે પયગામથી મારી નાઝુક લાગની ઘણી દુઃખાઈ છે.

આ સઘળું મેં એટલાં માટેજ ઝાહેર કીધું છે કે હું જ્યાં સુધી જીવતી છું-ત્યાં સુધી ખરાં દિલથી ખોદાતાલાનીજ તાબેદાર છું.

હું મારા દુશ્મનથી દુઃખી થયલી છું-તેથીજ મેં મારી ચાલચલણ સઘળી તમોને જણાવી છે.

મારાં મરણ પછી આ અંજુમન આગળ-કદાચને તે મારી બદગૂઈ પણ કરે.

તમારામાંથી જેઓ મારા ગુલામો હતા-તે સઘળાઓ છુટા થયા છે અને મારી તાબેદારીમાંથી સ્વતંત્ર બન્યા છે."

તેણીની વાત સાંભળી ખસૂસન તેઓ રડવા લાગ્યા-તેમજ ખુસરૂનાં દુઃખ માટે બળવા લાગ્યા.

જ્યારે પેલા કહેવા આવનારાઓ પાછા પાદશાહ શીરૂય આગળ ગયા-ત્યારે તેઓએ પેલી બેગુનાહ અઉરતથી સાંભળેલી વાતો કહી સંભળાવી.

શીરૂએ પૂછ્યું કે "તે નેક ખસલતની અઉરતે-બીજી કઈ ચીઝની ખાહેશ કીધી છે?"

આથી શીરીને શીરૂય આગળ માણસ મોકલી કહેવાડિયું-કે "હવે ૨૮૯
ફકત મારી એકજ ખાહેશ બકી રહી છે.

કે હું પાદશાહનાં દખ્માનો દરવાઝો ખોલું-અને તેનો ચેહરો જોવાની ખાહેશ થઈ છે."

શીરૂએ કહેવાડિયું કે "હા, ઠીક છે-કારણકે તારી એવી ઇચ્છાઓ વાજબી છે."

પછી રખેવાળે પાદશાહનાં દખ્માનો દરવાઝો ખુલ્લો કીધો-આથી તે પરહેઝગાર અઉરતે રડવું શુરૂં કીધું.

તેણી અંદર ગઇ અને ખુસરૂના ચેહરા ઉપર પોતાનું મોં મૂક્યું-અને સઘળી બનેલી વાતો યાદ કીધી.

તેજ વખત તેણીએ પેલું કાતેલ ઝેહર ખાધું-જે ઝેહરે તેણીનાં મીઠા જીવની ગર્દ કાઢી નાખી.

તેણી પોતાનો ચેહરો ઢાંકીને પાદશાહની નઝદીક બેઠી હતી-તેનાં તનમાં કપૂરની ખુશબોના કપડાં પેહેરેલાં હતાં.

તેણી દીવારને અઢેલીને મરણ પામી-તેણી મરી ગઇ અને આ દુન્યામાંથી સઘળી તારીફજ લેતી ગઇ.

ચુ બેશનીદ શીરૂય બીમાર ગશ્ત
બે દીદારે ઊ પુર બે તીમાર ગશ્ત
બેફરમૂદ તા દખમહ દીગર કુનન્દ
બે મુશ્કો બે કાફૂરશ અફ્સર કુનન્દ
૨૯૦ દરે દખમએ શાહ કરદ ઉસ્તુવાર
બસી બર નેયામદ બરીન્ રૂઝગાર
કે શીરૂયરા બહર દાદન્દ નીઝ
જહાન્રા બે શાહાન્ પુર આમદ કફીઝ
બશૂમી બેઝાદો બશૂમી બેમોરદ
હમાન્ તખ્તે શાહી પેસરરા સેપોરદ
કસી પાદશાહી કુનદ હફ્ત માહ
બહશ્તુમ બે કાફૂર યાબદ કોલાહ
બગીતી બેહી બેહતર અઝ ગાહ નીસ્ત
બદી બદતર અઝ ઉમરે કૂતાહ નીસ્ત
કુનૂન પાદશાહીએ શાહ અરદશીર
બેગૂયમ કે પીશ આમદમ નાગુઝીર

જ્યારે શીરૂએ તે સાંભળ્યું ત્યારે તે પણ બીમાર થઇ ગયો-તેણીના દીદાર માટે ગમ ભરેલો બન્યો.

તેણે ફરમાવ્યું કે "એક બીજું દખમુ બનાવે-અને તેણીને માટે કસ્તુરી અને કપૂરનું તાજ તૈયાર કરે."

પછી પાદશાહનાં દખમાનો દરવાઝો મઝબૂત બંધ કીધો-એ ઉપર ઘણોક વખત નહીં ગયા,

કે લોકોએ શીરૂયને પણ ઝેહર આપી મારી નાખ્યો-જેહાનનું માપ તું પાદશાહોથી ભરાઈ ગયું (યાને જેહાન પાદશાહો મેળવી ધરાઈ ગઈ).

શીરૂયે શૂમિયતપણામાં જન્મ લીધો અને શૂમિયતપણામાંજ મરણ પણ પામ્યો-તેમજ પોતાનું પાદશાહી તખ્ત છોકરાને સોપી ગયો.

કોઈ ફકટ સાત મહિનાજ પાદશાહી કરે છે-અને આઠમે મહિને કપૂરનું તાજ મેળવે છે.

દુન્યામાં પાદશાહી કરતાં વધારે સારી ભલાઈ બીજી કોઈ નથી-અને ટુંકી ઉમર કરતાં વધારે બદતર બૂરાઇ બીજી કોઇ નથી.

હવે હું પાદશાહ અર્દશીરના પાદશાહીનું-બેયાન કરૂં છું કેમકે એ પડતું મૂકાય તેમ નથી.

અર્દશીર*

પાદ્શાહીએ અર્દ્શીર્ શીરૂય શશ્ માહ્ બુદ્ બર્ તખ્ત્ નેશસ્તને અર્દ્શીરે શીરૂય વ અન્દર્ઝ્ કર્દન્ બસર્દારાન્.

—:o:—

ચુ બેન્શસ્ત બર તખ્ત શાહ અરદશીર
અઝ ઈરાન બેરફ્તન્દ બરનાઓ પીર
બસી નામદારાને ગશ્તહ કોહન
બદાન્ તા ચેગૂનહ સરાયદ સોખન્
બરે શાહ બેન્શસ્ત અઝ હર સુઈ
હમાન્ નામદારાન્ બહર પહલુઈ
ઝબાન્ બર કુશાદ અરદશીરે જવાન્
ચુનીન્ ગોફ્ત કય કાર કર્દહ ગવાન્
૨૯૧ હરાન્ કસ કે બર ગાહે શાહી નેશસ્ત
કુશાદહ રવાન્ બાદો યઝદાન્ પરસ્ત

શીરૂયના બેટા અર્દશીરની પાદશાહી છ મહિના હતી, અર્દશીરે શીરૂયનું તખ્ત ઉપર બેસવું અને સરદારોને નસીહત કરવી.

—:o:—

જ્યારે પાદશાહ અર્દશીર તખ્ત ઉપર બેઠો-ત્યારે ઇરાની જવાન અને બુઢ્ઢાઓ તેની આગળ ગયા.

તેઓમાં ઘણાક વૃદ્ધ વયના નામદારો પણ આવ્યા હતા-તે એટલા માટેજ કે અર્દશીર કયા રીતનું ભાષણ આપે છે?

પાદશાહની આગળ ચો તરફથી તેમજ દેશે દેશથી આવેલા નામદારો બેઠા.

જવાન અર્દશીરે પોતાની ઝબાન ખોલી-એ પ્રમાણે કહ્યું કે "ઓ અનુભવી પેહલવાનો!

જે કોઈ કે આ પાદશાહી તખ્ત ઉપર બેઠો-તે મોટા જીવનો અને ખોદાની પરસ્તેશ કરનારોજ હોજો!

---

* શીરૂયનો છોકરો. આં પાદશાહ માત્ર ૭ વર્ષની નાની વયમાં પાદશાહત ભોગવવા લાગ્યો, જેથી રાજ્યનો કારોબાર પીરૂઝ ખુસરૂ નામના વઝીરના હાથ હેઠળ ગયો. હવે સાસાનિયન પાદશાહોની નબળાઇ જોઈ ગેઃરાઝ કે જે ઘણો પગભર બન્યો હતો તેણે પોતે પાદશાહ થવાના બૂરા વિચારથી પીરૂઝ ખુસરૂ પાસેજ અર્દશીરને મારી નખાવ્યો આ પાદશાહે ફકટ છ મહિનાજ (ઈ. સ. ૬૨૮ નવેમ્બરથી ૬૨૯ એપ્રીલ) સૂધી રાજ્ય ભોગવી માર્યો ગયો.

બર્ આઇને શાહાને પીશીન્ રવીમ્
હમાન્ અઝ્ પસે ફરૂરહો દીન્ રવીમ્
કે યઝદાને નીકી દેહેશ્ યાદ્ બાદ્
હમહ્ કારો કેર્દારે મા દાદ્ બાદ્
પરસ્તન્દગાન્રા હમહ્ બર્ કશીમ્
સેતમ્ગારગાન્રા બખૂન્ દર્ કશીમ્
કુનમ્ તાઝહ્ આઇને નૂશીરવાન્
શવદ્ શાદ્ આઝાદગાન્રા રવાન્
નેયાબન્દ્ આરામ્ અઝ્ મન્ બદાન્
નબાશમ્ ઝમાની અબી મૂબદાન્
કે મન્ ગોસ્તરદ્ દર્ જહાન્ ઈમની
નેહાની કુનમ્ રસ્મે આહુરીમની
સેપહ્રા બઅન્દાઝહ્ પાયહ્ દેહમ્
બહર્ કાર્ શાન્ નીઝ્ માયહ્ દેહમ્
બદીનાર્ દેલ્ શાન્ કુનમ્ શાદમાન્
નબાયદ્ કે બાશદ્ કસી બદ્ગમાન્
હરાન્ કસ કે ઉમ્મીદ્ દારદ્ બમા
બેગૂયદ્ કુનમ્ દર્ ઝમાનશ્ રવા
કે લશ્કર્ યકી ગર્ ઝે ફર્માને મા
બેરૂન્ આયદ્ અઝ્ અહ્દો પયમાને મા
જોઝ્ અઝ્ કોશતને ઊ નબાશદ્ જઝા
ચુનીનસ્ત્ બાદાફરહ્ ના સઝા
બપીરૂઝે ખુસ્રવ સેપોર્દમ્ સેપાહ્
કે અઝ્ દાદ્ શાદસ્તો શાદાન્ ઝે શાહ્
બઈરાન્ ચુ બાશદ્ ચુનૂ પહ્લવાન્
બેમાનીદ્ શાદાનો રઉશન્ રવાન્
બસી કસ બગોફ્તારશ્ આરામ્ યાફ્ત
વઝ્ આરામે ઊ હર્ કસી કામ્ યાફ્ત

હું આગળા પાદશાહોની રાહરીતી મૂજબજ ચાલીશ-તેમજ દબદબા અને દીનનું અનુકરણ કરીશ

નેકી પહોંચાડનારા ખોદાતાલાની યાદ મને હમેશે હોજો-મારાં સઘળાં કામકાજો ઈન્સાફ ભરેલાંજ હોજો!

વફાદાર શખ્સોને હું ઊંચે દરજ્જે ચઢાવીશ-અને ઝુલ્મગારોનો નાશ કરીશ.

નોશીરવાનની રાહ રસ્મને સજીવન કરીશ-જેથી મોટા માણસોના જીવ ખુશહાલ થાય.

બૂરા શખ્સો મારાથી આરામ મેળવશે નહીં-મારા વઝીરો વગર હું એક પળ પણ રહીશ નહીં.

દેશમાં મારાથી શાન્તિજ પંથરાશે-એહરેમનની રાહ રસ્મને નાબૂદ કરીશ.

મારા સેપાહોને અંદાઝા પ્રમાણે મરતબો આપીશ-અને તેઓનાં કોઈ પણ કામમાં મદદ પણ આપીશ.

દીનારની બક્ષેશથી તેઓને ખુશહાલ રાખીશ-મારે માટે કોઇએ પણ બૂરો વિચાર ધરાવવો નહીં.

જે કોઈ શખ્સ કે મારીથી કાંઇ ઉમેદ ધરાવતો હશે-અને તે જો મને કહેશે તો તેની તે હાજત તુરતજ પુરી પાડીશ.

લશ્કરમાંનો કોઇ શખ્સ અગરજો મારા હોકમથી તેમજ મારા કોલ ૨૯૨
અને વચનથી દૂર જશે,

તો તેનો બદલો તેના માર્યા જવા સિવાય બીજો કાંઇ નથી-તેને માટે એવીજ નાલાયક શિક્ષા છે.

મેં ખુસરૂના બેટા ફીરૂઝને લશ્કરનો હવાલો સોંપ્યો છે-કારણકે તે હમેશે ઇન્સાફથીજ રાઝી થાય છે અને પોતાના પાદશાહથી પણ ખુશહાલજ રહે છે:

ઇરાન દેશમાં જ્યારે એના જેવોજ પેહલવાન હશે-ત્યારેજ તમો ખુશહાલ અને રોશન જીવના રહી શકશો.

ઘણાઓ તેની વાતથી સન્તોષ પામ્યા-અને પાદશાહના આરામથી સર્વ ખુશ બન્યા.

નાખુશ્ શુદને ગોરાઝ્ અઝ્ પાદ્શાહીએ અર્દ્શીર્ વ બચારએ ઊ કોશતન્ શુદને અર્દ્શીર્ બદસ્તે ફીરૂઝે ખુસ્રવ્.

પસ આગાહી આમદ્ બનઝ્દે ગોરાઝ્
કઝ્ બૂદ્ ખુસ્રવ બઅર્મેં ગોદાઝ્
ફેરેસ્તાદ્ ગૂયન્દઈરા ઝે રૂમ્
કે દર્ ખાક્ શુદ્ તાજે શીરૂયે શૂમ્
કે જાનશ્ બદૂઝખ્ ગેરેફ્તાર્ બાદ્
સરે દખ્મએ ઊ નેગૂનસાર્ બાદ્
કે દાનેસ્ત હર્ગેઝ્ કે સર્વે બલન્દ્
બબાદ્ અઝ્ ગેયા યાફ્ત ખાહદ્ ગઝન્દ્
ચુ ખુસ્રવ કે ચશ્મો દેદે રૂઝગાર્
નબીનદ્ ચુનૂ નીઝ્ યક્ શહ્રયાર્

ગોરાઝનું અર્દશીરની પાદશાહીથી નાખુશ થવું અને તેના ચારાથી ખુસરૂના બેટા ફીરૂઝના હાથ ઉપર અર્દશીરનું માર્યું જવું.

પ્રથમ દાદગર દાવર ઉપર દુઆ લખી-કે "જે સાહેબથી ઈન્સાનને કોવત, બુલંદ નસીબ અને હોનર મળે છે.

તેનાથીજ ફતેહમંદી અને ખોદાઈ નૂર તેમજ શેહેનશાહી તખ્ત અને તાજ મળે છે.

એક મચ્છરના પગથી તે ઉડનારાં ઓકાબ પક્ષીની પાંખ સૂધીનું-તેમજ ઝમીન ઉપર હાથી જેવું અને દર્યામાં મગરમચ્છ જેવું જાનવર,

તે સાહેબના વચન અને હુકમથી ફરી શકતું નથી-અને તેની મરજી વગર પોતાનો દમ લઇ શકતુ નથી.

દેશનો પાદશાહ બુઝોર્ગ યઝદગેર્દ-જેનો બાપ દબદબા ભરેલો નામવર શેહરયાર હતો, તેની તરફથી.

જે ઇરાનનો સરદાર અને ફતેહમંદી ભરેલો છે-તે દેશનો નેગેહબાન છે અને મુલકનો જીતનારો છે.

જે યઝદાનની પિછાન કરનારા પાદશાહોની બુન્યાદથી ઉતરી આવેલો છે-કે જેઓ પોતાનાં રાજ્ય માટે નેક સેતારાઓને આભારી હતા,

કે જેઓથી આ ઝમીનની સપાટી આબાદ બની હતી અને જેઓ તાજ, તખ્ત અને નગીનાને રોશન કરનારા હતા, તેવા શાહ યઝદગેર્દ તરફથી,

ખઝાના અને તખ્ત સાથના હાકમો તરફ આ નામુ પુગે-કે જેઓ દબદબા, મોટાઈ, તાજ અને લશકર સાથના છે,

શમીરાનો રૂઈનહો શાદહ્ કુહ્
કલાત્ અઝ્ દેગર્ દસ્તો દીગર્ ગોરૂહ્
નેગહ્બાને મા બાદ પર્વર્દેગાર્
શુમા બી ગઝન્દ અઝ્ બદ્ રૂઝ્ગાર્
હ્માના શનીદન્દ ગર્દન્કશાન્
ખનીદહ્ શુદ અન્દર્ જહાન્ ઈન્ નશાન્
કે બર્ કાર્ઝારીઓ મર્દે નેઝાદ
દેલે મા પુર્ આઝર્મો મેહ્રસ્તો દાદ
બવીઝહ્ નેઝાદે શુમારા કે રન્જ
ફેઝુનસ્ત નઝ્દીકે શાહાન્ ઝે ગન્જ
ચુ બહ્રામે ચાબુનહ્ આમદ પદીદ
ઝે ફર્માનો દીહીમે મા સર્ કશીદ
શુમારા દેલ્ અઝ્ મર્ઝો શહ્રે ફરાખ્
બેપીચીદો અઝ્ બાઘો મયદાનો કાખ્
બદીન્ દાસ્તાન્ શાઘો કુહે બલન્દ
કદહ્ સાખ્તીદ અઝ્ નેહીબે ગઝન્દ
ગર્ અયઝદ્ કે નીરૂ દેહદ કેર્દેગાર્
બકામે દેલે મા શવદ રૂઝ્ગાર્
બપાદાશ નીકી ફેઝાયેશ કુનીમ્
બપીશે જહાન્બાન્ નેયાયેશ કુનીમ્
હ્માના કે આમદ શુમારા ખબર્
કે મારા ચે આમદ ઝે અખ્તર્ બસર્
અઝીન્ માર્ ખાર્ અહ્રમન્ ચહ્રગાન્
ઝે દાનાઇઓ શર્મ બી બહ્રગાન્
ન ગન્જો ન નામો ન તખ્તો નેઝાદ
હમી દાદ ખાહન્દ ગીતી બબાદ
ચુનીનસ્ત પર્ગારે ચર્ખે બલન્દ
કે આયદ બદીન્ પાદ્શાહી ગઝન્દ
અઝીન્ ઝાઘ્ સારાને બી આબો રન્ગ્
ન હુશો ન દાનેશ ન નામો ન નન્ગ્
બદીન્ તખ્તે શાહી નેહાદસ્ત રૂય
શેકમ ગોર્સનહ્ મર્દે દીહીમ જૂય
અનૂશીરવાન્ દીદહ્ બુદ ઈન્ બખાબ્
કઝીન્ તખ્ત બેપરાગનદ રન્ગો આબ્
ચુનાન્ દીદ કઝ્ તાઝેયાન્ સદ હઝાર્
હયૂનાને મસ્તો ગુસેસ્તહ્ મહાર્
ગુઝર્ યાફ્તન્દી બઅર્વન્દ રૂદ
નમાન્દી બદીન્ બૂમો બર્ તારો પૂદ
હમ્ આતેશ બેમોર્દી બઆતેશકદહ્
શુદી તીરહ્ નવ્રૂઝો જશ્ને સદહ્
બઇરાનો બાબુલ્ ઝે કેશ્તો દેરૂદ
બચર્ખે ઝોહલ્ બર્ શુદી તીરહ્ દૂદ
ઝે અયવાને શાહે જહાન્ કુન્ગરહ્
ફેતાદી બમયદાને ઊ યક્સરહ્
કુનૂન્ ખાબ્રા પાસોખ્ આમદ પદીદ
ઝે મા બખ્ત ગર્દૂન્ બેખાહદ કશીદ
શવદ ખાર્ હર્ કસ કે બૂદ અર્જુમન્દ
ફેરૂમાયહ્ અઝ્ બખ્ત ગર્દદ બલન્દ
પરાગન્દહ્ ગર્દદ બદી દર્ જેહાન્
ગઝન્દ આશ્કારાઓ ખૂબી નેહાન્

ચમીરાનના, રૂઇનહના અને શાદહકોહના સૂબાઓને-વળી બીજા હાથ ઉપર કલાતના સૂબાઓને અને બીજાઓને પુગે.

પરવરદેગાર આપણો નેગેહબાન હોજો!-તમો ઝમાનાની બદીથી નુકસાન વગરના હોજો!

તમો બહાદુરોએ સાંભળેલું છે-બલ્કે તમામ દુન્યામાં આ બીના મશહૂર છે,

કે બહાદુર અને બુન્યાદી શખ્સો ઉપર-મારૂં દિલ માયા મોહબ્બત અને ઇન્સાફ ભરેલું રહે છે.

ખસૂસ કરીને તમારી બુન્યાદ માટે-કારણકે પાદશાહોની નઝદીક ગંજ કરતાં કોઇ રંજ ખેંચે તેજ ચઢિયાતી ગણાય છે.

જ્યારે પેલો નેહેસ્ત બેહરામ ઝાહેર થયો-અને અમારાં ફર્માનથી અને અમારાં તાજથી તેણે સર ફેરવ્યું,

ત્યારે તેણે તમો લોકોનું મન દેશ ઉપરથી અને મોટાં શેહરો ઉપરથી- ૩૫૬
ફેરવ્યું અને તેથી તમો બાગ, મયદાન અને હવેલીઓ છોડીને,

તેના કહેવાથી જંગલ અને પહાડો ઉપર-ધાસ્તીના માર્યા જઈ વસ્યા.

હવે જો કેરદેગાર આપણને કૌવત બક્ષે-અને આ ઝમાનો આપણાં દિલની મુરાદ પ્રમાણે થાય,

તો તેના બદલામાં આપણે નેકીનોજ વધારો કરીશું-અને દુન્યાના સાહેબની નેયાયેશ કરીશું.

ખચીત કે તમોને ખબર તો પડી હશે-કે નસીબને ઝોરે મારાં સર ઉપર શું શું વીત્યું છે?

આ સાપ ખાનારા એહરેમનને ચેહરેના અરબોથી-ડહાપણ અને સભ્યતાનો હિસ્સો લેશ માત્ર પણ નહી ધરાવનારા શખ્સોથી મારી ઉપર શું આવી પડયું છે?

જેઓ પાસે નથી ખઝાનો, કે નથી કીર્તિ કે નથી પાદશાહત કે નથી ઊંચું ખાન્દાન-તેઓ આપણા મુલકની બરબાદી કરવા માંગે છે.

બુલંદ આસ્માનની મરજી એવીજ છે-કે આ પાદશાહીને નુકસાન પુગાડે,

તેથીજ આ રંગરૂપ વગરના કાગડા જેવાઓ-જેઓમાં નથી અકલ, નથી વિદ્યા, નથી નામના કે નથી કીર્તિ,

તેઓએ આ પાદશાહી તખ્ત તરફ મોં કીધાં છે-ભૂખે મરતા શખ્સો પાદશાહી લેવા આવ્યા છે.

આ બાબત નોશીરવાને પોતાના ખાબમાં જોઈ હતી-કે આ પાદ- ૩૫૭
શાહતથી જાહોજલાલી પરાગન્દે થઇ જશે.

તેણે જોયું હતું કે 'અરબોમાંથી એક લાખ માણસ-તુટેલી નકેલની મસ્ત સાંઢણીઓ સાથ,

અરવંદ નદી પસાર કરી ગયા છે-અને આ મુલકમાં કાંઇ પણ રાચ રચીલું રહેવા દીધું નથી.

આતશકદેહમાં આતશ પણ બુઝાઇ ગયા છે-નવરોઝ અને જશ્ને-સદેહના રેવાજો સીઆહ બન્યા છે.

ઇરાન અને બાબુલમાં વાવણી અને કાપણીનો-સીઆહ ધુંવો શનિશ્ચર સેતારાનાં આસ્માન સૂધી ઉડી રહ્યો છે.

દેશના પાદશાહના મેહલમાંના કુંગુરા-સઘળા મયદાનમાં પડી જાય છે.'

હવે તે ખાબની તાસીર જણાઈ છે-આસ્માન આપણાથી આ બુલંદ નસીબ પાછું ખેંચી લેવા માંગે છે.

જે કોઈ કે મોબાદાર શખ્સો છે તેઓ ખુવાર થશે-અને કમીનાઓ નસીબથી બુલંદ બનશે.

દુન્યામાં બદી ફેલાઇ જશે-નુકસાન ઝાહેર થશે અને ખૂબી છૂપાઈ જશે.

બહર્ કેશવરી દર્ સેતમગારઈ
પદીદ્ આયદો મેશ્ત્ પત્યારઈ
૩૫૮ નેશાને શબે તીરહ્ આમદ્ પદીદ્
કે મા બખ્તે ફરૂરોખ બેખાહદ્ બુરીદ્
કુનૂન્ મા બદરેસ્તૂરીએ રહ્નુમાય
હમાન્ પહ્લવાનાને પાકીઝહ્ રાય
બસૂએ ખોરાસાન્ નેહાદીમ્ રૂય
ગારે મરૂઝબાનાને પર્ખાશજૂય
પસ અકૂનૂન્ કે બહ્રે કોનારંગે તૂસ
બદીન્ સૂ કશીદીમ્ પીલાનો કૂસ
બેબીનીમ્ તા ગરૂહેરો ફરૂગાર્
ચે બન્દદ્ બદીન્ બન્દે નાઉસ્તુવાર્
મેયાનશ બેબસ્તમ્ કુનૂન્ રઝમજૂય
કે બા તાઝેયાન્ અન્દર્ આરીમ્ રૂય
ફરોખઝાદ્ બા મન્ રગો પૂસ્તરેસ્ત્
બપયવસ્તગી નીઝ્ હમ્ દૂસ્તરેસ્ત્
બઅલ્તૂનીહસ્ત્ ઊ કુનૂન્ રઝમજૂય
બરૂએ સેપહ્ અન્દર્ આવરૂદહ્ રૂય
કુનૂન્ કેશમેગાન્ પૂરે આન્ રઝમખાહ્
બરે મા બેયામદ્ બરીન્ બારગાહ્
બેગોફ્ત આન્ કે બાયદ્ કે શાયેસ્તગી
હમ્ અઝ્ બન્દગી હમ્ કે બાયેસ્તગી
૩૫૯ શનીદીમ્ અઝીન્ મરઝહા હરચે ગોફ્ત
બલન્દીઓ પંસ્તીઓ ધારો નેહોફ્ત
દેઝે ગુમ્બદાન્ તીઘ બા ખરૂમનહ્
દેઝે લાઝવર્દી કે બહ્રે બુનહ્
ચું આલો ચુ મખ્ઝૂમો ચૂન્ દશ્તે ગેલ
કે ખૂબી નમૂદ્ આન્ ચે બૂદશ બદેલ
ચુનીન્ લશ્કરે ગશ્ન્ બા મા બજન્ગ્
બદીન્ તન્ગ્ દેઝહા નશાયદ્ દેરન્ગ્
નેશસ્તીમો ગોફ્તીમ્ બા રાયઝન્
હમહ્ પહ્લવાનાન્ શુદન્દ્ અન્જુમન્
કે હરગૂનહ્ ગોફ્તીમો પર્દાખ્તીમ્
સરન્જામ યકસર્ બદીન્ સાખ્તીમ્
કે અઝ્ તાજો અઝ્ તખ્તો મોહ્રો નેગીન્
હમહ્ જામએ રૂમો કશ્મીરો ચીન્
કે પુરમાયહ્ ચીઝી કે આયદ્ બદસ્ત્
કે કબ્ચાકો અઝ્ કીરૂવાન્ હરચે હસ્ત્
હમહ્ હરચે અઝ્ મા પરાગન્દનીસ્ત્
ગર્ અઝ્ પૂશની ગર્ કે અફગન્દનીસ્ત્
કે ઝરૂરીનહો ગઉહરે નાબેસૂદ્
કે ચીઝી કે ઊરા બેબાયદ્ સેતૂદ્
૩૬૦ હમ્ અઝ્ ખુરદનીહાઓ હરગૂનહ્ સાઝ્
કે મારા બેબાયદ્ બરૂઝે દરાઝ્
ઝે ગાવાને ગરદૂનકશાન્ ચેહ્લ્ હઝાર્
બખૂરશહ્ દરૂન્ ગન્દુમ્ આરન્દ્ બાર્
બખરવાર્ અઝાન્ પસ દહો દૂ હઝાર્
કરેન્જ્ આવરન્દ્ આન્ કે આયદ્ બકાર્

દરેક મુલકમાં ઝુલ્મગારો અને બૂરી બલાઓ ઝાહેર થશે.

તે સીઆહ રાતની તે નિશાનો ઝાહેર થઇ ચૂકી છે-આપણાંમાંથી હવે મુબારક નસીબ જુદું પડનાર છે.

હમણા અમો રેહનુમાઇ કરનારા તેમજ નેક વિચારના પેહલવાનોની સલાહથી,

ખોરાસાન તરફ તમો લડાયક હાકેમોની નઝદીક આવ્યા છિયે.

હાલ તુરત તો તૂસના હાકેમની મદદ માટે-આ તરફ હાથીઓ અને નગારાં લાવ્યા છિયે.

આપણે જોઇયે કે ઝમાનાની ગર્દેશ આ ઢીલા બંધ ઉપર કેવો બંધ બાંધે છે?

હાલ લડાઈ કરવા માટે મેં કમર બાંધી છે-કે અરબો સાથ આપણે લડાઇ કરૂ.

ફરરોખઝાદ અને મારાં બદનનાં લોહી અને ચામડી મિસાલ છે-તથા સગપણ ઉપરાંત તે મને વફાદાર છે.

હાલ તે અલ્તુનિયામાં સામાસામી લશ્કર લાવી લડવામાં ગુંતાયલો છે.

હમણા તે લડાયકનો બેટો કેશમેગાન-આ દરબારમાં મારી નઝદીક આવ્યો છે.

ઝરૂરનું જે કાંઇ કરવાનું છે, તે તેણે મને કહ્યું છે-જે ખિદમત તથા ફર્ઝ બજા લાવવી છે, તે સર્વ કહી છે.

આ મુલકો માટે તેણે જે કહ્યું તે મેં સાંભળ્યું છે-ઊંચાણવાળી અને નીચાણવાળી જગ્યા વિષે, ધારો વિષે, છૂપાવાની જગ્યા વિષે,

તેમજ દેઝે ગુમ્બદાન નામનો કિલ્લો, ખાંડેલા અનાજ અને વગર ખાંડેલા અનાજ માટે-અને દેઝે લાઝવર્દી નામનો કિલ્લો સરસામાનને માટે,

તેમજ બીજી જગ્યાઓ જેનાં નામ આલ અને મખ્ઝૂમ અને દશ્તેગેલ છે-એ સઘળાંનું તેણે પોતાનાં દિલમાં જે હતું તેનું ખૂબી સાથ બેયાન કીધું.

આવડાં મોટાં લશ્કરો આપણી સાથે લડવા તૈયાર હોય-તો પછી આવા નાના કિલ્લાઓમાં પડી રહી વખત કાઢવો નહીં જોઇયે.

સઘળા પેહલવાનો એકઠા મળ્યા-અને વઝીર સાથ બેસીને મસ્લહત કીધી છે.

દરેક બાબતનો વાદવિવાદ ચાલ્યો છે-અને છેવટે એવો ઠરાવ થયો છે,

કે તાજ, તખ્ત, મોહર અને નગીના-તમામ રૂમી, કેશ્મીરી અને ચીનાઇ કપડાં,

જે કોઇ કીમતી ચીઝો હાથમાં આવે તે-તેમજ જે કબચાક અને કીરવાનની નામીચી ચીઝોમાંથી મળે તે,

સઘળું જે કાંઇ કે આપણને સંઘરવા લાયકનું છે-પછી તે પેહેરવાનું હોય કે પાંથરવાનું હોય;

સોનેરી બનાવટની ચીઝોમાંથી વિંધ્યા વગરનાં મોતીઓમાંથી-તેમજ જે ચીઝો કે વખાણવા લાયકની હોય;

વળી ખોરાકી અને દરેક તરેહનો અસ્બાબ-કે આપણને લામ્બા દિવસ સુધી ચાલે એટલો જોઇશે.

બળદોમાંથી ચાળીસ હઝાર બળદનાં ગાડાંમાં-કણસ સાથનાં ઘઉં લાધી લીયે.

તે પછી બાર હઝાર ખરવાર* કામમાં આવે તેવા મસુર ભરી લીયે.

* સોળ રતલનો એક સેર, ૮ સેરનો એક મણ અને દશ મણનો એક ખરવાર.

હમાન્ અર્ઝાનો જુસ્તહો નારૂદાન્
બેયારદ્ ચકી મૂબદે કારૂદાન્
બખરૂવારૂ અઝાન્ પસ ફરાવાન્ નમકૂ
ફ્રેરેસ્તન્દ્ તા બરૂ બે ગરૂદદ્ ફલકૂ
શુતોરૂવારૂ અર્ઝાન્ બદીન્ હમ શુમારૂ
હમાન્ દુમ્બહો મશકો રઉઘન્ હઝારૂ
ઝે ખોર્માં હઝારો ઝે શકૂકરૂ હઝારૂ
હયૂનાને બોખ્તી બેયારન્દ્ બારૂ
દહો દુ હઝારૂ અન્ગબીન્ ચમ્બરહુ
બદેઝૂહા કશન્દ્ ઇન્ હમહુ ચકૂસરહુ
નમકૂ ખુરૂદહુ હરૂ ગૂશ્ત ચૂન્ ચેહલ્ હઝારૂ
જોઝ્ ઇન્ પીશકારાન્ બેયારન્દ્ બારૂ
શુતોરૂવારૂ સીસદ્ ઝે નફૂતે સેયાહુ
બેયારન્દ્ બરૂ બારૂહા તા દુ માહુ
બેયાયદ્ ચકી મૂબેદી બા ગોરૂહુ
ઝે ગાહે શમીરાનો અઝ્ રાદહુ કૂહુ
બદીદારે પીશાનો ફર્હન્ગેયાન્
બુઝોર્ગાન્ કે અન્દ્ અઝ્ કોનારન્ગેયાન્
અઝીન્ હરૂચે બાયદ્ બદેઝૂહા કશન્દ્
ચકી નામહુ ગન્જૂરે મારા દેહન્દ્
દેગરૂ ખુદ્ બેદારન્દ્ બા ખીશતન્
બુઝોર્ગાન્ કે બાશન્દ્ અઝાન્ અન્જુમન્
હમાના બદાન્ રાઘો કૂહે બલન્દ્
ઝે તુર્કો ઝે તાઝી નેયાયદ્ ગઝન્દ્
શુમારા બદીન્ રૂઝ્ગારે સુતોરૂગ્
ચકી દસ્ત બાશદ્ બરે મા બુઝોરૂગ્
બેરદ્મન્દ્ પાકીઝહુ દસ્તૂરે મા
બેફર્માયદ્ અફૂનૂન્ બગન્જૂરે મા
કે હરૂ કસ કે ઇન્રા બેયારદ્ બરન્જ
ફ્રેરેસ્તદ્ વરા પારૂસી જામહુ પન્જ
ચકી ખૂબ્ સરૂબન્દ્ પયકરૂ બઝરૂ
બેયાબદ્ બફર્જામ અઝીન્ રન્જ બરૂ
બદીન્ રૂઝ્ગારે તબાહે દેઝામ
બેયાબદ્ ઝે ગન્જૂરે મા ચેહલ્ દેરમ
પસ આન્ગહુ કસી કૂ બુવદ્ ઝીરૂદસ્ત
ચકી ઝાન્ દેરમહા કે આયદ્ બશાસ્ત
અઝીન્ શસ્ત બરૂતરૂ શશો ચારૂ દાન્ગ્
બેયાબદ્ નેવેશતહુ બેખાનદ્ બબાન્ગ્
બયકૂ રૂઝ્ બરૂ નામે યઝ્દાને પાકૂ
કઝૂયસ્ત ઉમ્મીદો હમ તર્સો બાકૂ
દેગરૂ પયકરો અફૂસરો ચેહરે મા
ઝમીન્ બારૂવરૂ ગશ્તહુ અઝ્ મેહરે મા
બનઉરૂઝ્ ઇન્ હમ બરૂ આરાસ્તહુસ્ત
દો ચશ્મે બુઝોર્ગાન્ પુરૂ અઝ્ ખાસ્તહુસ્ત
દોરૂદે ખોદા બરૂ કમ આઝારૂ મરૂદ્
કસી..કૂ ઝે દીહીમે મા યાદ્ કરૂદ્
ચુ નામહુ બમોહરૂ અન્દરૂ આવરૂદ્ શાહુ
ફ્રેરેસ્તાદ્ ઝી મેહૂતરાને સેપાહુ
બલન્દ્ અખ્તરી નામજૂયો સવારૂ
બેયામદ્ બકફૂ નામએ શહરૂયારૂ

તેમજ એક અનુભવી અમલદાર બાજરી, ફુન્દુક (કોટલાં સાથનો મેવો) અને દાડમ ભરી લાવે.

ત્યારબાદ ઘણાક ખરવાર મીઠું-લઈ આવે. જોઇયે કે ફરતો આસ્માન શું કરવા માગે છે?

ખરવાર ખરવાર ઊંટ ઉપર બાજરી લાધી લાવે-સાથે વળી ચરબી અને હઝાર ઘીના ડબ્બા લઇ આવે.

ઊંટના એક હઝાર ભાર ખજૂર તથા એક હઝાર ભાર ખાંડ લઈ આવે.

મધના ભરેલા બાર હઝાર ચંબુરા લઈ આવે-એ સઘળો અસ્બાબ કિલ્લામાં લઈ જાય.

ચાળીસ હઝાર આથેલાં ગોશ્તના કકડા-અને એ સિવાયનો બીજો માલ નોકરો લાવે.

બે મહિના સુધી ચાલે એટલો ત્રણસો ઊંટનો બોજો કાળાં તેલનો લાવે.

શમીરાન અને રાદેકોહ તરફનાં લોકોની એક ચોક્કસ સંખ્યા એક અમલદાર સાથે, ૩૬૧

સૂબાઓના પહાડી ઇલાકાના વડાઓ અને દાનેશમંદો આગળ હાઝેર થાય.

એ ઉપરાંત જે કાંઈ જોઇયે તે કિલ્લાઓમાં લઈ જાય-તે સઘળા સામાનની એક ટીપ મારા ખઝાન્ચીને આપે.

બીજી ટીપ તે ટોળાના બુઝાર્ગો પોતાની પાસે રાખે.

ખચીત તે જંગલ અને બુલંદ પહાડને-તુર્કો અને અરબોથી નુકસાન નહીંજ પુગશે.

આવા મુશ્કેલ વખતમાં તેમ કરવાથી મારી ઉપર તમારો મોટો ઉપકાર રહેશે.

મારો અકલમંદ પાકીઝેહ વઝીર-મારા ખઝાન્ચીને ફરમાવશે,

કે જે કોઈ કે મેહનત લઇને એ સઘળું લાવે-તેને માટે પાંચ પારસી લેબાસની ભેટ મોકલે.

વળી તેણે ઉઠાવેલી મેહનતનાં બદલામાં તે એક સારી જેવી સોનેરી પાઘડી પણ મેળવશે.

અને આ ગમ ભરેલા ખરાબ વખતમાં-મારા ખઝાન્ચી પાસેથી તે ચાળીસ દિરમ પણ મેળવશે.

પછી જે હાથ નીચેનો (અથવા ગરીબ) હોય-તેને દિરમોમાંનો એક ૩૬૨
કે જે દરેક દિરમ સાઠ દાંગનો થાય છે,

બલ્કે સાઠથી વધુ દશ દાંગનો થાય છે, તે મળશે. તેની ઉપરનું લખેલું તે મોટેથી વાંચે.

તે દિરમની એક બાજૂએ પાક યઝદાન કે જેનાથી આપણે ઉમેદવાર છિયે અને જેનાથી આપણે બીકમાં છિયે તેનું નામ છે.

દિરમની બીજી બાજૂએ અમારો આકાર, તાજ અને ચેહરો પાડેલો છે-અને લેખ છે કે 'અમારી મોહબતથી ઝમીન ફળદ્રુપ થયલી છે.'

આ સઘળાંની ગોઠવણ નવરોઝ ઉપર રાખેલી છે-જે વેળા બુઝાર્ગોની આંખો ભેટ સોગાદ વગેરે ઉપરજ ઠરેલી રહે છે.

નિર્દોષ લોકો ઉપર તેમજ જે કોઈ કે અમારાં તાજ તરફ વફાદારી ધરાવતા હોય તેઓ ઉપર ખોદાતાલા તરફની દોઆ હોજો!"

જ્યારે પાદશાહે તે નામા ઉપર મોહર કીધી-ત્યારે તે લશકરના સરદારો તરફ રવાના કર્યું

એક બુલંદ સેતારેનો, નામ શોધનારો અને બહાદુર સવાર-પોતાના હાથમાં પાદશાહનું તે નામું લઇને ત્યાં આવી લાગ્યો.

રફ્તને યઝ્દગેર્દ્ બતૂસ્ વ પઝીરહ્ શુદને માહૂએ સૂરી ઊરા.

વઝાન્ જાયગહ્ બર્ કશીદન્દ્ કૂસ
ઝે શહરે નેશાપૂર્ શુદ સૂએ તૂસ
ખબર્ યાફ્તત માહૂએ સૂરી કે શાહ્
બસૂએ દહેસ્તાન્ બર્ આમદ ઝે રાહ્
૩૬૩ પઝીરહ્ શુંદશ બા સેપાહી ગરાન્
હમહ્ નીઝહ્દારાનો જઉશન્ વરાન્
ચુ પયદા શુદ આન્ ફરૂરો અવરન્દે. શાહ્
હેરફૂશે બુઝોર્ગીઓ ચન્દીન્ સેપાહ્
પેયાદહ્ શુદ અઝ અસ્પ્ માહૂય ઝૂદ
શહનશાહ્રા બન્દગીહા નમૂદ
હમી રફ્ત નરૂમ અઝ બરે ખાક્ ગરૂમ
દો દીદહ્ પુર્ અઝ આબ્ કર્દહ્ ઝે શરૂમ
ઝમીનરા બેબૂસીદો બોર્દશ નમાઝ
હમી બૂદ પીશશ ઝમાની દરાઝ
સેપાહશ હમહ્ ખાન્દન્દ્ આફ્રીન્
યકાયક્ નેહાદન્દ સર્ બર્ ઝમીન્
ફરોખઝાદ ચૂન્ રૂએ માહૂ બેદીદ
સરાસર્ સેપાહશ રદહ્ બર્ કશીદ
ઝે માહૂએ સૂરી દેલશ ગશ્ત શાદ
બસ્ બર્ બસી પન્દહા કર્દ યાદ
કે ઈન્ શાહ્રા અઝ નેઝાદે કેયાન્
સેપોર્દમ બતૂ તા બબન્દી મેયાન્
નમાની કે બાદી બર્ ઊ બર્ જેહદ
વયા કસ સેપાસી બર્ બર્ નેહદ
૩૬૪ મરા રફ્ત બાયદ હમી સૂએ રય
નદાનમ કે કય બીનમ ઈન્ તાજે કય
કે ચૂન મન્ ફરાવાન્ બઆવરૂદગાહ્
શુદ અઝ જન્ગે ઈન્ નીઝહ્દારાન્ તબાહ્
ચુ રોસ્તમ બગીતી સવારી નબૂદ
ન ગૂશે ખેરદમન્દ હરૂગેઝ શુનૂદ
બદસ્તે યકી ઝાઘ સર્ કશ્તહ્ શુદ
બમા બર્ ચુનીન્ રૂઝ બર્ ગશ્તહ્ શુદ
કે યઝદાન્ વરા જાએ નીકાન્ દેહાદ
સેયહ્ ઝાઘરા જખ્મે પયકાન્ દેહાદ
બદૂ ગોફ્ત માહૂય કય પહ્લવાન્
મરા શાહ્ ચશ્મસ્તો રઉશન્ રવાન્
પઝીરોફ્તમ ‘ ઈન્ ઝીનહારે તોરા
સેપહ્રે તોરા શહ્રૂયારે તોરા
ફરોખઝાદે હોરૂમુઝદ અઝાન્ બારૂગાહ્
બેયામદ સુએ રય બફર્માને શાહ્
બરીન્ નીઝ્ ભુગ્ઝશ્ત ચન્દી સેપેહ્ર્
જુદા શુદ ઝે મગ્ઝે બદઅન્દીશ મેહ્ર્
નેયારસ્ત શુદ પીશ શાન્ કસ બજન્ગ્
કે બુદ યાર્ શાન્ ચર્ખે પીરૂઝ રન્ગ્

યઝદગેર્દનું તૂસ જવું અને માહૂએ સૂરીનું તેને એસ્તેકબાલ જવું.

પછી તે જગ્યાએથી નગારાં ઊંચકયાં-નિશાપૂર શેહરથી પાદશાહ તૂસ તરફ ગયો.

માહૂએ સૂરીને ખબર પડી કે પાદશાહ-તે રાહમાંથી અહીં દેહેસ્તાન તરફ આવ્યો છે,

ત્યારે તે પોતાના સઘળા ભાલાદાર અને બખ્તર પેહેરનારા સવારોનાં એક ભારી લશ્કર સાથ પાદશાહને સામો લેવા ગયો.

જ્યારે પાદશાહનો તે દબદબો, તખ્ત, બુઝોર્ગી ભર્યો ઝુંડો અને કેટલુંક લશ્કર દેખાયું,

ત્યારે માહૂય શેતાબ ઘોડા ઉપરથી પેયાદો થયો-અને તેણે શેહનશાહને પોતાની તાબેદારી દેખાડી.

તે શર્મિંદગીથી પોતાની બન્ને આંખો આંસુ ભરી કરી ધીરે ધીરે ત્યાંની ગર્મ બનેલી ખાક ઉપરથી ચાલવા લાગ્યો.

તેણે જમીનને ચુમ્બન કરી પાદશાહને નમન કીધું-અને તેની આગળ ઘણો વખત થોભી ગયો.

તેના સઘળાં લશ્કરે પણ તેની ઉપર દોઆ કીધી-અને એકેએક જણે સર ઝમીન ઉપર મૂકયાં.

જ્યારે ફરરોખઝાદે માહૂયને જોયો-ત્યારે તેનાં તમામ લશ્કરે સફ ખેંચી.

માહૂય સૂરીથી તેનું દિલ ખુશહાલ બન્યું-તેણે તેને ઘણીક શીખામણની વાતો કહી,

કે "આ કયાની અકલાદના પાદશાહને-મેં તને સોંપ્યો છે તેની આગળ તું કમર બાંધેલી રાખજે.

તું તેની ઉપર પવન પણ લાગવા દેતો ના-અથવા કોઈ તેની ઉપર કશો ઉપકાર કરે, તેમ પણ થવા દેતો ના.

મને તો રય તરફ જવું પડે છે-હું નથી જાણતો કે આ પાદશાહી તાજ હવે પાછું કયારે જોઈશ?

કારણકે તે લડાઈગાહમાં મારા જેવા ઘણાકો-આ ભાલાદાર અરોની લડાઇથી નાશ પામ્યા છે.

રૂસ્તમના જેવો દુન્યામાં એક પણ સવાર નહીં હતો-તેમજ તેના જેવો અકલમંદ શખ્સોના કાને પણ સાંભળ્યો નહીં હતો.

તે પણ એક કાગડા જેવાં માથાંવાળા સવારના હાથ ઉપર માર્યો ગયો-આપણી ઉપર દહાડો એવી રીતનો બરગશ્તે બન્યો છે,

કે ખોદાતાલા તેને નેક લોકોને લાયકનીજ જગ્વા આપજો-અને તે કાળા કાગડાને તીરનાં પયકાનનોજ ઝખ્મ આપજો,"

માહૂએ તેને કહ્યું કે "ઓ પેહલવાન!-આ પાદશાહ મારી આંખ અને રોશન જીવ જેવો છે.

આ તારી અમાનત, આ તારૂં વફાદારી ભર્યું આસ્માન અને આ તારો પાદશાહ મેં સ્વીકાર્યો છે."

હવે ફરરોખઝાદે હોરમઝદ તે દરબારમાંથી-પાદશાહના હોકમથી રય તરફ આવ્યો

એ ઉપર પણ ઘણોક વખત નીકળી ગયો-અને દુશ્મનોના મગઝમાંથી પણ મોહબ્બત નીકળીજ ગઈ.

કોઇ તેઓની સામે લડી શકયું નહીં-કારણકે પીરોઝા રંગનો આસ્માન તેઓનોજ મદદગાર હતો.

રોખે શાહે ઈરાન્ પુર્ આજાન્ગ્ શુદ
જ્ઝાન્ કારે દુશ્મન્ હેલશ તન્ગ્ શુદ
ચુ માહુય મર્ શાહુરા માન્દહ્ દીદ્
બબીકામી ઊ બખ્તરા રાન્દહ્ દીદ્
શેતાબાન્ હમી કર્દ્ તખ્ત આરૂઝુય
હેગરૂ શુદ્ બરાયો હેગરૂ શુદ્ બખૂય
તને ખીશ એકુથન્દ્ બીમારૂ કર્દ્
પરસ્તીદને શાહુ દુશ્વારૂ કર્દ્

ઈરાનના પાદશાહનો ચેહરો કરચલી ભરેલો બન્યો-અને દુશ્મનનાં ૩૬૫
તેવાં કામોથી તેનું દિલ તંગ થયું.

જ્યારે માહુએ પાદશાહને આજેજ થયલો જોયો-અને તેની મરજી વિરૂદ્ધ તેનાં નસીબને દૂર થયલું જોયું,

ત્યારે તે જલ્દીથી તેનું તખ્ત લેવાની ખાહેશ કરવા લાગ્યો-તેના સઘળા વિચારો અને ખાસિયતો બદલાઇજ ગઈ.

તેણે થોડોક વખત સુધી પોતાનાં શરીરને બીમાર કરી પાડયું-અને તે બહાને પાદશાહના ખિદમત મઊકૂફ કીધી.

બર્ અન્ગીખ્તને માહુએ સૂરી બીઝન્રા બજન્ગે યઝ્દગેર્દ્ વ ગુરીખ્તને યઝ્દગેર્દ્ વ પેન્હાન્ શુદન્ દર્ આસેયા.

માહુએ સૂરીનું બીઝનને યઝદગેર્દની લડાઈ માટે ઉસકેરવું અને યઝદગેર્દનું નાસવું અને ઘંટીનાં કારખાનામાં છૂપાઈ જવું.

યકી પહુલવાન્ બૂદ્ ગુરેતરૂદ્ કામ
નેજાદશ ઝે તર્ખાનો બીઝન્ બનામ
નેશસ્તશ બમર્ઝે સમર્કન્દ્ બૂદ્
દરાન્ મર્ઝ ચન્દીનશ પયવન્દ્ બૂદ્
ચુ માહુએ બદબખ્ત ખુદ્કામહ્ શુદ્
અઝ્ નઝ્દે બીઝન્ યકી નામહ્ શુદ્
કે અય પહુલવાન્ ઝાદએ બી ગઝન્દ્
યકી રઝ્મ પીશ આમદત્ સૂદ્મન્દ્
કે શાહે જહાન્ બી સેપાહ્ ઈદરસ્ત
નેશસ્તશ ઝે ગીતી બમરૂવ્ અન્દરસ્ત
ગરૂ આઈ સરો તાજો ગાહશ તોરાસ્ત
હમાન્ ગન્જો ચત્રો સેપાહશ તોરાસ્ત
ઝે કીને નેયાગાન્ બદેલ્ યાદ્ કુન્
બદીન્ તોખ્મહ્ બરૂ દાદ્ બીદાદ્ કુન્
ચુ બીઝન નેગહ્ કર્દ આન્ નામહ્ દીદ્
જહાન્ પીશે માહૂએ ખુદ્કામહ્ દીદ્
બદસ્તૂરૂ ગોફ્ત અય સરે રાસ્તાન્
ચે દારી બયાદ્ અન્દરીન્ દાસ્તાન્
બયારીએ માહુય ગરૂ મન્ સેપાહ્
બેરાનમ્ શવદ્ કારમ્ ઈદરૂ તબાહ્
બમન્ બરૂ કુનદ્ શાહ્ ચન્દીન્ ફેસૂસ
મરા બી મનેશ ખાનદો ચાપ્લૂસ
વગરૂનહ્ બગૂયન્દ્ કઝ બીમે ગરૂદ્
હમી તર્સદ્ અઝ્ રૂઝગારે નબરૂદ્
ચુનીન્ દાદ્ દસ્તૂરૂ પાસોખ બદૂય
કે અય શીરૂદેલ્ મર્દ પર્ખાશજૂય
અઝ્ ઈદરૂ તોરા નન્ગ્ બાયદ્ શદન્.
બયારીએ માહૂયો બાઝ આમદન્
બબરૂસામ્ ફર્માય તા બા સેપાહ્
બયારી શવદ્ સૂએ આન્ રઝ્મગાહ્

હવે એક મુરાદમંદ પેહલવાન હતો-તેની બુન્યાદ તર્ખાનથી હતી અને તેનું નામ બીઝન હતું.

તેનું રહેઠાણ સમરકંદના મુલકમાં હતું-તેજ મુલકમાં તેનું કેટલુંક કુટુંબ પણ હતું.

જ્યારે બદબખ્ત માહુય આપએખ્તયાર બન્યો-ત્યારે તેની તરફથી બીઝનની નઝદીક એક નામુ રવાના થયું,

કે "એ સુખવાસી પેહલવાનઝાદા!-તારે માટે એક ફાયદેમંદ લડાઇ આવી લાગી છે.

કારણકે દેશનો પાદશાહ યઝદગેર્દ વગર લશ્કરે અહીં આવેલો છે-પોતાના દેશમાંથી હાલ તેનું રહેઠાણ મર્વમાં છે.

માટે જો તું અત્રે આવે તો તેનું સર, તાજ અને તખ્ત તારૂંજ છે-તેમજ તેનો ખઝાનો, છત્ર અને લશ્કર પણ તારૂંજ છે

તારા નેયાગાનોનો કીનો તારાં દિલમાં યાદ કર-એ ખાન્દાન ઉપર ૩૬૬
ઇન્સાફને ગયર ઈન્સાફ બનાવ."

જ્યારે બીઝને નેગાહ કીધી અને તે નામુ જોયું અને જેહાન આપ એખ્તયાર માહુયની તાબેદાર બનેલી જોઇ,

ત્યારે વઝીરને કહ્યું કે "એ રાસ્ત લોકોના સરદાર!-તું એ બાબતમાં શું મત ધરાવે છે?

અગરજો હું એ માહુયની મદદમાં લશ્કર-આગળ ચલાઉં છું તો અહીં મારૂં કામ ખરાબ થાય છે.

પાદશાહ મને ઘણાક તાના મારશે-મને વગર અકલનો અને પતરાજી કરનારો કહેશે.

અગર તેમ નહીં તો આ લોકો કહેશે કે લડાઇની ધાસ્તીએ કરી-તે લડાઇના દહાડાથી બીહ જાય છે"

વઝીરે તેને એવો જવાબ દીધો કે "એ સિંહની હિમ્મતના લડાયક શખ્સ!

માહુયની મદદે અહીંથી જવું અને પાછું આવવું એ તારા મરતબાને છાજતું નથી.

તું બરસામને ફર્માવ કે જેથી લશ્કર લઈ-મદદને માટે તે લડાઈગાહ તરફ જાય.

બગોફ્તારે સૂરી શવી સૂએ જન્ગ
સગુફ્સારૂ ખાનહ તોરા મર્દે સન્ગ
૩૬૭ ચુનીન્ ગોફ્ત બીઝન્ કે ઈનસ્ત રાય
મરા ખુદ નબુઝ્બીદ બાયદ ઝે જાય
બબરસામ ફરમૂદ તા દહ હઝારૂ
નબર્દહ સવારાને ખન્જરૂ ગુઝારૂ
બમરૂવ આરદો સાઝે જન્ગ આવરદ
મગર શાહે ઈરાન બચન્ગ આવરદ
સેપાહ અઝ બોખારા ચુ પરરાન્ તઝરૂવ
બયક હફતહ આમદ બદાન્ શહરે મરૂવ
શબે તીરહ હન્ગામે બાન્ગે ખોરૂસ
અઝાન્ દશ્ત બરખાસ્ત આવાએ કૂસ
શહનશાહ અઝીન્ ખુદ કય આગાહ બૂદ
કે માહુય સૂરીશ બદ્ખાહ બૂદ
ખોરૂશી બર આમદ હમઅન્દર ઝમાન
સવારી બેયામદ સપીદહ દમાન
કે માહુય ગૂયદ કે આમદ સેપાહ
ઝે તુર્કાન્ ફુનૂન બર ચે રાયસ્ત શાહ
સેપહદારૂ ખાનસ્તો ફગફૂરે ચીન્
સેપહ રાન્ હમી બર નતાબદ ઝમીન્
બર આશોફ્તો જઉશન્ બેપૂશીદ શાહ
ફરાઝ આમદન્દ અઝ દો રૂયહ સેપાહ
૩૬૮ રદહ બર કશીદન્દો બર શુદ ખોરૂશ
સેપહદારે ઈરાન બર આમદ બજૂશ
બર આરાસ્ત બા મયમનહ મયસરહ
બજન્ગ અન્દર આમદ સેપહ યકસરહ
હમી બૂદ બા નીઝહ દર કલ્બગાહ
શુદ અઝ ગર્દે ગીતી સરાસર સેયાહ
ચુ નીરૂએ પર્ખાશે તુર્કાન્ બદીદ
બેઝદ દસ્તો તીગ્ અઝ મેયાન્ બર કશીદ
બપીશે સેપાહ અન્દર આમદ ચુ પીલ
ઝમીન્ શુદ બકેર્દારે દર્યાએ નીલ
ચુ અબ્રે ખોરૂશાન્ યકી હમ્લહ બોરૂદ
પસે પોશ્તે ઊ દર નમાન્દ ઈચ્ ગોરૂદ
હમહ પોશ્ત બર નામવર કાશ્તન્દ
મેયાને સવારાનશ બુગ્ઝાશ્તન્દ
ચુ બરગશ્ત માહુય શાહે જેહાન્
બેદાનેસ્ત નયરન્ગે ઊ દર નેહાન્
ચુનીન્ બૂદ માહુયરા રાયો રાહ
કે આયદ બદાન્ સાન્ ગેરેફ્તાર શાહ
શહનશાહ દર જન્ગ મર્દી નમૂદ
દલેરીઓ તુન્દીઓ ગર્દી નમૂદ
૩૬૯ બકલ્બ્ અન્દરૂન્ ચન્દ અઝીશાન્ બેકોશ્ત
ચુ બીચારહ તર ગશ્ત બેન્મૂદ પોશ્ત
ઝે તુર્કાન્ બસી દર પસે પોશ્તે ઊય
યકી કાબુલી તીગ્ દર મોશ્તે ઊય
હમી તાખ્ત હમચૂન સબે તીરહ બરૂફ
યકી આસેયા દીદ બર આબે ઝરૂફ
ફેરૂદ આમદ અઝ અસ્પ શાહે જેહાન્
ઝે બદ્ખાહ દર આસેયા શુદ નેહાન્

જો તું સૂરીના કહેવાથી લડાઇ કરવા જશે-તો મોટ્બાહાર શખ્સો તને કમીનો કહેશે."

બીઝને કહ્યું કે "એ બરાબર છે-મારે પોતાને અહીંથી જવું નહીં જોઇયે."

તેણે બરસામને ફરમાવ્યું કે "દશ હઝાર-ખંજર મારનારા બહાદુર સવારો,

મર્વમાં લઇ જાય અને લડાઈ કરે-અને ઈરાનના શાહને પણ પકડી લીયે."

આથી તેનું ઉડતાં લાવરી પક્ષીની માફકનું લશ્કર બોખારાથી ઉપડેલું-એક અઠવાડિયાંમાં મર્વ શેહરમાં આવ્યું.

સીઆહ રાતે મરઘાની બાંગને વખતે-તે મયદાનમાંથી નગારાંના આવાઝ નીકળ્યા.

શેહન્શાહ યઝદગેર્દને એવી ક્યાં ખબર હતી-કે "માહુએ સૂરી તેનો દુશ્મન બન્યો છે?"

તેવામાં એક પોકાર નીકળ્યો-અને સવાર પડતાં પાદશાહ આગળ એક સવાર આવી લાગ્યો,

કે "માહુય કહે છે કે તુર્કીઓનું લશ્કર આવ્યું છે માટે એ બાબત હવે પાદશાહનો શું વિચાર છે?

ખાન અને ફગફૂરે ચીન તે લશ્કરના સરદારો છે-અને ઝમીન પણ તેઓનાં લશ્કરનો બોજો ઊંચકી શક્તિ નથી"

એ સાંભળી પાદશાહ ગુસ્સે થયો અને બખ્તર પેહેર્યું-બન્ને તરફથી લશ્કર નઝદીક આવ્યું.

તેઓએ સફ સમારી અને લડાઈના પોકારો નીકળી રહ્યા-ઇરાનનો પાદશાહ જોશમાં આવ્યો

તેણે ડાબા, જમણી લશ્કરની તૈયારી કીધી-અને તમામ લશ્કર લડાઇમાં ઉતર્યું.

પાદશાહ પોતે હાથમાં નેઝો લઈ લશ્કરની વચ્ચોવચમાં ઉભો-લડાઈની ધૂળથી ગોયા તમામ દુન્યા સીઆહ થઇ ગઈ.

જ્યારે તેણે તુર્કીઓની લડાઇનું કૌવત જોયું-ત્યારે તલવાર ઉપર હાથ નાખી તેને મેયાનમાંથી બાહેર કાઢી.

અને હાથીની માફક લશ્કરની હરોલમાં ધસ્યો-ઝમીન નાઇલ નદીની માફક લોહી ભરી બની.

પાદશાહે પોકારતાં વાદળની મિસાલ એક હમ્લો કીધો-પણ તેની પીઠ પાછળ કોઈ પેહલવાન ઉભો રહ્યો નહીં હતો.

સઘળાઓએ તે નામવર ઉપર પીઠ ફેરવી-અને તેને દુશ્મનના સવારોની વચમાં છોડી દીધો.

જ્યારે માહુય પાછો ફર્યો ત્યારે દેશનો પાદશાહ-તેનું છૂપું કાવતરૂં સમજી ગયો.

માહુયનો વિચાર અને મતલબ તો એવીજ હતી-કે એવી રીતે પાદશાહ પકડાઇ જશે.

પણ શેહન્શાહે તો લડાઇમાં મર્દાનગી બતાવી-દિલાવરી, હિમ્મત અને બહાદુરીજ દેખાડી.

તેણે કલ્બગાહમાં દુશ્મનોમાંથી ઘણાકોને માર્યા-જ્યારે તે ઘણો લાચાર થયો ત્યારે પીઠ ફેરવી.

તુર્કીઓમાંથી ઘણાકો તેની પીઠ પાછળ લાગેલા હતા-પાદશાહના હાથમાં એક કાબુલી તલવાર હતી.

અંધારી રાતે તે વીજળીની ઝડપે દોડતો હતો તેવામાં ઝર્ક નદી આગળ અનાજ દળવાની એક ઘંટી બાંધેલી જોઇ.

દેશનો પાદશાહ ઘોડા ઉપરથી નીચે ઉતર્યો-અને દુશ્મનથી બચવા માટે તે કારખાનામાં છૂપાઇ ગયો.

સવારાન્ બેબેસ્તન્ નેહાદન્દ રૂય
હમહ્ વરૂદ્ અઝ્ ગસ્ત પુર્ ગોફ્તગૂય
અઝ્ બાઝ માન્દ અસ્પે ઝરીન્ લેગામ
હમાન્ ગોર્ઝો શમ્શીરે ઝરીન્ નેયામ
બજોસ્તનશ તુર્કાન્ ખોરૂશાન્ શુદન્દ
અઝાન્ અસ્પો આન્ સાઝ જૂશાન્ શુદન્દ
નેહાન્ શાહ દર્ ખાનએ આસેયા
નેશસ્ત અઝ્ બરે ખુશ્ક્ ઘખ્તી ગેયા
ચુનીનસ્ત રસ્મે સરાએ ફેરીબ્
ફરાઝશ બલન્દસ્તો પસ્તશ નેશીબ્
બદાનગહ કે બીદાર્ બુદ બખ્તે ઊય
બઅબ્ર્ કશીદી ફલક્ તખ્તે ઊય
કુનૂન આસેયાઇ બેયામદ્શ બહર્
કે શહદશ ફરાવાન્ ફેઝૂન્ દાદ ઝહર્
અગર્ બેખ્રદી દર્ જહાન્ દેલ મબન્દ
કે નાયદ બઅન્જામ અઝ્ જોઝ્ ગઝન્દ
બગાહે બેસૂદન્ ચુ મારાસ્ત નરમ
વલીકેન્ ગહે ઝહર્ દાદનશ ગરમ
ચે બન્દી દેલ અન્દર્ સરાએ ફેસૂસ
કે હરૂમાન્ બગૂશ આયદ આવાએ કૂસ
ખોરૂશી બર્ આયદ કે બર્ બન્દ રખ્ત
નબીની જોઝ્ અઝ્ તખ્તાએ ગૂર્ તખ્ત

દહાન્ નાયરીદહ દો દીદહ પુર્ આબ્
હમી બૂદ તા સર્ કશીદ આફ્તાબ્
કુશાદ આસેયાબાન્ દરે આસેયા
બપોશ્ત અન્દરશ બારે ઘખ્તી ગેયા
ફેરૂમાયઇ બૂદ ખુસરવ બનામ
ન ચીઝો ન હુશો ન નામો ન કામ
બુરે ખીશ અઝાન્ આસેયા સાખ્તી
બકારી દેગર્ ઝાન્ નપર્દાખ્તી
ગવી દીદ બરૂસાને સર્વે બલન્દ
નેશસ્તહ બર્ આન્ ખાક્ બર્ મુસ્તમન્દ
યકી અફસરી ખુસરવી બર્ સરશ
દેરફ્શાન્ ઝે દીબાએ રૂમી બરશ
દો ચશ્મે ગવઝ્નો બરો યાલે શીર્
નશુદ દીદહ અઝ્ દીદનશ હીચ સીર્
બપયકર્ યકી કફ્શે ઝરીન્ બપાય
ઝે ખૂશાબો ઝર્ આસ્તીને કબાય
નેગહ કરદ ખુસરવ બદુ ખીરહ માન્દ
બદાન્ ખીરગી નામે યઝદાન્ બેખાન્દ
બદુ ગોફ્ત કય મર્દે ખુરશીદ રૂય
બદીન્ આસેયા ચૂન્ રસીદી બેગૂય
ચે જાએ નેશસ્તે તો બૂદ આસેયા
પુર્ અઝ્ ગન્દમો ખાકો ચન્દીન્ ગેયા
ચે મર્દી બદીન્ બુર્ઝો ઇન્ ફરૂશો ચેહર્
કે ચૂન્ તુ ન બીનદ હમાના સેપેહર્
મરા ઇરાનેયાનમ્ બદુ ગોફ્ત શાહ
હઝીમત ગેરેફ્તમ ઝે તૂરાન્ સેપાહ

તે સવારોએ ત્યાં શોધ ચલાવવા માંડી-ચક્કીની જગ્યાએ પોંધાટ મચી ગયો.

પાદશાહનો સોનેરી લગામનો ઘોડો તેમજ ગોર્ઝ અને સોનેરી મેયાન સાથની તલવાર ત્યાંજ રહી ગયાં.

આથી તેને શોધવા માટે તુર્કીઓ પોકાર કરવા લાગ્યા-પેલો ઘોડો અને પેલો અસ્બાબ જોઈ જોશમાં આવ્યા.

પાદશાહ પેલાં ચક્કીવાળાં મકાનમાં થોડાંક સુક્કાં ઘાસ ઉપર છૂપાઈ બેઠો.

આ ફરેબી દુન્યાની રાહ રસ્મ એવીજ રીતની છે-તેની ચઢતી વધારે બુલંદ છે તેમજ તેની પડતી વધારે નીચી છે.

જે વખતે કે તેનું બખ્ત બીદાર હતું-તે વખતે આસ્માન તેનાં તખ્તને વાદળ સૂધી ઊંચે લઈ જતું હતું.

હાલ તો તેને નસીબે એક ઘંટી આવી-તેને મધ કરતાં ઝેહર વધારે આપ્યું. ૩૭૦

જો તું ડાહ્યો હોય તો દુન્યામાં દિલ ના બાંધતો-કારણકે તેનાથી શેવટે નુકસાન સિવાય બીજું કાંઇ મળશેજ નહીં.

પસવારતી વખતે તો તે સાપ જેવી નરમ છે-પણ ઝેહર આપતી વખતે તે ઘણી ગરમ થાય છે.

આ અફસોસ ભરેલી દુન્યામાં તું શા માટે દિલ બાંધે છે?-કારણકે તેમાંથી દર પળ તારા કાનમાં કુચ કરવાનાં નગારાંનો આવાઝ આવશે.

એવો આવાઝ સંભળાશે કે "દુન્યામાંથી ચાલી જવાની તૈયારી કર-આ દુન્યામાં લાશને નવાડવાનું પાટિયું અને દફનાવવાની જગ્યા સિવાય બીજું આસન તને મળશે નહીં.

સવારે આફતાબ નીકળ્યો ત્યાં સૂધી પાદશાહ ભૂખે પેટ અને આંસુ ભરી આંખ્યોએ ત્યાંજ રહ્યો.

હવે ઘંટીવાળાએ પોતાની ઘંટીનો દરવાજો ખોલ્યો-તેની પીઠ ઉપર એક નાનો ઘાસનો ભારો હતો.

તે ખુસરૂ નામનો એક કમીનો શખ્સ હતો-તેની પાસે કોઇ ચીઝ કે અકલ, નામના અને કીર્ત્તિ હતી નહીં.

તે આ ઘંટીથીજ પોતાનુ ગુજરાન કરતો હતો-ઘંટી છોડી કોઈ બીજા કામમાં મશગૂલ થતો હતો નહીં.

ત્યાં તેણે એક બુલંદ સરોવરની મિસાલનો એક પેહલવાન જોયો-જે લાચાર થઇ ખાક ઉપર બેઠેલો હતો.

તેનાં માથા ઉપર એક પાદશાહી તાજ હતું-તેની છાતી રૂમી રેશમી ૩૭૧
કપડાંથી ઝળકતી હતી.

બન્ને આંખો સાબર જેવી ચળકતી અને છાતી તથા ગર્દન સિંહ જેવી ફરાખ હતી-ગોયા આંખો તેને જોવાથી જરા પણ ધરાતીજ નહીં હતી.

તેના પગમાં ચીતાર સાથનો સોનેરી જોડો હતો-ડગલાની બાંય ઉપર સોના અને કીમતી મોતીનો જડાવ હતો.

ખુસરૂએ નઝર કીધી અને તેને જોઈ અજબ થયો-તેવી અચરતીમાં તેણે યઝદાનનું નામ લીધું.

તે બોલ્યો કે "ઓ ખુરશીદને ચેહરેના શખ્સ!-આ ઘંટીમાં કેમ આવી પહોંચ્યો તે કહે?

શું આ ઘઉં, ધૂળ અને ઘાસથી ભરેલી ચક્કી તારે બેસવા લાયકની જગ્યા છે?

આવાં બુલંદ કદનો, આવા દબદબાનો અને આવા ચેહરાનો તું કોણ શખ્સ છે?-ખચીત કે તારા જેવો મર્દ આસ્માનબી જોશે નહીં."

પાદશાહે તેને કહ્યું કે "હું એક ઇરાની છું-અને મેં તુરાની લશ્કરથી શિકસ્ત ખાધી છે."

બદૂ આસેયાબાન્ બતશ્વીર્ ગોફ્ત
કે જોય બીનવાઇ મરા નીસ્ત જોફ્ત
અગર્ નાને કશકીનત્ આયદ બકાર્
વઝીન્ નાસઝા તર્રએ જૂયબાર્
૩૭૨ બેયારમ જોય ઈન્ નીસ્ત ચીઝી કે હસ્ત
ખોરશાન્ ખુવદ મર્દુમે તન્ગ્ દસ્ત
બસેહ્ રૂઝ શાહે જહાન્રા ઝે રઝમ
નબુદ હીચ પર્દાઝેશે ખાબો બઝમ
બદૂ ગોફ્ત શાહ્ આન્ચે દારી બેયાર્
ખુરેશ નીઝ બા બર્સમ આયદ બકાર્
બેશુદ મર્દ બી માયએ બદનેઝાદ
બરશ તર્રઝો નાને કશકીન્ નેહાદ
બબર્સમ શેતાબીદો આમદ બરાહ્
બજાઇ કે બૂદ અન્દરાન્ બાઝ્ ગાહ્
બરે મેહ્તરે ઝર્ક્ શુદ ઝાન્ કનાર્
કે બર્સમ ચકી જૂ કુનદ ખાસ્તાર્
બદર્ સૂ ફેરેસ્તાદ માહુય કસ
ઝે ગીતી હમી શાહ્રા જોસ્તો બસ
અઝીન્ આસેયાબાન્ બેપુર્સીદ મેહ્
કે બર્સમ કેરા ખાહી અય રૂઝબેહ્
બદૂ ગોફ્ત ખુસ્રવ કે દર્ આસેયા
નેશસ્તસ્ત કુન્દાવરી બર્ ગેયા
બબાલા બકેર્દારે સર્વે સહી
બદીદાર્ ખુરૂશીદ બા ફર્રહી
૩૭૩ દો અબ્રૂ કમાનો દો નર્ગેસ દેઝમ
દહાન્ પુર્ ઝે બાદો રવાન્ પુર્ ઝે ઘમ
ચકી કોહ્નહ્ ખાની નેહાદમશ પીશ
બર્ નાને કશકીન્ સઝાવારે ખીશ
બબર્સમ હમી બાઝ્ ખાહદ ગેરેફ્ત
સઝદ ગર્ બેમાની અઝ્ દર્ શેગેફ્ત
બદૂ ગોફ્ત મેહ્તર્ કઝ ઈદર્ બેપૂય
ચુનીન્ હમ બમાહૂએ સૂરી બેગૂય
નબાયદ કે આન્ બદનેઝાદે પલીદ
શુ ઇન્ બેશનવદ ગઉહર્ આરદ પદીદ
સબુક્ મેહ્તર્ ઊરા બમર્દી સેપોરદ
સઝાવાર્ તા પીશે માહુય બોર્દ
બેપુર્સીદ માહુય ઝીન્ ચારહ્જૂય
કે બર્સમ કેરા ખાસ્તી રાસ્ત ગૂય
ચુનીન્ દાદ પાસોખ બદૂ તર્સગાર્
કે મન્ બાર્ કર્દમ હમી ખાસ્તાર્
દરે આસેયારા કુશાદમ બખશ્મ
ચુનાન્ દાન્ કે ખુરૂશીદ આમદ બચશ્મ
દો નર્ગેસ ચુ્નર્ આહૂ અન્દર્ હેરાસ
દો ગીસૂ ચુ અઝ શબ્ ગુઝશ્તહ્ સે પાસ
૩૭૪ હમી બૂએ મુશ્ક્ આયદ અઝ્ મૂએ ઊય
હમી ઝીએ તાજ્ આયદ અઝ રૂએ ઊય
હરાન કસ કે ઊ ફર્રે યઝદાન્ નદીદ
બેબાયદ ગેરેફ્ત આસેયારા કલીદ
પુર્ અઝ ગઉહરે ના બેસૂદ અફસરશ
દુરેખ્શાન ઝે દીબાએ રૂમી બરશ

ત્યારે ઘંટીવાળો ગંભરાનો પડી બોલ્યો કે "હું લદ્દન મુફલેસ છું.

જો તને જવની રોટલી અને આ નાચીઝ ભાજી કામ લાગે,

તો હું લઇ આવું એ સિવાય બીજું કશું નથી–તંગદસ્ત માણસ તો ગરીબાઇની ફર્યાદ કરતોજ રહે છે."

હવે દેશના પાદશાહને લડાઇને લીધે ત્રણ દહાડા સુધી–કશો પણ અયશઆરામ કે ખાવું પીવું મળ્યું હતું નહીં.

જેથી પાદશાહે તેને કહ્યું કે "જે કાંઇ તારી પાસ હોય તે લાવ–પણ તે ખાનું બર્સમ સાથેજ કામ લાગશે."

તે બૂરી બુન્યાદના કમોના શખ્સે તેની નઝદીક જવની રોટલી અને ભાજી મૂકી.

જ્યાં એક બાજ ધરવાની જગ્યા હતી તે તરફ–બર્સમ લાવવા માટે તે દોડયો.

નદી કિનારેથી તે ઝર્કના દસ્તૂર આગળ ગયો કે તેની પાસેથી બર્સમ માગી લાવે.

હવે પેલીગમ માહુય ચો તરફ માણસો મોકલી–દુન્યામાં કેથેથી પણ બસ તે પાદશાહની શોધ કરવા લાગ્યો.

પેલા દસ્તૂરે ઘંટીવાળાને પૂછયું–કે "ઓ નેકબખ્ત !–તું બર્સમ કોણને માટે માગે છે?"

ખુસરૂએ તેને કહ્યું કે "મારી ઘંટીમાં–એક પેહલવાન ઘાસ ઉપર બેઠો છે.

જે કદમાં સીધાં સરોવર જેવો છે–ચેહરામાં ઝળકાટ સાથનો એક ખુરશીદજ છે.

બન્ને ભવાં કમાન જેવાં અને બન્ને આંખો દિલગીરી ભરેલી–મોઢું હાય અફસોસથી ભરેલુ અને તેનો જીવ ગમથી ભરેલો છે.

મેં તેની આગળ પોતાની લાયકાત પ્રમાણે એક જૂનુ દસ્તરખાન અને તે ઉપર જવની રોટી મૂકી.

પણ તે તો બર્સમ સાથની બાજ ધરવા માગે છે–તે માટે જો તું તેનાથી અજબ થાય તો તે વાજબી છે."

પેલા દસ્તૂરે તેને કહ્યું કે "તું અહીંથી દોડ–અને એજ પ્રમાણે માહૂએ સૂરીને કહે.

એવું નહીં બનવું જોઇયે કે તે બૂરી બુન્યાદનો પલીદ–જ્યારે આ સાંભળે ત્યારે પોતાની બુન્યાદ ઝાહેર કરે (યાને છટકી જાય)."

પછી તુરત તે ઝર્કના દસ્તૂરે તેને એક માણસને સોંપી આપ્યો–જેને તે ઘટતી રીતે માહૂયની નઝદીક લઈ ગયો.

માહૂએ પેલા એલાજ શોધનાર શખ્સથી પૂછપરછ કીધી–કે "તું સાચું બોલ બર્સમ કોણને માટે માગતો હતો?"

તે બીકણ શખ્સે એવો જવાબ દીધો કે "હું અંદર દાખેલ થવા ચાહતો હતો,

અને તે માટે ગીરનીનો દરવાઝો મેં જોરાથી ઉઘાડી નાખ્યો–કે તુરતજ મારી નઝરે ગોયા એક ખુરશીદ દેખાયો

જેની બન્ને આંખો એક બીધેલાં હરણ જેવી છે–તેનાં ઝુલ્ફાં ત્રણ પોહોર ગુઝરેલી રાત જેવાં કાળાં છે.

તેના બાલમાંથી કસ્તુરીની ખુશબો આવે છે–તેના ચેહરા ઉપરથી તાજનીજ રઉનક ઝળકે છે.

જે કોઇ શખ્સે કે પાક યઝદાનનું ખોરેહ નહીં જોયું હોય–તેણે આ મારી ઘટીની કૂચી લઈ તેને જોવો જોઇયે.

તેનું તાજ કીમતી ગોહરોથી ભરેલું છે–તેની છાતી રૂમી રેશમી કપડાંથી ઝળકતી છે.

ચુ ખુર્શીદ ગશ્તસ્ત અઝ્ આસેયા
ખુરેશ્ નાને કશ્કીન્ નેશાસ્તન્ ગેયા
બહારીસ્ત બૂઈ દર્ અન્દર્ બેહેસ્ત
બબાગ્રાએ ઊ સરૂવ હેકુકાન્ નકેશ્ત

સઘળી ઘંટી તેનાથી ખુરશેદની મિસાલ રોશન થઇ છે-જવની રોટલી તેનો ખોરાક થયલો છે અને તેની બેઠક ઘાસ ઉપર છે.

તું કહે ગેયા તે બેહેસ્તમાંનો એક ખીલેલો બહારજ છે-તેનાં કદનાં જેવું સરોવરનું ઝાડ પણ કોઇ ખેડુતે રોપ્યું નથી."

ફેરેસ્તાદને માહૂએ સૂરી આસેયા-બાન્રા બકોશતને યઝ્દગેર્દ વ પન્દે મૂબેદાન્ દર્ બારએ બાઝ્-દાશતને ઊ અઝ્ કોશતનશ્.

માહૂએ સૂરીએ ઘંટીવાળાને યઝદગેર્દને મારી નાખવા માટે મોકલવો અને તેને મારી નાખવાથી દૂર રહેવા માટે તેના વઝીરોએ તેને શીખામણ આપવી.

ચુ માહુય હેશ્રા બર્ આવરૂદ ગેરૂહ
બેદાનેસ્ત કૂ નીસ્ત જોઝ્ યઝ્દગેરૂદ
બદૂ ગોફ્ત બેશતાબ્ અઝીન્ અન્જુમન
હમ અકનૂન જુદા કુન સરશરા ઝે તન્
વગરનહ હમ અકનૂન બેબુરૂરમ સરત
નમાનમ કસી ઝેન્દહ અઝ્ ગઉહરત
શનીદન્દ અઝ્ ઈન્ સખુન મેહતરાન્
બુઝોર્ગાને બીદારો કુન્દાવરાન્
હમહ અન્જુમન ગશ્ત ઝ્ પુર્ ઝે ખશ્મ
ઝબાન્ પુર્ ઝે ગોફતારો પુર્ આબ્ ચશ્મ
યકી મૂબેદી બૂદ શાહૂય નામ
બજાન્ અઝ્ ખેરદ બર્ નેહાદહ લગામ
બમાહુય ગોફ્ત અય બદ્અન્દીશ મરૂદ
ચેરા દીવ્ ચશ્મે તોરા ખીરહ કરૂદ
ચુનાન્ દાન્ કે શાહીઓ પયગમ્બરી
દો ગઉહર બુવદ દર્ યક્ અન્ગુશ્તરી
અઝીન્ દૂ યકીરા હમી બેશ્કની
રવાનો ખેરદરા બપાય અફ્ગની
નેગર્ તા ચે ગૂઈ બેપરહીઝ અઝીન્
મશવ્ બદ્ગુમાન્ બર્ જહાન આફરીન્
ચુ બેઆસ્તીન્ અઝીન્ બર્ તો આયદ ગઝન્દ
બકર્ઝન્દ માની યકી કેશ્તમન્દ
કે બારશ્ કબસ્ત આયદો બરગ્ ખૂન્
બઝૂદી સરે ખીશ્ બીની નેગૂન્
બઝૂદી સરે ખીશ્ બીની નેગૂન
અઝ્ ઝૂનહ શવદ ઝીન્ સેપસ્ ઝેશ્તે તૂ
પેસર્ બેદરવદ દર્ જહાન કેશ્તે તૂ
હમી દીને યઝ્દાન્ શવદ્ ઝીન્ તબાહ
હમી બર્ તો નફ્રીન્ કુનદ તાજો ગાહ
યકી દીનવર્ બૂદ યઝ્દાન્ પરસ્ત
કે હર્ગેઝ્ નબોર્દી બબીદાદ દસ્ત
કે હોરમુઝદે ખરરાદ બુદ નામે ઊય
બદીન્ અન્દરૂન્ બુદ આરામે ઊય
બમાહુય ગોફ્ત અય સેતમગારહ મરૂદ
ઝુનીન્ અઝ્ દરે પાક્ યઝ્દાન્ મગરૂદ

જ્યારે માહૂએ બરાબર વિચાર કર્યો-ત્યારે તે સમજી ગયો કે તે યઝદગેર્દ સિવાય બીજો કોઇજ નથી.

આથી માહૂએ તેને કહ્યું કે "તું અહીંથી તુરત દોડ-અને હમણાજ તેનાં શરીર ઉપરથી તેનું સર જુદું કરી નાખ.

નહીં તો હું હમણાજ તારૂં સર કાપી નાખીશ-અને તારાં ખાન્દાન-માંથી કોઇને જીવતા રાખીશ નહીં."

જ્યારે સરદારો, હુશયાર બુઝોર્ગો અને પેહલવાનોએ તેનાથી એવી રીતના સખુનો સાંભળ્યા,

ત્યારે સઘળી અન્જુમન તેની ઉપર ગુસ્સે બની-તેઓની ઝબાન ધુત્-ચાર ભરેલી અને આંખો આંસુ ભરેલી થઈ.

તેઓમાં એક શાહૂય નમનો વઝીર હતો-જેણે પોતાના જાન ઉપર ૩૭૫
ડહાપણનીજ લગામ મૂકેલી હતી.

તેણે માહૂયને કહ્યું કે "ઓ બદ વિચારના શખ્સ!-એહરેમને તારી આંખ શા માટે આંધળી બનાવી છે?

તું જાણ કે એક પાદશાહી અને એક પયગમ્બરી-એ એકજ વીંટીમાં જડેલાં બે ઉમદા ગોહરો છે.

એ બેમાંથી જો એકને પણ તું તોડી કાઢે-તો તું પોતાના જીવનો અને અકલનોજ નાશ કરે છે.

ધ્યાન પુગાડ, કે તું શું બોલે છે? એ કામથી હજી પણ દૂર રહે-ખોદાતાલા ઉપરજ બદગુમાન ના બન.

એમ કીધાથી પહેલાં તો તારી ઉપરજ આફત પડશે-પછી તું પોતાના ફર્ઝંદો માટે એવું એક ખેતર છોડી જશે,

કે જેનાં ફળ ઝેહર લાગશે અને પાહડાં લોહી બનશે-તું તુરતજ પોતાનું સર ઊંધું પડેલું જોશે.

ત્યાર પછી તારી બૂરાઈ ખુલ્લી થશે-આ દુન્યામાં તેં વાવેલાં કડવાં ફળો તારા ફર્ઝંદને કાપવાં પડશે (યાને તેને ચાખવાં પડશે).

એમ કરવાથી યઝદાનની દીન ખરાબ થાય છે-તેમજ તાજ અને તખ્ત તારી ઉપર લઆનત નાખતાં બને છે."

બીજો એક દીનદાર યઝદાન પરસ્ત વઝીર કે જેણે કદીબી કોઈ ઉપર ઝુલમનો દસ્ત લમ્બાવ્યો હતો નહીં,

કે જેનું નામ ખરરાદનો બેટો હોરમઝદ હતું-અને જેનો અયશ ૩૭૬
આરામ દીનધર્મમાંજ સમાયલો હતો,

તેણે માહૂયને કહ્યું કે "ઓ ઝુલમગાર શખ્સ!-તું એમ પાક યઝ-દાનના બાર આગળથી પાછો ના ફર.

હમી તીરહ બીનમ દેહો હુરી તૂ
હમી ગૂરૂ બીનમ બઆધૂરી તૂ
તનૂમન્દ બીમગ્ઝીઓ જાન્ નેઝાર્
હમી દૂદે આતેશ કુની ખાસ્તાર્
તોરા ઝીન્ જહાન્ સર્ઝનેશ બીનમ આઝ
બબર્ગશ્તનત રન્જો ગર્મો ગોદાઝ
કુનૂન્ મેન્દગાનીત નાખશ બુવદ
ચુ રફ્તી નેશસ્તત દરૂ આતશ બુવદ
નેશસ્ત ઊઓ શાહરૂય બરૂપાય ખાસ્ત
બમાહૂય ગોફ્ત ઈન્ દેલીરી ચેરાસ્ત
શહનશાહ રાં કારૂઝાર આમદી
ઝે ખાકાનો. ફગફૂર યાર આમદી
અઝીન્ તોખ્મહ બીકસ બસી યાફ્તન્દ
કે હરગેઝ બકોશતનશ નેશતાફ્તન્દ
તો ગર બન્દઈ ખૂને શાહાન્ મરીઝ
કે નફ્રીન્ બુવદ બર તો તા રસ્તખીઝ
૩૭૭ બગોફ્તીનો બન્શસ્ત ગેર્યાન્ બર્દદ
પુર અઝ ખૂન દેલો ચશ્મ પુર આબે ઝર્દ
ચુ બન્શસ્ત ગેર્યાન્ બશુદ મેહરનૂશ
પુર અઝ દર્દો બા નાલહો બા ખોરૂશ
બમાહૂય ગોફ્ત અય બદે બદનેઝાદ
કે નહ રાએ ફર્જામ દારી ન દાદ
ઝે ખૂને કયાન્ શરૂમ દારદ નહન્ગ્
વગર કોશતહ યાબદ નદરદ પલન્ગ્
અયા બદતર અઝ દદ બમેહરો બખૂય
હમી તાજે શાહ આયદત આરઝૂય
ચુ બર દસ્તે ઝહહાક જમ કશતહ શુદ
એ માયહ સેપેહર અન્દરાન્ ગશતહ શુદ
ચુ ઝહહાક બેગ્રીફ્ત રૂએ ઝમીન્
પદીદ આમદ અન્દર જહાન્ આત્બીન્
બેઝાદ આફ્રીદૂને ફરૂદોખ નેઝાદ
જહાન્રા યકી દીગર આમદ નેહાદ
શનીદી કે ઝહહાકે બીદાદગર
એ આવરદ અઝાન્ ખીશતન્રા બસર
બરૂ સાલ બુગ્ઝશ્ત બીશ અઝ હઝાર
બફર્જામે કાર આમદશ ખાસ્તાર્
૩૭૮ વદીગર ચુ તૂર આન્ સરફ્રાઝ મર્દ
કુજા આઝે ઈરાન્ વરા રન્જહ કર્દ
બખીરહ બેકોશત ઇરજે પાકરા
કે બખ્શાયેશ આમદ બદ ખાકરા
ફેરેસ્તાદ નઝદે ફરીદૂને ગોર્દ
જહાન્રા સરાસર બઅન્દુહ સેપોર્દ
મેનૂચહર અઝાન્ તોખ્મહ આમદ પદીદ
શુદ આન્ બન્દહારા સરાસર કલીદ
સેદીગર સેયાવુશ ઝે તોખ્મે કેયાન્
કમર બસ્ત બી આરઝૂ બર મેયાન્
બગોફ્તારે ગર્સીવઝ અફ્રાસેયાબ્
બેશોસ્ત અઝ રવાનો ખેરદ શર્મો આબ્
ચુનાન્ શાહઝાદહ જવાન્રા બેકોશ્ત
અઝીરા જહાન્ ગશ્ત બા ઊ દુરોશ્ત

હું તારૂં અંતઃકરણ અને ડહાપણ સીઆહ બનેલું જોઉં છું-તારી બગલમાં હું તારીજ ઘોર જોઉં છું.

તું બિલ્કુલજ શેર્મ વગરનો અને દુઃખી જીવનો છે-તું આતશના ધૂમાડાનોજ તલબગાર બને છે.

આ જેહાનમાં તારો લોભ તને મારશે-અને જ્યારે આ જેહાનથી તું પાછો ચાલતો થશે ત્યારે તને દુઃખ અને બળાપો મળશે.

હવે પછી તારી ઝિંદગાની નાખુશ બનશે-અને જ્યારે તું મરી જશે ત્યારે તારી જગ્યા દોઝખમાં થશે."

તે બેઠો અને શેહરૂય ઉભો થયો-તેણે માહૂયને કહ્યું કે "આ દલેરી શા માટે કરે છે?

શેહન્શાહને માથે લડાઇ આવી છે-ખાકાન અને ફગફૂરની મદદ માગી છે.

આ ખાન્દાનમાંના ઘણાકો ઉપર આફતો આવેલી લોકોએ જોઈ છે-પણ હરગેઝ કોઈએ તેને કતલ કરવાની ઉતાવળ કીધી નથી.

અગરજો તું ખોદાનો બંદોઝ છે તો પાદશાહોનુ ખૂન ના રેડ-નહીં તો તારી ઉપર રસ્તાખેઝ સુધી લઅનત રહી જશે."

તે એટલું બોલ્યો અને દુઃખથી રડતો રડતો બેસી ગયો-તેનું દિલ ખૂન ભરેલું અને આંખ પીળાં આંસુ ભરેલી હતી.

જ્યારે તે રડતો બેઠો, ત્યારે મેહરનૂશ-ફર્યાદ અને પોકાર સાથ દર્દથી ભરેલો ઉઠયો.

તેણે માહૂયને કહ્યું કે "ઓ-બૂરી બુન્યાદના બૂરા શખ્સ!-તું શેવટ માટેનો વિચાર કે ઈન્સાફ ધરાવતોજ નથી.

પાદશાહોનું ખૂન કરતાં મગરમચ્છ પણ શરમાય છે-અગરજો કોઈ મુએલું માણસ એક ચિત્તો વાઘ મેળવે છે, તો તે તેને ફાંસતો નથી.

ઓ ફાડીખાનારાં જાનવરો કરતાં પણ મોહબ્બત અને ખાસીયતમાં વધારે બૂરા શખ્સ!-તને શાહનું તાજ લેવાની અભિલાષા થઈ છે.

જ્યારે પાદશાહ જમશીદ ઝહહાકના હાથ ઉપર માર્યો ગયો-ત્યારે આસ્માન તેની મુરાદ માફક કેટલોક ફર્યો હતો,

પણ જ્યારે તમામ મુલક ઝહહાકે હાથ કર્યો-ત્યારે દુન્યામાં આત્બીન પયદા થયો.

અને તેનાથી મુબારક બુન્યાદના ફરીદૂને જન્મ લીધો-આ દુન્યાને માટે એક નવીજ બુન્યાદ ઝાહેર આવી.

તેં સાંભળ્યું તો હશે કે ઝુલ્મગાર ઝહહાક તેમ કર્યાથી પોતાનું શેવટ કેવું લાવ્યો?

હઝાર કરતાં વધારે વર્ષ તેની ઉપર પસાર થયાં-પણ શેવટે તેનો કીનાનો માગનારો આવી લાગ્યો.

બીજું. પેલો તૂર જેવો સરફરાઝ મર્દ-કે જેને ઈરાનના લોભે દુઃખી કીધો,

તેણે ખોટી રીતે પાક એરચને માર્યો-કે જેની ઉપર ખાક વટીકને દયા આવી.

પછી તેને પેહલવાન ફરીદૂનની નઝદીક મોકલી આપ્યો-અને તમામ જેહાનને ગમમાં ગિરેફતાર કીધી.

તેના તોખ્મથી મીનોચેહર પયદા થયો-અને તે સઘળી મુશ્કેલીની ચાવી હાથ લાગી.

ત્રીજું. કયાની તોખ્મના સિયાવક્ષે-લાચારીએ લડાઇનો કમરબંદ પોતાની કમર ઉપર બાંધ્યો.

અને ગર્સીવઝના કહેવા ઉપરથી અફ્રાસિયાબે-પોતાના જીવ અને અકલમાંથી શર્મ અને આબરૂ ધોઈ નાખીને,

એવા જવાન શાહઝાદાને મારી નાખ્યો-એ સબબથી જેહાન તેની સાથ સખ્ત થઇ.

જહાન્દાર્ કયખુસ્રવ્ અઝ્ પોશ્તે ઊય
બેયામદ્ જહાન્ કરૂદ્ પુર્ ગોફ્તગૂય
નેયારા બખન્જર્ બદ્ નીમ કરૂદ્
સરે કીનહુન્જૂયાન્ પુર્ અઝ્ બીમ કરૂદ્
ચહારોમ સખુન્ કીને અર્જાસ્પ બૂદ્
કે રીઝન્દએ ખૂને લોહ્રાસ્પ બૂદ્
ચુ એસ્ફન્દેયાર્ અન્દર્ આમદ્ બજન્ગ્
ઝે કીનહ્ નદાદશ ઝમાની દેરન્ગ્
બપન્જુમ સખુન્ કીને એસ્ફન્દેયાર્
કે રોસ્તમ મર્ ઊરા ગહે કાર્ઝાર્
બેકોશ્તો સર્ આમદ્ બરૂ નીઝ્ રૂઝ્
હમાન્ રફ્ત આન્ ગોર્દે ગીતી ફેરૂઝ્
સરન્જામ બેન્ગર્ કે બહુમન્ ચે કરૂદ્
ઝે પૂરે તહમ્તન્ બર્ આવરૂદ્ ગરૂદ્
શશુમ કીને પીરૂઝ્ શાહે બલન્દ્
કે અઝ્ ખુશનવાઝ્ આમદ્ ઊરા ગઝન્દ્
કમર્ બસ્ત બર્ કીને ઊ સૂફરાય
સરે ખીશતન્ અન્દર્ આમદ્ બપાય
બહફ્તુમ સખુન્ કીને હોરમુઝદ્ શાહ્
ચુ પર્વીઝ્ શુદ્ બા દેલો દસ્તગાહ્
બબન્દૂયો ગોસ્તહુમ કરૂદ્ આન્ ચે કરૂદ્
નેયાસાયદ્ ઈન્ ચર્ખે ગરદૂન ઝે ગરૂદ્
ઝે કેર્દારે ઈશાન્ નકરૂદ્ ઈચ યાદ્
ચુ ખૂને પેદર્ બૂદો મેહરે નેઝાદ્

ચુ દસ્તૂર્ શુદ્ જાને ઈશાન્ બેબોરૂદ્
દરે કીનહ્રા ખાર્ નતવાન્ શુમોરૂદ્
તોરા ઝૂદ્ આયદ્ ચુનીન્ રૂઝગાર્
બેપીચી અઝ્ અન્દીશએ નાબકાર્
તો ઝીન્ હર્ચે કારી પેસર્ બેદ્રવદ્
ઝમાનહ્ ઝમાની ઝે કીન્ નુઘનવદ્
બેપરહીઝ્ અઝીન્ ગન્જે આરાસ્તહ્
અઝીન્ સુર્દુરી તાજો ઇન્ ખાસ્તહ્
હમી સર્ બેપીચી બગોફ્તારે દીવ્
બેબુર્રી દલ્ અઝ્ રાહે ગયહાન્ ખેદીવ્
બચીઝી કે બર્ તૂ નઝીબદ્ હમી
નદાની કે દીવત ફેરીબદ્ હમી
બઆતેશ તનો જાને ખુદરા મસૂઝ્
મકુન્ તીરહ્ ઈન્ તાજે ગીતી ફેરૂઝ્
સેપાહે પરાગન્દહ્રા ગેરૂદ્ કુન્
તો ઝીન્ સાન્ કે ગોફ્તી બેગર્દાન્ સખુન્
અઝ્ ઈદર્ બપૂઝેશ બરે શાહ્ રવ્
ચુ બીની વરા બન્દગી સાઝ્ નવ્
વઝાન્ જાયગહ્ જન્ગે દુશ્મન્ બેસાય્
ઝે રાયે ઝે પૂઝેશ મેયાસાય હીચ્
કઝીન્ બદ્ નેશાને દો ગીતી શવી
ચુ ગોફ્તારે દાનન્દગાન્ નશનવી
ચુ કારી કે એમરૂઝ્ બાયદ્ત કરૂદ્
બફર્દા શવદ્ ઝૂ બર્ આરન્દ્ ગરૂદ્

તે સિયાવક્ષની પીઠથી પાદશાહ કયખુસરૂ-પયદા થયો અને તેણે સઘળી જેહાન ચર્ચા ભરેલી કીધી.

તેણે ખંજરથી પોતાના મમાવાના બે ટૂકડા કીધા-અને કીનાખોરોનાં સર ધાસ્તી ભરેલાં બનાવ્યાં.

ચોથી વાત અર્જાસ્પ કે જેણે લોહરાસ્પનું ખૂન કીધું હતું, તેના કીનાની છે.

જ્યારે અસ્ફંદિયાર લડાઈમાં ઉતર્યો-ત્યારે તેણે તેની ઉપર કીનો ૩૭૯
લેવામાં જરાબી ઢીલ થવા નહીં દીધી.

પાંચમી વાત અસ્ફંદિયારના કીનાની-કે લડાઇમાં રૂસ્તમે તેને

મારી નાખ્યો અને તેનો વખત્અી પુરો થયો-તે દુન્યાને રોશન કરનારો પેહલવાન રૂસ્તમ પણ મરણ પામ્યો.

અને તું જો કે શેવટે બહમને શું કીધું?-તેણે પોતાના બાપના કીનામાં રૂસ્તમના છોકરાની ગર્દ કાઢી નાખી.

છઠ્ઠી વાત મોટા પાદશાહ પીરૂઝની છે-કે ખુશનવાઝને હાથથી તેની ઉપર આફત આવી પડી.

તેના કીનામાં સૂફરાએ કમર બાંધી-અને તે ખુશનવાઝનું પોતાનું સર તેના પગ નીચે આવ્યું.

સાતમી વાત પાદશાહ હોરમઝદના કીનાની છે-જ્યારે ખુસરૂ પર્વીઝ હિમ્મતવાન અને દરેક બાબતમાં શક્તિમાન બન્યો,

ત્યારે તેણે બંદૂય અને ગોસ્તહમ સાથે જે કરવું જોઇયે તેજ કીધું-આ ફરતું આસ્માન પોતાની ગર્દેશથી અટકતુંજ નથી.

જ્યારે તેને તો પોતાના બાપનાં ખૂન સાથ અને ખાન્દાનની મોહબ્બત સાથ કામ હતું-ત્યારે તેણે તેઓનાં ગમે એવાં ભલાં કામોની કશી દરકાર કીધી નહીં.

જ્યારે ખોદાનો હોકમ થયો ત્યારે તેઓનો જીવ પણ ગયો-માટે કીનાને નજીવો ગણવો નહીં જોઇયે.

તારો પણ એવોજ વખત જલ્દીથી આવશે-અને તે વખતે તું આ ૩૮૦
નાલાયક વિચારથી પસતાશે.

તું જે કાંઈ રોપશે તે તારો છોકરો કાપશે-ઝમાનો કીનો લેવા માટે જરાપણ વાર લગાડશે નહીં.

આ ભરેલા ખઝાનાથી, આ વારસામાં ઉતરી આવેલાં તાજ અને આ માલ અસ્બાબથી તું દૂર થા.

તું એહરેમનના કહ્યાથી સર ફેરવે છે-અને દુન્યાના સાહેબના માર્ગ ઉપરથી દિલ ઉઠાવી લે છે.

જે ચીઝ કે તારા ઉપર ઝેબ નહીં દીયે-તે લેવા માટે તું જાણ કે એહરેમનજ તને ફરેબ આપે છે.

તું પોતાનાં તન અને જીવને દોઝખના આતશમાં ના બાળ-આ દુન્યાને સણગારનારૂં તાજ સીઆહ ના બનાવ.

તું વીખરાયલાં લશ્કરને એકઠું કર-અને જેવી રીતે સખુનો તું હવડાં બોલ્યો છે તે પાછા ખેચી લે.

અને અહીંથી માફી માગવા માટે તું પાદશાહ આગળ જા-જ્યારે તું તેને જોય ત્યારે નવેસરથી તેની તાબેદારી કર.

અને ત્યાંથી દુશ્મનની સામે લડાઇમાં જવાની તૈયારી કર-તેના વિચાર પ્રમાણે ચાલવા માટે અને તેની માફી માટે જરાપણ ઢીલ ના કર.

જો તું વિદ્વાનોનુ કહેલું નહીં સાંભળશે-તો બન્ને દુન્યામાં તારો બખ્ત દુ:ખી થશે.

જ્યારે એક કામ કે તને આજેજ કરવું જોઇયે-ત્યારે તે કામ જો તું ૩૮૧
આવતી કાલ ઉપર રાખે તો તે ધૂળ મળે છે.

હમી યઝદગેર્દે શહન્શાહ્ રા
બતર્ ખાહી અઝ્ તુર્કે બદ્ખાહ્ રા
કે દર્ જન્ગ્ શીરસ્તો બર્ તખ્ત્ શાહ્
ફોરૂઝાન્ બકેર્દારે ખુર્શીદો માહ્
યકી યાદ્ગારી ઝે સાસાનેયાન્
કે ચૂન્ વય નબન્દદ્ કમર્ બર્ મેયાન્
પેદર્ બર્ પેદર્ શાહો દાનેશ પઝીર્
ઝે નૂશીરવાન્ શાહ્ તા અર્દશીર્
પસ અઝ્ અર્દશીરશ બહફ્તુમ પેદર્
જહાન્દાર્ સાસાન્ બુદ આન્ તાજવર્
કે યઝ્દાન્શ તાજે કઇ બર્ નેહાદ્
હમહ્ શહ્રયારાને ફર્રોખ નેઝાદ્
ઝે તૂ બૂદ બેહ્તર્ બગીતી બસી
નકર્દ્ ઈન્ ચુનીન્ રાય હર્ગેઝ્ કસી
ચુ બહ્રામ ચૂબીન્ કે સીસદ્ હઝાર્
એનાન્ પીચો બર્ગુસ્તુવાન્વર્ સવાર્
બયક્ તીર્ અઝ્ પેશત બર્ કાશતન્દ
બદ્ દશ્તે પયકાર્ બુગ્ઝાશતન્દ
૩૮૨ ચુ અઝ્ તોખ્મે શાહાન્ હેલશ સીર્ ગશ્ત
સરે દઉલતે રઉશનશ ઝીર્ ગશ્ત
ફરાઈન્ કે તખ્તે કઇરા બેજોસ્ત
નબૂદશ સઝા દસ્તે બદ્રા બેશોસ્ત
બદાન્ગૂનહ્ ઊ કોશ્તહ્ શુદ્ ખારો ઝાર્
ગેઝાફહ્ નબર્દારદ્ ઈન્ રૂઝગાર્
બેતર્સ અઝ્ ખોદાએ જહાન્ આફરીન્
કે તખ્ત આફરીદો કોલાહો નેગીન્
તને ખીશ બર્ ખીરહ્ રેસ્વા મકુન્
કે બર્ તૂ સર્ આરન્દ ઝૂદ ઇન્ સખુન્
હરાન્ કસ કે બા તૂ નગૂયદ દુરોસ્ત
ચુનાન્ દાન્ કે ઊ દુશ્મને જાને તોસ્ત
તો બીમારી અકૂનૂનો મન્ ચૂન્ પેઝેશ્ક્
પેઝેશ્કી ખોરૂશાન્ બખૂનીન્ સેરેશ્ક્
તો અઝ્ બન્દએ બન્દગાન્ કમતરી
બઅન્દીશએ દેલ મકુન્ મેહ્તરી
હમી કીનહ્ બા પાક્ યઝદાન્ નેહી
ઝે રાહે હોનર્ જૂય તખ્તે મેહી
શબાન્ઝાદહ્રા દેલ પુર્ અઝ્ તખ્ત બૂદ
વરા પન્દે આન્ મૂબેદાન સખ્ત બૂદ
૩૮૩ ચુનીન્ બૂદ તા બૂદ ઈન્ તાઝહ્ નીસ્ત
ગેઝાફે ઝમાનહ્ બઅન્દાઝહ્ નીસ્ત
યકીરા બર્ આરદ્ બચર્ખે બલન્દ
યકીરા કુનદ્ ખારો ઝારો નેઝન્દ
નપયવન્દ્ બાં આન્ ન બા ઇન્ બકીન્
ન શર્મો ન દાનેશ ન આઇનો દીન્
હમહ્ મૂબેદાન્ તા જહાન્ શુદ સેયાહ્
બર્ આઇને ખુર્શીદ બેન્શાસ્ત માહ્
હમહ્ પન્દ ગોફ્તન્દ બા કીનહ્ જૂય
નબુદ સૂદ યક્ મૂ અઝાન્ ગોફ્તગૂય
ચુ શબ્ તીરહ્ શુદ ગોફ્ત બા મૂબદાન્
શુમારા બબાયદ શુદ અંય બેખ્રદાન્

તું શેહન્શાહ યઝદગેર્દને તુર્કી દુશ્મનથી ઈજા પુગાડવા માંગે છે,

કે જે લડાઇમાં એક સિંહ છે અને તખ્ત ઉપર એક ખરો પાદશાહ છે—જે ખુરશીદ અને માહતાબની માફક ઝળકતો છે.

તે સાસાનિયોમાંથી એકજ યાદગાર રહેલો છે-કે જેની માફક કોઈ બીજો કમર ઉપર કમરબંદ બાંધી શકશે નહીં (યાને રાજ્ય ચલાવી શકશે નહીં).

શાહ નોશીરવાનની તે અર્દશીર સુધી પેઢી દર પેઢીના પાદશાહો સખી અને ડહાપણવાળા થઈ ગયા છે.

અર્દશીર પછીની આગમચ તેની સાતમી પેઢીએ દેશની સંભાળ કરનારો સાસાન પાદશાહ બન્યો હતો,

કે યઝદાને જેને પાદશાહી તાજ આપ્યું હતું-તે સઘળા મુબારક બુન્યાદના પાદશાહો હતા.

દુન્યામાં તારા કરતાં તેઓ ઘણા ભલા હતા—તેઓમાંના કોઇએ એવો વિચાર કદી પણ કીધો હતો નહીં.

બેહરામ ચૂબીન કે ત્રણ લાખ—લડાયક અને ઘોડાનાં બખ્તર સાથના સવારો,

તેના એક તીરથી તેની આગળથી નાસી ગયા હતા-અને તેને માટેજ તે લડાઈનું મયદાન છોડી ગયા હતા,

તેવા શખ્સનું દિલ પણ જ્યારે પાદશાહી ખાન્દાનથી ધરાયલું થયું—ત્યારે તેનું ખીલેલું નસીબ ઊંધું પડયું.

વળી ફરાઈન કે જેણે પાદશાહી તખ્ત મેળવ્યું—પણ તે તખ્તને લાયકનો નહીં હતો એટલે તેણે ભૂંડાઇ કરવા માડી.

અને એવી રીતે તે ખુવારીથી માર્યો ગયો—આ ઝમાનો એવા બેહુદાં કામો ચાલવા દેતોજ નથી.

તું દુન્યાના પયદા કરનારા સાહેબ કે જેણે આ તખ્ત, તાજ અને નગીના પયદા કીધા છે, તેનાથી બીહ.

તું બેહુદાપણાએ પોતાનું શરીર ખુવાર ના કર—કારણકે આવા તારા સખુનો તારી આખેરી જલ્દીથી લાવી નાખશે.

જે કોઇ કે તને ખરી વાતો નહીં કહે—તો તું એમજ જાણ કે તે તારા જીવનો દુશ્મન છે.

તું હમણા એક બીમાર જેવો માણસ અને હું તે તારી બીમારી દૂર કરનારો હકીમ જેવો છું—જે હકીમ લોહીનાં આંસુએ રડતો બન્યો છે.

તું સઘળા બંદાઓમાંથી એક કમતર બંદો છે-પોતાનાં મનના તરંગોએ કરી મોટો ના બની જા.

આ કીનો તું પાક યઝદાન સાથે કરે છે—આ પાદશાહી તખ્ત તું કીર્ત્તિ ભરેલી રીતે મેળવ.”

પણ તે ભરવાડના જણેલા શખ્સનું દિલ તખ્ત માટેજ આતુર હતું—જેથી તેને પેલા વઝીરોની શીખામણ કઠોર લાગી

પણ શુરૂઆતથીજ દુન્યામાં એમ બનતું આવેલું છે. એમાં કાંઇ નવું નથી—ઝમાનાનાં ખોટારાંની હદ હોતી નથી.

તે એકને બુલંદ આસ્માન ઉપર ચઢાવે છે—જ્યારે બીજાને ખુવાર, રડતો અને ગમગીન કરે છે.

પેલા સાથ નથી તેને કાંઈ સંબંધ કે નથી એની સાથ કાંઈ કીનો—તેનામાં નથી શરમ કે નથી અકલ, કે નથી રીતરેવાજ કે દીનધર્મ.

સઘળા વઝીરોએ રાત પડી અને ખુરશીદનાં સણગાર ઉપર માહતાબ સવાર થયો ત્યાં સુધી,

તે કીનાખોર શખ્સને ઘણીક શીખામણો આપી—પણ તે વાતથી એક બાલ બરાબરબી ફાયદો નહીં થયો.

જ્યારે રાત અંધારી થઇ ત્યારે તેણે વઝીરોને કહ્યું—કે “ઓ અકલમંદો! હવે તમારે જવું જોઇયે.

મન્ એમશબ્ બેમદાનમ ઈન્રા બસરૂ
કે હરૂગૂનઈ દાનેશ આરમ બબરૂ
કે લશ્કરૂ બેખાનીમ દાનન્દહુ બીસ્ત
બદાન્ તા બદીન્ બદ્ નબાયદ્ ગેરીસ્ત
બેરફૂતન્દ દાનન્દગાન્ અઝ બરશ
બેયામદ્ યકી મૂબેદ્ અઝ લશ્કરશ
ચુ બેન્શસ્ત માહુય બા શસ્તાન્
ચે બીનીદ્ ગોફ્ત અન્દરીન્ દાસ્તાન્
અગરૂ ઝેન્દહુ માનદ્ હમી યઝદગેરૂદ્
કે હરૂસૂ બદ્ લશ્કરૂ આયન્દ્ ગેરૂદ્
બરહુનહુ શુદ્ ઈન્ રાઝે મન્ દરૂ જેહાન્
શનીદન્દ્ યકૂસરૂ કેહાનો મેહાન્
બેયાયદ્ મરા અઝ બદશ જાન્ બસરૂ
ન તન્ માનદ્ ઈદરૂ ન બૂમો ન બરૂ
ચુનીન્ દાદ્ પાસોખ ખેરદમન્દ્ મરૂદ્
કે ઈન્રા નુખોસ્તીન્ નબાયેસ્ત કરૂદ્
અગરૂ શાહે ઈરાન્ શવદ્ દુશ્મનત
અઝૂ બદ્ રસદ્ બીગુમાન્ બરૂ તનત
વગરૂ ખૂને ઊરા બેરીઝી બદસ્ત
કે કીન્ ખાહે ઊ દરૂ જહાન્ ઈઝદસ્ત
ચપો રાસ્ત હરૂગૂનહુ અન્દૂહો દરૂદ્
નેગહુ કુન્ બદીન્ તા ચે બાયદ્ત કરૂદ્
પેસરૂ ગોફ્ત કય બાબે ફર્ખોન્દહુ રાય
ચુ દુશ્મનશ કર્દી બેપર્દાઝ જાય
સેપાહુ આયદ્ ઊરા ઝે માચીનો ચીન્
બમા બરૂ શવદ્ તન્ગ્ રૂએ ઝમીન્
તો ઈન્રા ચુનીન્ ખારૂ કારી મદારૂ
ચુ ચીરહુ શુદી કામે શીરાન્ મખારૂ
ગરૂ અઝ દામને ઊ હેરફૂશી કનન્દ્
તોરા બા સેપાહુ અઝ જહાન્ બરૂ કનન્દ્

હું આજ રાતે એ બાબત ઉપર વિચાર ચલાવીશ-અને દરેક રીતે મારી અકલને કામે લગાડીશ.

આપણી રૈયતમાંના વીસ દાના માણસોને આપણે બોલાવીશું-કે જેથી આ બદી ઉપર શેવટે પસ્તાવું પડે નહીં."

પેલા દાનાઓ તેની આગળથી ગયા-તેનાં લશ્કરમાંથી એક વઝીર તેની આગળ આવ્યો.

હવે જ્યારે માહુય તે રાસ્ત લોકો સાથ મસ્લહત કરવા બેઠો-ત્યારે તે બોલ્યો કે "તમો આ વાતમાં શું સલાહકારક જુઓ છો?

અગરજો યઝદગેર્દ જીવતો રહેશે-તો ચો તરફથી તેની આગળ પાછું ૩૮૪
લશ્કર ભેગું થશે.

આ મારો ભેદ તો દુન્યામાં ખુલ્લો થઇ ગયો છે-નાના અને મોટા સઘળાઓએ સાંભળ્યો છે, .

એટલે તેની સાથ કીધેલી બદીથી મારો જીવ ખતમ થશે-નહીં આ શરીર કાયમ રહેશે કે નહીં આ મુલક રહેશે."

તે દાનેશમંદે એવો જવાબ આપ્યો-કે "તારે પહેલેથીજ આવું કરવું નહીં જોઈતું હતું.

અગરજો ઈરાનનો પાદશાહ તારો દુશ્મન થશે-તો બેશક કે તેનાથી તને બદી પહોંચશે,

પણ જો તું તેનું ખૂન કરશે તો તે વધુ ખરાબ છે કારણકે જેહાનમાં તેનો કીનો લેનારો ખોદા પોતે છે.

ચો તરફથી દરેક રીતે તને ગમ અને દુઃખજ આવશે-માટે તું આ બાબતમાં વિચાર કે તને શું કરવું જોઇયે?"

ત્યારે તેના છોકરાએ કહ્યું કે "ઓ મુબારક વિચારના બાપ!-જ્યારે તેં તેને દુશ્મનજ બનાવ્યો છે ત્યારે તો તેની જગ્યા ખાલીજ કર.

નહીં તો માચીન અને ચીનથી તેનું લશ્કર આવશે-અને આપણા ઉપર આ ઝમીનની સપાટી તંગ બનાવશે.

તું આ કામને નજીવું ના ગણ-જ્યારે તું ગાલેબજ થયો છે ત્યારે સિંહનાં તાળવાંને ધવડવા ના બેસ.

અગરજો તેઓ તેની દામનનો એક ઝુંડો ઉભો કરશે-તો તને લશ્કર ૩૮૫
સાથ આ દુન્યાથી ઉખેડીજ નાખશે."

કોશતહ્ શુદને યઝ્દગેર્દ્ બદસ્તે ખુસ્રવ્ આસેયાબાન્.

:o:

ચુ બેશ્નીદ્ માહૂએ બી આબો શરૂમ
બરાન્ આસેયાબાન્ સરશ ગશ્ત ગરૂમ
ચુનીન્ ગોફ્ત બા આસેયાબાન્ કે ખીઝ
સવારાન્ બેબરૂ ખૂને દુશ્મન બેરીઝ
ચુ બેશ્નીદ્ અઝૂ આસેયાબાન્ સખુન્
ન સરૂ દીદ્ પયદા મરૂરા ન બુન્
શબાનગહુ ચુ બેન્શસ્ત બરૂ તખ્ત માહુ
સુએ આસેયા શુદ્ બનઝદીકે શાહુ

યઝદગેર્દનું ખુસરૂ ઘંટીવાળાના હાથ ઉપર માર્યું જવું.

:o:

જ્યારે આબરૂ અને શર્મ વગરના માહૂએ એવું સાંભળ્યું-ત્યારે તેણે પેલા ઘંટીવાળા ઉપર ગુસ્સો કીધો.

તેણે ઘંટીવાળાને કહ્યું કે "તું ઉઠ-અહીંથી સવારો લઈ જા અને તે દુશ્મનનું લોહી રેડ."

જ્યારે ઘંટીવાળાએ તેની એવી વાત સાંભળી-ત્યારે તેણે તે વાતનું કાંઈ ધડપૂછડું જોયું નહીં.

રાતને વખતે જ્યારે માહતાબ પોતાનાં તખ્ત ઉપર બિરાજ્યો-ત્યારે પેલો દળનારો પોતાની ઘંટી તરફ પાદશાહ આગળ ગયો.*

* આ બયતનો પહેલો મિસ્રો "મોહલ" નીચે મૂજબ આપે છે. **શબાનગહુ અનીશાને ખોરૂદાદ્ માહુ** તેમજ એક જૂનું કલમી શાહનામુ આ બયત નીચે મૂજબ આપે છે **શબાન્ગાહુ અનીશાનો ખોરૂદાદ્ માહુ-સરૂ આમદ્ બદ્ તાજો તખ્તો કોલાહુ** યાને ખોરદાદ મહિનાના અનેરાન રોઝની રાતે તે પાદશાહનો તાજ, તખ્ત અને કોલાહ ભોગવવાનો છેડોજ આવ્યો.

જે દરૂગાહે માહુય ચૂન શુદ બેરૂન
દો દીદહ્ પુરૂ અઝ આબો દેલ પુરૂ જે ખૂન
સવારાન્ ફેરેસ્તાદ માહુય ઝૂદ
પસે આસેયાબાન્ બકેર્દારે દુદ
બેફરૂમૂદ કાન્ તાજો આન્ ગૂશવારૂ
